# આગમજ્યોત




શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા
કપડવંજ

॥ श्रीवर्धमानस्वामिने नमः ॥

પરમપૂજ્ય ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી. માણિક્યસાગર સૂરીશ્વરજી ભગવંતની મંગળ-પ્રેરણાથી ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** ભગવંતના તાત્ત્વિક વ્યાખ્યાનાદિ સાહિત્ય પીરસતું.

**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાનું.**

**પ્રાણવાન પ્રકાશન.**

कत्थ अम्हारिसा पाणी, दूसमादोसदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता, जई ण हुंतो जिणागमो १ ॥

* * *

प्रकाशितं जिनानां यै--र्मतं सर्वनयाश्रितम् ।
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः २ ॥

* * *

गीतार्थाय जगज्जन्तु—परमानंददायिने ।
गुरवे भगवद्धर्म—देशकाय नमोनमः ॥

* * *

પ્રાકૃત-ગુજરાતી-મરાઠી સંસ્કૃત-હિંદી-અંગ્રેજી-ભાષામાં

卐 **પૂ. શ્રી. આગમોદ્ધારક આચાર્યદેવની સ્તુતિ** 卐

सिद्धदूदौ भाणुदंगे वरसुयभवणा શૈલતામ્રાગમોના।
સ્થાપ્યા। जैनागमाचा निरवधि प्रसरासाठीं केले सुयत्ना ।
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरीकालमेंभीं,
ऐसे श्रीसागरानंद मुनिपति जिन्हें
MOST GAIN ACCLOMATION

* * *

सम्यक् तत्वोपदेष्टारं, शास्त्रैदम्पर्यबोधकम् ।
कान्तं दान्तं सदा शान्तं, गच्छेशं प्रणमाम्यहम् ॥

卐 **जिनाज्ञा परमो धर्मः** 卐

॥ श्रीवर्द्धमानस्वामिने नमः ॥

તત્ત્વપ્રેમી-મુમુક્ષુઓ માટે

પરમહિતકારી

સૂક્ષ્મબુદ્ધિગમ્ય-તાત્ત્વિક-વિવેચનોથી ભરપૂર

# શ્રી આગમ-જ્યોત

( નવમું વર્ષ )

પ્રાતઃસ્મરણીય આગમવાચનાદાતા

આગમોના તલસ્પર્શી-વિવેચક આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત

આચાર્યદેવશ્રી

**શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ**

( સાગરજી મહારાજ )ના

તત્ત્વગ્રાહી-વ્યાખ્યાનોનો સુંદર સંગ્રહ

आगमदृष्टिः भवसृष्टिनाशिका

વીર નિ. સં. ૨૫૦૦-૨૫૦૧
વિ. સં. ૨૦૩૦-૩૧

આગમોદ્ધારક સં. ૨૫-૨૬
ઈ. સ. ૧૯૭૪-૭૫

મૂલ્ય

આઠ રૂપીઆ

(પોસ્ટેજ જુદું)

[સ્થાયી ગ્રાહક ન હોય તેમના માટે]

આ પુસ્તકના પ્રકાશન ખર્ચ પેટે

શ્રી જૈનશ્વે. મૂ. પૂ. સુરેન્દ્રનગર સંઘના જ્ઞાનખાતા તરફથી

રૂા. ૪૦૦૧) ભેટ મળ્યા છે.

પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
કાર્યવાહક :
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા
કાપડબજાર
મુ. કપડવંજ [જિ. ખેડા]

પુસ્તક પ્રાપ્તિસ્થાન :
પં. હરગોવનદાસ એસ. શાહ
મી. ગુ. જૈન ઉપાશ્રય,
દલાલવાડા,
મુ. કપડવંજ. (ખેડા)

## નમ્ર નિવેદન

- આગમજ્યોત પ્રતિવર્ષ આસો સુદ પૂર્ણિમાએ (ચાર અંક ભેગા) પુસ્તકરૂપે પ્રકટ થાય છે.
- વાર્ષિક લવાજમ યોજના બંધ કરી પૂ. સાધુ-સાધ્વી મ૦ અને જ્ઞાન ભંડારો તથા તત્ત્વરુચિ-ગૃહસ્થોને ભેટ અપાય છે.
- સ્થાયી-કોશની યોજના શરૂ કરી છે, જેમાં ઓછામાં ઓછા રૂા. ૧૦૧) લેવાય છે.
- છૂટક ભેટ યોજનામાં પાંચ રૂ. કે તેથી વધુ ગમે તે રકમ સ્વીકારાય છે.

મુદ્રક :
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
શ્રી શક્તિ પ્રિન્ટરી
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

આવરણ તથા આગળના આઠ પાના :
દીપક પ્રિન્ટરી
રાયપુર દરવાજા પાસે
અમદાવાદ.

नमः श्रीजिनशासनाय

## સં......પા........દ.....કી........ય

ધર્મ અને આધ્યાત્મિક વિકાસને ગાઢ સંબંધ છે. ધર્મ એ કારણ છે, આધ્યાત્મિક વિકાસ એ કાર્ય છે.

બીજાંકુર ન્યાયે સાપેક્ષ રીતે ધર્મ અને આધ્યાત્મિક વિકાસ એક-બીજા સાથે સંકળાયેલ અને પૂરક તત્વરૂપ છે.

પરંતુ બીજમાં અંકુરોત્પત્તિની યોગ્યતા મુખ્યરૂપે જરૂરી છે, તો જ ખાતર-પાણી વગેરે બીજને ઉચ્છૂનાવસ્થામાં લાવી ઉત્તરોત્તર અંકુરોત્પત્તિ આદિ કરી શકે છે.

આ રીતે ધર્મમાં પણ શાસન-સાપેક્ષપણા રૂપ સ્વરૂપ યોગ્યતામાંથી ફલોપધાયક-યોગ્યતાના વિકાસ માટે વીતરાગ-પ્રભુની આજ્ઞાને જ્ઞાની-ગુરૂના ચરણોમાં બેસી ઓળખવા રૂપની યોગ્યતા પ્રધાન પણે હોવી જરૂરી છે.

નહીં તો વિશિષ્ટ આરાધનાની સામગ્રીનો સહયોગ મળવા છતાં ધર્મમાંથી આધ્યાત્મિક વિકાસ અનુભવી શકાતો નથી.

શાસનસાપેક્ષ ધર્મની આરાધના માટે જ્ઞાનીગુરૂઓના ચરણોમાં બેસી તત્ત્વદૃષ્ટિ કેળવવી જરૂરી છે, તે અંગે વીતરાગ-પ્રભુની વાણીના પરમાર્થને પારખવાની પણ જરૂરીયાત ઉભી થાય છે.

એ રીતે ધર્મકથાનુયોગની ચરણકરણનુયોગમાં પરિણત થવા રૂપની સફળતા માટે સાક્ષાત્ કે પરંપરાએ દ્રવ્યાનુયોગ-તત્વદૃષ્ટિની જરૂરીયાતની જેમ ધર્મની આરાધનાને પણ આધ્યાત્મિક વિકાસને અનુકૂળ બનાવવા માટે આગમિક અનુયોગના શ્રવણ-મનન-પરિશીલન આદિ દ્વારા તત્ત્વદૃષ્ટિની યથાશક્ય કેળવણી જરૂરી છે.

આથી જ પ્રભુશાસનમાં વીતરાગની વાણીનો અનુયોગ કરનારા મહાપુરૂષોને "**અનુયોગાચાર્ય**" જેવા માનવંતા શબ્દથી સંબોધાય છે.

આવા આગમધર મહાપુરૂષ જેઓએ કે આગમોની અર્થગંભીર દુરૂહ બાબતોને પણ હુંડા અવ૦ના પંચમઆરાની ભસ્મરાશિ ગ્રહની અસરથી અનેકગણી વધી ગયેલ વિકૃત અસર તળે આવી રહેલ અનેક પુણ્યાત્માઓને સરળ-અર્થગંભીર-સચોટ દલીલોથી સમજાવવામાં અઠંગ નિષ્ણાત, આગમ-વાચનાઓ દ્વારા આગમિક અભ્યાસની ક્ષમતા વધારી શ્રમણ-જીવનની તેજસ્વી

રૂપરેખા દોરનાર, આગમોને યાવચ્ચંદ્ર દિવાકરૌ સુધી જીવિત રાખવા આરસની શિલાઓ અને તામ્રપત્ર ઉપર કોતરાવીને પોતાની દીર્ઘદૃષ્ટિનો પરિચય આપનાર સ્વનામધન્ય **પૂ આગમોદ્ધારક આચાર્યદેવશ્રી** વર્તમાન કાળના આત્મકલ્યાણકામી મુમુક્ષુ ભવ્યાત્માઓ માટે ખૂબ જ આત્મહિતકર સામગ્રી પૂરી પાડનાર હતા.

તેઓશ્રીએ આજીવન એકધારી નિષ્ઠા-ખંતપૂર્વક આગમોના તાત્ત્વિક વ્યાખ્યાનો દ્વારા સામાન્ય જનતાને પણ આગમિક પદાર્થો તરફ રૂચિવાળી બનાવી.

**પૂ. આગમોદ્ધારક શ્રીની** આગવી વિશિષ્ટતા એ કે આગમિક પદાર્થની ઉંડી છણાવટ પણ ગહન તર્કોને સાદી શૈલિમાં રજુ કરવા સાથે લોકભોગ્ય ઉદાહરણોથી કરી છે.

તેથી ઘણી વાર પૂ. આગમોદ્ધારકશ્રીના લખાણો એક વાર વાંચતાં દુરૂહ કે સમજફેર ઉપજાવનારા લાગે, પણ શાંતિથી બીજી-ત્રીજી વાર વાંચતાં તેની મૌલિક તાત્ત્વિકતા સહેલાઈથી સમજાઇ જાય છે.

આવા વિશિષ્ટ વ્યાખ્યાનો તે તે વખતે તે તે દીર્ઘદર્શી મહામના વ્યક્તિઓએ નોંધેલ જે કે **સિદ્ધચક્ર** રૂપે વર્ષો સુધી નિયમિત પ્રગટ થયા.

તે સિવાય ૩૦ થી ૪૦ મોટા મોટા વ્યાખ્યાન-સંગ્રહોના પુસ્તકો પ્રકાશિત થયા.

તેમ છતાં હજી ઢગલાબંધ વ્યાખ્યાનો કાચા લખેલા-પાકા તૈયાર કરેલા જુદી જુદી વ્યકિતઓ પાસે છે, તે બધાને વ્યવસ્થિત કરી તત્વજ્ઞ જિજ્ઞાસુઓ સમક્ષ રજુ કરવા માટે પૂ. ગચ્છાધિપતિશ્રીની મંગળ પ્રેરણાથી વિ. સં. ૨૦૨૧ના ચોમાસામાં **"આગમ જ્યોત"** ત્રૈમાસિક રૂપે પ્રગટ કરવાનો વિચાર મૂર્ત બન્યો.

અનુભવથી આવા તાત્ત્વિક વ્યાખ્યાનો કાચા પારા જેવા હોઈ સાદી રૂચિવાળા વર્તમાન યુગના જિજ્ઞાસુઓને અપ્રીતિકર-અરૂચિકર લાગતાં આશાતનાનો સંભવ વધુ જણાવાથી ત્રૈમાસિકના બદલે વાર્ષિક પુસ્તક અને વાર્ષિક મૂલ્યના બદલે સ્થાયી કોશ અને છૂટક ભેટ યોજના રાખી ચતુર્વિધ શ્રી સંઘના અધિકારી જિજ્ઞાસુ મુમુક્ષુઓને તેમજ જ્ઞાનભંડારોને ભેટ સ્વરૂપ મોકલવાનું પ્રકાશકોએ ત્રીજા વર્ષથી રાખ્યું.

આનું સંપાદન અનેક પ્રકારની ગંભીર-ગીતાર્થપણાથી કસાયેલી ઉદાત્ત શ્રુતાનુસારી દૃષ્ટિ માંગી લે છે, કેમ કે આગમધર મહાપુરૂષના આજીવન ચિંતન-મનન બળે મેળવેલ અનુભવસત્ય પદાર્થો મારા જેવા ક્ષુદ્ર-તુચ્છમતિ-

વાળા ટૂંકા અભ્યાસીને ગૂંચમાં મુકે તે સહજ છે, છતાં અનંતમહિમાશાળી પંચપરમેષ્ઠીઓની વરદ કૃપા તથા દેવગુરૂપ્રતાપે તેમજ પૂ. **આગમોદ્ધારકશ્રી** પ્રતિ અનન્યનિષ્ઠા અને **પૂ ગચ્છાધિપતિની** કૃપા તથા મારા **પરમતારક ગુરૂદેવ શ્રી ઉપાધ્યાય ભગવંતના** વરદહસ્ત તથા અનેક પરમકૃપાળુ વડિલ ભગવંતો તથા અન્ય ધર્મસ્નેહી પુણ્યવાનોના મંગળ સહકારથી આવા ભગીરથ આગમિક સંપાદન કાર્યમાં યત્ કિંચિત્ સફળ થવા સૌભાગ્યશાળી થયો છું.

આ સંપાદનમાં એકંદરે **"ઝાઝા હાથ રળિયામણા"** કહેવતના આધારે અનેક પુણ્યવાન મહાપુરૂષોનો વણમાગ્યો સહકાર ધર્મપ્રેમ અને શ્રુતાનુરાગથી મળ્યો છે, તે બધાનું સ્મરણ કૃતજ્ઞતા ભાવે અહિં કરૂં છું. છતાં વિશેષે કરીને નીચેના મહાનુભાવોના અપૂર્વ સહકારનો નામ-નિર્દેશ જરૂરી લાગે છે.

● **શાસ્ત્રૈદમ્પર્યબોધક, વાત્સલ્યસિંધુ, મૂલીનરેશ-પ્રતિબોધક, પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી.**

—જેઓશ્રીની અસીમ કરુણા, અપાર હાર્દિક-મમત્વના બળે જ પંગુના મેરુ-ઉલ્લંઘનની જેમ મારા માટે સાવ અશક્ય આ સંપાદન કાર્યમાં પરિકિંચિત્ સફળ રીતે ધપી શક્યો છું.

● **મારા તરણ તારણહાર શિરછત્ર પ. પૂ. ઉપાધ્યાય ભગવંત તપસ્વી ગુરુદેવ શ્રી—**

—જેઓની ભીમ-કાન્ત દૃષ્ટિ બળે મારા જીવનનો યથાયોગ્ય વિકાસ થવા પામ્યો છે, અને જીવનની ધન્યતા અનુભવવાની ક્ષણો મેળવી શક્યો છું.

● પૂજ્ય **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના ઉપસંપદાપ્રાપ્ત શિષ્ય **પૂ. પં. શ્રી કંચનસાગરજી મહારાજ—**

—જેઓની લાગણીભરી અનેકવિધ સૂચનાઓ મુદ્રણયોગ્ય અનેકવિધ સામગ્રી અને પૂજ્ય **આગમોદ્ધારકશ્રીની** ઉદાત્ત શૈલીનો આપેલ ભવ્ય પરિચય આદિથી પ્રસ્તુત સંપાદન ખૂબજ સરળ બન્યું છે.

● પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના સૌથી નાના બાળશિષ્ય તરીકે પ્રખ્યાત ધર્મસ્નેહી **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મહારાજ—**

—જેઓની ધર્મસ્નેહભરી મમતા અને સૌજન્યભરી હુંફથી **પૂજ્ય આગમોદ્ધારકશ્રીના** લોકોત્તર વ્યક્તિત્વ અને અનન્ય સાધારણ તાત્ત્વિક

વિદ્વત્તાના સર્વાંગીણ પરિચયને મેળવી અનેકરીતે આ સંપાદનની ક્ષમતા મેળવી શક્યો છું.

● પરમ પૂજ્ય ગુણગરિષ્ઠ **ધર્મસ્નેહી મુનિરત્ન શ્રી ગુણસાગરજી મહારાજ**—

—જેઓશ્રીએ નિર્વ્યાજ-વાત્સલ્યથી પૂ. **આગમોદ્ધારકશ્રીના** અનેક મહત્વભર્યા સાહિત્યનું સંકલન અવસરે આપી સંપાદન-કાર્યમાં ખૂબ ઉત્સાહિત કર્યો છે.

● **ધર્મસ્નેહી મુનિ શ્રી અશોકસાગરજી મ., મુનિ શ્રી નિરૂપમસાગરજી મ., મુનિ શ્રી રવીન્દ્રસાગરજી મ., બાલમુનિ શ્રી હેમચંદ્રસાગરજી મ., મુનિશ્રી નયશેખરસાગરજી, બાલમુનિરાજ શ્રી પુણ્યશેખરસાગરજી મહારાજ**—

—જેઓએ ગુરૂઆજ્ઞા મુજબ સંપાદનને લગતા પ્રેસકોપી, ઉતારા આદિ કાર્યોમાં વિનીત-ભાવપૂર્વક સહયોગ આપ્યો છે, તથા **હીરાભાઈ ડાહ્યાભાઇ ગાંધી** (નગીના પોળ) અને **દીપકકુમાર બાબુભાઈ વોરા** (પંચભાઈની પોળ, અમદાવાદ) જેઓ ચોથા પુસ્તકનું લખાણ તૈયાર કરવા માટે તેમજ ઉતારા આદિની વિવિધ સેવા આપવા માટે ઉત્સાહપૂર્વક તૈયાર રહ્યા છે.

—આદિ આદિ અનેક મહાનુભાવોના પવિત્ર યોગદાનથી આ સંપાદન સફળ રીતે તૈયાર થઈ શક્યું છે.

છેવટે આ સંપાદનમાં શક્ય જાગૃતિ રાખવા છતાં મતિમંદતા કે ક્ષયોપશમની વિચિત્રતાથી રહી ગયેલ ક્ષતિઓ બદલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત માંગુ છું.

આવા અત્યંત ગંભીર તાત્ત્વિક ચિંતનપૂર્ણ આગમિક પદાર્થોવાળા માર્મિક વ્યાખ્યાનોનું વાંચન, મનન, ગુરુગમથી યોગ્ય જ્ઞાનીના ચરણોમાં બેસી મુમુક્ષુ જીવો શ્રુતભક્તિની કેળવણી કરી કર્મનાં બંધનથી મુક્ત થાઓ એ મંગલ અભિલાષા.

ઉજમફઈની ધર્મશાળા
વાઘણપોળ, ઝવેરીવાડ
**અમદાવાદ.**
વિ. સં. ૨૦૩૦
દ્વિ. ભા. સુ. ૬ શનિ.

પૂજ્ય ઉપાધ્યાય તપસ્વી ગુરુદેવ
**શ્રી ધર્મસાગરગણી**
ચરણસેવક
**અભયસાગર**

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

# પ્રકાશક તરફથી

અમારા પરમ સૌભાગ્યની વાત છે કે વિષમ કલિકાળમાં ભવ્ય જીવોને પરમાધાર સ્વરૂપ વીતરાગ પ્રભુની વાણી રૂપ આગમોના નિગૂઢ રહસ્યોને ઉકેલી ધાર્મિક જનતામાં તત્વદૃષ્ટિને ઉપજાવનાર, મહામના પ્રાત: સ્મરણીય **પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી**ના નામ સાથે સંકળાયેલી તેઓશ્રી પ્રતિ કૃતજ્ઞતાભરી ભક્તિ દાખવવાના આધુનિક-વ્યાવહારિક પ્રકાર રૂપે શરૂ કરેલ ગ્રંથમાળા હસ્તે પૂ. આગમધર મહાપુરૂષના તાત્ત્વિક અર્થ ગંભીર આગમિક વ્યાખ્યાનો વગેરેના સંગ્રહના પ્રકાશન રૂપે **"આગમ જ્યોત"** નામે તાત્ત્વિક પ્રકાશનનું નવમું વાર્ષિક પુસ્તક પ્રકાશિત કરવા ઉજમાળ બન્યા છીએ ! ! !

વિ સં. ૨૦૨૧ના **પૂ. ગચ્છાધિપતિશ્રી**ના ચાતુર્માસમાં પૂ. આગમધર મહાપુરુષની સંસ્કૃત-પ્રાકૃત નાની મોટી કૃતિઓનું પ્રકાશન થઈ ગયા છતાં ગુજરાતી વ્યખ્યાનોનો વિશાળ સંગ્રહ અપ્રકાશિત હતો, તેને વ્યવસ્થિત ત્રૈમાસિક રૂપે **"આગમ જ્યોત"** નામથી પ્રકાશિત કરવાનું વિચારાયેલું.

આ વિચાર પૂ. ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા અને મંગળ આશીર્વાદને પામી પૂ. આગમોદ્ધારકશ્રીના શિષ્ય **પૂ. પં. મુનિ શ્રી સૂર્યોદયસાગરજી મ** તથા **પૂ. ઉપા ધર્મસાગરજી મ. ના શિષ્ય પૂ. પં. શ્રી અભયસાગરજી મ. શ્રી એ** અમલમાં મુક્યો.

દિનપ્રતિદિન તત્વરૂચિ જિજ્ઞાસુ વિવેકી વાચકોની સ્પૃહા-જિજ્ઞાસાને સંતેષવા સાથે અમો આજે નવપદજી મહારાજના અંક રૂપે તથા વ્યવહારથી ધ્રુવાંક રૂપે ગણાતા નવમા વાર્ષિક પુસ્તકને પ્રકાશિત કરવાની સફળતાએ પહોંચ્યા છીએ. એ ખરેખર અચિંત્ય શકિતશાળી દેવ-ગુરૂની અસીમ કૃપાનો પ્રભાવ છે.

અમારા આ પ્રકાશનના કાર્યમાં પૂ. ગચ્છાધિપતિશ્રીની અસીમ કૃપા રહી છે.

તે ઉપરાંત પૂ. આગમોદ્ધારકશ્રીના તાત્ત્વિક વ્યાખ્યાનોના વિશાળ સંગ્રહને માટીમાંથી સોનું શોધવાની જેમ **"આગમ જ્યોત"** રૂપે વ્યવસ્થિત વિદ્વદ્‌ભોગ્ય અને લોકભોગ્ય શૈલિમાં સંપાદન કરી આપવા માટે આગમો અને તાત્ત્વિક ગ્રંથોના અધ્યયન-અધ્યાપન તથા વિજ્ઞાનવાદની ભ્રામક વાતોથી

જિનશાસનના તત્ત્વો પર આવતા આવરણોને દૂર કરવાના ભગીરથ પ્રયત્નો. આદિની અનેક જવાબદારીઓ છતાં પૂ ગચ્છાધિપ્રતિશ્રીની આજ્ઞા તથા પૂ આગમો. શ્રી પ્રતિ અપૂર્વ ભક્તિથી પ્રેરાઈ સમય શક્તિનો ભોગ આપી અમારી આ પ્રવૃત્તિને બિરદાવનાર **પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ.** ના શિષ્ય **પૂ. પં. શ્રી અભયસાગરજી મ** તથા **આગમ જ્યોતના** પ્રકાશન માટે આર્થિક સદ્ધરતા માટે નાના મોટા અનેક શ્રી સંઘો તથા ધર્મપ્રેમી વ્યક્તિઓને ઉપદેશ આપી વિશાળ સ્થાયી નિધિ તથા જુદી જુદી અનેક ભેટ રકમો દ્વારા આગમ જ્યોતના આર્થિક પાસા તરફ અમોને નિશ્ચિત બનાવનાર **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ.** ના ચરણોમાં વિનયાવનત મસ્તકે નમ્રાતિનમ્ર વંદના પૂર્વક તેઓશ્રીની ગુરૂભક્તિ-શ્રુતભક્તિની પાવન અનુમોદના કરીએ છીએ.

આ ઉપરાંત અનેક રીતે આર્થિક વગેરે સહયોગ આપનાર પૂ. સાધુ ભગવંતો, પૂ. સાધ્વી ભગવંતો તથા અનેક શ્રીસંઘો તથા શ્રાવકોનો ચિરસ્મરણીય ફાળો આ કાર્યમાં રહેલ છે.

**તેમાં ખાસ કરીને પૂ. આ. શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ., પૂ. આ. દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી કંચનસાગરજી મ., પૂ. પં. શ્રી સૌભાગ્યસાગરજી મ., પૂ. પં. શ્રી યશોભદ્રસાગરજી મ., પૂ. મુનિ શ્રી ગુણસાગરજી મ., પૂ. મુનિ શ્રી અભ્યુદયસાગરજી મ., આદિ તથા છાપવા માટેની અનેકવિધ સામગ્રી ઉદારભાવે આપનાર શ્રી ચન્દ્રસાગર સૂરીશ્વરજી જ્ઞાનમંદિર, ઉજ્જૈનના કાર્યવાહક શ્રી કુંદનલાલજી મારૂ આદિ અનેક પુણ્યવાન ગૃહસ્થો તેમજ આર્થિક સહયોગ માટે ઉચિત પ્રેરણા આપનાર ચતુર્વિધ શ્રી સંઘના ધર્મસ્નેહ ભર્યા સહકારની ગુણાનુરાગભરી અનુમોદના કરીએ છીએ.**

આગમ જ્યોતના પ્રેસમેટરની ગોઠવણી, પ્રૂફરીડિંગ તેમજ પૂજ્ય મહારાજશ્રીએ નિર્દેશેલી સંપાદનને લગતી મહત્વની અનેક કામગીરી, સમયનો ભોગ આપીને નિઃસ્વાર્થ પણે બજાવનાર **પં. શ્રી રતિલાલ ચી. દોશી** [અધ્યાપક-શ્રી હેમચન્દ્રાચાર્ય જૈન પાઠશાળા-અમદાવાદ]ના ધર્મપ્રેમની કૃતજ્ઞતાભરી અનુમોદના કરીએ છીએ.

તેમજ છાપકામ અંગેની સઘળી જવાબદારી-બ્લોકો, ડિઝાઇનો આદિની તૈયારી, કાગળની ખરીદી આદિ નાની-મોટી સ્મરણીય સેવા આપનાર મૂક

સેવક શેઠ **શ્રી બાબુલાલ કેશવલાલ શાહ** ચાણસ્માવાળા ૧૧, નગર શેઠ માર્કેટ, રતનપોળ-અમદાવાદ, તથા પૂ મહારાજશ્રીની દેખરેખ તળે **"આગમ જ્યોત"** અંગે લખાણની પ્રેસકોપીથી માંડી મુદ્રણ-વ્યવસ્થાસુધી દરેક જાતની મૂંગી સેવા ધાર્મિકભાવે આપનાર **શ્રી દીપકભાઈ બાબુભાઈ વોરા** (ઘડીયાળી) ના ધર્મપ્રેમને ગુણાનુરાગપૂર્વક અનુમોદીએ છીએ.

છાપકામની સ્વચ્છતા-સુંદરતા બદલ ખૂબ ચીવટ-ખંતથી ધ્યાન આપી કામ કરનાર શકિત પ્રિન્ટરીના માલિક **ઠક્કર પોપટલાલ ગોકળદાસ** ના તેમજ ટાઈટલ પેજ-બ્લોક આદિની સુંદર છપાઈ કરી આપનાર **દીપક પ્રિન્ટરી**ના કાર્યકર્તાઓના ધર્મસ્નેહની સાદર નોંધ લઈએ છીએ...

આ પ્રકાશનમાં પુરતી કાળજી રાખવા છતાં મુદ્રણદોષ કે શરતચૂકથી રહી ગએલ ક્ષતિઓ બદલ હાર્દિક મિથ્યાદુષ્કૃત દેવા સાથે આગમિક ભકિતની દુર્લભ આ તક મળવા બદલ અમારા અહોભાગ્યની અનુમોદના સાથે વિરમીએ છીએ.....

વીરનિ. સં. ૨૫૦૦<br>
વિ. સં. ૨૦૩૦<br>
પ્ર. ભા. વ. ૫ શનિ<br>
કાપડબજાર,<br>
મુ.. કપડવંજ, (જી. ખેડા)

વિનીત<br>
**શ્રી રમણલાલ જેચંદભાઈ**<br>
મુખ્યવ્યવસ્થાપક<br>
**આગમોદ્ધારક ગ્રંથમાળા**

### હા....ર્દિ....ક....ક્ષ...મા....પ...ના

**ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ તાત્ત્વિક પદાર્થોની સમજૂતિથી ભરપૂર 'આગમજ્યોત'નું સંપાદન દેવગુરૂકૃપાએ કરવાનો સત્પ્રયત્ન ૮ વર્ષથી ચાલુ છે.**

**આ સંપાદનમાં પૂ. આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રીના આશયથી વિરૂદ્ધ અગર જિનશાસનની મર્યાદાથી વિપરીત જે કંઈ થયું હોય તે સઘળા બદલ ચતુર્વિધ શ્રીસંઘ સમક્ષ હાર્દિક રીતે....**

**મિ ચ્છા મિ દુ ક્કડં**

પૂ. આગમધર ગીતાર્થ સાર્વભૌમ
આગમોદ્ધારક ધ્યાનસ્થસ્વર્ગત
આચાર્યદેવશ્રીને
વં......દ........નાં........જ.........લિ

જે મહાપુરૂષે
આજીવન આગમોના તલસ્પર્શી નિગૂઢ ચિંતન-મનન બળે
અનેક આગમિક તત્ત્વો તારવીને જિજ્ઞાસુ
અધિકારી ભવ્ય જીવોના
હિતાર્થે

આગમ વાચનાઓ, અમોઘ દેશનાઓ, આગમ સંબંધી ગૂઢ
સમસ્યાઓના શાસ્ત્રીય ઉકેલો રજુ કરતા
તાત્ત્વિક પ્રશ્નોત્તરો
અને

"यावच्चन्द्रदिवाकरौ" સુધી આગમોના મૂળ પાઠને જીવંત-
અબાધિત રાખવા માટે દીર્ઘદૃષ્ટિ દ્વારા આરસની શિલાઓ
અને તામ્રપત્ર પર શુદ્ધ રીતે કોતરાવી દેવવિમાન
તુલ્ય આગમ મંદિરોની સ્થાપના દ્વારા
આગમભક્તિની પ્રબળ નિષ્ઠા વ્યક્ત કરી
તે પુનિતનામધેય

આગમજ્યોતિર્ધર, આગમદેશનાસુદક્ષ ધ્યાનસ્થસ્વર્ગત
પૂજ્ય આગમોદ્ધારક આચર્યદેવ
શ્રી આનંદસાગર સૂરીશ્વર શ્રીના
પાવન ચરણોમાં
શતશઃ હાર્દિક શ્રદ્ધા સાથે
ભા....વ....ભ....રી વં...દ....નાં....જ....લિ

જેઓશ્રીએ
૭૫ વર્ષની અતિવૃદ્ધવયે ગેસ ટ્રબલના જીવલેણ હુમલા વખતે પણ
જીવન-સંધ્યાના છેલ્લા ૧૫ દિવસ
અર્ધ-પદ્માસને ધ્યાનસ્થ દશાએ રહી
વિષમ કલિકાલે પણ અનશનની ઝાંખી કરાવી
તે
પરમપૂજ્ય આગમમર્મજ્ઞ આગમવાચનાદાતા આગમોદ્ધારકશ્રી



ધ્યાનસ્થ સ્વર્ગત

# પૂ. આ. શ્રી આનંદસાગર-સૂરીશ્વરજી મહારાજ

(પૂજ્ય આગમોદ્ધારકશ્રી છેલ્લા ૧૫ દિવસ ધ્યાનસ્થ મુદ્રાએ રહેલ તેનું મૌલિક દૃશ્ય)

(પૂ. આગમોદ્ધારકશ્રીની પાછળના ભાગે
પૂ. ગચ્છાધિપતિશ્રી [ચશ્માવાળા] દેખાય છે.)

શ્રી

# આ....ગ....મ...જ્યો....ત

વર્ષ ૯

પુસ્તક ૧-૨-૩-૪

## વિ....ષ....ય....દ....ર્શ...ન


| | | | પૃષ્ઠ |
|---|---|---|---|
| સંપાદકીય | .... | .... | ૩ થી ૬ |
| પ્રકાશક તરફથી | ... | ... | ૭ થી ૯ |
| હાર્દિક ક્ષમાપના | .... | .... | ૯ |
| વંદનાંજલિ | ... | ... | ૧૦ |


આ. જ્યોત. વર્ષ ૯ની

અનુક્રમણિકા

સંક્ષિપ્ત


| | | | |
|---|---|---|---|
| પુસ્તક-૧ | ... | ... | ૧ થી ૭૨ |
| પુસ્તક-૨ | .... | ... | ૧ થી ૪૮ |
| પુસ્તક-૩ | .... | .... | ૧ થી ૫૬ |
| પુસ્તક-૪ | ... | ... | ૧ થી ૩૬ |


પુસ્તક ૧-લું

પૃ. ૧ થી ૮ + ૧ થી ૭૨


* સાચી શાન્તિ કઇ ?
તથા તેને મેળવવાનો સચોટ ઉપાય ૧ થી ૬
* પૂ. આગમોદ્ધારકશ્રીની અમોઘ
દેશનામાંથી મહત્ત્વની કેટલીક બાબતો ૭ થી ૮

## તીર્થયાત્રાને લગતો
## પૂ. આગમોદ્ધારકશ્રીએ લખેલ
## મ....હા....નિ....બં....ધ

### પૃ. ૧ થી ૭૨


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શરીર આત્માનો આધાર કે પાંજરૂં ? | ૧ |
| શરીરના કારણે આત્માને થતું દુઃખ | ૨ |
| શરીર વગરના થવાશે ત્યારે નિરાબાધ સુખ છે | ૪ |
| શરીરના લીધે બધાં દુઃખો છે | ૫ |
| સિદ્ધમાં સુખ શું ? | ૬ |
| સંસારનું સુખ ભ્રમણા રૂપ છે | ૬ |
| આસ્તિકોનું પરમ ધ્યેય શું ? એ કે શરીર વગરના થવું | ૮ |
| આર્ય કે અનાર્ય બંનેએ તીર્થોની સ્થાપના માની છે જૈન શાસનની રીતે જ તીર્થો સંભવે ! | ૯ |
| જૈનદર્શન અને પરમેશ્વરનો અનુગ્રહ | ૧૦ |
| ધર્મસ્નાનમાં માનવાવાળાની માન્યતા | ૧૧ |
| તીર્થસ્થાનની વિચિત્ર માન્યતા | ૧૨ |
| તીર્થની વ્યાખ્યા | ૧૨ |
| તીર્થંકરો કયા તીર્થને નમસ્કાર કરે છે ? | ૧૩ |
| રત્નત્રયીને પોષક જે જે પદાર્થો હોય તે તીર્થ કહેવાય | ૧૬ |
| સિદ્ધશિલાએ મોક્ષે ગયા– એ વાતનું રહસ્ય ? | ૧૭ |
| ખરી યાત્રા કઈ ? | ૧૭ |
| ગૃહસ્થોએ કઇ યાત્રા કરવી ? | ૧૮ |
| સિદ્ધ શિલાનો મહિમા | ૧૮ |
| તીર્થ તરીકે આરાધ્ય શું શું ? | ૧૯ |
| ભક્તિમાં લક્ષ્ય શું ? | ૨૦ |
| તીર્થભૂમિની આરાધ્યતા | ૨૧ |
| વ્યવહારથી પણ તીર્થ આરાધ્ય કેમ નહિ ? | ૨૧ |
| અજ્ઞાનીઓની વિચારધારા | ૨૨ |
| મૂર્તિ અને તીર્થ ક્ષેત્રના ઉત્થાપકોએ લક્ષ્યમાં લેવા લાયક | ૨૨ |
| દેવની કરણી અનુકરણીય નથી શું ? | ૨૩ |
| દેવની કરણીની મહત્તા, | ૨૪ |
| પાપનાં ખાતા કયા ? | ૨૫ |
| ધર્મ–કુધર્મની વ્યાખ્યા કઇ ? | ૨૬ |
| અણસમજુ શેઠાણીનું દૃષ્ટાંત | ૩૬ |
| જિનેશ્વર પ્રભુના જન્માદિ ક્ષેત્રો તીર્થ ગણાય છે | ૨૭ |
| પ્રભુના વિહાર–ક્ષેત્રો તીર્થભૂમિ ગણાય ! | ૨૮ |
| ત્રણ પ્રકારનાં તીર્થો | ૨૯ |
| તીર્થયાત્રાનો પ્રવાહ પ્રભુ વખતે પણ ઘણો હતો | ૨૯ |
| પ્રતિમા–લોપકોની મનોદશા | ૩૦ |

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| પ્રતિમા દર્શન એ કાર્ય મહત્ત્વનું છે | ૩૧ | સંઘપતિની નિર્મલ વિચારધારા | ૫૨ |
| સ્ત્રીઓ પણ જિનપૂજામાં અધિકારી વર્ગ છે | ૩૨ | મનુષ્યભવ દુર્લભ કેમ ? | ૫૪ |
| ક્ષેત્રપ્રભાવે સાધુ મહાત્મા અનશન કરી મોક્ષ પામે | ૩૩ | સંઘપતિ થનારા સર્વવિરતિધરને શાથી વંદન—પૂજન કરે છે ? | ૫૫ |
| તે સ્થળ પણ તીર્થ ગણાય | | સંઘપતિનું આદર્શ માનસ | ૫૬ |
| સિદ્ધાન્તમાં દર્શાવેલ તીર્થો | ૩૬ | સંઘપતિની ઉદાત્ત વિચારણા | ૫૬ |
| વિવિધ તીર્થકલ્પના તીર્થોની નોંધ | ૩૭ | સંપત્તિના સદ્દુપયોગની વિચારણા | ૫૭ |
| चतुरशीति तीर्थनाम संग्रह | ૩૮ | સંસારની વિચિત્રતા | ૫૮ |
| કલ્પના ૮૪ તીર્થોની વિશિષ્ટ નોંધ | | સંસાર—ચક્રના પવનની પરિસ્થિતિ | ૫૯ |
| સંઘયાત્રા શા માટે ? | ૪૪ | વિવેક—બુદ્ધિનો સદ્દુપયોગ | ૬૦ |
| વર્તમાન કાળે પણ સંઘયાત્રા જરૂરી છે ? | ૪૪ | કઈ ગતિનું પંચેન્દ્રિયપણું ઉત્તમોત્તમ ? | ૬૦ |
| સંઘયાત્રાના વિશિષ્ટ લાભો ? | ૪૫ | દેવગતિ દુર્લભ કેમ નહિ ? | ૬૧ |
| વર્તમાન કાળમાં સંઘયાત્રાની જરૂરીયાત, નથી એમ કહેનારા-ઓની સ્થિતિ | ૪૬ | મનુષ્ય ભવનની મહત્તા કેમ ? | ૬૨ |
| શ્રદ્ધાહીન જૈનાભાસોની ખોટી દલીલો | ૪૭ | લાભાન્તરાયના ક્ષયોપશમે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સદ્દુપયોગ શામાં ? | ૬૨ |
| સંઘયાત્રાના વિરોધીઓના કુતર્કો | ૪૮ | અનુમોદનાની મહત્તા | ૬૫ |
| ધર્મી મનુષ્યના દોષ જોનારા સ્વમાર્ગ ભૂલેલા છે | ૪૯ | ધર્મનો રસ્તો કયો ? | ૬૫ |
| ભૌતિકવાદી શિક્ષણના હિમાયતી-ઓની મનોદશા | ૪૯ | ઋદ્ધિના પણ ત્રણ પ્રકાર | ૬૬ |
| ધર્મિષ્ઠોની મનોદશા | ૫૦ | કઈ ગતિમાં ફળથી વિશેષ ફલની પ્રાપ્તિ થાય ? | ૬૭ |
| સંઘપતિની પવિત્રતમ ભાવનાની પરંપરા | ૫૧ | સંઘપતિની ભોગઋદ્ધિની વિશેષતા | ૬૮ |
| | | પરિગ્રહ સંબંધી કિંચિત્ વિવેચન | ૬૮ |
| | | અજ્ઞાનીઓના કુતર્કો | ૬૯ |
| | | પાપઋદ્ધિનું સ્વરૂપ | ૭૦ |

## પુસ્તક-૨ પૃ. ૧-૪૮

બાલાદિ જીવોની અપેક્ષાએ ધર્મની ફલમુખી વ્યાખ્યા ૧-૬
દરેક જીવ સુખૈષી છતાં સાચું સુખ કયું ? ૭
જગતના જીવોની ઈચ્છાઓનું વર્ગીકરણ અને ધર્મનું લક્ષણ ૮

## શ્રી તત્ત્વાર્થ-સંબંધ-કારિકાનું હૃદયગ્રાહી વિવેચન ૯ થી ૪૪

પહેલા તથા ચોથા ગુણસ્થાનકની
મોક્ષની ઈચ્છામાં રહેલો ભેદ ૪૫ થી ૪૮

## પુસ્તક—૩
## પૃ. ૧ થી ૫૬

પૃષ્ઠ

* સમ્યક્ત્વ સર્વ આરાધનાનો પાયો છે ૧ થી ૪
* પરમાત્માની ભક્તિનું મહત્વ ૫ થી ૮

## દીવાદાંડીનાં અજવાળાં
## પૃ. ૯ થી ૫૬

### ૧. પૂ. આગમો. આચાર્યશ્રીના વ્યાખ્યાનમાંથી માર્મિક લખાણો

- સમ્યક્ત્વની મહત્તા ૯ થી ૨૩
- જિનશાસનરૂપ મહેલના
- પ્રવેશદ્વારના ત્રણ પગથિયા
- ક્ષાયો. ભાવની ક્રિયા કેવી ?
- આત્માની પ્રતીતિ અનુભવસિદ્ધ છે.
- તીર્થંકરોની પૂજ્યતા શાથી ?
- સમ્યક્ત્વનો પ્રભાવ
- સમ્યક્ત્વીની અપૂર્વ મનોદશા
- સમ્યક્ત્વની વિચારધારા
- સમ્યક્ત્વની વિશિષ્ટ ભૂમિકા તરફ આવી રહેલ જીવનની વિશિષ્ટ મનોદશા
- ત્રીજે પગથીએ પહોંચાય ત્યારે ખરું સમ્યક્ત્વ
- અક્ષરનો અનંતમો ભાગ એટલે ?

## ૨ પૂ. આગમો. શ્રીનું

## 'આગમની મહત્તા' વિષેનું વિદ્વત્તાપૂર્ણ પ્રવચન પૃષ્ઠ ૨૪ થી ૩૦


| | પૃ. |
|---|---|
| આસ્તિકોની માન્યતા | ૨૪ |
| સ્વરૂપભેદની માન્યતા | ૨૪ |
| પરીક્ષા ક્યાં ? | ૨૪ |
| પરીક્ષાનું ધોરણ | ૨૫ |
| તીર્થંકરો ગૃહિલિંગ સિદ્ધ ન હોય | ૨૫ |
| તીર્થંકરો દીક્ષા કેમ લે છે ? | ૨૫ |
| તીર્થંકરોના કલ્યાણક પાંચ કેમ ? | ૨૫ |
| તીર્થંકરોને ક્યું ચારિત્ર ! | ૨૬ |

| | પૃષ્ઠ |
|---|---|
| ધર્મના સ્વરૂપમાં માન્યતા ભેદ | ૨૬ |
| શાસ્ત્રોની મહત્તા | ૨૬ |
| આગમોનો આદર શા માટે ? | ૨૬ |
| આત્મહિતની મહત્તા | ૨૭ |
| શાસ્ત્રાજ્ઞાની મહત્તા | ૨૮ |
| આગમનું મહત્વ | ૨૮ |
| શ્રુતજ્ઞાનની મહત્તા | ૨૮ |
| શ્રુતજ્ઞાનની મહત્તાના વરિષ્ટ તર્કો | ૨૯ |
| ઉપસંહાર | ૩૦ |


## ૩ પ્રભુ શાસનના સંયમનું વિશિષ્ટ મહત્વ પૃષ્ઠ ૩૧ થી ૫૭


| | પૃષ્ઠ |
|---|---|
| જગતના જીવો કેવું સુખ ઈચ્છે છે ? | ૩૧ |
| નારકીઓની દુ:ખી હાલત | ૩૧ |
| તિર્યંચો પણ દુ:ખી | ૩૨ |
| મનુષ્ય-ભવના સુખની તુચ્છતા | ૩ |
| દેવ-યોનિમાં પણ દુ:ખ | ૩૨ |
| સાચુ સુખ ક્યાં ? | ૩૨ |
| પરમેષ્ઠીઓની મહત્તા | ૩૩ |
| ચારિત્રની મહત્તા | ૩૩ |
| સંવરનું મહત્ત્વ | ૩૩ |
| તપની વિશિષ્ટતા | ૩૩ |
| સર્વ વિરતિની પ્રધાનતા | ૩૪ |
| ભાગવતી દીક્ષાનું મહત્ત્વ | ૩૪ |
| મહર્ષિઓની પરમ ભાવના | ૩૪ |
| આરાધનાનું ધ્યેય | ૩૫ |
| ભાગવતી દીક્ષા માતા છે | ૩૫ |

| | પૃષ્ઠ |
|---|---|
| સર્વ વિજયિની દીક્ષા | ૩૫ |
| દીક્ષાનો સદા વિજય | ૩૬ |
| મનુષ્ય ભવની મહત્તા કેમ ? | ૩૬ |
| પારમેશ્વરી પ્રવજ્યા | ૩૭ |
| સંસાર ભયની ખાણ છે | ૩૮ |
| સંસારની અસારતા | ૭૮ |
| યોગી કેવો ? | ૩૮ |
| દીક્ષા એટલે ! | ૩૯ |
| દીક્ષિત કેવો હોય ? | ૩૯ |
| દીક્ષા વિના સુખ નથી | ૩૯ |
| દીક્ષા એટલે ત્યાગની સાધના | ૩૯ |
| દીક્ષા જીવન સુધારે છે | ૪૦ |
| ભરતચક્રીના ૯૮ ભાઈઓનો પ્રસંગ | ૪૦ |
| દીક્ષાની અમાન્યતા સ્વીકારનારાઓનું માનસ | ૪૧ |

| | | | |
|---|---|---|---|
| યથાર્થ સંજ્ઞી કોણ ? | ૪૨ | તીર્થંકરોનો ઉપદેશ | ૪૩ |
| સમજણ દૃષ્ટિનો પ્રભાવ | ૪૨ | કૂપમંડૂકની દશા | ૪૪ |
| સાચી સમજ | ૪૨ | કેટલાક અજ્ઞાનીઓની મનોદશા | ૪૪ |
| સંસારી જીવો બે પ્રકારના | ૪૩ | સંજ્ઞીપણાનું રહસ્ય | ૪૪ |


## ૫. દીવાળી (દીપાલિકા) અને જૈનો ૪૬ થી ૫૬

વર્ષની સમાપ્તિ કે શરૂઆતને દીવાળી સાથે સંબંધ છે કે ? ૪૬
પ્રાચીન કાળના રાજા અને જૈનોને વર્ષની શરૂઆત અને સમાપ્તિ ક્યારે ? ૪૬
દીવાળી પર્વની શરૂઆતનો ભગવાન વીરના મોક્ષ સાથે સંબંધ ૪૭
મોક્ષ માટે નિર્વાણ શબ્દની શ્રેષ્ઠતા ને તેથી દીવાળી ૪૮
અન્ય તીર્થંકરોના મોક્ષ વખતે પણ દેવોની દીવાળી ૪૮
ભગવાન મહાવીરની નિર્વાણ–અવસ્થાની વિશિષ્ટતા ૪૯
અઢાર ગણરાજાઓ જ ત્યાં કેમ ? કોણિક કેમ નહી ? મધ્યમા પાપા નામ કેમ ? ૫૦
ચંપા નગરીમાં મગધની રાજધાની કેમ ? ૫૦
શ્રી શ્રેણિકના મૃત્યુનો કાલ ૫૦
ભગવાન મહાવીરની હયાતીમાં જ કોણિકની રાજસત્તા ૫૧
અંગદેશની રાજધાનીપણું ચંપાનું ક્યારે ગયું ? ૫૨
કલ્પસૂત્રના પ્રણયનકાળે પાટલીપુત્રનું વર્ચસ્વ ૫૨
અઢાર ગણરાજાનું વર્ચસ્વ તે વખતે કેટલું ? ૫૨
કોણિકે નગરી અને વંશના નાશની હાંકેલી બડાઈ અને તેનો બદલો ૫૩
નિર્વાણ વખતે કોણિકની હાજરી નહીં છતાં તેનું જૈનાગ્રહીપણું ૫૪
દીવાળીના પર્વે સર્વવિરતિવાળાનું કર્તવ્ય ૫૪
લોક કરે તે પ્રમાણે દિવાળી કરવાનું કારણ ૫૫

પુસ્તક ૪
પૃ. ૧ થી ૩૬

પૃષ્ઠ
* લોકોત્તર મોક્ષમાર્ગની મહત્તા ૧ થી ૫
* અંતરંગ ભાવ યુદ્ધનું યથાર્થ સ્વરૂપ ૬ થી ૮

## હૈ....યા....નો..ઝં....કા....ર
### પૃ. ૯ થી ૨૪


પૃષ્ઠ

- श्री गुरुवर्यस्तव : ૧૦
- श्री जैनपुस्तकभाण्डागारस्तव : ૧૦
- श्री शिलोत्कीर्णागमप्रशस्ति : ૧૧
- श्री जैनगीतागत : चारित्रधिकार : ૧૨

※ પૂ. આગમો. આચાર્યદેવશ્રીએ રચેલા સુંદર
સંસ્કૃત સુભાષિતો (ગુજ. અનુવાદ સાથે) ૧૪ થી ૧૬


### પૂ. આગમોદ્ધારક
### આચાર્યદેવશ્રીએ રચેલ સ્તવનો


શ્રી સિદ્ધાચલસ્તવન ૧૭
શ્રી ,, ,, ૧૯
શ્રી ,, ,, ૧૯
શ્રી આશ્રવ વિચાર ૧૯
શ્રી સિદ્ધાચલ સ્તવન ૨૦
તારંગા મંડન શ્રી અજિતનાથ સ્તવન ૨૧
પોસીના પાર્શ્વનાથ ,, ૨૩
ચારૂપ પાર્શ્વનાથ ,, ૨૪


## ....ગુરૂચરણમાંથી મળેલું....
### પૃ. ૨૫ થી ૩૦


तात्त्विक-प्रश्नोत्तराणि પૃષ્ઠ
સંસ્કૃત ગ્રંથમાંથી પ્રશ્નો ૨૫-૩૦
૮૮ થી ૯૨ સુધીના અનુવાદ સાથે પ્રશ્નોત્તરો


## આગમ જ્યોત સ્થાયી કોષમાં લાભ લેનારાઓની
## નામાવલી પૃ. ૩૧ થી ૩૫


આગમ જ્યોતમાં ભેટ રકમ આપનારાઓની યાદી ૩૬

## પ્રથમ પુસ્તકમાં આવેલ સુવાકયોની નોંધ


પૃષ્ઠ

મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું? ૬
હૈયામાં કોતરી રાખો ૭૧
પૈસામાં ધર્મ નથી! પણ પૈસાના ત્યાગમાં ધર્મ છે!! ૭૨


## બીજા પુસ્તકમાં આવેલ સુવાકયોની નોંધ


આગમના જ્ઞાનની હિતકારિતા ૭
શ્રુતજ્ઞાનની મહત્તા ૯
પૂ. આગમોદ્ધારકશ્રીની અમૃતવાણી ૪૮


## ત્રીજા પુસ્તકમાં આવેલ સુવાકયોની નોંધ


પૂ. આગમોદ્ધારકશ્રીની અમૃતવાણી ૧૦
ઉપયોગી સુભાષિત ૧૩
જ્ઞાનનું જોખમ ૧૫
આગમોદ્ધારકશ્રીના હિતકર સુવાકયો ૧૯
આગમોદ્ધારકશ્રીની હૃદયંગમ વાણી ૨૧
રત્નકણિકા.... ૨૨
રત્નકણિકા.... ૩૦
આગમોદ્ધારકશ્રીની હૃદયંગમ વાણી ૩૭
વીતરાગદેવની પૂજા શા માટે? તેમની પૂજાથી વળે શું? ૪૧
મોક્ષપ્રાપ્તિમાં ભાવલિંગની ઉપયોગિતા ૪૫
પૂ. આગમોદ્ધારકશ્રીના ટંકશાળી વાકયો ૫૬


## ચોથા પુસ્તકમાં આવેલ સુવાકયોની નોંધ


મનનીય વાણી ૫

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૦
વિક્રમ સં. ૨૦૩૦
વર્ષ ૯

આગમો૦ સં. ૨૪
પુસ્તક-૧
માહ

सव्वे जीवा संतिएसिणो

## સાચી શાંતિ કઈ ?

### તથા તેને મેળવવાનો સચોટ ઉપાય.

નાના-મોટા દરેક જીવમાત્ર શાંતિને ચાહતા હોય છે, જાણ્યે-અજાણ્યે પણ જીવમાત્રની દોડધામ શાંતિ મેળવવા માટેની હોય છે.

પરંતુ કોઈપણ પદાર્થ માત્ર ઇચ્છા કે લક્ષ્યહીન-પ્રવૃત્તિઓથી મળી શકતો નથી, સામાન્ય કે શ્રેષ્ઠ ચીજને મેળવવા તેનું સ્પષ્ટ જ્ઞાન તથા તેને મેળવવા અંગેના વિશિષ્ટ સદુપાયોમાં પ્રવૃત્તિ જરૂરી છે.

તેથી અનંતઉપકારી જ્ઞાનીઓ જણાવે છે કે-'**શાંતિ કંઈ બહારથી આવવાની નથી, આપણા અંતરમાં શાંતિનો દરિયો લહેરાઈ રહેલ છે, પણ પૌદ્ગલિકભાવની તીવ્રતાથી મિથ્યાત્વાદિ-સહકૃત અવિવેકભરી પ્રવૃત્તિઓના કારણે કર્મોના બંધનો આપણે ઊભા કર્યા છે! તેના વિપાક ભોગવવારૂપે પેટ-મસળીને શૂળ ઊભું કર્યાની જેમ અશાંતિની ખીણમાં અજ્ઞાનમૂઢ સંસારીજીવો ગબડી જાય છે.**

તેથી કર્મોના બંધનો ઘટે, તે સાચી શાંતિ કહેવાય. કર્મોના અશુભ વિપાક ઘટે, કે દબાય તે દેખાવની શાંતિ કહેવાય.

આ કારણથી જ્ઞાની-સત્પુરુષોના ચરણોમાં બેસી વિવેકબુદ્ધિ કેળવનાર પુણ્યશાળીઓ કર્મોના અશુભ વિપાકના ઘટાડા કે દબાઈ જવાથી દેખાતી શાંતિ કરતાં કર્મોની નિર્જરાથી ઉપજતી કાયમી-શાંતિને લક્ષ્યમાં રાખે છે.

આથી જૈન જનતા કર્મનિર્જરાથી થતી અભ્યંતર શાંતિને સ્પૃહણીય માનવાની સાથે વ્યાવહારિક રીતે જ્ઞાની-નિર્દિષ્ટ તેવા વિશુદ્ધ-નિરવદ્ય ઉપાયોથી થતા કર્મોના અશુભ વિપાકના ઘટાડા કે ક્ષયોપશમથી ઉપજતી બાહ્ય શાંતિને પણ ઇચ્છતી હોય છે.

અભ્યન્તર શાન્તિ એટલે જેનાથી જન્મ-જરા-મરણ, રોગ-શોક, આધિ-વ્યાધિ-ઉપાધિ વિગેરે ઉપતાપ કરનાર કર્મોનો સર્વથા નાશ થાય અને તેવી આત્મીય-સ્થિતિમાં તાપ કે તાપનું કારણ કંઈ પણ ન રહે.

આ કારણથી જ્ઞાનીઓએ સમગ્ર-કર્મરહિત થનાર આત્માને માટે જેવા સિદ્ધ, બુદ્ધ અને મુક્ત શબ્દો વાપર્યા છે, તેવી રીતે નિર્વાણ એટલે સર્વથા કર્મનો અગ્નિ બુઝાઈ ગયો એ વાતને સૂચિત કરવા સંપૂર્ણ અભ્યંતર-શાન્તિને સૂચવનારી પરિનિર્વૃત દશા જણાવી છે, તેથી સિદ્ધોને માટે જગો જગો પર પરિણિવ્વુડે શબ્દ વાપર્યો છે.

સર્વ વ્યાખ્યાકાર મહાત્માઓએ પણ તે પરિનિર્વૃત શબ્દનો અર્થ સાંસારિક તાપથી રહિતપણાની દશા રૂપે જણાવ્યો છે.

એટલે સૂક્ષ્મદષ્ટિથી વિચાર કરીએ તો સિદ્ધ, બુદ્ધ અને મુક્તદશા કરતાં પણ પરિનિર્વૃતદશાનું વિશેષ મહત્વ શાસ્ત્રકારોએ જગો જગો પર સ્પષ્ટ કરેલું છે.

આ પરિનિર્વૃતદશા લાવવા માટે જૈન ધર્મની ઉપયોગિતા છે. અગર તે પરિનિર્વૃતદશા લાવવી તે જૈનધર્મનું ધ્યેય છે.

કારણ કે સંસારમાં કોઈપણ દર્શન સમગ્ર અશાન્તિને ઊભી કરનાર કર્મોને માટે શત્રુ તરીકેનો વ્યવહાર કરતું હોય તો તે માત્ર જૈનદર્શન છે.

વળી જૈનદર્શનની અંદર અતીત, અનાગત અને વર્તમાનમાં જે જે તીર્થંકર ભગવંતો થયા છે, થવાના છે, અને થાય છે, તે સર્વ તીર્થંકર નામ કર્મના ઉદયવાળા જ હોય છે તેથી પરમેષ્ઠિના પહેલા પદ તરીકે **णमो तित्थगराणं** એવું પદ રાખ્યું હોત તો કોઈપણ પ્રકારે વાચ્યાર્થને બાધ આવવાનો ન્હોતો, છતાં નિરૂક્ત અર્થની અપેક્ષાએ વિશેષ ઉપયોગી થાય એવું **अरिहंताणं** પદ રાખીને સ્પષ્ટપણે જ્ઞાનીઓએ જાહેર કર્યું છે કે—

**"જૈનશાસનમાં શત્રુ તરીકે જો કોઇનો પણ વ્યવહાર થતો હોય તો તે માત્ર કર્મને અંગે છે."**

તેથી જૈન-જનતા જો કોઇને પણ શિર ઝુકાવતી હોય તો તે માત્ર કર્મરૂપી શત્રુઓને હણનારાઓની આગળ ઝુકાવે છે.

આ રીતે જૈનદર્શન અને જૈન જનતાએ કર્મને અંગે વિરૂદ્ધતા અને શત્રુતા જે માની છે, જાહેર કરી છે, અને તેના નિકંદનને માટે માર્ગ આચર્યો છે, તે કેવલ એટલા જ માટે કે **આત્મીયગુણોમાં અને આત્મીય સ્થિતિમાં જો કોઈપણ ભયંકર ઉત્પાત ઉપસ્થિત કરનાર હોય કે મચાવનાર હોય તો તે માત્ર કર્મ છે.**

તેથી આત્મીય શાંતિને સતતપણે ચાહનાર અને મેળવવા મથનાર જૈન જનતા **णमो अरिहंताणं** દ્વારા શાંતિના શુદ્ધ સામ્રાજ્યને લક્ષ્યમાં રાખે છે અને પરિનિર્વૃત જેવા આખરી શબ્દના ધ્યેયથી સર્વ પ્રવૃત્તિ કરે છે.

વાચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે જૈન જનતાએ એ વાત આખા શાસનમાં પ્રચલિત કરી રાખેલી છે કે જેઓ પરિનિર્વૃત દશાને માનનારા ન હોય તેઓ કોઈ દિવસ મોક્ષપ્રાપ્તિની લાયકાતમાં રહી શકતા નથી અર્થાત્ મોક્ષ મેળવવાથી થતી પરિનિર્વૃતદશાને માનનારા હોવા સાથે પોતાની તેવી પરિનિર્વૃતદશા થવાની ચાહનાવાળા હોય, તેને જૈન દર્શનના પ્રચલિત શબ્દો પ્રમાણે ભવ્ય કહી શકીએ.

**કેમકે પરિનિર્વૃતદશાને માનનારો ભવ્ય જ હોઇ શકે અર્થાત્ તે અભવ્ય જીવો હોય છે કે જેઓને આત્માની પરિનિર્વૃત્તદશા માનવાની ઇચ્છા થતી નથી અને થવાની નથી અથવા તે દશા મેળવવાની ઇચ્છા પણ થતી નથી તેમ થવાની પણ નથી.**

જેવી રીતે આત્મીયદશાની શાન્તિને માટે ઉપર જણાવ્યા પ્રમાણે માત્ર એકલા જૈનદર્શનનું ઉંચુ ધ્યેય છે, તેવી રીતે વ્યાવહારિક શાન્તિ માટે પણ જૈન દર્શનનું ધ્યેય ઘણું ઉચ્ચકોટિનું છે. અને તે હકીકત એટલા ઉપરથી સમજાશે કે જૈનદર્શનકારોએ હંમેશાં બે વખત ફરજીયાતપણે કરવાની જે આવશ્યક ક્રિયા છે, તેમાં તે વ્યાવહારિક શાન્તિને સ્થાન આપ્યું છે.

જૈનોની આવશ્યક ક્રિયા શાન્તિના ધ્યેય સિવાય થઈ શકતી નથી, તેથી જૈનની સામાન્ય ક્રિયામાં પણ પોતાના દુરાચરણની માફી માગવાનું સ્થાને-સ્થાને રાખવામાં આવ્યું છે. એટલું જ નહિ, પરન્તુ આત્માની શુદ્ધિને માટે કરાતી પ્રતિક્રમણ ક્રિયામાં પણ **वेरं मज्झ ण केणइ** એમ જણાવવાનું નિયમિત કરેલું છે. તેનો અર્થ એજ છે કે, 'કોઇપણ સ્વજન કે પરજન, શત્રુ કે મિત્ર અપરાધી કે અનપરાધી હોય, છતાં તેની સાથે બદલો લેવાની વૃત્તિ હું રાખતો નથી અને રાખીશ પણ નહિ.'

આવી રીતે જૈનદર્શનમાં આત્મીયદશાની ઉન્નતિ માટે અભ્યંતર અને બાહ્ય બંને પ્રકારની શાંતિનું ધ્યેય ઉંચા નંબરે જે રાખવામાં આવ્યું છે, તે ધ્યેય ઈતર સર્વદર્શનકારોને સ્પૃહા કરવા યોગ્ય છે.

આવી રીતે શાંતિની ઉત્તમતા હોવાથી ઉત્તમ પદાર્થોની જ નકલ વધુ થવાના ધોરણુ પ્રમાણે તેની નકલ પણ જગો જગો પર પ્રવર્ત્તી રહી છે અને તેથી જ જગતનો કોઈપણ મનુષ્ય શાંતિના માર્ગ પ્રત્યે પોતે વિરોધ કદાપિ જાહેર કરી શકતો નથી અને કરી શકે પણ નહિ, કિન્તુ સર્વ મનુષ્યો પોતાને શાંતિના ઈચ્છુક મનાવવા અને શાંતિ માટે પ્રવર્તનારા છીએ, એમ મનાવવા માગે છે.

પરંતુ જેમ રાજ્યખાતાઓમાં શાંતિના નામે અનેક દેશો પચાવી લેવામાં આવે છે, અનેકના ભંડારો લઈ લેવામાં આવે છે, અનેક વર્ષો સુધી લંબાય તેવી રીતે યુદ્ધના સરંજામો તૈયાર કરવામાં આવે છે અને શાંતિના નામે યુદ્ધના ઉપયોગમાં આવનારા સાધનો પણ બીજાઓને યુદ્ધને માટે દેવાય છે.

સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે આ વસ્તુ શાંતિની સિદ્ધિ માટે લેશ પણ નથી, પરંતુ શાંતિના બ્હાના નીચે દેશ અને દોલતને હજમ કરી જવાનો રસ્તો છે.

એ રીતે ધાર્મિક જગતમાં પણ કેટલાક ભાવશાંતિના ઉપાયરૂપ ધર્માનુષ્ઠાનોમાં અનંતજ્ઞાનીનિર્દિષ્ટ-મર્યાદા અને જ્ઞાની-ગુરુની નિશ્રા મુજબ વિધિ-મર્યાદાની ચોકસાઈ જાળવવામાં દ્રવ્યશાંતિના ડોળાણના ભયે બેદરકાર બનતા હોય છે.

આ ઉચિત નથી !!!

સત્યમાર્ગનું યથાયોગ્ય પ્રતિપાદન તત્ત્વગ્રાહી શૈલિથી કરવામાં અજ્ઞાન-દશાની પ્રબળતા અને મોહની ગૂંચના કારણે બનેલા સંસ્કારોની તીવ્રતાથી હઠાગ્રહ-અભિનિવેશને આધીન બનનારા કેટલાક અજ્ઞાનીઓની અણસમજભરેલ વિસંવાદી પ્રવૃત્તિઓ દ્રવ્યશાંતિનો ભંગ કરનારી હોય છતાં શાસ્ત્રીય તત્ત્વના રહસ્યનું

યથાયોગ્ય રીતે પ્રતિપાદન કરવા દ્વારા ભાવશાંતિ ટકાવવાના માર્ગને સુજ્ઞ વિવેકી તત્ત્વજ્ઞ મહાપુરુષો ટકાવી રાખે છે, તે સંગત અને આદરણીય છે.

આ ઉપરથી સમજવા જેવું છે કે દરેક પુણ્યવાન વિવેકીએ કર્મોના બંધનને છોડવા માટે જ્ઞાનીનિર્દિષ્ટ ક્રિયાઓ મર્યાદા પ્રમાણે વિધિપૂર્વક જ્ઞાનીની નિશ્રામાં રહીને કરવાનો આગ્રહ રાખવો ઉચિત છે. કેમકે તેમ કરવાથી વિષમ કર્મોના વિપાકોના ઉદયથી ઉપજતી અશાંતિ કાયમ માટે દૂર થતી હોય છે,

તેથી ભાવ શાંતિ મેળવવા ઇચ્છતા પુણ્યવાન વિવેકીએ અમોઘ ઉપાય તરીકે જ્ઞાનીનિર્દિષ્ટ તત્ત્વોને સંપૂર્ણ વફાદાર રહેવાના પ્રયત્ન કરવા સાથે તે તે શુભ અનુષ્ઠાનો શાસ્ત્રીય મર્યાદા અને જ્ઞાનીની નિશ્રામાં રહીને કરવાનો ઉપયોગ રાખવો જરૂરી છે.

॥ जैनं जयति शासनम् ॥

## મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ?

આ જીવ अन्यथा कर्तुं વાળો છે. કર્મ બાંધવાવાળો, રોકવાવાળો પલટાવવાવાળો, નિર્જરાવાળો, સંક્રમણવાળો એવો આ જીવ તે કોણ માને ?

જેઓ પોતાના આત્માને ગુલામ ન માને, કર્તા, ભોક્તા, જવાબદાર અને જોખમદાર માને તેજ માની શકે.

આવું માનનારા સમજી શકે કે આ આત્મા કર્તા ભોક્તા છો. માટે આ આત્માએ સાવચેત થવાની જરૂર છે.

આ માન્યતા થયા પછી ખ્યાલમાં આવે કે આત્માની તાકાત કેટલી ? તો કાચી બે ઘડીની મહેનતમાં એટલો બધો ખજાનો મેળવે કે તેનો પાર નહિ.

બે ઘડી પહેલાનો મિથ્યાત્વી તે બે ઘડીમાં સમકિત પામીને શ્રેણી માંડીને અંતકૃત કેવલી થઈને મોક્ષ જાય.

તો મિથ્યાત્વ અને મોક્ષ વચ્ચે અંતર કેટલું ? તો બે ઘડીનું !!!

## પૂજ્ય આગમોદ્ધારકશ્રીની અમોઘ દેશનામાંથી

### મહત્ત્વની કેટલીક બાબતો

[ પૂ. આગમવાચનાદાતા ધ્યાનસ્થ સ્વ. આચાર્યદેવશ્રીએ હજારો તાત્ત્વિક વ્યાખ્યાનો ભવ્ય જીવોના હિતાર્થે આપ્યાં છે, તેમાં ઘણી તાત્ત્વિક બાબતો ચર્ચાઇ છે, 'ષોડશક' અને 'નવપદ'ના વ્યાખ્યાનોમાંથી તેવા બે ફકરાઓ તત્ત્વરુચિવાળા જિજ્ઞાસુઓના હિતાર્થે રજુ કર્યા છે. સં.]

**(૧) સમ્યક્ત્વ એટલે?**

અનાદિથી કર્મે પગદંડો જમાવ્યો છે તે પૌદ્ગલિક દૃષ્ટિના કારણે! આત્માને પોતાની સ્વતંત્રતાનો ખ્યાલ આવે અને તે સ્વતંત્રતા લેવા યથાસ્થિત પ્રયત્ન કરે તો અનાદિથી પગદંડો કરી ગયેલી કર્મની સત્તાનો પણ નાશ થયે છૂટકો!

જ્યાં ગુલામગીરી નથી, જ્યાં માત્ર સ્વાતંત્ર્ય છે, જ્યાં લેશ પણ કર્મની ડખલગીરી નથી. પુદ્ગલની દરમિયાનગીરી નથી, એવું સ્થાન માત્ર મોક્ષ છે! કેવલ નિરાબાધ સ્થાન મોક્ષ છે!

મોક્ષ વિના એવું એકપણ સ્થાન નથી કે જ્યાં હંમેશને માટે આત્મા ને કેવલજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ, યથાખ્યાત સંયમ, અનંત વીર્ય મળે અને ટકે, ન નાશ થાય, ન પલટાય, ન ઘસાય.

મળેલા કેવળજ્ઞાનાદિ ગુણોનો નાશ કદી ન થાય. કદી પલટાય નહિ, કદી ઘસારો પણ ન થાય એવું સ્થાન એક મોક્ષ જ છે.

આવો મોક્ષ ૪૮ મિનિટની અંદર હથેલીમાં મળે પણ પ્રથમ શત્રુના થાણાને જાણો! તેની સામે તમારો બચાવ મજબૂત રાખો! અને આક્રમણ કરી તે થાણાનો કબજો મેળવો! આટલી શક્તિ કેળવો તો ૪૮ મિનિટની અંદર મોક્ષ તમારો! તમે મોક્ષના માલિક!

આ સમજાય એનું નામ સમ્યક્ત્વ.

## જૈનધર્મની વિશેષતા શી ?
## ચારિત્ર અને તપસ્યા !!!

જો જૈનધર્મમાં ચારિત્ર અને તપસ્યાને સ્થાન ન આપવામાં આવ્યું હોય તો આખ જગતને જૈનધર્મ માનવામાં કે આરાધવામાં વાંધો નથી !

વાંધાવાળી એક જ વાત કે 'વર્તનમાં મુકવું તે', 'વરો કરવો આકરો લાગે! પણ તેની વાતો કરવી આકરી નથી.'

અરિહંતાદિને દેવ માનવામાં અડચણ આવતી નથી, જ્ઞાન સુધીના સાતે પદોમાં આ કુટિલ કાયા પણ આડી નહિં આવે! આદરવું તો દુર રહ્યું? પણ બેઠા બેઠા કલ્પના કરો-'ધન-માલ-કુટુંબ-શરીર છોડી નિષ્પરિગ્રહી થઈ' વિચરવાની:કલ્પના તો કરી જુઓ !

તરત જ મન ચકાવે ચઢે-ગૂંચો ઉપજે કે આ બધું શે છોડાય ?

આપણે કેવળજ્ઞાનીને દેવ માનીએ તેવી રીતે સાતેપદની આરાધના કરવી તે જંગલની જમીન જીતવા જેવું છે! પણ ચારિત્ર અને તપ એ પદની આરાધના તો હાડા રજપૂતની જમીન જીતવા બરાબર છે! એક તસુ જમીન માટે પણ હાડો રાજપૂત કેશરીયાં કરી દે! ખપી જાય! પણ જીવતાં તો એકતસુ જમીન પણ ન જ જવા દે!

તેમ શરૂના સાત પદની આરાધના જંગલની નધણીયાતી જમીન જીતવા જેવી છે ત્યારે ચારિત્ર-તપની આરાધના હાડા રાજપૂત પાસેથી જમીનનો કબજો મેળવવા બરાબર છે.

સાતપદોમાં મનની રમત હતી, પણ ચારિત્ર-તપમાં તો કાયાને બળવું પડે છે, તે ખૂબ જ આકરું થઈ પડે!

તેથી જૈનશાસનની મહત્તાનો પાયો ચારિત્ર અને તપ પર છે.




ભવ-સમુદ્રથી તારવાવાળા તીર્થોને
જુહારવા માટે થતી

# ✠ તીર્થયાત્રા-સંઘયાત્રા ✠



તત્ત્વપ્રેમી જિજ્ઞાસુઓ માટે

## * રસથાળ *

[ આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા પૂ૦ આગમોદ્ધારક-શ્રીએ શ્રી સિદ્ધચક્ર (વર્ષ ૯ અંક ચારથી)માં તીર્થયાત્રા અને સંઘયાત્રા નામથી ઘણી મોટી લેખમાળા લખેલ.

જેમાં કે તીર્થની મહત્તા તથા તેની આરાધકજીવોને ઉપયોગીતા તથા તે અંગેના મહત્ત્વના શાસ્ત્રીય દૃષ્ટિકોણો જણાવવા સાથે તીર્થની યાત્રા કરનારાના કર્તવ્યો, છ'રી પાળતા સંઘને લઈને જવાની આદર્શ વિધિ વગેરેનું અદ્ભુત વર્ણન તે લેખમાળામાં કરેલું.

"આગમજ્યોત"ના પ્રથમ પુસ્તકમાં આવી સળંગ લેખમાળા આપવાનું ધારાધોરણ છે.

તે મુજબ આઠ વર્ષ સુધી "આગમ રહસ્ય" લેખમાળા ચાલી, તે પુરી થયેથી હવે નવમા વર્ષથી "તીર્થયાત્રા સંઘયાત્રા" નામની લેખમાળા શરૂ કરાય છે.

જિજ્ઞાસુ વાચકો ગુરુગમથી આ લેખોને વાંચે-વિચારે !!!

સં ]

॥ શ્રી વર્દ્ધમાનસ્વામિને નમઃ ॥

આગમ પાત્રના દાતા જૈનાગમ મંદિર સંસ્થાપક
ધ્યાનસ્થ ભગવંત પૂ૦ આ૦ આગમોદ્ધારકશ્રીએ
લખેલ
તીર્થયાત્રાને લગતી માર્મિક અનેક
મહત્ત્વ પૂર્ણ બાબતોને સૂચવતો

# મહા નિબંધ

## શરીર આત્માનો આધાર કે પાંજરૂં ?

હરેક આસ્તિકમતવાળાઓ અનાદિથી આત્માની અને તેને લાગેલાં કર્મોની સત્તા માનવાવાળા હોય છે, તેની સાથે પોત-પોતાના શાસ્ત્રમાં જણાવેલા મોક્ષના માર્ગોથી અનેક મહાપુરુષો મોક્ષને પામેલા છે, એમ માનવામાં પણ તેઓ એકમત છે.

આ સાથે આસ્તિકનો મુખ્ય ભાગ એ માન્યતા પણ ચોકખી રીતે ધરાવે છે કે મોક્ષ એ એક એવી વસ્તુ છે કે જયાં આત્માને કર્મની આધીનતા નથી, અર્થાત્ સંસારમાં અન્ય દર્શનીઓના મતે ચ્હાય સૂર્યલોકમાં જાય, ચ્હાય ચંદ્રલોકમાં જાય, તેમ જ જૈનદર્શનના મતે ભવનપતિ વ્યંતર, જ્યોતિષ્કના દેવભવોમાં તો શું ? પરન્તુ સ્થાનની અપેક્ષાએ મોક્ષથી માત્ર બાર જ જોજન છેટે રહેલા સર્વાર્થસિદ્ધમાં પણ થયેલા દેવતાઓ પણ કર્મની જંજીરમાં ઝકડાયેલા જ છે.

વિવેક-દૃષ્ટિએ વિચારવામાં આવે તો કોઈપણ સંસારી જીવ સૂક્ષ્મ કે સ્થૂલ શરીર વગરનો હોતો જ નથી. અને વાસ્તવિક દૃષ્ટિએ સંસારી આત્મા પોતાના શરીરને પોતાનો આધાર માને છે, છતાં પણ તે શરીર આત્માના આધારરૂપ નથી, પરન્તુ પંખીને પાંજરાની માફક શરીર કેદરૂપ છે.

જગત્‌માં આધાર ન હોય તો આધેય હોઇ શકે નહિ, તે દૃષ્ટિએ જો શરીર આત્માનો આધાર હોત તો શરીર સિવાયનો આત્મા માની શકાય નહિં, અને એવી માન્યતા તો મોક્ષની હયાતી માનવાવાળા કોઇપણ આસ્તિકવાદીથી થઈ શકે તેમ નથી.

વળી આધારની જરૂર તે પદાર્થને હોય છે કે જે પદાર્થ આધાર વગર નીચે પડી જાય, અર્થાત્ વજનમાં ભારવાળો હોય એટલે ગુરૂતાવાળા પદાર્થને જ આધારની જરૂર છે, અને કોઈપણ આસ્તિકમતવાળો આત્માને ગુરૂતાવાળો માનવા તૈયાર નથી.

એટલે કહેવું જોઇએ કે જેમ ઘટાકાશસંયોગમાં ઘટનું આકાશ ઘડામાં રહેલું છે, છતાં તે ઘટ તે ઘટના આકાશનો આધાર નથી, એવી રીતે તાત્ત્વિકદૃષ્ટિએ શરીર એ આત્માનો આધાર માનવો, તે કોઇપણ પ્રકારે વ્યાજબી નથી, છતાં એટલું તો નક્કી છે કે ઘટાકાશ જેમ ઘટમાં જ રહે છે, તેવી રીતે સંસારી આત્મા શરીરમાં જ વ્યાપીને રહેલો હોય છે, છતાં તે શરીર આત્માનો આધાર નથી, પરન્તુ તાત્ત્વિક દૃષ્ટિએ તે તેનું પાંજરૂં અગર કેદખાનું છે.

## શરીરના કારણે આત્માને થતું દુઃખ.

અનુભવીની દૃષ્ટિ પણ એમ જ કહે છે કે શરીરના શીત-ઉષ્ણાદિક સ્પર્શોથી આત્માને અનુકૂલ-પ્રતિકૂલતા સુખ-દુઃખ થાય છે. શરીરથી નિરપેક્ષ આત્માને કોઇપણ પ્રકારે શીત-વાતાદિકના દુઃખો હોતાં નથી.

આ વાતને સમજવા માટે આચાર્ય મહારાજ શ્રી મુનિસુન્દરસૂરિજી અગ્નિ અને લોઢાનું દૃષ્ટાંત શ્રી અધ્યાત્મકલ્પદ્રુમમાં આપે છે તે સમજવા જેવું છે. તેઓશ્રી જણાવે છે કે-

देहे विमुह्य कुरुषे किमघ न वेत्सि ।
देहस्थ एव भजसे भवदुःखजालम् ॥
लोहाश्रितो हि सहते घनघातमग्नि-
र्बाधा न तेऽस्य च नभोवदनाश्रयत्वे १ ॥

આચાર્ય મહારાજા શરીરમાં મમત્વ ધારણ કરીને અનેક પ્રકારની પ્રવૃત્તિ કરવાવાળા ભવ્ય જીવને તે પાપના ત્યાગને માટે ઉપદેશ દેતાં સૂચન કરે છે કે હે ભવ્ય ! દેહની અંદર મમતા ધારણ કરીને તું શા માટે અનેક પ્રકારની પાપોની પ્રવૃત્તિ કરે છે ? યાદ કર કે આ દેહમાં રહેવાને લીધે જ તારે ચારે ગતિના ભવના દુઃખોને ભોગવવા પડે છે. અર્થાત્ ચારે ગતિમાંથી કોઇપણ ગતિવાળો જીવ એવો નથી કે જેને શરીર-શિવાય દુઃખ ભોગવવું પડતું હોય ! દરેક ગતિમાં શરીર ધારણ કરીને જ જીવને ભ્રમણ કરવાનું હોય છે અને તે શરીર દ્વારા જ ચારે ગતિના દુઃખોને ભોગવવા પડે છે.

આ સંબંધી આચાર્ય મહારાજ જગતનું એક પ્રસિદ્ધ દૃષ્ટાંત દેતાં જણાવે છે કે "જગતમાં કોઇપણ જીવ અગ્નિને કુટવા જતો નથી પરંતુ જ્યારે એ અગ્નિ પોતાના શુદ્ધ રૂપમાં ન રહેતાં અગ્નિ-જ્વાલા-તાપ વિગેરે સ્વભાવ ને છોડીને જ્યારે લોઢાની અંદર પ્રવેશ કરે છે, અર્થાત્ લોઢાને આશ્રિત બને છે, ત્યારે લુહાર વિગેરે કારીગરો તે લોઢાને અનેક વખત ઘણથી કુટે છે, અને તે લોઢું કુટાવાથી તે લોઢામાં રહેલા અગ્નિને પણ કુટાવું જ પડે છે. અર્થાત્ જેમ અગ્નિ અળગો હોય તો તેને કોઇ કુટી શકતું નથી, પરન્તુ તે અગ્નિ જ્યારે લોઢામાં એકમેક થઇને બળે છે, ત્યારે જ તે અગ્નિ લોઢાના કુટાવાની સાથે કુટાઇ જાય

છે, તેવી જ રીતે આ જીવને શીત, તાપ, ટાઢ, વાયરો વગેરે પદાર્થો કંઈ પણ ઉપદ્રવ કરી શકતા નથી, પરંતુ જ્યારે આ જીવ શરીરની અંદર દાખલ થાય છે, ત્યારે લોઢામાં દાખલ થયેલા અગ્નિને જેમ લોઢાના ઉપર ઘણના માર પડે છે તેવી રીતે શરીરને લાગતા શીત, ઉષ્ણ, ટાઢ, વાત વિગેરેના ઉપદ્રવો શરીરની અંદર રહેલા આત્માને સહન કરવા પડે છે.

## શરીર વગરના થવાશે ત્યારે જ નિરાબાધ સુખ છે.

આ વાત અન્વય દ્વારા સમજાવ્યા પછી વ્યતિરેક દ્વારા પણ સમજાવતાં આચાર્યશ્રી જણાવે છે કે હે ભવ્ય! તારા આત્માને અને આ અગ્નિને જો કોઇપણ પ્રકારે બીજામાં ઘુસવાનું ન થાય, તો તમને બન્નેને કે તમારા બંનેમાંથી કોઇને પણ કોઈપણ વસ્તુ પીડા કરનારી થઇ શકે નહિં. જગતમાં આકાશ નામનો પદાર્થ જો કે સર્વવ્યાપક છે, તો પણ તે કોઈની સાથે એકમેક સંયોગથી શું જોડાય છે? અગ્નિ લોઢાની સાથે એકમેકપણે સંયોગથી જોડાય છે, જેમ તપેલા લોઢાને ઉઠાવતાં લોઢું અને અગ્નિ બન્ને સાથે જ ઉઠે છે, તપેલા લોઢાને કાપતાં લોઢું અને અગ્નિ બન્ને સાથે જ કપાય છે, તેમ જ તપેલા લોઢાને ફેંકી દેતાં લોઢું અને અગ્નિ સાથે જ ફેંકી દેવાય છે.

તેવી જ રીતે આ સંસારમાં જીવ પણ શરીરની સાથે એકમેક થયો છે, તેને લીધે શરીરને ઉપાડતાં ધક્કો મારતાં કે રોકતાં જીવ તેની સાથે જ ઉપડી જાય છે. ધક્કો ખાય છે, અને રોકાઈ જાય છે, વળી શરીરને છેદન-ભેદન, કે તાડન-તર્જન થતાં તે છેદન-ભેદન અને તાડન-તર્જનનું દુઃખ તે શરીરમાં રહેલા આત્માને જ અનુભવવું પડે છે, જો શરીરની સાથે આત્મા એકમેક ન થયેલો હોય શરીરને થતા તાડન-તર્જન વધ બંધ વિગેરેથી આત્માને અંશે પણ દુઃખ અનુભવવું પડે નહિં. વળી શરીરને ઉંચકીને કોઈ ફેંકી દેશે તો તે આઘાતનું દુઃખ પણ

આત્માને ભોગવવું પડે છે. એટલે લોઢું અને અગ્નિ એકમેક થયાં છે તેમ શરીર અને આત્મા એકમેક થયેલ હોવાથી લોઢા દ્વારા થતી અગ્નિની અવ્યવસ્થાની માફક શરીર દ્વારા આત્માની પણ અવ્યવસ્થા થાય છે, પરન્તુ આકાશ નામનો પદાર્થ કે જે કોઈ સાથે એકમેક થતો નથી, તે આકાશ નામના પદાર્થને કોઇ દિવસ પણ જગતમાં રહેલા પદાર્થોની અવ્યવસ્થા અનુભવવી પડતી નથી.

તેવી રીતે હે ભવ્ય ! જો તારા આત્માને જગતના સર્વ પદાર્થોથી નિવૃત્ત કરી દઇશ, તે સર્વ પદાર્થમાં જે અહંભાવ અને મમભાવ જોડીને એકમેકપણે તેં પ્રવેશ કરેલો છે, તે સર્વ છોડી દઇશ અને જ્યારે તું શરીરવગરનો બનીશ, ત્યારે નિરાશ્રિત એવા તારા આત્માને પણ નિરાશ્રિત એવા આકાશની માફક કોઈપણ જાતની ઉત્ક્ષેપ, નિક્ષેપ, નિરોધ, શીત, તાપ, તાડન-તર્જન વિગેરે દુઃખોમાંથી કોઇપણ પ્રકારનું દુઃખ અનુભવવું પડશે નહિં.

### શરીર ના લીધે બધા દુઃખો છે.

કહેવાનો મતલબ એટલો જ છે કે દરેક સંસારી જીવો શરીરને લીધે ચારે ગતિના દુઃખોને ભજવાવાળા છે, પરન્તુ તે શરીરનું ધારણ કરવું ભવ્ય જીવને જ્યાં સુધી સંસારમાં રખડવાનું હોય છે, ત્યાં સુધી આવશ્યક હોય છે. જો કે દુઃખોના અનુભવો એકલા શરીર દ્વારા છે એમ નહિં, પરન્તુ ઇન્દ્રિય, તેના વિષયો, તેનાં સાધનો, કુટુમ્બ, ધનમાલ, મીલ્કત વિગેરેમાં ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટના સંયોગ દ્વારા પણ આ જીવને દુઃખોના અનુભવો પારાવાર કરવા પડે છે, પરન્તુ તે સર્વ આ દેહરૂપી વૃક્ષના શાખા-પ્રશાખા, પત્ર-પુષ્પ અને ફલ છે એમ, કહીએ તો ચાલે.

## સિદ્ધમાં સુખ શું ?

એટલે ટુંકમાં એટલું જ કહેવાનું કે ચારે ગતિમાં રખડતા જીવરૂપી પંખીઓને આ શરીરરૂપી પાંજરૂં એ કેદને સ્થાને જ છે, અને સર્વ આસ્તિકમતની અપેક્ષાએ આવી શરીરરૂપી કેદમાંથી જો કોઇપણ છુટેલું હોય તો તે કેવલ સિદ્ધપદને પામેલા મહાત્માઓ જ છે. સિદ્ધપદ પામેલા મહાત્માઓમાં સમ્પૂર્ણ કે અપૂર્ણ સુખ છે કે નહી ? સંપૂર્ણ કે અપૂર્ણ જ્ઞાન છે કે નહિં ? સંપૂર્ણ કે અપૂર્ણ શક્તિ છે કે નહિં ? એવી એવી વાતોમાં જો કે આસ્તિકોમાં પરસ્પર મતભેદો છે, પરંતુ સિદ્ધિપદને પામેલા મહાત્માઓ જન્મ-જરા-મરણ, રોગ-શોક, આધિ-વ્યાધિ આદિના દુઃખોથી તો સર્વથા મુક્ત છે, એમાં કોઈપણ આસ્તિકનો મતભેદ નથી, અર્થાત્ જેઓ એવી શંકા કરે છે કે સિદ્ધિપદ પામ્યા પછી ખાવાનું-પીવાનું, ઓઢવાનું-ફરવાનું કંઇ પણ મળતું નથી, તો પછી તે સિદ્ધિપદ ઉત્તમ છે, એમ શી રીતે કહી શકાય ?

પરન્તુ આવું કહેવાવાળાઓએ વિચારવું જોઇએ કે એક શીલને ધારણ કરવાવાળી પવિત્ર બાઇ પોતાના શીલને કીંમતી ગણીને બીજા પુરુષો દ્વારા મળતા અન્ન, પાન, વસ્ત્ર-ઋદ્ધિ-સમૃદ્ધિ, આજ્ઞા-ઐશ્વર્ય-સંપત્તિ અને ઠકુરાઇના સુખોને લાત મારે છે, અને બલાત્કારે પણ તે આવતું હોય તોપણ તેનાથી શીલને બચાવવા માટે તે દૂર જ ભાગે છે, તો જેમ એક બાઈ સરખી જાત પોતાના શીલને બચાવવા માટે એ બધી વસ્તુઓને દુઃખરૂપ માને છે, તો પછી જે ભવ્ય જીવને– 'આ સંસાર એ કેદખાનું છે,' સર્વ રીતે જીવની પરાધીનતા વધારનાર છે.' —એમ માલુમ પડયું છે, તે ભવ્ય જીવ સ્વપ્ને પણ ખાવા-પીવાના સુખને સુખ તરીકે માને જ કેમ ?

## સંસારનું સુખ ભ્રમણારૂપ છે.

વાસ્તવિક રીતિએ તો ખાવા-પીવાના સુખ એ સુખની ભ્રાન્તિ

ઉપજાવનાર છે, પરન્તુ તે સુખરૂપ નથી જ! પરન્તુ દુઃખના પ્રતિકારરૂપ છે. ક્ષુધા અને તૃષાનું દુઃખ થાય ત્યારે ખોરાક અને પાણી એ સુખરૂપ લાગે છે, ખોરાક અને પાણી જો સ્વયં સુખરૂપ હોય તો ક્ષુધા અને તૃષાની સાથે તેનું પ્રમાણ બંધ બેસતું થઈ શકે નહિં.

એટલે પરસ્પર માપ હોવાથી ક્ષુધા તૃષાના પ્રતિકારને અંગે જ ખાવા-પીવાને સુખરૂપ મનાય છે.

વળી જગતમાં કોઇપણ મનુષ્ય ખસના ખણવાના સુખને મેળવવા માટે ખસની હયાતીને સારી માની શકે નહિં, તેવી રીતે ઇંદ્રિયોની હયાતીને લીધે ઇંદ્રિયોના વિષયોનું સુખ મનાય છે અને જેમ ખસને ખણ્યા પછી ભવિષ્યમાં તેના વિકારોની વૃદ્ધિ અને દુઃખો અનુભવવા પડે છે, તેવી રીતે ઇંદ્રિયોના વિષયોના અનુભવને લીધે તથા તે વિષયોના સાધનો મેળવવા માટે કરેલા પાપોને લીધે આ જીવને પણ કર્મ વિકારો થાય છે, અને ચારે ગતિમાં દુઃખનો અનુભવ કરવો પડે છે.

આ સ્થિતિમાં આત્માના સ્વ-સ્વભાવરૂપ મોક્ષને નીરોગપણાની માફક ન ઇચ્છતો અને ખસને ખણવા જેવા સંસારના દુઃખોના પ્રતિકારરૂપ સુખોની ઇચ્છા કરવી એ કોઈપણ બુદ્ધિમાનોને માટે તો લાયક ગણાય નહિં.

સામાન્ય રીતે કુતરા જેવા જાનવરો પણ ઝેરી બરફીને ખાવાથી અન્ય કુતરાનું મરણ થયેલું દેખી બચવા માટે ઝેરી એવી બરફીને પણ છોડી દે છે, તો પછી સજ્જન મનુષ્યો જન્મ-જરા અને મરણના ઝેરવાળી દુનિયાની સ્થિતિમાં પરમ દુઃખોને પામતા અનંત જીવોને દેખીને જન્મ-જરા અને મરણના ઝેરથી બચવા માટે બરફી જેવા ગણાતા વિષય સુખોથી સર્વથા દૂર રહેવા માગે અને તેની વાંછા અંશે પણ ન કરે તેમાં આશ્ચર્ય શું?

## આસ્તિકોનું પરમધ્યેય શું? એ કે— શરીર વગરના થવું.

આ બધું કહેવાની મતલબ એટલી કે— જન્મ-જરા-મરણ-રોગ-શોક-આધિ-વ્યાધિ અને ઉપાધિથી રહિત થઇ જે મોક્ષપદ મેળવવું, એ સર્વ આસ્તિકવાદીઓનું પરમ ધ્યેય છે, આમ છતાં પણ મોક્ષપદના ધ્યેયથી પ્રવર્તવાની દરેક આસ્તિક ઇચ્છા કરે છે, મોક્ષ મેળવવા માગે છે, પરંતુ તેઓ સંસારના કુટુંબ-કબીલા, ધન, માલ, મિલ્કત, ક્રોધ, માન, માયા, લોભ વિગેરેના પ્રપંચોથી ઘેરાઈ જઈ તે તરફ પ્રવૃત્તિ કરી શકતા નથી.

## આર્ય કે અનાર્ય બંનેએ તીર્થોની સ્થાપના માની છે.

આ વાત આસ્તિક માત્રના અનુભવથી સિદ્ધ છે. આવા કારણોથી દરેક આસ્તિક મતવાળાઓએ તો શું? પરંતુ અનાર્ય તરીકે ગણાતા મતવાળાઓએ પણ તીર્થોની સ્થાપનાઓ જગો-જગો પર કરી છે.

આર્ય કે અનાર્ય કોઈ પણ જાતવાળા તીર્થોની માન્યતા વગરના નથી, એ વાત જગજાહેર છે, જ્યારે સામાન્ય રીતે સર્વવ્યાપક ભગવાનની મહેરબાનીથી મોક્ષ મળે છે, એવું માનનારા અન્ય દર્શનકારોને તીર્થભૂમિઓ અને તેની પવિત્રતા માનવાની જરૂર પડે છે, તો પછી જૈન દર્શન કે જે ઉપાધિઓની નિવૃત્તિ દ્વારા સાધક આત્મા જ મોક્ષ મેળવી શકે છે, અર્થાત્ પરમેશ્વરે તો સર્વ જીવોને માટે મોક્ષના રસ્તા માત્ર બતાવેલા છે, છતાં પણ જગતમાં જેમ યોગ્ય રસ્તે ચાલવાવાળો મુસાફર જ ઇષ્ટ શહેરને પામે, તેમાં જો કે સડક બનાવનારાઓએ તે સર્વ મુસાફરોને માટે જ સડક બનાવેલી છે, પરંતુ જે મુસાફરો સડકના માર્ગનો લાભ ન લેતાં ઉન્માર્ગે ચાલે તેઓ ઇષ્ટ સ્થાનને ન મેળવી શકે, તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ મોક્ષસ્થાનની પ્રાપ્તિ જે આશ્રવ-એટલે હિંસા-જુઠ-ચોરી-મૈથુન અને

પરિગ્રહ વિગેરેનો રોધ કરવારૂપ સંવર કરવા સાથે અનેક પ્રકારની તપસ્યાથી નિર્જરા કરવારૂપ મોક્ષમાર્ગ બતાવેલો છે, તે મોક્ષમાર્ગના આલંબનથી ભવ્ય જીવો મોક્ષ મેળવી શકે છે,

જગતમાં સડકને બનાવનારો એક વખત પ્રતિકૂલ હોય તો પણ સીધી સડકે ચાલનારો મનુષ્ય ઇષ્ટ સ્થાનને જરૂર પામી શકે છે, તો પછી સડકની માફક મોક્ષ માર્ગને બતાવનારા અને બનાવનારા ભગવાન તીર્થંકરોના રસ્તે-રસ્તે ચાલનારો મનુષ્ય કેમ ઇષ્ટ સ્થાનને ન પામે ?

## જૈન શાસનની રીતે જ તીર્થો સંભવે ?

ઉપર જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે સંસારથી પાર ઉતરવાની અભિલાષા દરેક આસ્તિક મતવાળાને હોય અને તેથી તેઓ તીર્થની સેવા કરવા માગે એ સ્વાભાવિક છે, છતાં વાસ્તવિક રીતિએ જૈન દર્શનની અપેક્ષાએ જ તીર્થોનું તીર્થપણું હોઇ શકે ?

કારણ કે અન્ય દર્શનકારો જ્યારે પરમેશ્વરની મહેરબાનીથી તરવાનું માનનારા છે, અને પરમેશ્વરની મહેરબાની અમુક જગા પર જ થાય એ કહેવું એ પરમેશ્વરની સર્વવ્યાપકતારૂપ પરમેશ્વરતા માનવાવાળાને કોઇપણ રીતે શોભતું નથી. કેમ કે પરમેશ્વરની પરમેશ્વરતાને અંગે તો પહાડ હોય કે સપાટ હોય ! નગરી હોય કે ઉજ્જડ હોય ! વસતિ હો કે વેરાન હો ! તળાવ હો કે નદી હો ! ખાબોચિયું હો કે દરિયો હો ! એ સર્વ સરખાં જ છે, માટે જો અન્યની પરમેશ્વરતાને વિચારીએ તો પરમેશ્વરના અનુગ્રહથી મોક્ષ માનવાવાળા માટે તીર્થ જેવી કોઈ જગ્યા રહેતી જ નથી. એટલે તેઓને માટે તો સર્વ જગત તીર્થરૂપ જ છે, અર્થાત્ કોઈ પણ નિયત સ્થાન તીર્થરૂપે જ નથી.

પરંતુ જૈન દર્શન પ્રમાણે જ પરમેશ્વરનું વ્યાપકપણું ન હોવાથી તથા પરમેશ્વરના અનુગ્રહથી મોક્ષ ન માનતાં આત્માના

પરાક્રમ અને પ્રયત્નથી મોક્ષ માનેલો છે. માટે નિયત જગ્યા તીર્થરૂપ હોઈ શકે છે.

## જૈન દર્શન અને પરમેશ્વરનો અનુગ્રહ.

જો કે જૈન દર્શન પરમેશ્વરના અનુગ્રહને નથી માનતો, એમ નહિં, તે પરમેશ્વરના અનુગ્રહને જરૂર માને છે, કેમ કે પરમેશ્વરે જગત્‌ને અનુગ્રહ કરવા માટે તો ભવોભવ સુધી તપસ્યાઓ કરી છે. છેવટે **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા** માટે તો એટલે સુધી બન્યું છે કે એક લાખ વર્ષ સુધી લાગટ માસખમણ તે પારણે માસખમણની તપસ્યાઓ કરી અને તેવી ઘોર કષ્ટમય તપસ્યાના પ્રતાપે મળેલા તીર્થંકરના પદથી જીવોને સંસારથી ઉદ્ધારવા માટે આ શાસનની સ્થાપનાં કરી.

એટલે એવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પરમેશ્વરોએ જો આ શાસનવર્તી જીવો ઉપર ઉપકાર ન કર્યો હોત તો આ જીવને શાસનની પ્રાપ્તિ જ થવાની નહોતી. તો પછી મોક્ષ તો મળે જ ક્યાંથી? માટે પરમેશ્વરનો અનુગ્રહ જૈન દર્શન પણ માને છે એ યાવત કોઈપણ સમજુ વિવેકી મતભેદ ધરાવે જ નહિ, પરંતુ તે પરમેશ્વરના અનુગ્રહ માત્રથી જ મોક્ષ મળી જાય છે, એ માન્યતા જૈન દર્શનની નથી.

જો કે મોક્ષનો માર્ગ પરમેશ્વરના અનુગ્રહથી મળ્યો છે, એ માન્યતા સર્વ જૈન દર્શનવાળાઓ માને છે, પરંતુ તે મોક્ષ માર્ગની સાધના મોક્ષની ઈચ્છાવાળા મુમુક્ષુ જીવોએ પોતે જ કરવાની છે. અને તેથી જૈન દર્શનને માનનારાઓને આશ્રવના નિરોધને માટે, સંવરના પોષણને માટે, સંસારની ઉપાધિઓથી મુક્ત થઈ દાન, શીલ, તપ, અને ભાવરૂપી ચારે પ્રકારના ધર્મની આરાધનાની વિશિષ્ટતા માટે, તીર્થો માનવાની, તેની યાત્રાઓ કરવાની જરૂરીયાત પહેલે નંબરે રહે છે.

## ધર્મ સ્નાનમાં માનવાવાળાની માન્યતા.

અન્ય દર્શનકારોએ તીર્થોના સ્થાનો બહુધા નદી, દરિયા, સરોવર આદિક બાહ્યમલને દૂર કરનારા સ્થાનોને માનેલા છે, અને પસંદ કરેલા છે. તેથી તેઓ તે સ્થાનમાં જ ધર્મની ઉત્પત્તિ માની રહેલા છે. અને તેથી માઘસ્નાનાદિકનો વિશેષ મહિમા જગો જગો પર તેઓમાં પ્રચલિત થયો છે, વળી તેઓએ જળાશયોને જ તીર્થરૂપ માન્યા, તેથી ગંગા, યમુના, વિગેરે સ્વતંત્ર રીતે નદીઓ અને તેના સંગમો તીર્થરૂપ માનવામાં આવ્યા છે, અને તે કારણથી અન્ય મતવાળાઓ અડસઠ તીર્થો થયા, એમ માનવા લાગ્યા છે.

આ સ્થિતિ વિચારતાં સુજ્ઞ ભવ્ય જીવને માલમ પડશે કે આત્મા કર્મથી મુક્ત થાય ત્યારે તરી શકાય એવી માન્યતા ધરાવનાર છતાં પણ આ આસ્તિકો કર્મની કેવી ચીજ સમજતા હશે? કે જેથી જલથી ન્હાવા માત્રથી તરવાનું માને છે.

યાદ રાખવું કે જેવી રીતે ગંગા આદિ નદીઓનું કે દરિયાનું પાણી મેલને ધુએ છે, તેવી રીતે જ રીતે સારા પદાર્થને પણ ધોઇ નાંખે છે, તો પછી આ મનાયેલા નદી આદિકનાં તીર્થો પાપને ધોવાને સમર્થ થાય એમ પુણ્યને પણ ધોઈ નાંખે.

હાથના પરાવર્તનથી જેમ તેજનું કે શબ્દનું પરાવર્તન થતું નથી. કેમ કે તેજ અને શબ્દના પુદ્ગલો હાથના પુદ્ગલ કરતાં ઘણા જ બારીક છે, તેવી રીતે જલના પુદ્ગલોની અપેક્ષાએ કર્મના પુદ્ગલો એટલાં બધાં બારીક છે કે તે પુદ્ગલો ઉપર જલની કંઈ પણ અસર થાય જ નહિં.

જ્યારે આવી રીતે જલાશયોને તીર્થરૂપે માનવા એ સમજુ મનુષ્યોને માટે લાયક નથી, તો પછી ધર્મના નામે કરવતોનાં કારખાનાં કહાડવાં અને તેમાં મનુષ્યોને ઉભા ને ઉભા વહેરી

નાખવા, તેવા ઘાતકી કાર્યો જ્યાં કરાય તેને તો એક આર્ય મનુષ્ય સ્વપ્ને પણ તીર્થ તરીકે માની શકે જ કેમ?

## તીર્થ સ્થાનની વિચિત્ર માન્યતા.

કદાચ કહેવામાં આવે કે તેવા પવિત્ર સ્થાનોમાં મરનારને તારક મહાત્માઓ ઉપદેશ કરે છે, અને તેથી તે તીર્થમાં મરવું શ્રેષ્ઠ ગણી જાણી જોઇને પણ કરવતથી મરણ લેવામાં આવે છે. આ કથન કેવલ અન્ધ શ્રદ્ધાને આભારી છે, કેમ કે તારકો જો ઉપદેશ કરે તો તે ઉપદેશને પ્રભાવે ભવ્ય જીવને તારવાનું થાય એમાં કોઈ ના કહી શકે નહિ, પરંતુ કરવત લે ત્યારે જ તારકો ઉપદેશ કરે અથવા તો મરતી વખતે જ તારકો ઉપદેશ કરે, પણ જીવના વિચાર અને વર્તનને સુધારવાનો જે વખત જીંદગીની હયાતીમાં છે, તે વખતે ઉપદેશ ન કરે એ તારકોને શોભે નહિ, ખરી રીતે તો જીંદગીમાં પતિવ્રતાપણું હોય કે ન હોય, પરન્તુ ધણીના મરણની સાથે તેના ભેગાં બળી મરવામાં સતીપણાનો મહિમા જણાવી અજ્ઞાન લોકોએ સ્ત્રી જાતિનું સત્યાનાશ કહાડયું, તેવી રીતે તારકોના નામે કહેવાતા આર્ય વર્ગના ભદ્રિક મનુષ્યોનું સત્યાનાશ કરવતના કારખાનાએ કહાડયું, તે મરનારની મીલકતો ઉપર અથવા તેના દાન ઉપર તાગડધિન્ના કરનારા આ તારકપણાનું ધતીંગ ઉભું કર્યું છે.

## તીર્થની વ્યાખ્યા.

ખરી રીતે તો સંસારથી તરવાવાળાઓને તરવાનું સાધન નથી તો પાણી! નથી તો પથરા! નથી તો ઝાડ! કે નથી તો કોઇ પણ સ્થાન! પરંતુ તરવાવાળાઓને ખરૂં ઉપયોગી હોય તો મોક્ષમાં જે રૂપે આત્માનું અવસ્થાન છે, તે રૂપની જ ઝાંખી અને વૃદ્ધિ થાય તે જ છે. તે જ તરવાનું સાધન બની શકે.

આ કારણથી જૈન દર્શનકારો પ્રાકૃત ભાષાએ 'તિત્થ' શબ્દનો ત્ર્યર્થ એવો અર્થ કરે છે. એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે પદાર્થોને જ તીર્થ કહેવામાં આવે છે. આ ત્રણ પદાર્થોરૂપી તીર્થ હોવાને લીધે જ શાસનની સ્થાપના કરવાવાળા જિનેશ્વર ભગવાનોને તીર્થંકર કહેવામાં આવે છે.

વળી શ્રી જીનેશ્વર ભગવાને સ્થાપન કરેલું શાસન ત્રણમાં જ એટલે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં જ રહેવાવાળું છે. તેથી તિત્થ શબ્દનો ત્રિસ્થ એવો એવો પણ અર્થ કરવામાં આવે છે.

આ બધું કહેવામાં તથ્ય એટલું જ કે જગત્માં કોઈ પણ આત્માને સંસાર સમુદ્રથી તારનારી કોઇ પણ ચીજ હોય અને કોઇને પણ જો તીર્થ તરીકે કહી શકીએ તો તે માત્ર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, જ છે.

આ કારણથી શ્રી ભગવતી સૂત્રમાં પણ તીર્થને સ્થાપવાના મુખ્ય ભાગ ભજવનાર એવા આદ્ય ગણધર મહારાજને પણ તીર્થ તરીકે ગણવામાં આવ્યા છે, અને તેવી જ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને ધારણ કરવાવાળા એવા સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને તીર્થ તરીકે ગણવામાં આવેલ છે. આવી રીતે ચારે પ્રકારનો સંઘ પણ સમ્યગ્દર્શનાદિ ગુણમય હોવા સાથે સંસાર સમુદ્રથી તરવામાં કટિબદ્ધ હોય છે અને તેથી તેઓ ભવસમુદ્રથી અન્ય જીવોને તીર્થંકર પદ બાંધવામાં તથા ધર્મ આરાધનમાં સહાયક થઈ અત્યંત ઉપયોગી બને છે, તેથી તીર્થંકર ભગવાનો શાસનની સ્થાપના પહેલાં તીર્થ શબ્દથી તેને નમસ્કાર પણ કરે છે.

## તીર્થંકરો કયા તીર્થને નમસ્કાર કરે છે?

આ જગો પર એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તીર્થંકરો પોતાના સ્થાપેલા તીર્થને નમસ્કાર કરે છે એમ નથી, કિન્તુ જે

તીર્થ એટલે ચતુર્વિધ સંઘ દ્વારા તેઓને તીર્થંકરપણું મેળવવામાં મદદ મળી હતી, તે સંઘને તેઓશ્રી નમસ્કાર કરે છે. એમ તાત્ત્વિક દૃષ્ટિએ વિચારતાં સમજાય.

કારણ કે જે વખતે તીર્થનું સ્થાપન થયું નથી, ગણધર મહારાજાઓને પણ દીક્ષાઓ આપવામાં આવી નથી, સાધ્વીઓને પણ દીક્ષા આપવામાં આવી નથી, શ્રાવક-શ્રાવિકાઓને પણ સમ્યક્ત્વ કે અણુવ્રતો આપવામાં આવ્યાં નથી, એટલું જ નહિં પરંતુ સકલ શાસનના મૂળરૂપ उप्पण्णेइ वा આદિ ત્રિપદીનું ઉચ્ચારણ પણ કરવામાં આવ્યું નથી, તેની પહેલાં ત્રિલોકનાથ તીર્થંકરોથી તીર્થ શબ્દથી કરાતો નમસ્કાર સંઘને જ કરાય છે.

એટલે તે સંઘ તીર્થંકરપણું મેળવતી વખતે ઉપયોગી થયેલ હતો, તે લેવો વધારે અનુકુલ પડે. અને તેથી નિર્યુક્તિકાર ભગવાન શ્રી ભદ્રબાહુસ્વામીજી, તીર્થંકર ભગવાનો તીર્થને નમસ્કાર કરે છે, તેના કારણોને જણાવતાં "कयण्णुआ" એમ કહી કૃતજ્ઞતારૂપી હેતુ જણાવે છે.

આ નિર્યુક્તિકાર મહારાજે જણાવેલ હેતુ તરફ ધ્યાન દેનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જે સંઘને નમસ્કાર કરે છે તે સંઘ પોતે ભવિષ્યમાં સ્થાપશે તે અગર શાસનમાં ભવિષ્યમાં થનારો સંઘ તે થાય નહિં, છતાં જેમ તે તે તીર્થંકરોએ તે તે પાછળના ભવોમાં સંઘના આલંબનથી તીર્થંકરપણું બાંધ્યું હતું, તેવી રીતે વર્તમાન કાલનો અને તે તે તીર્થંકરોએ સ્થાપેલો સંઘ પણ બીજાઓને તીર્થંકર પદ બાંધવામાં અગર નિરનુબંધી કર્મ કરવામાં કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં ઉપયોગી થાય અને તેથી તે તે વખતના સંઘોને ભવિષ્ય–ભવિષ્યના તીર્થંકરોની અપેક્ષાએ

નમસ્કાર કરવા લાયક થાય અને તેથી શાસ્ત્રકારો જગો જગો પર શ્રી સંઘના મહિમાને વંદન કરતાં તીર્થંકરના નમનીયતાદિ ગુણોનું વર્ણન કરે તો તેમાં કોઇપણ પ્રકારે અસત્યતા કે અતિશયોક્તિ થઇ છે, એમ સમજવાનું નથી.

આ કૃતજ્ઞતા હેતુ ઉપર ભાર દઇને જે વિવેચન કરવામાં આવ્યું છે, તે ઉપરાંત નિર્યુક્તિકાર મહારાજે જે બીજો હેતુ पूइयपूअओ लोओ એમ કહીને જણાવેલો છે, તે ખરેખર ભવિષ્યના તેમના સ્થપાતા સંઘને પણ તીર્થંકરો નમસ્કાર કરે છે એમ સૂચવે છે, કેમ કે એ હેતુ દ્વારા નિર્યુક્તિકાર મહારાજા જણાવે છે કે જગત્નો સ્વભાવ પૂજેલાને પુજવાનો છે, તેથી જો તીર્થંકર ભગવાન સ્થપાશે એવા પણ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ સંઘને આદર દૃષ્ટિમાં દાખલ કરે તો જગત્ પણ તે સંઘને આદર બહુમાનની દૃષ્ટિથી જુએ! એ અપેક્ષાએ પણ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોએ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને નમસ્કાર કરેલો છે.

આવા નિર્યુક્તિકાર મહારાજના વચનની અપેક્ષાએ ભવિષ્યમાં જેની સ્થાપના થવાની છે તેવા સંઘને પણ લોકોની દૃષ્ટિમાં આદર અને બહુમાનની પાત્રતા બનાવવા માટે નમસ્કાર કરેલો છે, એમ લઇએ તો भाविनि भूतवदुपचारः એ ન્યાયથી જે સંઘ ભવિષ્યમાં સ્થપાશે તેને પણ સંઘ તરીકે ગણીને નમસ્કાર કરેલો છે, એમ કહેવામાં યોગ્ય ગણાય, એમ કહીએ તો ખોટું ગણાય નહિં.

જ્યારે ભવિષ્યમાં સંઘપણે સ્થપાનારા મહાપુરૂષો નમસ્કાર કરવાને લાયક થાય છે, એ ત્રિલોકનાથ તીર્થંકરોની આચરણા ઉપરથી માની શકાય, તો પછી જેઓ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત કરી શકયા છે, જેઓ તે સમ્યગ્દર્શનાદિની વૃદ્ધિ કરી રહ્યા છે, અને જઓ તેના ફલરૂપ તરફ જ મીટ માંડી રહ્યા છે,

તેવાઓના સમુદાયરૂપ શ્રી સંઘ સકલ ભવ્ય જીવોને પરમ આરાધવા લાયક થાય, તેમાં આશ્ચર્ય શું ?

## રત્નત્રયીને પોષક જે જે પદાર્થો હોય તે તીર્થ કહેવાય.

પૂર્વે જણાવેલી હકીકતથી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી ત્રણ પદાર્થો સંસાર સમુદ્રથી તારનારું તીર્થ છે, એમ નક્કી કર્યું. હવે ગુણરૂપ તીર્થની સાથે ગુણીરૂપ માટે સમજવાનું છે કે સમ્યગ્દર્શનાદિ ગુણરૂપ હોવાથી કોઇ દિવસ પણ ગુણ દ્રવ્ય સિવાય હોતો નથી, માટે તે સમ્યગ્દર્શનાદિ ગુણ દ્વારા તે સમ્યગ્દર્શનાદિ ગુણોને ધારણ કરનારા ચતુર્વિધ સંઘને તીર્થરૂપે જણાવવામાં આવ્યું છે, તેથી વાસ્તવિક તીર્થ કયું છે? તે સજ્જનોના ધ્યાનમાં આવ્યા સિવાય રહેશે નહિં.

આ પ્રમાણે સમ્યગ્દર્શનાદિક ગુણો સંસાર સમુદ્રથી તારનારા છે અને તે તીર્થરૂપ છે, છતાં પણ જેમ કારણમાં કાર્યનો ઉપચાર કરાય અને તે ઉપચાર દ્વારા વર્ષાદ વરસતાં જેમ ધાન્ય વરસે છે અને સોનું વરસે છે એમ કહેવાય છે, તેવી રીતે **વાસ્તવિક તીર્થરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના કારણરૂપ જે જે પદાર્થો હોય તેને પણ તીર્થ તરીકે ગણવા તે સર્વ પ્રકારે વ્યાજબી છે.**

આ કારણથી સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાઓ પોતાના આત્મામાં રહેલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને તારનારા માની તીર્થરૂપ માને અને તે દ્વારા સંયમયાત્રા એ જ પોતાનું પરમ કર્તવ્ય છે એમ માને, તે વ્યાજબી છે. છતાં તે સમ્યગ્દર્શન આદિકનાં સાધનો સિવાય તે સમ્યગ્દર્શનાદિકની ઉત્પત્તિ થતી નથી, સમ્યગ્દર્શનાદિકની વૃદ્ધિ પણ થતી નથી, અને તે સમ્યગ્દર્શનાદિકની પરાકાષ્ઠા મેળવવાનું કાર્ય પણ સાધનો સિવાય થતું નથી. એ હકીકત જૈન નામધારીને પણ જાણબહાર હોય નહિં.

## સિદ્ધશિલાએ મોક્ષે ગયા એ વાક્યનું રહસ્ય.

આ ઉપરથી જેઓ શ્રી અનુયોગદ્વાર, શ્રી જ્ઞાતાસૂત્ર અને શ્રી અંતગડ આદિ સૂત્રોમાં સિદ્ધશિલાતલ, શ્રી પુંડરિક-ગિરિ, શ્રી રૈવતાચલ અને શ્રી સમેતશિખર વિગેરે બાહ્ય તીર્થોના ઉલ્લેખ છતાં પણ તે તીર્થોને નહિં માનતાં કેવલ સંયમયાત્રાને જ યાત્રા માને છે તેઓએ કાર્ય-કારણભાવને વિચારવાનું આવશ્યક સમજવા સાથે 'કારણ વિના કાર્ય થતું નથી' એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

બારીક દૃષ્ટિએ વિચાર કરીએ તો ભગવાન્ તીર્થંકર મહા-રાજની વખતે યાત્રા એ પવિત્રમાં પવિત્ર ચીજ માનવામાં આવેલી હોવી જોઈએ અને તેથી જ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાને રૂપક દ્વારા સંયમની એક યાત્રા જણાવી. એટલું જ નહિં, પણ ગુરુ મહારાજને સુખશાતા પૂછવાની વખતે પણ સંયમયાત્રાનો પ્રશ્ન કરવામાં આવ્યો.

## ખરી યાત્રા કઇ ?

ધ્યાન રાખવું કે તપ એ પણ મોક્ષનું અદ્વિતીય સાધન છે, છતાં તપને કોઈપણ જગો પર યાત્રા તરીકે જણાવવામાં આવ્યું નથી, પરંતુ સ્થાન-સ્થાન ઉપર સંયમને યાત્રા તરીકે વર્ણવવામાં આવ્યું છે.

ઉંડી દૃષ્ટિએ જોઈશું તો સ્પષ્ટ માલમ પડશે કે સર્વ જૈન દર્શનાનુસારી ગૃહસ્થ વર્ગમાં તીર્થયાત્રાનું ઉંચામાં ઉંચું સ્થાન હતું અને તે ઉંચામાં ઉંચા સ્થાનની બીજા કોઈપણ પ્રકારે મહત્તા ઓળખી શકાય તેમ નહોતી, અને તેથી જ તે મહત્તા સંયમની સાથે લાગુ કરવામાં આવી. જો યાત્રાની મહત્તા ન હોય તો યાત્રા શબ્દ જોડીને સંયમને સંયમયાત્રા શબ્દથી કહેત નહિં.

વળી જેવી રીતે સાધુઓને સંયમયાત્રા દ્વારા જ સંસાર સમુદ્રથી પાર ઉતરવાનું હોય છે, તેવી રીતે ગૃહસ્થને સંપૂર્ણ સંયમ હોતું નથી, એ ચોક્કસ છે, તો તે ગૃહસ્થોને તારવાને માટે યાત્રા જેવું પવિત્ર કાર્ય હોવું જોઇએ, અને યાત્રાનું પવિત્ર કાર્ય એટલું બધું પ્રચલિત અને રૂઢ હોવું જોઈએ કે જેની પવિત્રતા અને રૂઢિને અંગે સંયમની અંદર યાત્રા શબ્દનો ઉપચાર કરવો પડયો.

## ગૃહસ્થોએ કઇ યાત્રા કરવી ?

ધ્યાન રાખવું કે જગતની રૂઢિથી તીર્થોના અનેક સ્થાનો હોવાને લીધે યાત્રાના હેતુઓ, યાત્રાના ભેદો, યાત્રાની રીતિઓ, યાત્રાના સ્થળો અને ફલો, આવાં વર્ણવેલાં હોવા જોઇએ કે જેને લીધે જગતમાં યાત્રાની રૂઢિ ઘણી જ સ્થિર થઇ ગયેલી હોય, અને તે યાત્રા શબ્દનો ઉપચાર કરી સંયમયાત્રા જણાવવામાં આવેલી હોય.

## સિદ્ધશિલાનો મહિમા.

શાસ્ત્રોમાં કે આગમોમાં કોઈપણ જગો પર સંયમની અપેક્ષાએ નથી તો યાત્રાના ભેદો, નથી તો યાત્રાની રીતિઓ, અને નથી યાત્રાનાં સ્થળો, માટે બારીક દૃષ્ટિવાળાને માનવું પડશે કે ભગવાન્ તીર્થંકર મહારાજે સાધુઓને માટે કહેલી સંયમયાત્રા તે ઉપચારવાળી છે, પરંતુ વાસ્તવિક યાત્રાઓ બીજી હોવી જ જોઇએ.

શાસ્ત્રોમાં કહેવામાં આવે છે કે સાચા દેવ સિવાય અને સાચી નરક સિવાય નારકી જેવો અને દેવ જેવો મનુષ્ય એમ બોલાય નહિં. વળી જગતમાં સાચા સિંહ સિવાય સિંહ જેવો મનુષ્ય છે, એમ બોલાય પણ નહિં, તેવી રીતે યાત્રા જેવી વસ્તુ ન હોય તો સંયમયાત્રા એમ બોલાય નહિં.

વળી શ્રી અનુયોગદ્વારમાં તો અનેક મહાત્માઓની મુક્તિથી પવિત્ર થયેલા પર્વતોને સિદ્ધશિલાતળના નામથી જાહેર રીતે વર્ણન કરવામાં આવેલ છે, તો તે ઉપર સુજ્ઞ મનુષ્યોએ વિચાર કરવાની જરૂર છે કે તીર્થ અને પ્રતિમાના લોપક એવા અજ્ઞાની મનુષ્યોના પ્રતિમા અને પત્થરમાં કંઇ પણ ફરક નહિં હોવાના વિચારને અનુસરનારા જો શાસ્ત્રકારો હોત તો એક પત્થરની શિલાને શિદ્ધશિલા તરીકે ગણાવવાને તૈયાર થાત નહિ.

વળી શ્રી શેલકઋષિ, શુકપરિવ્રાજક અને પાંડવ જેવા મહાપુરૂષો વિહારના સ્થાનો છોડીને તેમ જ પોતાના સમુદાયને છોડીને, એટલું જ નહિ, પણ પાંચ પાંડવો તો શ્રી ગિરનારજીતીર્થ નજીક હોવા છતાં શ્રી સિદ્ધગિરિજી ઉપર જઇને લાંબી મુદતનાં અનશન કરત નહિં, પરંતુ સૂત્રકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં શ્રી પુંડરીકગિરિજી ઉપર અનશનને માટે જવાનું ધ્વનિત કરી ગિરિરાજ ઉપર ગયા અને ત્યાં અનશનો કરી મોક્ષપદને પ્રાપ્ત કર્યું, એમ સ્પષ્ટપણે જણાવે છે. કોઈપણ જૈન સાચી શ્રદ્ધાને ધરાવતો હશે તો તે દ્રવ્ય, કાલ અને ભાવને કર્મના બંધ ઉદય કે નિર્જરામાં કારણ માનવાની માફક ક્ષેત્રને પણ કારણ તરીકે માન્યા સિવાય રહેશે નહિં. સામાન્ય રીતે જ્યારે વિશિષ્ટ એવા મહાવિદેહ સરખા ક્ષેત્રનો પ્રભાવ હંમેશાં ત્યાં ચક્રવર્તી તીર્થંકરોનું વિચરવાનું થાય છે, એમ માનવામાં આવે છે, તો પછી તે જ સૂત્રકારના વચનને અનુસરીને સિદ્ધશિલા અને પુંડરીકગિરિજી સરખા સ્થાવર તીર્થોને તારક તરીકે માનવામાં જૈન જનતાનો સામાન્ય વર્ગ કદિ પણ આનાકાની કરી શકે નહિં.

## તીર્થ તરીકે આરાધ્ય શું શું ?

ઉપર જણાવેલી હકીકતથી એટલું જ સ્પષ્ટ કરવાનું છે કે આત્માને ભવસમુદ્રમાંથી તારનાર તરીકે જેમ સમ્યગ્દર્શન. જ્ઞાન

અને ચારિત્ર તથા તેને ધારણ કરનાર પુરુષો તીર્થરૂપ છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના કારણરૂપ એવા પવિત્ર ક્ષેત્રો પણ તીર્થ તરીકે જરૂર આરાધવા લાયક છે, જેમ અનન્તગુણના નિધાન એવા શ્રી તીર્થંકર મહારાજ વિગેરેના આત્માઓ આરાધ્ય છતાં તે મહાપુરુષના આત્માઓ જે ઔદારિક શરીરને આધારે રહેલા હોય છે, તે ઔદારિક શરીર પણ વિનય-વૈયાવચ્ચ આદિથી ભક્તિને લાયક હોય છે.

## ભક્તિમાં લક્ષ્ય શું?

બાહ્ય દૃષ્ટિએ ભક્તિ કરનારો મનુષ્ય મહાત્માઓના શરીરની સેવા-શુશ્રૂષા કરે છે, છતાં તેની ભાવના તે શરીરમાં અધિષ્ઠાતા તરીકે રહેલા મહાપુરૂષોના આત્માના ગુણો તરફ હોય છે, અને તે પવિત્ર ભાવના દ્વારા શરીરરૂપ જડ પદાર્થની ભક્તિ કરવાવાળો પણ સમ્યગ્દર્શનાદિ ગુણોને મેળવી શકે છે. અને શાસ્ત્રકારો પણ खिज्जंति पुव्वसंचिया कम्मा એમ કહી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ આદિના શરીરની ભક્તિથી પૂર્વ ભવના અને પૂર્વ કાલના એકઠા થયેલા કર્મોનો નાશ અને સમ્યગ્દર્શન આદિની પ્રાપ્તિ ચોક્ખા શબ્દોમાં જણાવે છે, તેવી રીતે અહીં પણ પવિત્ર મહાપુરૂષોના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન, મોક્ષ અને વિહારની નિયમિત ભૂમિકાઓને ફરસનારો મનુષ્ય તે તે મહાત્માઓના ગુણો તરફ લક્ષ્ય રાખવાવાળો હોય છે, અને તે તે પવિત્ર ભૂમિકાઓ ઉપર અઢળક ધન ખર્ચીને ચૈત્યની શ્રેણિ બનાવનારા ભવ્યાત્માઓ પણ મહાત્માઓના ગુણોને સ્મરણ કરવાવાળા અને તેનું બહુમાન કરવાવાળા હોય છે, તો પછી જેવી રીતે જિનેશ્વર ભગવાન આદિના શરીરને નિર્જરા અને સમ્યગ્દર્શનાદિ માટે બહુમાનની નજરથી જોવાય તો ન્યાય દૃષ્ટિએ પોતાના હૃદયને રાખી શકે તે મનુષ્ય તીર્થક્ષેત્રની તરફ બહુમાનની દૃષ્ટિ દ્વારા સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ જરૂર માની શકે.

## તીર્થ ભૂમિની આરાધ્યતા.

જો એવી રીતે ન્યાયની સમાનતાને લીધે શરીર, દ્રવ્ય અને આધારક્ષેત્ર સરખાં ન માનવામાં આવે તો એમ કહેવું જોઇએ કે તે મનુષ્ય ન્યાયને ચુકવા સાથે મડદાનો પૂજારી બને છે. વર્તમાનકાળમાં કેટલાક નવીનતમ મતવાળાઓ તેવા પવિત્ર ક્ષેત્રોને તીર્થ તરીકે માનતા નથી, પરંતુ તેઓ પોતાના મહાત્માઓના મડદાઓનો તો ઘણી જ સારી રીતે સંસ્કાર કરે છે, તો સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઇએ કે તેઓ ચારિત્રાદિરૂપ કાર્યના કારણ તરીકે તેને પૂજતા નથી, કેમ કે જો ચારિત્રાદિના કારણ તરીકે પૂજે તો પછી તીર્થક્ષેત્રો પણ પૂજવાં પડે, પરંતુ તેઓ કાર્ય-કારણભાવથી નિરપેક્ષ રહી પૂજા કરનાર હોવાથી માત્ર મડદાના જ પૂજારી બને છે.

## વ્યવહારની પણ તીર્થ આરાધ્ય કેમ નહિં?

કેટલાક લોકો આવી રીતે તીર્થક્ષેત્રની પૂજા માનવાનું ગળે આવી પડે, તેથી એમ માનવા તૈયાર થાય છે કે "અમે જે તે મડદાના સત્કાર, પૂજા, સન્માન, બહુમાન આદિ કરીએ છીએ, તે કેવળ લોક વ્યવહારથી કહીએ છીએ, પરંતુ પરમાર્થબુદ્ધિથી અમે તે કરતા નથી." આવું કહેનારાઓએ હૃદયમાં વિચાર કરવો જોઇએ કે વ્યવહાર બુદ્ધિથી પણ પરમાત્માની મૂર્તિની પૂજા અને તીર્થક્ષેત્રની આરાધના તમારામાં કેમ રહી નહિં? અને આ મડદાની પૂજા વ્યવહારમાં કેમ રહી? હૃદય જવાબ આપશે કે અમારા જે ઉપદેશકગણે મૂર્તિ અને તીર્થક્ષેત્રોને ઉઠાવવા માટે જીંદગીભર ઉપદેશો આપ્યા, તે ઉપદેશકગણને મ્હોટામાં મ્હોટી અરૂચિ શ્રી તીર્થંકર ભગવાનની મૂર્તિ અને તીર્થક્ષેત્રો ઉપર હતી, પરંતુ તેઓએ મૃતકની (મરેલા સાધુના મડદાની) ભક્તિ નહિં કરવાને માટે તેમની આખી જીંદગીમાં એમ શબ્દ પણ અમને

કહ્યો નથી. આ ભદ્રિક માણુસની સત્ય કબુલાત તેના અને બીજાના અન્તઃકરણમાં ખરેખર કોતરી રાખવા જેવી છે.

## અજ્ઞાનીઓની વિચારધારા.

કેમ કે એ ઉપદેશકગણના અભિપ્રાયથી એક વાત ચોકખી તરી આવે છે કે તેઓ મૂર્તિ અને તીર્થક્ષેત્રોના વિરોધી છે, છતાં પોતાના મડદાંની પૂજા ઉડાવી દેવાને તૈયાર નથી. જો તેઓએ મૂર્તિ અને તીર્થક્ષેત્રોની માફક મડદાની પૂજા પણ ઉડાવી દીધી હોત અને તેના સત્કાર, સન્માન, બહુમાન આદિ બંધ કર્યા હોત તો તેઓને પોતાને મરણ આવવાનું છે એ તો ચોક્કસ જ છે, કેમ કે સામાન્ય નીતિકારો પણ जातस्य हि ध्रुवो मृत्युः અર્થાત્ જન્મ પામેલાને જરૂર મરવાનું છે.

વળી જૈન શાસ્ત્રની દૃષ્ટિએ આયુષ્ય કર્મની અનન્તતા હોતી જ નથી, તેથી પણ પોતાને મરવાનું છે એમ તો ઉપદેશકગણને ચોક્કસ લાગેલું હતું. અને તેથી તે મૂર્તિને ઉત્થાપવાવાળા ઉપદેશકગણે તે ચોકખું જોઈ લીધું કે—

જો મડદાની પૂજા, સત્કાર, સન્માન થાય છે, તે બંધ કરવામાં આવશે અગર તેને મૂર્તિની પૂજા અને તીર્થક્ષેત્રના પૂજનની માફક દુર્ગતિના કારણ તરીકે બતાવવામાં આવશે તો અમારું મડદું ઉપાશ્રયમાં પડયું રહેશે, અગર ભંગીઓ દ્વારા ઉકરડે જ ફેંકાવવાનો વખત આવશે, તેથી તેઓએ પ્રથમથી જ સાવચેત થઇને મૂર્તિપૂજા અને તીર્થક્ષેત્ર પૂજાથી પોતાના વિશ્વાસુ ભક્તોને વંચિત કર્યા, પરંતુ મડદાની પૂજાથી એક આંગળ પણ પાછા હઠાવ્યા નહિ.

## મૂર્તિ અને તીર્થક્ષેત્રના ઉત્થાપકોએ લક્ષ્યમાં લેવા લાયક.

આ બધી વાતથી આટલી વાત સ્પષ્ટ તરી આવે છે કે જે મૂર્તિ અને તીર્થોના ઉત્થાપક લોકોનો ઉપદેશકગણ અને તેને

અનુસરવાવાળો વર્ગ મડદાની પૂજામાં તો લાભ માની રહ્યો છે, વસ્તુ સ્થાપવાની ખાતર આ મડદાની પૂજા જણાવવામાં આવી છે, એમ નહિં. પરંતુ વર્તમાનમાં પણ તે મૂર્તિપૂજા અને તીર્થ પૂજાને નહિં માનવાવાળો વર્ગ મડદાની પૂજા ઘણા ઠાઠમાઠથી અને આદર સત્કારની કરે છે. એટલે ન્યાયની દૃષ્ટિએ તો તે વર્ગે કાં તો મડદાની પૂજા છોડવી જોઇએ, કાં તો મૂર્તિપૂજા અને તીર્થ પૂજા આદરવી જોઇએ.

યાદ રાખવું કે સૂત્રોમાં સાધુઓના મડદાનું પૂજન અને તે મડદાઓના સંસ્કારની જગા પર સ્તૂપોની રચના ઇંદ્રાદિક દેવોએ જ કરેલી છે, અર્થાત્ કોઇ પણ સૂત્રમાં કોઇપણ જગા પર કોઈપણ શ્રાવકે માંડવી કાઢેલી નથી, અને મડદાની પૂજા કરેલી નથી, તો જે ઉત્થાપકવર્ગ દેવતાઓની કરણી સમ્યક્ત્વના કાર્યમાં સર્વથા અનુકરણ કરવા લાયક નથી, એમ માનવાવાળો છે તે વર્ગ કઇ રીતિથી મડદાનાં સત્કાર સન્માન કરે છે? અને કોના અનુકરણથી કરે છે?

## દેવની કરણી અનુકરણીય નથી શું?

વસ્તુ સ્થિતિએ વિચારીએ તો "देवावि तं णमंसंति" "देवंनाग०" "जो देवाणवि०" એ પદ કહીને શાસ્ત્રકારોએ મહાપુરૂષોની પૂજા ભક્તિનું કર્તવ્ય દેવતાઓ કરે તે જ ઘણું ઉત્તમ અને અનુકરણીય છે; એમ સ્પષ્ટ કર્યું છે, છતાં જો દેવતાનું અનુકરણ ન માનવું હોય તો શું તે મૂર્તિપૂજા આદિને ઉડાવાવાળો વર્ગ ધર્મી પુરૂષોના પૂજન આદિથી વંચિત રહેશે? કહેવું પડશે કે દેવતાના અનુકરણથી ધર્મી-પુરૂષોના સત્કાર સન્માન આદિથી વંચિત રહેવું કોઇપણ ધર્મિષ્ઠને પાલવશે નહિં.

વળી સૂત્રકાર મહારાજાઓએ સ્પષ્ટ શબ્દોમાં મહાત્માઓના શરીરના પૂજનમાં પણ ઇંદ્રાદિક સમ્યગ્દષ્ટિ દેવતાઓએ ધર્મ અને

ભક્તિ માનેલા હતા એમ જણાવ્યું છે, તો સમજુ મનુષ્યોને એટલું તો તો સ્હેજે સમજાય તેવું છે કે ઇંદ્રાદિક દેવતાઓ વિરતિરૂપી ધર્મથી રહિત છે, છતાં પણ તેઓ અધર્મી નથી, પરંતુ તમો તો વિરતિ-રહિત હો ત્યારે અધર્મી જ છો, તો પછી અધર્મીપણે રહેલા, આરંભ-પરિગ્રહમાં રાચેલા-માચેલા, છતાં નોધર્મીઓનું ધર્મ અને ભક્તિનું કાર્ય અનુકરણ કરવા લાયક નથી, એમ કહી શકો કે માની શકો જ કેમ ?

યાદ રાખવું કે દેવતાઓ નોધર્મી છતાં પણ તેઓ જે ધર્મીઓનો આદર-સત્કાર, સન્માન, પૂજા અને બહુમાન કરે છે, તેને તો શાસ્ત્રકારોએ પણ ઉત્તમ ગણેલાં છે, અને તેથી જ તેનું દૃષ્ટાંત શ્રી દશવૈકાલિકની પ્રથમ ગાથા આદિમાં જે देवावि तं णमंसंति વગેરે કહીને આપવામાં આવ્યું છે.

## દેવની કરણીની મહત્તા.

વળી તે મૂર્તિને ઉઠાવવાવાળા લોકોએ એ પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તીર્થંકર નામકર્મના ઉદયથી જે અતિશયો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને પ્રાપ્ત થાય છે, તે પણ બીજા કોઈના કરેલા હોતા નથી, પરંતુ ઇંદ્રાદિક દેવોના કરેલા હોય છે, એટલે એમ કહેવું જોઈએ કે તીર્થંકર મહારાજા આદિની ભક્તિના કાર્યમાં જેઓ દેવતાઓની ઉત્તમતા ન માને તેઓએ ખરેખર તીર્થંકર નામકર્મને ઉત્તમ માન્યું નથી, કેમ કે ઉપર જણાવ્યા પ્રમાણે તીર્થંકર નામકર્મની ઉત્તમતાનું પર્યવસાન દેવતાઓની પૂજામાં જ આવવાનું છે.

વળી ખુદ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ પણ દેવતાઓએ બનાવેલા જ સમવસરણમાં તીર્થની સ્થાપના કરે છે, માટે દેવતાઓની ભક્તિ નહિ માનનારાઓએ પોતાની પરંપરાની સ્થાપના અયોગ્ય સ્થાને થયેલી માનવી. અને તે દ્વારા પોતાની પરંપરાને

કેઠથી સડેલી માનવી. આ વિષયમાં કેટલાક શબ્દો તે વર્ગને કઠિન લાગે તો ના નહિં, પરંતુ તેઓને સાચો માર્ગ બતાવવા માટે આવી રીતે છણાવટ કર્યા સિવાય છુટકો જ નથી એમ દરેક વાચક વર્ગ સમજી શકે તેમ છે.

વળી તેઓ મડદાની પૂજાને વ્યવહારૂ જણાવી બચાવી લે છે, તેઓને પૂછવું જોઇએ કે કાલધર્મ પામનારા સાધુ મહાત્મા તમારા વ્યવહારમાં કયા સગપણથી જોડાયેલા છે? અને જો તેઓને તમે સત્કાર સન્માનથી ન લઇ જાઓ અને જેને ન્હાવું પણ ન પડે તેવા લોકો પાસે ઉંચકાવીને ઉકરડે ફેંકાવી દો તો શું તમારા લેવડ-દેવડના વ્યવહારમાં અડચણ આવે ખરી? શું તમારા બેટા-બેટીઓ કુંવારા રહે ખરા? શું તમને તેમ ન કરવાથી આર્થિક, કૌટુમ્બિક કે શારીરિક આપત્તિ આવી પડે ખરી? શું દેશના નેતાઓ તરફથી તમને તેમ કરવાની ફરજ પાડવામાં આવે ખરી? આ બધાના ઉત્તરમાં કહેવું જ પડશે કે ઉપર જણાવેલી વ્યાવહારિક આપત્તિઓમાંથી કોઇપણ જાતની આપત્તિ અમે તે મડદાની ક્રિયા ન કરીએ તો આવી પડે તેમ નથી.

એટલે સ્પષ્ટ થયું કે માત્ર તમોને મૂર્તિપૂજા અને તીર્થપૂજા માનવી પડે તેથી તમો મડદાની પૂજામાં વ્યવહાર કરીને છટકી જવા માગો છો, પણ તે તમારો પ્રપંચ છે. એટલું જ નહિં, પણ તે પ્રપંચ તમારા આત્માને ભવોભવ ધર્મથી દૂર કરનારો થશે.

### પાપના ખાતા કયા?

વળી એ પણ વિચારવું સહેલું છે કે જેવી રીતે વિવાહ, મોંકાણ વિગેરેમાં તમો જાઓ છો અને જેવાં પાપનાં ખાતાં બંધાય એમ માનો છો, તેવી રીતે શું તમારા મહાત્માઓના મડદાના સત્કાર-સન્માન આદિના કાર્યમાં પાપનાં ખાતાં બંધાય

એમ માનો છો ખરા? તેઓને કહેવું પડશે કે તે મડદાના સત્કાર-સન્માનનું કાર્ય સાધુઓ સર્વ-સાવદ્યથી વિરમેલા હોવાથી કરતા નથી, પરંતુ ગૃહસ્થો તેવી રીતે સર્વથા વિરતિ મેળવવાને ભાગ્યશાળી થયા નથી અને સાંસારિક કાર્યમાં આરંભ-સમારંભ કરવાવાળા છે, માટે મહાત્માઓના મડદાઓનો સત્કાર સન્માન અને બહુમાનાદિ કરે છે, અને તેમાં સૂત્રકારોએ ફરમાવેલી ઈંદ્રાદિક સમ્યગ્દૃષ્ટિ દેવતાઓના વચનને અનુસારે ભક્તિ અને ધર્મ !!!

## ધર્મ-કુધર્મની વ્યાખ્યા કયી?

અર્થાત્ "સાધુ જે જે ન કરે તે તે ક્રિયા અધર્મમય હોય" એવી માન્યતા તેઓ ધરાવી શકતા નથી, કેમ કે સાધુ-મહાત્માઓ તો વરસાદમા એક છાંટો પડતો હોય, ત્યારે પણ વ્યાખ્યાન શ્રવણ માટે જાય નહિં, પણ તેઓ તો ધોધમાર વરસાદમાં પણ જઈ શકો છો અને તેમાં તેઓ ધર્મ તથા લાભ માને છે, 'સાધુ મહાત્માઓ કરે તે જ અમારે કરવું' એવું જો માનવા જાવ તો તેઓ અધિકારીના ભેદથી વિધિ અને ક્રિયાના ભેદ પડે છે, તે સાચી વસ્તુને માની શકે નહિં, એટલું જ નહિં, પરંતુ પેલી શેઠાણી જેવી તેઓની સ્થિતિ બને.

## અણસમજુ શેઠાણીનું દૃષ્ટાંત.

એક સારા શહેરની અંદર સારા શ્રીમન્ત શેઠ પોતાની દુકાને બેઠા હતા, ત્યાં કોઇક દૂર દેશનો વેપારી ઉંચામાં ઉંચી સાડીઓ લઇને આવ્યો. તે દુકાનદાર શેઠે તે સાડીઓમાંથી એક સાડી ઘણા હર્ષથી વેચાતી લીધી, અને હર્ષપૂર્વક ઘેર આવીને પોતાની સ્રીને તે સાડી પહેરવા માટે જણાવ્યું. તે શેઠાણી ભદ્રિકતાવાળી હતી અને તે હંમેશાં ભરતારના ખાધા પછી જ ખાવાવાળી, સૂતા પછી જ સૂવાવાળી, યાવત્ સર્વ ક્રિયા અનુકરણથી પાછળ કરવાવાળી હતી, તે ભદ્રિક શેઠાણીએ શેઠને હાથ જોડીને વિનંતિ

કરી કે સ્વામિનાથ ! જો એ સાડી મને તમારે પહેરવા આપવી હોય તો આપે આ સાડી પ્રથમ પહેરવી જોઇએ. શેઠાણીના આ વચનને સજ્જનવર્ગ કેવી સ્થિતિનું ગણે ? તે સમજવું પડે તેમ નથી, તેવી રીતે તેઓ પણ જો સાધુઓ કરે તો જ કરવું, એવું ગણવાવાળા થાય તો તેઓની પણ સ્થિતિ તે શેઠાણી જેવી જ ગણાય.

## જિનેશ્વર પ્રભુના જન્માદિ ક્ષેત્રો તીર્થ ગણાય છે.

ઉપર જણાવેલા વિવેચનથી સ્પષ્ટ થશે કે ઇંદ્રાદિક દેવોના અનુકરણથી શ્રાવકોએ તીર્થંકર ભગવાનની, તેમની મૂર્તિની અને તેમના તીર્થ-ક્ષેત્રોની ધર્મ અને ભક્તિને માટે આરાધના કરવી જોઇએ. એ કારણથી દરેક ભવ્યાત્માઓએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન વિગેરેના ગર્ભ, જન્મ, દીક્ષા, કેવળ, મોક્ષ અને વિહારની ભૂમિઓ રૂપ તીર્થોની યાત્રા પોતાનો જન્મ સફળ કરવા માટે કરણીય માની છે.

શ્રી નિશીથચૂર્ણિકાર વિગેરે મહર્ષિઓ તો સાધુઓને માટે પણ બાર વર્ષ સૂત્ર અને બાર વર્ષ અર્થ ગ્રહણ કર્યા પછી દેશાટન કરવાનું જણાવતાં મુખ્ય મુદ્દો એ જ જણાવે છે કે દેશાટન કરવાથી ત્રિલોકનાથ તીર્થંકર આદિના જન્માદિ સ્થાનોના દર્શન થાય અને તેથી સમ્યક્‌ત્વની દૃઢતા થાય છે.

જ્યારે આરંભ-પરિગ્રહ, કુટુંબ-કબીલા આદિ સર્વનો ત્યાગ કરીને મહાપુરૂષની કોટિમાં દાખલ થયેલા મહાત્માઓને સમ્યગ્દર્શન જે સંસાર સમુદ્રથી તારનારૂં મુખ્ય સાધન છે. તેની નિર્મળતા, દૃઢતા અને વૃદ્ધિ માટે તીર્થયાત્રા એ સાધન છે, એમ સાધુ મહાત્માઓને ઉદ્દેશીને પણ જણાવ્યું છે. તો જેઓ માત્ર રોચક સમ્યક્‌ત્વમાં જ રાચી રહેલા છે અને કારક સમ્યક્‌ત્વથી દૂર છે, એવા આરંભ-પરિગ્રહના કીચડમાં ફસાયેલા ગૃહસ્થોએ

તો સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિ, નિર્મળતા, દઢતા અને વૃદ્ધિ માટે તીર્થોની યાત્રા કરવી જોઇએ એમાં આશ્ચર્ય શું ?

## પ્રભુના વિહાર-ક્ષેત્રો તીર્થભૂમિ ગણાય ?

જેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જન્માદિ કલ્યાણકોને લીધે ભવસમુદ્રથી તારવાને અંગે તીર્થભૂમિ ગણવામાં આવી છે, તેવી જ રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન આદિના વિહારોને લીધે પણ અનેક ક્ષેત્રોને તીર્થ તરીકે ગણવામાં આવ્યાં છે. એકલા કલ્યાણક અને વિહારની ભૂમિને તીર્થ તરીકે ગણવામાં આવ્યાં છે, એમ નહિં પરંતુ કેટલાક સાતિશય ક્ષેત્રોને પણ તીર્થભૂમિ તરીકે ગણવામાં આવ્યા છે અને તે કારણથી આચાર્ય ભગવાન **શ્રી ભદ્રબાહુસ્વામીજી ચમરોત્પાતને** તીર્થ તરીકે ગણી તેને વન્દન કરે છે, તેમ જ **રથાવર્ત્તકગિરિ** અને **ધર્મચક્ર** જેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના કલ્યાણક સિવાયના ક્ષેત્રોને પણ તીર્થ ભૂમિ તરીકે ગણી વન્દન કરે છે, અર્થાત્ કલ્યાણકાદિ દ્વારા જેમ તીર્થપણું હોય, તેવી રીતે કોઇ પણ ચમત્કાર કે કોઈપણ અતિશયથી તે તે ક્ષેત્રોને તીર્થ તરીકે ગણવામાં આવે છે.

આ વસ્તુ **શ્રી આવશ્યકસૂત્ર** અને **શ્રી નંદીસૂત્રને** જાણનારાઓ પારિણામિકીબુદ્ધિની અંદર દીધેલા સ્તૂપના નામથી **શ્રી મુનિસુવ્રતસ્વામીજીના** સ્તૂપના પ્રભાવને જાણનારાઓ સારી રીતે સમજી શકે તેમ છે.

વળી **શ્રી મથુરાનગરીમાં** દેવતાએ **શ્રી સુપાર્શ્વનાથ મહારાજનો** સોનાનો સ્તૂપ કર્યો અને તે દ્વારા જગત્માં જૈન શાસનની પ્રભાવનાની વૃદ્ધિ થઈ અને તે **મથુરાપુરી** તીર્થ તરીકે ગણાય, આ મથુરાના સ્તૂપનો અધિકાર સંઘાચારભાષ્ય વિગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં કહેવાયેલો હોવાથી તે સંબંધમાં મતભેદને સ્થાન નથી.

## ત્રણ પ્રકારનાં તીર્થો.

ઉપરની હકીકતથી તીર્થના ત્રણ પ્રકાર પાડી શકીએ.

૧ જ્યાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના ગર્ભ-જન્મ-આદિ કલ્યાણકો થયાં હોય.

૨ જ્યાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન વિગેરે મહાપુરૂષોના વિહારો થયા હોય.

૩ જ્યાં કોઈપણ દેવનો ચમત્કાર તીર્થને અંગે હોય અગર એવી આલ્હાદજનક અલૌકિક મૂર્તિ હોય કે જેને લીધે દેશમાં રહેવાવાળા સમગ્ર ભાવિક લોકોનાં ચિત્ત આકર્ષણ થાય.

આ ત્રણે પ્રકારનાં તીર્થોની યાત્રા જેવી રીતે કરવાની હોય છે, તેવી જ રીતે જ્યાં જ્યાં આચાર્ય ભગવંતો વિગેરે વિચરતા હોય, ત્યાં ત્યાં વંદન કરવાને માટે શ્રમણોપાસકનો સમુદાય જાય અને તે પણ તીર્થયાત્રા જ ગણી શકાય, તીર્થયાત્રાનું કર્તવ્ય સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને જરૂરી હોવા છતાં તે તીર્થયાત્રા કર્તવ્યની મુખ્ય સર્વ સગવડ શ્રાવક વર્ગને માટે જ હોઈ શકે છે.

## તીર્થયાત્રાનો પ્રવાહ પ્રભુ વખતે પણ ઘણો હતો.

ઉજ્જયિનીનગરીથી અભયકુમારનું હરણ કરવા માટે આવેલી કપટવાળી શ્રાવિકાઓએ પણ એ જ જણાવ્યું હતું કે "અમે વિધવાઓ છીએ, અને અમારે પ્રવ્રજ્યા લેવાનો વિચાર છે, અને પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી પોતાના ઉલ્લાસ પ્રમાણે તીર્થયાત્રા કરવાનો વખત આવી શકે નહિ, માટે અમે પ્રવ્રજ્યા ગ્રહણ કરવા પહેલાં તીર્થયાત્રા કરી લેવાનો વિચાર કર્યો છે. અને તે તીર્થયાત્રા કરવા માટે જ અમે અહીં આવીએ છીએ."

વળી કૂલવાલક શ્રમણના અધિકારમાં પણ કપટશ્રાવિકા થઇને આવેલી માગધિકા નામની વેશ્યા પણ એ જ જણાવે છે કે "હું પ્રવ્રજ્યાની અભિલાષાવાળી છું, અને તેથી દીક્ષા લેવા પહેલાં તીર્થોની યાત્રા કરવા માટે નીકળેલી છું."

જો કે આ બન્ને દૃષ્ટાંતો કપટધારી શ્રમણોપાસિકાનાં છે, પરંતુ જગતમાં એ નિયમ છે કે જે વસ્તુ અત્યંત પ્રસિદ્ધ હોય તેને નામે જ કપટ થાય છે, માટે ભગવાન મહાવીર મહારાજની હયાતીની વખતમાં જૈન શાસનમાં સ્થાવર અને જંગમ તીર્થોની યાત્રાનો પ્રવાહ ઘણો જ પ્રચંડ હતો.

## પ્રતિમા–લોપકોની મનોદશા.

વળી શ્રી પ્રશ્નવ્યાકરણમાં સુવર્ણ ગુટિકાનો અધિકાર આવે છે, તે પણ તીર્થના પ્રભાવ ઉપર પૂરી છાયા પાડે છે.

જો કે પ્રતિમાને લોપનાર અમુલખરિખિ સરખા ઢુંઢકો સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે ટીકામાં નહિં લખાયેલ અને યુક્તિથી પણ સંગત નહિં થઈ શકે, એટલું જ નહિ, પરંતુ કેવલ મિથ્યાત્વના પોષણને માટે જ જે હકીકત થાય તેવી જોગી પાસેથી ગુટિકા મળ્યાની વાત લખી દે, અને પ્રતિમાને લોપવામાં મશગુલ બનીને સૂત્ર સિદ્ધાંતો લોપવામાં તૈયાર થયેલો વર્ગ કદાચ તે વાત માની લે, અને કોઈ જૈનદર્શન નામના પેપરના લેખક સરખા તે અમુલખરિખિના લખાણ ઉપર વિચાર પણ કરે.

પરંતુ તે અમુલખરિખિની ઘણી હકીકતો સૂત્ર કે પંચાંગીમાં કહેલા કથનથી સર્વથા વિરૂદ્ધ છે. સુવર્ણગુલિકાને માટે ખરી હકીકત શ્રી નિશીથચૂર્ણિ અને શ્રી પ્રશ્નવ્યાકરણ ટીકા વિગેરેમાં એમ છે કે "ગાન્ધાર નામના શ્રાવકને દીક્ષા લેવાનો વિચાર થયો છે, અને દીક્ષા પછી વૈતાઢ્ય સુધી વિહાર થઈ શકે નહિ, માટે વૈતાઢ્યમાં રહેલી શાશ્વતી રત્નમયપ્રતિમાના દર્શન

કરૂં. એ વિચારથી તે ગાન્ધાર શ્રાવક વૈતાઢ્ય આગળ ગયો, એટલું જ નહિં, પણ જ્યાં સુધી તે રત્નમય શાશ્વતી પ્રતિમાનાં દર્શન થાય નહિં ત્યાં સુધી આહાર નહિં ગ્રહણ કરવાનો અભિગ્રહ કર્યો, એવી રીતના અભિગ્રહને પાલતાં એકવીસ દિવસ થઈ ગયા, ત્યારે અધિષ્ઠાયક દેવતાએ પ્રસન્ન થઈ વૈતાઢ્યની રત્નમય જિનેશ્વર ભગવાનની શાશ્વતી મૂર્તિનાં દર્શન ગાન્ધાર શ્રાવકને કરાવ્યાં, એટલું જ નહિ, પરંતુ તે ગાન્ધાર શ્રાવકના અત્યંત દૃઢ એવા ભક્તિભાવ અને સત્વથી તુષ્ટમાન થયેલી અધિષ્ઠાયિકા દેવીએ ઇચ્છા પૂરી કરનારી એવી એકસો આઠ ગુટિકાઓ આપી.”

આવી રીતે ભગવાનની પ્રતિમાના દર્શનને અંગે દેવીએ તુષ્ટ થઇને આપેલી ગુટિકાઓ કહેવામાં અમુલખઋષિને લાજ આવી. કેમ કે તેઓ તો પ્રતિમાના પરમ વિરોધી હતા માટે તે અમુલખઋષિ અને તેને અનુસરનારાઓને પ્રતિમાના વંદનને માટે કરેલો તપ અને લીધે તુષ્ટ થયેલી દેવીની હકીકત કહેવાઈ નથી, પરંતુ પોતાની પરંપરા મુજબ પંચાંગી ઓળવવાની રીતિએ પંચાંગીના કથનોથી વિરૂદ્ધ કોઇપણ શાસ્ત્રમાં પાઠાંતરે પણ જે વાત લખાયેલી ન્હોતી તેવી જોગી અને ગુટિકાની વાત કલ્પીને જુઠી પ્રવર્ત્તાવીને લુંપકોની લુંપકતાનો ધ્વજ બાંધ્યો.

## પ્રતિમા દર્શન એ કાર્ય મહત્ત્વનું છે.

ચાલુ અધિકારમાં સાતિશય ભગવાનની પ્રતિમાના દર્શન કરવા તે શ્રમણોપાસક વર્ગનું મહત્વનું કાર્ય હતું, એમ ભગવાન મહાવીર મહારાજની હયાતી વખતે પણ બનેલા બનાવ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

કેમ કે તે ગાન્ધાર શ્રાવકને સાંભળવામાં આવ્યું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન મહાવીર મહારાજની દેવતાએ કરેલી બાવનાચન્દનમય મૂર્તિ કે જે ભગવાન મહાવીર મહારાજના

ગૃહસ્થપણામાં કરાયેલા કાયોત્સર્ગની આબેહુબ પ્રતિમારૂપ દેવતાએ કરેલી હતી, અને તે પ્રતિમાસિંધુ સૌવીર દેશના વીતભય નગરમાં ઉદાયન રાજાના મંદિરમાં વિરાજમાન હતી તે સાંભળવામાં આવ્યું અને તેથી તે સાતિશય ભગવાનની મૂર્તિને વંદન કરવાની ભાવના થઇ, તે ઉત્પન્ન થયેલી ભાવનાની પરિપૂર્ણતાને કરવાને માટે તે ગાન્ધાર શ્રાવકે વૈતાઢ્યના અધિષ્ઠાયક દેવતાએ આપેલી ઇચ્છા પૂરનારી ગુટિકાઓમાંથી એક ગુટિકાનું ભક્ષણ કરી વીતભયનગરમાં જીવતસ્વામિ દેવાધિદેવ મહાવીર મહારાજ ભગવાનની મૂર્તિનાં દર્શન કરવાની અભિલાષાની સ્થાને ગુટિકાના પ્રભાવે દેવતાએ તેને વીતભયનગરમાં આવીને તે ગાન્ધાર શ્રાવકે જીવતસ્વામિ મહાવીર મહારાજની મૂર્તિની ઉત્કટ ભાવથી પૂજા સેવા વિગેરે કરી તે વીતભયમાં રહેતા ગાન્ધાર શ્રાયકને જયારે કંઇક બીમારી થઇ ત્યારે તે જીવતસ્વામિની પ્રતિમાની સેવા પૂજા કરનારી કુબ્જા નામની દાસીએ તે ગાન્ધાર શ્રાવકની ચાકરી બરદાસી કરી. ”

## સ્ત્રીઓ પણ જિનપૂજામાં અધિકારી વર્ગ છે.

ધ્યાન રાખવું કે જીવિતસ્વામી જેવી અમ્લાનમાલાને ધારણ કરવાવાળી સાધિષ્ઠાયક મૂર્તિની પ્રભાવતી અને કુબ્જા દાસી સરખી સ્ત્રીઓ પૂજા કરતી હતી, છતાં તે સ્ત્રીઓની પૂજાથી અધિષ્ઠાયકનું જોર કોઈ દિવસ નબળું પડયું ન્હોતું, પરંતુ સ્ત્રીને જિનપૂજાનો નિષેધ કરવામાં આગેવાન જિનદત્તસૂરિની કલ્પના જાળમાં એ વસ્તુ આવી કે સ્ત્રીઓ જો મૂળનાયકની પૂજા કરે તો અધિષ્ઠાયક દેવો અદૃશ્ય થઇ જાય.

જો કે એવો તે ખરતરોનો ખડખડાટ કોઇપણ શાસન પ્રેમીઓએ ગણકાર્યો નથી અને ગણકારે તેમ પણ નથી, અને તેથી જૈન શાસનમાં શ્રમણોપાસક વર્ગની માફકની જ શ્રમણોપાસક પણ શ્રી જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજા કરીને આત્માનું

શ્રેયઃ સાધી રહેલો છે. કદાચ એ ખરતરોની ખટપટનું કોઇ ગામ ધામ બન્યું હોય અને ત્યાં તે કદાગ્રહપૂર્ણ પ્રચાર કદાચ કરે તેમ જ પોતાની જાળને જાળવવા ભગીરથ પ્રયત્ન કરતા હોય, પરંતુ શાસન અને શાસ્ત્રને માનનારો કોઇપણ મનુષ્ય તે જાળમાં ફસાય તેમ નથી.

ચાલુ અધિકારમાં " જીવિતસ્વામીની સાધિષ્ઠાયક પ્રતિમાને સેવા-પૂજાથી આરાધનારી કુબ્જિકા દાસીએ માંદા પડેલ ગાંધાર શ્રાવકને સેવા-ચાકરી કરી સાજો કર્યો, તેથી તે ગાન્ધાર શ્રાવકે વૈતાઢ્યના *અધિષ્ઠાયક દેવતાએ આપેલી ગુટિકાઓ તે કુબ્જિકા દાસીને* આપી દીધી અને પોતે દીક્ષિત થયો, એ ગુટિકાઓના પ્રભાવે કુબ્જિકા દાસી પોતાનું કુબડાપણું ટાળીને સુવર્ણ-ગુલિકા નામ ધારણ કરવાને સમર્થ થાય તેવા રૂપવાળી બની શકી, અને માલવ-પતિ ચણ્ડપ્રદ્યોતની રાણી બનવા માટે સમર્થ થઇ શકી."

આ બધી હકીકત વિચારતાં સુજ્ઞ મનુષ્યો સ્હેજે સમજી શકશે કે જેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જન્માદિ અને વિહારના સ્થાનો તીર્થ તરીકે છે, તેવી રીતે દેવતાધિષ્ઠિત પ્રતિમાઓવાળા અને મનોહરમૂર્તિવાળા સ્થાનો પણ તીર્થંકર ભગવાનોની હયાતીના વખતથી જ તીર્થ તરીકે મનાયેલા છે.

## ક્ષેત્રપ્રભાવે સાધુમહાત્મા અનશન કરી મોક્ષ પામે તે સ્થળ પણ તીર્થ ગણાય.

જેવી રીતે ભગવાન જિનેશ્વરોને અંગે ત્રણ પ્રકારનાં તીર્થો ઉપર જણાવેલાં છે, તેવી જ રીતે સાધુ-મહાત્માઓની સારી સંખ્યા જ્યાં જ્યાં અનશન કરી આરાધનાની પરમ ટોચે પહોંચી આત્મકલ્યાણ સાધી શક્યા છે, તે તે સ્થાનોને પણ શાસ્ત્રકારો તીર્થ તરીકે જણાવે છે.

તેથી શ્રી અનુયોગદ્વારમાં દ્રવ્ય-આવશ્યકના અધિકારે શ્રી

સિદ્ધશિલાતલમાં રહેલા મુનિ મહારાજના શરીરને અંગે મહિમા સૂચિત કરેલો છે, ચૂર્ણિકાર મહારાજ વિગેરે તે સિદ્ધશિલાતલને માટે અનેક મુનિઓ આરાધના કરી સિદ્ધ થયા એ પર્વત-ક્ષેત્રના મહિમાનું કારણ જણાવવા સાથે એક બીજું કારણ પણ સિદ્ધશિલાતલ માટેનું જે જણાવે છે, તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે.

તે ચૂર્ણિકાર વગેરે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે- જ્યાં અનેક મુનિઓ આરાધના કરીને સિદ્ધિ પદ પામ્યા તેને સિદ્ધશિલા કહેવાય તેમાં નવાઇ નથી, પરંતુ સાથે ધ્વનિત કરે છે કે એવી રીતે જો સિદ્ધશિલાતલ આરાધના માત્રથી લેવા જઈએ તો આખા અઢીદ્વીપમાં એક ઇંચ જેટલું પણ એવું સ્થાન નથી કે જ્યાં અનંત મુનિ મહારાજાઓ કાલક્રમે કરીને મોક્ષમાર્ગની આરાધના કરી સિદ્ધિપદને પામેલા ન હોય, છતાં અમુક શિલાને જ સિદ્ધશિલા કહેવી એના કારણમાં ઉંડા ઉતરતાં તેઓ જણાવે છે કે તેનું જ નામ સિદ્ધશિલા કહેવાય કે જ્યાં કોઈ ક્ષેત્રની વિશિષ્ટતાને લીધે ક્ષેત્રના પ્રભાવથી જ સાધુઓ જે જે આરાધના કરવા માગે તે તે સિદ્ધ થાય અને તે તે આરાધનાની સિદ્ધિ દ્વારા જ્યાં મહાત્માઓ મોક્ષને મેળવી શકે, તે તે સ્થાનને સિદ્ધશિલા તરીકે કહેવું.

આવી રીતે અમુક સ્થાનને સિદ્ધશિલા તરીકે ગણવામાં હેતુ જણાવ્યા છતાં ચૂર્ણિકાર વિગેરેને પૂરો સંતોષ નહિં થયો હોય ને લાગ્યું હશે કે જે જે ક્ષેત્રોમાં જે જે મુનિ મહારાજાઓ મોક્ષમાર્ગની આરાધના કરી સિદ્ધિ પદને પામ્યા છે, તે દરેક ક્ષેત્રમાં ક્ષેત્રગુણ તો માનવો જ પડે, અને તેથી ઘણા સ્થાનો સિદ્ધશિલા તરીકે થઈ જાય.

વળી ભરત ક્ષેત્ર કરતાં મહાવિદેહ ક્ષેત્રના સ્થાનમાં તો દરેક ઉત્સર્પિણી-અવસર્પિણીમાં સંખ્યાતગુણા સાધુઓનો મોક્ષ થાય

છે, માટે મોક્ષ જવાની અપેક્ષાથી તેમજ ક્ષેત્રના પ્રભાવની અપેક્ષાએ આખું મહાવિદેહ ક્ષેત્ર સિદ્ધશિલાતલ તરીકે માનવાની ફરજ પડે. માટે એમ સમજાય છે કે તેઓએ એક બીજો વિશિષ્ટ હેતુ જોડે જણાવ્યો છે, અને તે એ કે જેમ દેવલોકની અંદર એકાવતારી અને ભગવાન જિનેશ્વરોને પણ તીર્થ પ્રવર્ત્તાવવાની વિનંતિ કરનારો વર્ગ માત્ર બ્રહ્મદેવલોકમાં જ છે. જો કે લાંતક વિગેરે દેવલોકના દેવતાઓ તે પાંચમા દેવલોક કરતાં ઘણાં જ ચઢતા નંબરના છે અને ઘણા પ્રભાવશાલી પણ છે, છતાં પણ એમ કહી શકીએ કે તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનની પ્રવૃત્તિને અંગે તીવ્ર લાગણી ધરાવનારા લોકાન્તિક દેવતાઓ છે. જેઓ કે તીર્થ પ્રવર્ત્તાવવા માટે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને વિજ્ઞપ્તિ કરે છે. તેથી તીર્થંકરોની પ્રવ્રજ્યામાં મુખ્ય સત્વના અભિનંદકોમાં લોકાન્તિકોનું નામ આગળ કરાય છે.

આ વાત જ્યારે વિચારવામાં આવશે ત્યારે પૂ શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજના વાકયનું તત્ત્વ માલુમ પડશે. પૂ૦ શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજ જણાવે છે કે अभिनन्दितशुभसत्त्वः सैन्द्रैर्लोकान्तिकैर्देवैः અર્થાત્ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે દીક્ષા ગ્રહણ કરી તેની પહેલાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજના શુભસત્વનું અભિનન્દન ઇન્દ્રની સાથે લોકાન્તિક દેવોએ કર્યું હતું.

આ જગો પર વ્યાકરણને યત્કિંચિત્ સમજનારા લોકો સમજી શકશે કે ઈન્દ્ર શબ્દની સાથે સહ શબ્દનો યોગ કરેલો છે અને તેથી ઇંદ્ર નામ ગૌણ છે, અને લોકાન્તિક શબ્દ સીધો ક્રિયાપદની સાથે લાગનારો છે, અને તેથી તે લોકાન્તિક શબ્દ મુખ્ય છે.

એટલે ચોક્ખું થયું કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતોની પ્રવ્રજ્યાને અંગે ઇંદ્ર મહારાજા કરતાં લોકાન્તિકોનું સ્થાન આગલ પડતું છે, તેથી તે મુખ્ય છે.

જેવી રીતે તીર્થંકરોની પ્રવ્રજ્યા અંગે લોકાન્તિક દેવોની મુખ્યતા જણાવવામાં આવી છે, તેવી જ રીતે કોઈક કોઈક ક્ષેત્રના અધિષ્ઠાયક દેવો એવી ઉત્તમ લાગણીવાળા હોય છે કે જેઓ પોતાના ક્ષેત્રમાં મોક્ષમાર્ગની આરાધના કરવા માટે અનશન કરનારા મુનિ મહારાજાઓને સિદ્ધિ થવામાં ઘણી અનુકૂલતા કરી દે, તેથી આવા ક્ષેત્રાધિષ્ઠાયક દેવતાના પ્રભાવથી મુનિ-મહારાજાઓ અનશન કરીને આરાધનાની સિદ્ધિ કરવા સાથે સિદ્ધિ પદને મેળવી શક્યા, તેવા સ્થાનોને સિદ્ધશિલાતલ તરીકે ગણી શકાય છે, આવા સિદ્ધશિલાતલનું કથન અનુયોગદ્વારસૂત્ર કે જે સર્વ સૂત્રોની વ્યાખ્યાનું મુખ્ય સાધન છે, તેમાં જણાવવામાં આવ્યું છે.

એટલે જેવી રીતે ઉપર ત્રણ પ્રકારના કલ્યાણકાદિને અંગે તીર્થક્ષેત્રો જણાવ્યા, તેવી રીતે આ ચોથું આરાધનાની સિદ્ધિ કરનારૂં પણ તીર્થક્ષેત્ર સમજવું.

ઉપર જણાવેલી રીતિએ અનેક પ્રકારે તીર્થોની ઉત્પત્તિ અને સ્થાપના હોવાથી અત્યાર સુધીમાં શાસ્ત્રકારોએ જે જે તીર્થોની તીર્થ તરીકે નોંધો લીધેલી છે તે જણાવવી અસ્થાને નથી, એમ ધારી તેનાં નામમાત્રો નીચે આપવામાં આવે છે.

વિશેષ જિજ્ઞાસુઓ તો તે શ્રી આચારાંગ નિર્યુક્તિ આદિ શાસ્ત્રોથી તેથી ઉત્પત્તિનાં કારણો-પ્રભાવ વિગેરે જાણી શકશે. વિસ્તારના ભયથી તે ઉત્પત્તિનાં કારણો વિગેરે આપ્યા નથી.

## સિદ્ધાન્તમાં દર્શાવેલ તીર્થો.

શ્રી ઓઘનિર્યુક્તિની चक्के थूभे ગાથામાં જણાવ્યું છે કે- જ્યાં ધર્મચક્ર થયું છે તે, મથુરાનો સ્થુભ, જિનેશ્વર ભગવંતના જન્મ, દીક્ષા, જ્ઞાન, નિર્વાણ વિગેરે સ્થાનો તીર્થભૂમિ તરીકે ગણાય છે, ને તે દર્શનોત્પત્તિના સ્થાનો છે.

**શ્રી આચારાંગ નિર્યુક્તિ** (ભાવના અધ્યયન)માં નંદીશ્વર દ્વીપ, અષ્ટાપદ, ( ઋષભ નિર્વાણ ભૂમિ ). ઉજ્જયંતગિરિ, ( નેમિજિનેન્દ્ર દીક્ષાદિ ભૂમિ ), ગજાગ્રપદ, તક્ષશિલા, ( ધર્મચક્ર ), અહિચ્છત્રા, ( જ્યાં ધરણેન્દ્રે પ્રભુ પાર્શ્વનાથનો મહિમા કર્યો, ) રથાવર્તગિરિ, (જ્યાં ભગવાન મહાવીરની નિશ્રાએ ચમરનો ઉત્પાત થયો ) આદિનો ઉલ્લેખ છે.

**શ્રી સ્થાનાંગ સૂત્રમાં** નંદીશ્વર દ્વીપ અને અંજનગિરિનો ઉલ્લેખ છે.

**શ્રી જ્ઞાતાસૂત્રમાં** વિપુલાચલ, પુંડરીકગિરિ, સમ્મેતશિખર, ઉજ્જયંતગિરિ (ગિરનારજી)નો ઉલ્લેખ છે.

**શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર—શ્રી અંતગડ દશા સૂત્રમાં** શ્રી વિપુલાચલ, શ્રી શત્રુંજય, શ્રી સહસ્રામ્રવનનો ઘણી વાર ઉલ્લેખ છે.

**શ્રી પ્રશ્ન વ્યાકરણ (આશ્રવ દ્વાર)માં** વીતભય પત્તનનો ઉલ્લેખ છે.

**શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં** સિદ્ધશિલાતલનો ઉલ્લેખ છે.

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ( શ્રી નેમિચંદ્રીય ટીકા )માં** સિદ્ધશૈલ (શત્રુંજય) અને રૈવતાચલજી (ગિરનાર)નો ઉલ્લેખ છે.

આ પ્રમાણે આગમોમાં તીર્થોની નોંધ છે.

આ ઉપરાંત પૂ૦ આ૦ શ્રી જિનપ્રભસૂરિ મ૦ રચિત વિવિધ તીર્થકલ્પમાં નીચે મુજબના તીર્થોની નોંધ મળે છે.

| | | |
|---|---|---|
| ૧ અણહિલપુર | ૪ અર્બુદગિરિ | ૭ અષ્ટાપદ |
| ૨ અપાપાપુરી | ૫ અવન્તી | ૮ અહિચ્છત્રા |
| ૩ અયોધ્યા | ૬ અશ્વાવબોધસ્થલ | ૯ અમરકુંડ |

| | | |
|---|---|---|
| ૧૦ ઉજ્જયંતગિરિ | ૨૦ ચમ્પાપુરી | ૩૧ વાણારસી |
| ૧૧ કલિકુંડ | ૨૧ ઢીમ્પુરી | ૩૨ વૈભારગિરિ |
| ૧૨ કુકુંટેશ્વરા | ૨૨ નન્દીશ્વર | ૩૩ વ્યાઘ્રી |
| (પ્રવ્રજ્યા વિધાનની | ૨૩ નાશિક્ય | ૩૪ શંખપુર |
| ટીકામાં પણ આવે છે) | ૨૪ પાટલિપુર | ૩૫ શત્રુંજય |
| ૧૩ કાંપિલ્ય | ૨૫ સ્તંભતીર્થ | ૩૬ શ્રાવસ્તી |
| ૧૪ કુડંગેશ્વર | ૨૬ પ્રતિષ્ઠાનપુર | ૩૭ શુદ્ધદન્તી |
| ૧૫ કુલ્પપાકતીર્થ | ૨૭ ફલવર્દ્ધિ | ૩૮ શ્રીપુર |
| ૧૬ કોકાવસતિ | ૨૮ મથુરા | ૩૯ સત્યપુર |
| ૧૭ કોટીશિલા | ૨૯ મિથિલા | ૪૦ હરિકંખી |
| ૧૮ કોલ્લપાક | ૩૦ રૈવતગિરિ | ૪૧ હસ્તિનાપુર |
| ૧૯ કૌશામ્બી | | |

વળી વિવિધ-તીર્થ કલ્પમાં "चतुरशीति-तीर्थनामसङ्ग्रह" નામનો એક કલ્પ છે, તેમાં નીચે મુજબ તીર્થોના નામો છે:

| સં. | તીર્થનામ | મૂળ નાયક |
|---|---|---|
| ૧ | શ્રી શત્રુંજય | શ્રી વજ્રસ્વામીપ્રતિષ્ઠિત ભુવનદીપ શ્રી આદિનાથ<br>પાંડવ સ્થાપિત શ્રીનંદિવર્ધન યુગાદિનાથ.<br>શ્રી શાંતિનાથ પ્રભુ પ્રતિષ્ઠિત શ્રી શ્રીકલશ નામે શ્રી પુંડરીકસ્વામીજી.<br>શ્રી વજ્રસ્વામી પ્રતિષ્ઠિત પૂર્ણકલશ શ્રી પુંડરીક સ્વામીજી.<br>સુધાકુંડ જીવિતસ્વામી શ્રીશાંતિનાથ પ્રભુ<br>પ્રથમ સિદ્ધ શ્રી મરૂદેવા માતા. |
| ૨ | શ્રી ઉજ્જયંત (ગિરનાર) | પુણ્યકલશ-મદનમૂર્તિ શ્રી નેમિનાથ. |
| ૩ | કાંચન | અમૃતનિધિ શ્રી અરિષ્ટનેમિ. |

| | | |
|---|---|---|
| ૪ | પાપામઠ | ગત ચોવીશીના શ્રી નમીશ્વરાદિ ૮ પ્રભુ |
| ૫ | કાશહૃદ | ત્રિભુવન મંગલ કલશ શ્રી આદિનાથ. |
| ૬ | પારકરદેશ | શ્રી આદિનાથ. |
| ૭ | અયોધ્યા | શ્રી ઋષભદેવ |
| ૮ | કોલ્લાપુર | શ્રી વજામૃત્તિકામય શ્રી ભરતેશ્વર પૂજિત ભુવનતિલક શ્રી આદિનાથ |
| ૯ | સોપારક | જીવંતસ્વામી શ્રી ઋષભદેવ. |
| ૧૦ | નગરમહાસ્થાન | શ્રી ભરતેશ્વરકારિત શ્રી યુગાદિદેવ. |
| ૧૧ | દક્ષિણાપથ | ગોમટદેવ શ્રી બાહુબલી. |
| ૧૨ | ઉત્તરાપથ (કલિંગ દેશ) | ગોમટ શ્રી ઋષભદેવ. |
| ૧૩ | ખંગારગઢ | શ્રી ઉગ્રસેન પૂજિત મેદિનીમુકુટ શ્રી આદિનાથ |
| ૧૪ | મહાનગરી | ઉદ્દંડવિહાર-મૂળનાયક શ્રી આદિનાથ પ્રભુ. |
| ૧૫ | પુરિમતાલ | શ્રી આદિનાથ પ્રભુ. |
| ૧૬ | તક્ષશિલાનગરી | શ્રી બાહુબલી નિર્મિત શ્રી ધર્મચક્ર. |
| ૧૭ | મોક્ષતીર્થ | શ્રી આદિનાથ પાદુકા. |
| ૧૮ | કોલ્લપાક પત્તન | શ્રી મંદોદરીદેવતાડવસરપૂજિત માણિકયદેવ શ્રી ઋષભદેવ પ્રભુ. |
| ૧૯ | ગંગા-યમુના ત્રિવેણી સંગમ | શ્રી આદિકર મંડલ. |
| ૨૦ | અયોધ્યા | શ્રી અજિતનાથ પ્રભુ. |
| ૨૧ | ચંદેરી | શ્રી અજિતનાથ પ્રભુ. |
| ૨૨ | તારણગિરિ | શ્રી વિશ્વ કોટિ શિલા શ્રી અજિતનાથ પ્રભુ. |
| ૨૩ | અંગદિકા | શ્રી બ્રહ્મેન્દ્ર દેવતાડવસરપૂજિત શ્રી અજિતનાથ પ્રભુ. શ્રી શાંતિનાથ પ્રભુ. |

| | | |
|---|---|---|
| ૨૪ | શ્રાવસ્તી | જાંગુલીવિદ્યાધિપતિ શ્રી સંભવનાથ પ્રભુ |
| ૨૫ | સોગમતી | શ્રી અભિનંદન પ્રભુ. (જેમના ચરણમાંથી નર્મદાજી નિકળ્યા) |
| ૨૬ | ક્રૌંચ દ્વીપ | શ્રી સુમતિનાથ ચરણ પાદુકા. |
| ૨૭ | સિંહલ દ્વીપ | શ્રી સુમતિનાથ ચરણ પાદુકા. |
| ૨૮ | હંસ દ્વીપ | ,, ,, |
| ૨૯ | આંબુરિણી | શ્રી સુમતિનાથ પ્રભુ. |
| ૩૦ | માહેંદ્ર પર્વત | શ્રી પદ્મપ્રભ સ્વામી. |
| ૩૧ | કૌશાંબીનગરી | ,, ,, |
| ૩૨ | મથુરા | શ્રી મહાલક્ષ્મી નિર્મિત શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ સ્તૂપ. |
| ૩૩ | દશપુરનગર | શ્રી સીતાદેવીદેવતાડવસરપૂજિત શ્રી સુપાર્શ્વનાથ. |
| ૩૪ | પ્રભાસ તીર્થ | શ્રી જ્વાલામાલિની દેવતાડવસર પૂજિત ચંદ્રકાંતમણિમય શશિભૂષણ શ્રી ચંદ્રપ્રભ સ્વામી. |
| ૩૫ | પ્રભાસ તીર્થ | શ્રી ગૌતમસ્વામી પ્રતિષ્ઠિત વલ્લભીપુરથી આવેલ શ્રી નંદિવર્ધન મહારાજાએ ભરાવેલ શ્રી ચંદ્રપ્રભસ્વામી. |
| ૩૬ | નાસિક | જીવિતસ્વામી–ત્રિભુવનતિલક ચંદ્રપ્રભસ્વામી. |
| ૩૭ | ચંદ્રાવતીનગરી | મંદિરમુકુટ શ્રી ચંદ્રપ્રભસ્વામી. |
| ૩૮ | વારાણસી | વિશ્વેશ્વર–મહાદેવમંદિરગત શ્રી ચંદ્રપ્રભસ્વામી. |
| ૩૯ | કાયા દ્વાર | શ્રી સુવિધિનાથ પ્રભુ. |
| ૪૦ | પ્રયાગતીર્થ | શ્રી શીતલનાથ પ્રભુ. |

| | | |
|---|---|---|
| ૪૧ | વિંધ્યાદ્રિ | શ્રી શ્રેયાંસનાથ પ્રભુ. |
| ૪૨ | મલયગિરિ પર્વત | " " |
| ૪૩ | ચંપાનગરી | વિશ્વતિલક શ્રી વાસુપૂજ્યસ્વામી. |
| ૪૪ | કાંપિલ્યપુરી | ગંગામૂળવર્ત્તી શ્રી વિમલનાથ પ્રભુ. |
| ૪૫ | સિંહપુરી | શ્રી વિમલનાથ પ્રભુ. |
| ૪૬ | મથુરા | યમુનાદ્રહવર્ત્તી શ્રી અનંતનાથ પ્રભુ. |
| ૪૭ | દ્વારવતીનગરી | સમુદ્રવર્તી શ્રી અનંતનાથજી. |
| ૪૮ | શાકપાણિ | શ્રી અનંતનાથ પ્રભુ. |
| ૪૯ | અયોધ્યા સમીપે રત્નવાહપુર. | નાગમહિત શ્રી ધર્મનાથ પ્રભુ. |
| ૫૦ | કિષ્કિંધાનગરી | શ્રી શાંતિનાથ પ્રભુ. |
| ૫૧ | લંકાપુરી | " " |
| ૨૨ | પાતાલ લંકા | " " |
| ૫૩ | ત્રિકૂટગિરિ | " " |
| ૫૪ | ગંગા-યમુના વેણી સંગમ | શ્રી કુંથુનાથ પ્રભુ શ્રી અરનાથ પ્રભુ. |
| ૫૫ | શ્રીપર્વત | શ્રી મલ્લિનાથ પ્રભુ. |
| ૫૬ | ભૃગુકચ્છપુર | અનર્ઘરત્નચૂડ શ્રી મુનિસુવ્રતસ્વામી. |
| ૫૭ | પ્રતિષ્ઠાનપુર | શ્રી મુનિસુવ્રતસ્વામી. |
| ૫૮ | અયોધ્યા | " " |
| ૫૯ | વિંધ્યાચલપર્વત | " " |
| ૬૦ | માણિક્ય દંડક | " " |
| ૬૧ | અયોધ્યા | મોક્ષ તીર્થંગત શ્રી નમિનાથ પ્રભુ. |
| ૬૨ | શૌર્યપુર | શ્રી નેમિનાથ પ્રભુ. |
| ૬૩ | શંખતીર્થ | શ્રી નેમિનાથ. |
| ૬૪ | પાટલાનગર | શ્રી નેમિનાથ પ્રભુ. |
| ૬૫ | મથુરા | " " |
| ૬૬ | દ્વારિકા | " " |
| ૬૭ | સિંહપુર | " " |

| | | |
|---|---|---|
| ૬૮ | સ્તંભતીર્થ | પાતાલલિંગાભિધ શ્રી નેમિનાથ પ્રભુ. |
| ૬૯ | અજાગૃહ | નવનિધિ શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૦ | સ્તંભનકપુર | ભવભયહર શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૧ | ફલવર્ધિકા | વિશ્વકલ્પ શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૨ | કરહેટક | ઉપસર્ગહર શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૩ | અહિછત્રાનગરી | ત્રિભુવનભાનુ શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૪ | કલિકુંડ તીર્થ | ,, |
| ૭૫ | નાગહ્રદ તીર્થ | ,, |
| ૭૬ | કુર્કુટેશ્વર | વિશ્વગજ શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૭ | માહેંદ્ર પર્વત | છાયા પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૮ | ઓંકાર પર્વત | સહસ્રફણી શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૭૯ | વારાણસી | ભવ્ય પુષ્કરાવર્ત્ત શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૦ | મહાકાલ | પાતાલ ચક્રવર્તી શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૧ | મથુરા | કલ્પદ્રુમ શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૨ | ચંપાનગરી | અશોક પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૩ | મલયગિરિ પર્વત | શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૪ | શ્રીપર્વત | ઘંટાકર્ણ મહાવીર. |
| ૮૫ | વિંધ્યાદ્રિ | શ્રીગુપ્ત શ્રી મહાવીર પ્રભુ. |
| ૮૬ | હિમાચલ | મંત્રાધિરાજ શ્રી છાયા પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૭ | શ્રીપુર તીર્થ | અંતરીક્ષ પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૮ | ડાકુલી ભીમેશ્વર | શ્રી પાર્શ્વનાથ પ્રભુ. |
| ૮૯ | ભાઇલસ્વામીગઢ | દેવાધિદેવ શ્રી મહાવીર પ્રભુ. |
| ૯૦ | શ્રી રામશયન | પ્રદ્યોતકારી શ્રી મહાવીર પ્રભુ. |
| ૯૧ | મોઢેરા | શ્રી મહાવીર પ્રભુ. |
| ૯૨ | વાયડ | શ્રી ,, |
| ૯૩ | ખેડા | શ્રી ,, |
| ૯૪ | નાણા | શ્રી ,, |
| ૯૫ | પલ્લી | શ્રી ,, |

| | | |
|---|---|---|
| ૯૬ | મતુંડક | શ્રી મહાવીર પ્રભુ. |
| ૯૭ | મુંડસ્થલ | શ્રી ,, |
| ૯૮ | શ્રીમાલપત્તન | શ્રી ,, |
| ૯૯ | ઉપકેશપુર | શ્રી ,, |
| ૧૦૦ | કુંડગ્રામ | શ્રી ,, |
| ૧૦૧ | સત્યપુર | શ્રી ,, |
| ૧૦૨ | ટંકા | શ્રી ,, |
| ૧૦૩ | ગંગાહ્રદ | શ્રી ,, |
| ૧૦૪ | સરસ્થાન | શ્રી ,, |
| ૧૦૫ | વીતભય | શ્રી ,, |
| ૧૦૬ | ચંપાપુરી | શ્રી ,, |
| ૧૦૭ | અપાપાપુરી | શ્રી ,, |
| ૧૦૮ | પુંડ્ર પર્વત | શ્રી ,, |
| ૧૦૯ | નંદિવર્દ્ધન કોટિ ભૂમિ | શ્રી ,, |
| ૧૧૦ | વૈભારગિરિ | શ્રી ,, |
| ૧૧૧ | રાજગૃહ તીર્થ | શ્રી ,, |
| ૧૧૨ | કૈલાસ પર્વત | શ્રી ,, |
| ૧૧૩ | રોહણાદ્રિ | શ્રી ,, |
| ૧૧૪ | અષ્ટાપદ તીર્થ | ૨૪ તીર્થંકરો. |
| ૧૧૫ | સમેતશિખર તીર્થ | ૨૦ તીર્થંકરો. |
| ૧૧૬ | હેમ સરોવર | ૭૨ ,, |
| ૧૧૭ | કોટિશિલા | સિદ્ધિક્ષેત્ર. |

આ રીતે વિવિધ તીર્થોના નામોની નોંધ સુજ્ઞ ભાવિક જનોની ભાવ વિશુદ્ધિ અર્થે જણાવી છે.

આવા તીર્થોની યાત્રા કરવા માટે પુણ્યવાન ભાવિકો તન-મન ધનથી તત્પર હોય તે સ્વાભાવિક છે.

## તીર્થયાત્રાનું ધ્યેય

**તારે તે તીર્થ ? તેની યાત્રા એટલે વિષય-કષાયની પકડમાંથી છૂટવા સક્રિય પ્રયત્ન કરવો.**

### સંઘયાત્રા શા માટે ?

અહીં એક વાત ખાસ વિચારવાની એ છે કે—

સામાન્ય રીતે હરકોઇ મનુષ્ય એ સમજી શકે છે કે સકલ તીર્થો એક દેશમાં હતાં પણ નહિ, અને હોય પણ નહિ, અને છે પણ નહિં, અને એક દેશથી બીજા દેશની વચ્ચે પ્રકૃતિ શાસ્ત્રના નિયમ પ્રમાણે ઘણા ભાગે જંગલ અને પહાડ તથા નદીઓની હદબંધી હોય છે, તો એક દેશવાળા ભાવિકને બીજા દેશમાં તીર્થોની યાત્રા કરવા માટે જવું તે ઘણું દુઃખદાયક હોવા સાથે મુશ્કેલી ભરેલું હતું. એવા વખતમાં યાત્રા કરવાને નીકળવાનું સાહસ ખેડવા કોઇપણ અલ્પસંખ્યાવાળી જનતા તૈયાર થાય નહિં, એટલે તીર્થોની યાત્રા કરવાનું જનસમુદાય બનીને જ થઈ શકતું હતું.

વળી પ્રાચીન કાળમાં મનુષ્યોની મુસાફરી પોતાના દેશમાં કરવી હોય તો પણ ચોર-ધાડપાડુઓ વિરૂદ્ધરાજ્યો વિગેરે દુર્નિવાર્ય કારણોથી અત્યન્ત મુશ્કેલી-ભરેલી થતી હતી, તે વખતે તે ચોર-ધાડપાડુઓ વિગેરેથી રક્ષણને માટે બંદોબસ્ત કરવો અગર સમર્થ થવું તે એક વ્યક્તિ કે એક કુટુંબને માટે અશક્ય નહિં તો દુઃસંભવ તો હતું જ.

આવા અનેક કારણોથી યાત્રા કરવાના મનોરથવાળાઓ પોતાના યાત્રા સંબંધીના મનોરથો પૂર્ણ કરવાને ભાગ્યશાળી થઇ શકતા નહોતા.

આ વસ્તુસ્થિતિને વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ભાવિક જીવોને તીર્થની યાત્રા કરવાનું સાધન તેવા કોઇ સમર્થ અને રાજ્યમાં લાગવગવાળા હોવાની સાથે કુટુમ્બ અને સાધન સંપન્ન હોય તેવા સંઘપતિ દ્વારા બની શકતું હતું.

## વર્ત્તમાન કાળે પણ સંઘયાત્રા જરૂરી છે ?

આ ઉપરથી પ્રાચીન કાળમાં જ સંઘ દ્વારા તીર્થયાત્રાની જરૂર હતી, પરંતુ વર્ત્તમાનમાં તેવી કોઇપણ જાતની મુશ્કેલી નથી, માટે સંઘસમુદાયે યાત્રા કરવા માટે સંઘો કાઢવા એ જરૂરનું નથી, એમ ધારવા કોઇએ મનને મોકળું કરવું નહિં. કારણ કે જેવી રીતે સંઘમાં યાત્રા કરવા આવનારાઓના લાભ અને સગવડતા માટે સંઘસમુદાયે યાત્રાની જરૂર ગણીને સંઘ કાઢવાની *જરૂર ગણાય, તે રીતે આખા કુટુમ્બને સાથે જાત્રા કરાવવાની* પણ તેટલી જરૂર છે, તેમ જ દરેક ગામે ધર્મક્ષેત્રોનાં ઉદ્ધારની પણ જરૂર છે.

## સંઘયાત્રાના વિશિષ્ટ લાભો.

વળી જુદા જુદા ગામોના ચૈત્યોનો ઉદ્ધાર, ઉપાશ્રયનો ઉદ્ધાર, સાધર્મિકનો પરસ્પર સમાગમ, પરસ્પર ધાર્મિક પ્રેમની વૃદ્ધિ, ધર્મકાર્યોની પરસ્પર અનુમોદના, સામુદાયિક દેશને અંગે કે પ્રાન્તને અંગે કે તીર્થને અંગે સીદાતા ધર્મ કાર્યોનો ઉદ્ધાર, તીર્થોની આપત્તિઓનું જાણપણું, તીર્થોની આપત્તિઓમાં પરસ્પર *સહાયકારીતા, પ્રતિગ્રામ અને પ્રતિનગરે સાધર્મિક વાત્સલ્યનો* પરસ્પર લાભ, અનેક સ્થાનોએ મુનિમહારાજાઓને વન્દન કરવાનો લાભ અને તેમની વાણીને શ્રવણ કરવાનો લાભ મેળવી તે દ્વારા

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, વૈયાવચ્ચ, દાન, શીલ, તપ, ભાવ વિગેરે અનેક ધાર્મિક કાર્યોના પરિણામોમાં વૃદ્ધિ થવી.

એ વિગેરે હેતુઓ તરફ જો કોઇપણ ધ્યાન આપશે તો એક અંશે પણ સુજ્ઞતા ધારણ કરનારા મનુષ્ય વર્તમાનકાળમાં પણ સંઘની જરૂરીયાત માન્યા સિવાય રહેશે નહિ.

## 'વર્ત્તમાન કાળમાં સંઘયાત્રાની જરૂરીયાત નથી' એમ કહેનારાઓની સ્થિતિ.

વર્તમાન કાળમાં સંઘયાત્રાની જરૂરીયાત ઓછી ગણનારાઓને એટલું જ તપાસવાની જરૂર છે કે સંઘ કહાડવાની લાયકાત ધરાવનારા અને સંઘપતિના બિરૂદને લેવાવાળા કરતાં ઘણી ઉંચી સાધન સામગ્રી ધારણ કરનારા એવા કયા લક્ષ્મીપતિએ પોતાના ગામથી તીર્થ સુધીના દરેક ગામોમાં સ્વામિવાત્સલ્યો કર્યાં ?

કયા લક્ષ્મીપતિએ પોતાના ગામથી તીર્થ સુધીની દરેક ગામમાં ચૈત્યની ભક્તિ કરી ?

સાધર્મિકોને અંશે પણ મદદ કરવા માટે કયા લક્ષ્મીપતિએ તીર્થ સુધીનાં દરેક ગામોમાં હાથ લંબાવ્યો ?

કયા મુડીદારે તીર્થ સુધીના ગામોમાં ઉપાશ્રયની અને ધર્મ-આચરણની અગવડો ટાળી ?

કયા માલદારે પાંજરાપોળ, પાણીની પરબો અને ગરીબની અરજી ગામેગામ જઇને સાંભળી ?

કયા પૈસાદારે પોતાના ક્ષેત્રથી તીર્થક્ષેત્ર સુધીના સ્થાનોમાં ઉચિત અને કીર્તિદાનો દઇને અન્યધર્મીઓને પણ ધર્મની પ્રશંસા કરતા કરી ભવાંતરમાં ધર્મ પ્રાપ્તિને માટે લાયક બનાવ્યા ?

કયા પૈસાદારના પુતળાએ ગામેગામ ગરીબોની ફરીયાદ (દાદ) સાંભળીને અનુકંપાદાનનો પ્રવાહ વહેવડાવ્યો ?

આ વિગેરેનો વિચાર કરવાથી જો અંશે પણ વાચકના હૃદયમાં સજ્જનતા વસી હશે તો સંઘ-યાત્રાના કાર્યથી સ્વપ્ને પણ વિરૂદ્ધતા દર્શાવી શકશે નહિ.

યાદ રાખવું કે વર્તમાન કાળમાં પણ સંઘયાત્રાના પ્રયાણ વખતે હજારો અને લાખો જીવો ધર્મની પ્રશંસા કરે છે અને તે પ્રશંસા સાંભળીને શ્રદ્ધાહીન જૈનાભાસોના પેટમાં જૈન ધર્મની ચઢતી થાય તેની બળતરા થાય છે, તેના જ બખાળા તેઓ સંઘ નહિં કાઢવાના નામે કરે છે.

## શ્રદ્ધાહીન જૈનાભાસોની ખોટી દલીલો.

કદાચ તેઓ એમ કહે કે વર્તમાન સમયમાં સંઘયાત્રાની ઉપયોગિતા માનીએ તો પણ વ્યાવહારિક શિક્ષણ અને બેકારીને ટાળવાની પહેલે નંબરે જરૂર છે, માટે તે તરફ જ મીલ્કત ધારીઓએ હાથ લંબાવવો જોઇએ. આવા પ્રલાપના સમાધાનમાં સમજવું જોઇએ કે પ્રથમ તો સંઘપતિ જેવા ધર્મશ્રદ્ધાળુઓ તરફથી જ અવસરે-અવસરે વ્યાવહારિક કેળવણીને પણ સારા રૂપમાં ઉત્તેજન મળેલું છે, અને બેકારી ટાળવા માટે અગર રેલસંકટ, મારી વિગેરેની વખતે પણ તેવા ધર્મધુરંધરોએ જ મદદ કરેલી છે, કરે છે, અને તેઓ જ કરશે, એમ ચોક્કસ છે, અને તેવી રીતે હાથ લંબાવવાવાળાઓ જ પોતાના આત્માના ઉદ્ધારને માટે જૈન શાસનની પ્રભાવના કરવા દ્વારા સંઘયાત્રા કરી પોતાની અને યાત્રિકોની જીંદગી સફળ કરે છે.

પરંતુ શ્રદ્ધાહીનોને એ હક્ક ક્યાંથી મળી ગયો કે પારકા પૈસાનો વ્યય બીજો મનુષ્ય પોતાની મરજીથી કરે તેમાં બખાળા કહાડવા, એટલું જ નહિં, પણ બીજા મનુષ્યની માલીકીની દોલત પોતાની મરજી પ્રમાણે ખરચાવવા માટે પીકેટીંગ જેવા અને ગુંડારાજ જેવા વર્તાવો અમલમાં મુકવા. લુંટારૂઓ જેમ બાંધી

મારીને લુંટી લે છે, તેવી રીતે આ શ્રદ્ધાહીન જૈનાભાસો ધર્મિષ્ઠ મનુષ્યોની અપકીર્તિ કરીને, ખોટી નિંદા કરીને, છેવટે અસહકાર કે પીકેટીંગ જેવા દુર્જનતાભરેલા રસ્તાઓ લઈને અટકાવવા જે પ્રયત્નો કરે છે તે ખરેખર તેમનું કુલ લજવે છે.

શાહુકારીવાળા કુળમાં પેદા થયેલા મનુષ્યને આવા ધાડપાડુઓ અને લુંટારાઓના જેવા વિચારો અને કાર્યો કરવાનું સજ્જન અને ધર્મિષ્ઠોને તો સ્વપ્ને પણ સૂઝે નહિં.

## સંઘયાત્રાના વિરોધીઓના કુતર્કો.

આ શ્રદ્ધાહીન જૈનાભાસોને એટલી પણ ખબર નથી કે પચાસ વરસથી ધર્મિષ્ઠ મનુષ્યોએ તમારી વ્યાવહારિક કેળવણીની પુષ્ટિ માટે પાણીની પેઠે દરેક વર્ષે લાખો રૂપીયા વાપર્યા અને સંસ્થાઓ ખોલી દીધી છે, છતાં એક પણ નબીરો એમાંથી એવો નીકળ્યો નહિં. ને કે ધર્મક્ષેત્રોની સેવા માટે તત્પર હોય !

આ પચાસ વરસના પરિણામમાં નવીન શિક્ષિતોમાંથી એક પણ નબીરો—

–તીર્થની રક્ષા માટે કટિબદ્ધ દેખાયો નહિં.

–શાસન માટે સજ્જ થયેલો સજ્જન એક પણ સાંપડયો નહિં.

–ગુરુ અને ધર્મના બચાવ માટે એક પણ બીરાદર બહાર પડયો નહિં.

આવી રીતે તમારી કેળવણીની નિષ્ફળતા દેખવા સાથે તમારામાંથી કેળવાયેલો વર્ગ–

–ધર્મને હમ્બગ કહેનારો થયો.

–ગુરુ મહારાજ પાસેથી ધર્મશ્રવણને બદલે સમાજસેવાની ફરજ માગનારો થયો.

–તે દેવદ્રવ્યને ઉઠાવવા માટે તૈયાર થયો.

–તે દહેરાં અને તીર્થોને ખોઈ નાંખવા તૈયાર થયો.

–આ બધું તમારા શિક્ષણનું પરિણામ દેખીને ધર્મિષ્ઠ સુજ્ઞ મનુષ્યોએ તમારી તરફ ડગલે પગલે દિન–પ્રતિદિન વાર–તહેવારે ધિક્કાર વરસાવવો શરૂ કર્યો છે.

જો તે ધિક્કારને તમારે ટાળવો હોય તો ઈતર પંથવાળા તમારા ભાઇઓ જેવી રીતે દુનિયાના વ્યવહારથી ઉલ્ટા અને નિંદનીય એવા પણ દેવ અને ગુરૂને માટે તનતોડ મહેનત કરનારા થવા સાથે તન મન અને ધનનો ભોગ આપનારા થયા છે, તેવી રીતે અનુકરણ કરીને પણ તમારે સન્માર્ગે આવવાની જરૂર છે.

## ધર્મી મનુષ્યના દોષ જોનારા સ્વમાર્ગ–ભૂલેલા છે.

એક વાત વાચક વૃંદે વિચારવાની છે કે પચાસ પચાસ વરસથી વ્યાવહારિક શિક્ષણ લઇને અનેક જૈનો તૈયાર થયા છે, તો હવે આવા પચાસ વર્ષ જેવા સમયમાં પણ શિક્ષણ પામેલાઓ શિક્ષણની કદર ગણીને શિક્ષણને સ્વાશ્રયી બનાવી શકતા નથી, એટલું જ નહિં, પણ શિક્ષણની સંસ્થાઓની પાંજરાપોળ જેવી સ્થિતિ ટાળી શકતા નથી, તેવા શિક્ષણની સમજદાર મનુષ્ય એક અંશે પણ કિંમત ન કરે તેમાં શિક્ષણ અને શિક્ષિતોનો જ વાંક ગણી શકાય.

દાનવીરોનો અને ધર્મિષ્ઠોનો દોષ કહાડનાર મનુષ્ય પચાસ વરસની હકીકતને દેખવાને માટે પોતાની આંખ ગુમાવી બેઠો છે, એમ કહેવું જોઇએ.

## ભૌતિકવાદી શિક્ષણના હિમાયતીઓની મનોદશા.

આશ્ચર્યની વાત છે કે શિક્ષણ પામી વર્ષોથી પ્રેકટીસ કરનારા

ડોકટરો, વકીલો, બેરીસ્ટરો અને શિક્ષકો હજારોની સંખ્યામાં દાનવીર અને ધર્મિષ્ઠ મનુષ્યોના પ્રભાવથી તૈયાર થયા છે અને વર્તમાનમાં તેઓ મોટી મોટી મીલ્કતોને ધારણ કરનારા થયા છે. મોટી મોટી કમાણીઓ કરનારા થયા છે, મોટી મોટી આવકો ધારણ કરનારા થયા છે, છતાં તેઓએ પોતે શિક્ષણની કઈ કદર કરીને સંસ્થાઓ ખોલી? કયા વિદ્યાર્થીઓને નમાવ્યા? અને પોતાની આવકમાંથી સારો ભાગ શિક્ષણના પોષણને માટે કયો કહાડયો?

ખરી વાત તો એ છે કે શિક્ષણ લઈને તૈયાર થયા તેની સાથે શ્રદ્ધાહીન જૈનાભાસો નાગાપણું પણ પુરેપુરૂં શીખ્યા છે કે જેથી પોતાની મુડી અને મીલ્કત તો જાત-સ્ત્રી અને પુત્રો માટે રાખવી છે અને દાનવીર અને ધર્મિષ્ઠોના નાણાં ઉપર તાગડધીંગા કરવા છે.

## ધર્મિષ્ઠોની મનોદશા.

દાનવીર-ધર્મિષ્ઠ મનુષ્યો તો પોતાની સજ્જનતા અને સરલતાના પ્રભાવે તેવા અધમો તરફ એકવચન પણ ઉચ્ચારવાને માટે તૈયાર થતા નથી. તેઓ કોઈ દિવસ એમ નથી કહેતા કે નવ-શિક્ષિતો સાધુ કેમ થતા નથી? પૌષધ કેમ કરતા નથી? પડિક્કમણાં કેમ કરતા નથી? દાન કેમ કરતા નથી? એટલું કહેતા નથી એટલું જ નહિં, પરંતુ શિક્ષિતોના છાશવારે ને છાશવારે કોઈની છોકરી ઉઠાવી જવાના, મામા-માસીઓના ઘરમાંથી લગ્ન માટે છોકરી પસંદ કરવાના, પવિત્ર સંસ્થાઓમાંથી કન્યાઓ ઉપાડી લેવાના જે બનાવો બને છે, તે માટે દાનવીર ધર્મિષ્ઠોએ તેને જાહેર કરવા પુરતું પણ નથી વચન ઉચ્ચાર્યું કે નથી તો કોઇ પેપર કહાડયું?

જગતમાં હાથી પાછળ કુતરાં ભસે, પરંતુ હાથીની દૃષ્ટિ કે

શરીરના કોઇપણ ભાગમાં એની અસર જ ન હોય, એ વાત આ દાનવીર ધર્મિષ્ઠોએ ખરેખર સમજાવી દીધી છે.

## સંઘપતિની પવિત્રતમ–ભાવનાની–પરંપરા.

યાત્રિકોના નેતા તરીકે જાહેર થનારા મનુષ્યને લોકો સંઘપતિ નામથી ઓળખે છે તેમાં લોકો સંઘ (શ્રાવક સંઘ)ના પતિ=રખેવાલ તરીકે ગણીને તેને સંઘપતિ કહે છે, છતાં તે પવિત્ર પુરૂષ તો "સંઘ જ મારો પતિ=માલિક છે," એવી ધારણા રાખીને પોતાને માટે ઉચ્ચારાયેલો સંઘપતિ શબ્દ માની લે છે, તેથી સંઘપતિ તરીકે જાહેર થયેલો ભવ્યાત્મા ડગલે ને પગલે પ્રતિદિન સંઘયાત્રાના દરેક યાત્રિકની ભક્તિ કરે છે.

જો તે એકલો જ સંઘના માલીક તરીકે સંઘપતિ હોત તો યાત્રિકોએ જ તે સંઘપતિની ભક્તિ કરવાની રહેત, પરંતુ વર્તનમાં તો સંઘપતિ અશનાદિકથી સર્વ પ્રકારે સંઘની ભક્તિ કરે છે.

એટલે સંઘપતિ જેમ પંચપરમેષ્ઠીને આરાધ્ય ગણે છે તેવી રીતે સંઘમાં સાથે આવેલા યાત્રિકોને પણ આરાધ્ય-દષ્ટિથી જુએ, છે. કોઈપણ સંઘપતિ થનાર ભવ્યાત્માએ સાથે આવેલા યાત્રિકો ઉપર આધિપત્ય ભોગવવાની સ્વપ્ને પણ વાંછા કરેલી હોતી નથી, તેમ જ સાથે આવેલા યાત્રિકો સંઘપતિને સ્વામી તરીકે અને પોતે તેના સેવક તરીકે માનવાને કોઈ દિવસ તૈયાર થયા નથી, અને થતા પણ નથી.

ખરી રીતે તો સંઘપતિ સંઘની ભક્તિ અને શાસનના મહિમા માટે દરેક ગામે ઉન્નતિના કાર્યો કરતો તીર્થસેવા કરવાની જવાબદારી સમજતો હોય છે.

સંઘપતિ પોતે સારી રીતે સમજે છે કે મોક્ષ-પ્રાપ્તિનું મૂળ બીજ જો કોઈપણ હોય તો તે માત્ર સમ્યક્ત્વ છે, અને તે

સમ્યક્ત્વને શોભાવનારા સ્થિરતા, પ્રભાવના, ભક્તિ, જૈનશાસનમાં કુશલપણું અને તીર્થ સેવા એ પાંચ ભૂષણોમાં ખરેખર મુકુટ સમાન કંઇપણ ભૂષણ હોય તો તે માત્ર તીર્થ સેવા છે.

જગત્‌માં જેવી રીતે વ્યાજે દીધેલી રકમ વધીને પાછી પોતાને ઘેર આવે છે, તેવી રીતે આ શાસનમાં પણ–

–બીજા જીવોને તીર્થ સેવારૂપ સમ્યક્ત્વના ભૂષણને સજવામાં જો હું મદદગાર થાઉં !

–જો હું તીર્થ સેવા કરાવનાર થાઉં ! જો હું તીર્થ સેવાને અનુમોદનાર થાઉં !

–તો અત્યારે જેટલા અંશે મને તીર્થસેવાની પ્રાપ્તિ જન્મની કૃતાર્થતા માટે થઇ છે.

–તે પ્રાપ્તિ કરતાં પૂર્વે જણાવેલા કાર્યો કરવાથી સેંકડોગુણી તીર્થસેવાની પ્રાપ્તિ મને ભવાન્તરમાં થશે.

તેથી મ્હારે આ તીર્થ સેવાનું ભૂષણ મ્હારા આત્માને સજાવવું જોઇએ, અને અન્ય આત્માઓને પણ તે તીર્થ સેવાનું ભૂષણ સજાવવામાં સર્વથા પ્રકારે મદદગાર થવું જોઇએ.

આ રીતની ઉદાત્ત વિચારધારા સંઘપતિની હોય છે.

## સંઘપતિની નિર્મળ વિચાર ધારા.

વળી સંઘપતિની આદર્શ વિચારણા હોય છે કે—

આંધળા મનુષ્યના હાથમાં કો'ક ભાગ્ય જોગે હીરાની પ્રાપ્તિ થાય છે અને તે હીરો જો આંધળો માણસ ફેંકી દે તો બીજી વખત તે આંધળાને તેવા હીરાની પ્રાપ્તિનો સમય આવે નહિ, કદાચ હીરાની ખાણો વધારે હોય તેવા સ્થાનમાં ફરતો આંધળો બીજી વખત હીરાને મેળવી પણ શકે, પરંતુ કરોડો પત્થરોની

ખાણોની અંદર કોઈક જ ખાણમાંથી મળી શકે તેવો હીરો કોઈક ભવિતવ્યતાના યોગે આંધળાના હાથમાં આવ્યો હોય અને પછી તે આંધળો તે હીરાને ફેંકી દે તો તે આંધળાને હીરો મળવાનો વખત સર્વથા આવે નહિ.

એવી રીતે આ સંસારચક્રમાં મ્હારો આત્મા સૂક્ષ્મ એકેન્દ્રિયપણામાંથી આંધળાની માફક રખડપટ્ટીએ ચઢયો હતો અને અકામ-નિર્જરાના યોગે કે ભવિતવ્યતાના જોરે હું આ મનુષ્યપણાને પ્રાપ્ત કરી શકયો છું.

આ મનુષ્યપણું અનન્ત પુદ્ગલ-પરાવર્ત્ત સુધી સ્થાવરપણામાં રખડયો તે વખતે ન તો વિચારવામાં આવ્યું, ન તો તેની ઇચ્છા થઇ, ન તો તેને મેળવવા ધારીને પ્રયત્ન થયો ?

એટલું છતાં પણ આર્ય-મનુષ્ય શિવાયના મનુષ્યની અને તિર્યંચાદિકની જાતિઓ એટલી બધી છે કે જેમાં રખડતા આત્માને આર્યક્ષેત્રે મનુષ્ય ભવની પ્રાપ્તિ થવાનો સંભવ નથી, એમ નહિ તો છેવટે દુઃસંભવ તો છે જ.

આ વસ્તુસ્થિતિ ત્રિલોકનાથ-તીર્થંકર ભગવાન્‌ના વચનો દ્વારા સંપૂર્ણ રીતિએ જાણ્યા અને માન્યા પછી આ મનુષ્ય ભવનું કૃતાર્થપણું કરવાને માટે જો હું તૈયાર ન થાઉં તો હું ખરેખર એકેન્દ્રિયાદિક અધમ જીવો કરતાં પણ અધમ કોટિમાં ગણાઉં.

જગત્‌માં પણ સામાન્ય નિયમ છે કે મૂર્ખ મનુષ્ય હલવા માટે હીરો દઇ દે તો તેની જેટલી હાંસી થાય નહિં, તેના કરતાં જો હીરાનો વેપારી હલવા માટે હીરાને હારી જાય તો તેની મશ્કરીનો પાર રહે નહિં.

તેવી રીતે "શ્રી જિનેશ્વર ભગવાન્‌ના શાસન દ્વારા આ મનુષ્ય ભવની દુર્લભતા છે" એમ જાણવાવાળો હું જો માયા–

મમતા, કુટુંબ-કબીલા, શરીર, ધન, પૈસા, મીલ્કત, વિષય-કષાય આદિથી મનુષ્ય ભવને હારી જાઉં તે જૈન ધર્મને નહિ જાણનારા તથા તે દ્વારા મનુષ્ય ભવની દુર્લભતાને નહિં સમજનારા અજ્ઞાન અને જડલોકો કરતાં મારી અજ્ઞાનતા અને જડતાનો પાર રહે નહિ, માટે મ્હારે તો મનુષ્ય ભવ સફળ કરવાને માટે કટિબદ્ધ થવું જોઈએ, આવું મનુષ્યપણું ખરેખર મોક્ષમાર્ગની નીસરણી છે, તેટલા માટે શાસ્ત્રકારો મોક્ષના અંગ તરીકે મનુષ્યપણાને જણાવે છે.

## મનુષ્યભવ દુર્લભ કેમ ?

યાદ રાખવું કે નારકી અને તિર્યંચો મોક્ષના સંપૂર્ણ સાધનોને નથી મેળવી શકયા, એટલું જ નહિં, પરંતુ દેવતાઓ કે જેઓ અત્યંત પુણ્યશાલી છે, શક્તિ-સંપન્ન છે, સમૃદ્ધિયુક્ત છે, આજ્ઞા-ઐશ્વર્યને ધારણ કરનારા છે, વૈક્રિય-લબ્ધિના તો ભંડાર છે, છતાં પણ તે દેવતાનો ભવ મોક્ષના અંગ તરીકે ગણવામાં આવ્યો જ નથી.

એટલે મોક્ષના અંગ તરીકે કહો કે મોક્ષની નીસરણી તરીકે કહો, ચ્હાય જે રૂપે કહો, પરંતુ મનુષ્યનો ભવ એ જ મોક્ષનું કારણ છે. કારણ કે સર્વવિરતિને ધારણ કર્યા શિવાય એટલે સર્વથા આશ્રવનો રોધ કર્યા શિવાય કોઈપણ કાલે કોઇપણ જીવને મોક્ષ મળ્યો નથી. અને મળતો નથી અને મળી શકે પણ નહિ, તે આશ્રવને રોકવાની તાકાત મનુષ્ય જીવનમાં મળેલ સાધનથી જ થઇ શકે છે.

એટલે ખરી રીતે તો મનુષ્ય ભવને સફલ કરવા માટે સર્વવિરતિ અંગીકાર કરવી એ મુખ્ય રસ્તો છે, પરંતુ વિવેકી શ્રાવક એવું વિચારે કે- કોઈક તેવા ગાઢ મોહનીય કર્મના ઉદયના અંગે હું સંસારની આસક્તિથી ઘેરાયેલો છું, અને સર્વવિરતિ

લેવાને માટે શક્તિમાન થઇ શકતો નથી. તો તે મોહનીયના આવરણને ખસેડવા જિન-શાસનની પ્રભાવના-અનુમોદના રૂપે તીર્થયાત્રા આદિ કાર્યો યથાશક્તિ ભવ્ય રીતે કરવા ઘટે.

## સંઘપતિ થનારા સર્વવિરતિધરને શાથી વંદન પૂજન કરે છે?

યાદ રાખવું કે સમ્યગ્દષ્ટિને કે દેશ વિરતિને સર્વ-વિરતિ લેવાની દરેક ક્ષણે ભાવના હોવી જ જોઇએ.

જો સર્વવિરતિ લેવાની ભાવના જે આત્મામાં ન હોય તો તે આત્મામાં સમ્યગ્દર્શન છે, એમ માનવાની પણ શાસ્ત્રકારો ના પાડે છે, વર્તમાન કાલમાં કેટલાક મઠ-ધારી, ચારિત્રથી ચૂકેલાઓ, નિર્મમત્વના બણગાં ફુંકી ચારિત્રથી ચૂકેલાઓને વિચારક કોટિમાં મૂકી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાનના ભંડાર ઠરાવવા માગે છે.

પણ તેઓએ ધ્યાન રાખવું જોઇએ કે પોતે જ દૃષ્ટાંત તરીકે જણાવેલા કૃષ્ણ મહારાજ અને શ્રેણિક મહારાજ તથા વિચારક અને ક્રિયાવાદી તરીકે ગણાયેલા આનંદાદિ શ્રાવકો જિનેશ્વર મહારાજના શાસ્ત્રોમાં કહેલી મહાવ્રતાદિક ક્રિયાઓને એક રૂંવાટે પણ નિરર્થક ધારતા નહોતા.

ધ્યાન રાખવું કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વને ધારણ કરનારા એવા પંચ-મહાવ્રતધારી સાધુમહાત્માઓને ક્ષાયિક જેવા ઉંચામાં ઉંચા સમ્યક્ત્વને ધારણ કરનારા એટલે મઠધારીની કલ્પના પ્રમાણે વિચારકની ઉંચામાં ઉંચી કોટિએ ગયેલા છતાં પણ નમસ્કાર કરતા હતા, અને પોતાની સર્વવિરતિ લેવાની અ-શક્તિ સંસારની આસક્તિના કારણે છે, એમ સ્પષ્ટપણે તીર્થંકર મહારાજની પર્ષદામાં એકરાર કરવાપૂર્વક જણાવતા હતા.

આ વાતને સમજવા માટે આવશ્યકની ચૂર્ણિના પાઠો અને શ્રી ઉપાસક દશાંગના મૂલ સૂત્રો જોવાની તકલીફ ઉઠાવવી.

## સંઘપતિનું આદર્શ માનસ.

ચાલુ અધિકારને અંગે સંઘપતિ થનારો મનુષ્ય સર્વવિરતિને મોક્ષની સીડી માનનાર હોવા છતાં પોતાની આકાંક્ષાને લીધે અશક્તિ જાણી સર્વવિરતિને ધારણ કરનારાઓ તરફ ઘણી જ ઉંચી દૃષ્ટિથી જોનારો હોય છે, તેથી સંઘાચારભાષ્ય વિગેરેમાં જણાવેલા ધન વિગેરે સંઘપતિઓ તીર્થયાત્રા કરવા જતાં માર્ગમાં જ્યાં જ્યાં સર્વવિરતિ–ધર્મના દર્શનનો લાભ મળે ત્યાં ત્યાં તેમના દર્શનનો લાભ લેવાને ચૂકતા ન હતા, એમ જે જણાવાયેલું છે તે ખરેખર વ્યાજબી જ છે.

વર્તમાનમાં પણ સંઘપતિ તરીકે જાહેર થયેલા ભવ્યાત્માઓ જ્યાં જ્યાં સર્વવિરતિધરોનો યોગ મળે છે, ત્યાં ત્યાં સર્વ-વિરતિધરોના દર્શનથી પોતાના આત્માને અને સહગામી યાત્રિકોના આત્માને પવિત્ર કરવાનું ચુકતા જ નથી, અનુકુલ સંજોગો હોય છે તો સંઘપતિ તેવે સ્થાને ‘જય વીયરાય’માં જણાવેલા ‘तव्वयणसेवणा’ના વાકયને સફળ કરવા માટે તેવા ગીતાર્થ સર્વ વિરતિધરોની દેશનાનો લાભ લેવા અને લેવડાવવામાં ખામી રાખતા નથી.

આ સર્વ હકીકતથી સંઘપતિ થનારનું માનસ કેટલું બધું ઉચ્ચ અને પવિત્ર હોય છે? તે વિચારકોને સમજવું મુશ્કેલ નથી.

## સંઘપતિની ઉદાત્ત વિચારણા.

આ રીતે સંઘપતિ થનાર પુણ્યશાળી,જ્યારે પોતાના આત્માને સર્વવિરતિ રૂપ મહાલાભથી ચૂકેલ ગણે છે, ત્યારે જ તે વિચારે છે કે આ સંસારમાં રઝળતાં કો'ક લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે

વ્યાપારમાં જે અનુકૂલતા થઈ અને મને જે ઋદ્ધિની પ્રાપ્તિ થઈ તેનું ફલ શું ? કેમકે જો આ ઋદ્ધિ કે જે બાહ્ય, અનિત્ય અને પુણ્યથી મળવાવાળી છે, તેવી ઋદ્ધિથી અન્તરંગ, નિત્ય-સ્વરૂપ, અને આત્માને ભવોદધિથી પાર ઉતારનારો એવો ધર્મ મેળવી લઈશ તો તે ઋદ્ધિનું સાચું ફલ છે.

સામાન્ય રીતે નદીના ઘાટ ઉપર બેઠેલો કુતરો તરસ્યાને પાણી પીવા ન દે અને તે પાણી અન્તે સમુદ્રમાં જઈ ખારૂં થઇ જાય. તે વખતે તે કુતરાની દુષ્ટતા જ આપણા ધ્યાનમાં આવે, તેવી રીતે હું પણ જે આ ધનને મેળવી શકયો છું, તે ધન આગલા ભવે તો લઇ જવાનો જ નથી, પાંચ-પચીસ હજાર કે પાંચ-પચીસ લાખ પણ! વધારે હશે કે ઓછા! તો તે બધું મ્હેલીને જ મ્હારે ચાલ્યા જવું છે! તો જે ઋદ્ધિની સાથે ભવિષ્યમાં સર્વથા વિયોગ થવાનો છે, તેવી ઋદ્ધિની સફલતા તીર્થયાત્રાદિ દ્વારા કેમ ન કરવી ?

## સંપત્તિના સદુપયોગની વિચારણા.

નાશવંત અને અવશ્ય છોડવી પડે એવી લાભાન્તરાયના ક્ષયોપશમથી મળેલી ઋદ્ધિનો ઉપયોગ આત્મામાં જ રહેનારા કોઈ દિવસ નાશ નહિ પામનારા અને ઠેઠ મોક્ષની પ્રાપ્તિ સુધીના કાર્યોમાં મદદ કરનારા એવા ધર્મને મેળવવામાં મારાથી પાછી પાની થાય જ નહિં.

સત્ય રીતિએ જોઉં તો મને મળેલી ઋદ્ધિમાંથી જેટલાથી હું સત્કાર્ય કરી શકું તેટલી જ ઋદ્ધિ મારા ઉપયોગની ગણાય. રાજાના રાજ્યમાં કરોડો મણ અનાજ હોય, કરોડો મણ લુગડાં હોય અને હજારો જોજન જેટલી જમીન હોય, છતાં પણ તે રાજાને ઉપભોગ લાયક તો કેવલ શેર અનાજ, એક જોડી લુગડાં અને સાડી ત્રણ હાથમાત્ર જમીન છે, તેવી રીતે મને મ્હાય

જેટલી ઋદ્ધિ મળી હોય, પરંતુ જેટલી ઋદ્ધિનો ઉપયોગ હું તીર્થયાત્રા અને સંઘભક્તિ કરી સત્પાત્રમાં ખરચી શકું, તેટલી જ ઋદ્ધિ માત્ર મારા ઉપભોગની છે.

સત્પાત્રનો વિનિયોગ કરતાં બચેલી ઋદ્ધિનો ઉપયોગ સ્ત્રીઓ પીયર દ્વારા કેવી રીતનો કરશે? અગર મ્હારા પુત્રો સ્ત્રીમુખ-પણારૂપી કલિયુગના લક્ષણમાં દાખલ થઇ કેવી રીતે કરશે? અગર સટ્ટાની ઉંધી સીડીમાં સરકી પડી કેવી વ્યવસ્થા કરશે? તેનો કોઈપણ નિશ્ચય કે ભરોસો હોઈ શકે નહિ.

માટે મને લાભાન્તરાયના ક્ષયોપશમથી જે ઋદ્ધિ મળેલી છે તેનો સદુપયોગ કરવાનો આ વખત ખરેખર સંઘયાત્રા અને તીર્થભક્તિ દ્વારા મળ્યો છે. તે સાચવવો જ વ્યાજબી છે. એવી ભાવનાની શ્રેણીએ ચઢેલો મનુષ્ય વાસ્તવિક રીતિએ પોતાની ઋદ્ધિનો સદુપયોગ કરવા માટે સંઘપતિ બનવા તૈયાર થાય છે.

## સંસારની વિચિત્રતા.

આ ચાર ગતિનો સંસાર એક સમુદ્ર જેવો છે, અને તે ચારે ગતિરૂપ સંસારમાં અનાદિ કાળથી આ જીવે રખડી-રખડીને અનંતી વખત જન્મ-મરણ કર્યાં છે.

ચૌદ રાજલોકમાં ચોરાશી લાખ જીવાયોનિમાં કે ચારે ગતિમાં કોઇપણ એવું સ્થાન, કુલ કે જાતિ જેવું છે નહિં કે જેની અંદર આ જીવે અનંતી વખત જન્મ-મરણ કર્યા ન હોય? ચૌદ રાજલોકમાં સકલ-આકાશ પ્રદેશને અંગે વિચાર કરીએ તો તેનો એક પણ આકાશ-પ્રદેશ કે વાળનો અગ્રભાગ એવો નહિ મળી શકે કે જેની અંદર આ જીવે અનંતી વખત જન્મ-મરણ ન કર્યાં હોય? અર્થાત્ અનંતા પુદ્ગલ-પરાવર્તો આ જીવે સંસારમાં રખડતાં-રખડતાં કર્યાં છે, પરંતુ દરેક જન્મો અનાદિ-સંસારની રખડપટ્ટીને પોષણ કરનારા જ નિવડયા છે. કેમકે જે

તેમ ન હોય તો આટલો બધો કાળ સંસારમાં રખડવાનું બનત નહિં.

સમુદ્રમાં જે પવન વાય છે, તેની દિશા નિયમિત રહેવા પામે તો કદાચ તેમાં પૂર્વ છેડે ધૂસરૂં અને પશ્ચિમના છેડે સમીલા નાંખી હોય તો પણ કાલક્રમે એકઠાં થવાનો અને સમીલાના યુગનો છિદ્રમાં પ્રવેશ પામવાનો વખત આવે, પરંતુ આ સંસાર ચક્રનો પવન એવો વિચિત્ર છે કે ગ્રૈવેયક સુધી ચઢી ગયેલાને તો કાંઠા તરફ લઇ જવાને માટે પ્રેરક બને પણ ખરો અને ન પણ બને.

ચૌદ પૂર્વ સુધીના શ્રુતજ્ઞાનને ધારણ કરનારા મહાનુભાવો કે જેઓ સંસાર-સમુદ્રથી ભવ્ય જીવોને તરવા માટે યાનપાત્રની ગરજ સારે છે, અને જેઓ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ હોય છે, તેવાઓને પણ સંસાર સમુદ્રનો પવન કોઈક કોઈક વખત એટલી બધી ઉલ્ટી દશામાં લઇ જાય છે કે "ઘર્યું સોનું ધૂલમાં અને બધી મહેનત પાણીમાં" કહેવતની માફક પાછા નિગોદવાસમાં તેને ફેંકી દે છે.

## સંસાર-ચક્રના પવનની પરિસ્થિતિ.

મનઃપર્યવ સરખા અતીન્દ્રિય પદાર્થને દેખાડનારા જબરજસ્ત જ્ઞાનને પામેલા મહાત્માઓને પણ આ પવન એટલો બધો પ્રતિકૂલતા કરનારો થાય છે કે તે મહાત્માઓને પણ નિગોદાવાસમાં જવું પડે છે. વળી મોહનીય કર્મ કે જે સર્વ કર્મના રાજારૂપ છે, અને જેનું નચાવેલું આખું જગત્ નાચી રહેલું છે, તેવા મોહનીયને બંધ અને ઉદયથી ફેંકી દેનારા અને કેવલજ્ઞાની સર્વજ્ઞ વીતરાગ ભગવાન જેવા પવિત્ર યથાખ્યાત-ચારિત્રને પામેલા મહાપુરૂષોને પણ આ સંસાર-ચક્રનો પવન એવાં ગોથાં મુહપત્તિ અને દાંડા જેવી વસ્તુ દ્વારા ખવડાવે છે કે જેને લીધે તેવા

મહાપુરૂષોને પણ અનંતકાળ સુધી નિગોદમાં વસવાટ કરવો પડે છે.

આટલા બધા વિચિત્ર અને ભયંકર સંસાર-સમુદ્રના પવનના ઝપાટામાં આ જીવ પણ અનંતી વખત આવી ગયો, અનંતી વખત ચઢી-ચઢીને પાછો નિગોદ સ્થાનમાં નિવાસ કરનારો થયો.

## વિવેક-બુદ્ધિનો સદુપયોગ.

માટે પુણ્યવાન્ વિવેકી સતત વિચારે છે કે— હે આત્મા! આ વખતે તને મળેલી સામગ્રી મોક્ષને મેળવવાને લાયકની છે, તો તે પવનના ઝપાટામાં ન તણાઈ જાય, એની ખરેખર સાવચેતી કરવાની જરૂર છે.

જેમ પવનનો સખતમાં સખત ઝપાટો મેરુપર્વતની આગળ કંઇ પણ પ્રતિકૂલતા કરી શકતો નથી, તેવી રીતે આ મનુષ્ય ભવની અંદર સતત શુભ યોગે અને ધર્મધ્યાને વર્તવાવાળા મહાનુભાવને આ સંસાર-સમુદ્રનું પવનચક્ર કોઇપણ પ્રકારે સપડાવી શકે તેમ નથી, માટે આ આત્મા એ સતત શુભ યોગમાં અને ધર્મધ્યાનમાં ચાતુરંગ-ચક્રને હાથમાં લઈને વર્તવાની જરૂર છે.

## કઇ ગતિનું પંચેન્દ્રિયપણું ઉત્તમોત્તમ?

આ જીવને નારકીની ગતિમાં પંચેન્દ્રિયપણું અનંતી વાર મળેલું છે, પરંતુ તે પંચેન્દ્રિયપણામાં આંખ મીંચી શકાય એટલી વખત પણ શાંતિ હતી નહિં. તો પછી તેવા વખતે સતત શુભ-યોગ અને ધર્મધ્યાનનું ચક્ર પ્રવર્તાવવાનું બને જ કેમ? એટલે મોક્ષની સાધ્ય-દૃષ્ટિની અપેક્ષાએ નારકીપણામાં મળેલું અનંતી વખતનું પંચેન્દ્રિયપણું ક્લેશરૂપી ફળ દેવામાં જ ગયું છે, પરંતુ કોઇપણ અંશે ઉપયોગી થયું નથી.

તેવી જ રીતે તિર્યંચ ગતિમાં પણ અનંતી વખત પંચે-

ન્દ્રિયપણું પ્રાપ્ત થયું, પરંતુ તે તિર્યંચપણાની દશા એવી વિચિત્ર હતી કે જે દશા અને ભાષામાં અને જે સ્થિતિમાં ધર્મની પ્રવૃત્તિ હોય તે દશા વગેરે તેને સ્વપ્ને પણ મળે નહિ. ધર્મ-સ્થાનોની જ્યાં પ્રવૃત્તિ હોય એવા ક્ષેત્રોમાં જો તે તિર્યંચ હોય તો તે કાં તો પરાધીનતામાં જકડાયેલો હોય, કાં તો વ્યવહાર બહાર હોય, અને જ્યાં ધર્મની પ્રવૃત્તિ કે રીતિ-ભાતિ હોય નહિ તેવી જગોપર જ્યારે તિર્યંચની દશામાં પંચેન્દ્રિયપણું મળ્યું હોય ત્યારે તેમાં કેવલ દુર્ગતિનાં કર્મો બાંધવા સિવાય બીજો કોઇ પ્રયત્ન જ ન હોય, તત્ત્વથી તિર્યંચની ગતિમાં મળેલું પંચેન્દ્રિયપણું પણ મોક્ષની સાધ્ય-દૃષ્ટિની અપેક્ષાએ કેવલ ક્લેશ-રૂપી ફલને દેવાવાળું અને દુર્ગતિને દેવાવાળું થઇને નિષ્ફળ જ થાય છે.

## દેવગતિ દુર્લભ કેમ નહીં ?

જો કે દેવગતિમાં નથી તો નારકી જેવાં દુઃખો, નથી તો તિર્યંચ ગતિ જેવી પરાધીનતા, તેમ જ નથી તો દુર્ગતિમાં જવાના કર્મોનાં ઉપાર્જન! એ બધું નહિં છતાં પણ દેવ ગતિમાં મળેલું પંચેન્દ્રિયપણું આત્માની સાધ્ય-દૃષ્ટિએ તો એક અંશને પણ વધારનારૂં થતું નથી, એટલું જ નહિ, પરંતુ પલ્યોપમ અને સાગરોપમ સુધીનું લાંબું જીવન છતાં પણ મનુષ્યના સો વર્ષના જીવનથી સધાય તે વાત તો શું ? પરંતુ માત્ર નવ વર્ષથી મનુષ્યના જીવનમાં જે સાધ્ય-દૃષ્ટિની સિદ્ધિ કરી શકાય છે તેનો અનંતમો અંશ પણ તે દેવગતિના લાંબા જીવનથી સધાતો નથી.

જો કે નારકી, તિર્યંચ કે દેવતાની ગતિમાં રખડતા આત્માને સ્વરૂપે તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની હયાતી હોય જ છે, પરંતુ જેમ બીજમાં વૃક્ષને ઉત્પન્ન કરવાની તાકાત યોગ્ય પૃથ્વી પાણી હવા અને ગરમી સિવાય સફલ થતી નથી, તેવી રીતે આત્મામાં સ્વરૂપે રહેલા સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર, દાન,

શીલ, તપ અને ભાવરૂપી ચોકમાં દાખલ થયા શિવાય પોતાનું કાર્ય કરનારા થતા નથી, અને દેવ આદિ ગતિઓમાં તો એ દાનાદિના ચોકમાં આવવાનું કોઇથી બન્યું નથી, બનતું નથી, બનશે પણ નહિ.

## મનુષ્ય ભવની મહત્તા કેમ ?

તે દાન, શીલ. તપ અને ભાવરૂપી ચોકમાં દાખલ થઇને આત્માના સમ્યગ્દર્શનાદિ ધર્મોને વિકસ્વર કરી મોક્ષ ફલને મેળવવાને જો કોઈપણ ભાગ્યશાળી થયું હોય થતું હોય, કે થાય તો તે કેવલ આર્ય-ક્ષેત્રમાં ઉપજેલા મનુષ્યનું પંચેન્દ્રિયપણું છે,

આવા ઉત્તમોત્તમ અને જે મનુષ્ય પંચેન્દ્રિયપણું ઔદયિક છતાં શાસ્ત્રકારોએ 'चत्तारि परमंगाणि' ઇત્યાદિ કહેતાં તથા 'दुलहे खलु माणुसे भवे' વિગેરે કહેતાં જે વખાણ્યું છે, તે તેના ઔદયિકપણાને લીધે નહિ, પરંતુ તે મનુષ્ય-પંચેન્દ્રિયપણામાં દાનાદિક ચોકમાં દાખલ થઇ મોક્ષરૂપ સાધ્યની સિદ્ધિ થાય છે તેને અંગે જ છે.

આવું મોક્ષની નીસરણીરૂપ અને દાનાદિક ચોકમાં દાખલ કરનારૂં એવું મનુષ્ય-પંચેન્દ્રિયપણું મને પ્રાપ્ત થયું છે. તો પછી આવા મનુષ્ય-પંચેન્દ્રિયપણામાં પ્રમાદ કરૂં અને દાનાદિક ચોકમાં દાખલ ન થાઉં અને સાધ્યની સિદ્ધિ કરવા તરફ પ્રયત્નશીલ ન થાઉં, તો હીરાની કિંમતને જાણનારો ઝવેરી માત્ર થોડા રૂપીયા બદલે હીરો ખોવે તેના જેવો મૂર્ખ જ ગણાઉં. માટે આ મનુષ્ય જીવનમાં દાનાદિક ચોકમાં મારે જરૂર દાખલ થવું જોઈએ. અને તે ચોકમાં લાગલાગટ સતત પ્રવાસરૂપે દાખલ થવાનું તીર્થયાત્રા દ્વારા બનશે.

## લાભાન્તરાયના ક્ષયોપશમે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો સદુપયોગ શામાં ?

બીજી બાજુ વિચાર કરીએ તો મનુષ્ય માત્ર વ્યવહારમાં

પ્રવર્તે છે, પરંતુ તે વ્યવહારનું ફલ સાધારણ રીતે જે લક્ષ્મીની પ્રાપ્તિ ગણાય છે, તે લક્ષ્મીની પ્રાપ્તિનું ફલ જો હું ગ્રહણ ન કરૂં તો લાભાન્તરાયના ક્ષયોપશમની પવિત્રતાથી થયેલી લક્ષ્મીની પ્રાપ્તિ મારા આત્માને માટે તો નિષ્ફળ જ ગઇ.

જો લાભાન્તરાયના ક્ષયોપશમથી મળેલી લક્ષ્મીથી આત્માના સમ્યગ્દર્શનાદિકને ઉજ્જવલ કરનાર દાનાદિક-ચતુષ્કની પ્રવૃત્તિ ન કરૂં અને તે લક્ષ્મીને ભવાંતરે જતાં હું છોડી તો જવાનો જ છું એટલે ફળેલો આંબો મફત રેડાઇ ગયો, એમ જ સમજવું જોઇએ. પુત્રાદિકને આપેલી લક્ષ્મી તેઓના અંતરાય કર્મના ક્ષયોપશમને આધીનપણે જ ટકવાની છે, બાપની કરોડોની મેળવનારા પણ ભીખ માગતા નજરે પડે છે. અને બાપ તરફથી વારસામાં ભીખ માંગવાનું લેનારા છતાં પણ ક્રોડ પતિની દશાને પામેલા નજરે પડે છે, માટે સંતાનોને માટે મારી આ લક્ષ્મી છે, એવી ધારણા કરવી, તે કેવલ મૂર્ખતા સિવાય બીજું કાંઈ જ નથી.

વળી જે લક્ષ્મીનો ઉપયોગ દાનાદિક સન્માર્ગે થાય તે જ લક્ષ્મી તે લક્ષ્મી છે, પરંતુ જે લક્ષ્મીનો ઉપયોગ વિષય-કષાયની પુષ્ટિ માટે, આરંભ-પરિગ્રહની વૃદ્ધિ માટે, અને કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગની વૃદ્ધિને માટે થાય, તે લક્ષ્મી ખરેખર લક્ષ્મી નથી. પણ અલક્ષ્મી છે, કારણ કે તે વિષય-કષાયાદિકને અંગે ખર્ચાયેલી લક્ષ્મી એક તો અક્ષયપણે રહે નહિ, અને ભવાંતરમાં દરિદ્રતા અને દુર્ગતિના દુઃખોને લાવનારી થાય, તો તેને અલક્ષ્મી ન કહેવી તો પછી બીજું કહેવું શું ?

## બીજી રીતે ચાર પ્રકારના જીવોની દશા.

સંસારમાં જીવો ચાર પ્રકારના હોય છે. કેટલાક પાપાનુબંધીવાળા, કેટલાક પાપાનુબંધીપુણ્યવાળા, કેટલાક પુણ્યાનુબંધીપાપવાળા અને કેટલાક પુણ્યાનુબંધીપુણ્યવાળા.

તેમાં જેઓ પાપાનુબંધીપાપવાળા હોય છે, તેઓ લાભાન્તરાયના ક્ષયોપશમથી લક્ષ્મીને પામવાવાળા હોતા નથી, તેમ જ લક્ષ્મીના લોભના પ્રવાહમાં એવા તણાયેલા રહે છે કે જેથી અનેક પ્રકારનાં પાપોનો બંધ તેઓ કરે છે, અને તેને જ લીધે તેઓ પાપાનુબંધી પાપવાળા કહેવાય છે.

વળી કેટલાક જીવો લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે લક્ષ્મીને પ્રાપ્ત કરનારા થઈ પુણ્યશાળી ગણાય છે, પરંતુ તેઓ પોતાની લક્ષ્મી વિષય-કષાય, આરંભ-પરિગ્રહ અને કામરાગાદિના પોષણમાં વાપરી એવા પાપનો બંધ કરે છે કે જે પાપને લીધે તેઓને નરક-તિર્યંચ આદિ દુર્ગતિમાં રખડવું પડે છે, એટલે એમ કહીએ તો ચાલે કે પાપાનુબંધીપુણ્યવાળો જીવ કસાઇની બકરીએ જમીનમાંથી છરી બહાર કહાઢી પોતાનો વધ પોતાના હાથે જલ્દી માગી લીધો, તેમ પાપાનુબંધીપુણ્યવાળાની દશા થાય છે.

કેટલાક જીવો લાભાન્તરાયનો ક્ષય નહિં થયેલો હોવાથી લક્ષ્મી આદિને પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ તે જીવો એટલા બધા સારી પરિણુતિના હોય છે કે જે પરિણુતિથી તેઓ અન્ય ભવ્ય જીવોએ કરાતા ધર્મના મૂર્તિ, મંદિર, પ્રતિષ્ઠા, ઓચ્છવ, ઉજમણાં, ઉપધાન, તીર્થયાત્રા, તીર્થોદ્ધાર, સાધર્મિક-વાત્સલ્ય વિગેરે કાર્યો કરાતાં દેખીને રૂંવાડે-રૂંવાડે ઉલ્લસીને તેની અનુમોદના કરે છે.

બીજાએ કરાતાં ધાર્મિક કાર્યોને અનુમોદવાની પણ જે દરિદ્રોની હાલત ન હોય તે દરિદ્રો તો પાપાનુબંધીવાળા છે. પરંતુ પુણ્યાનુબંધીપાપવાળાની દશા એવી નથી હોતી કે તેઓ પોતાને લક્ષ્મી નહિં મળેલી હોવાથી ધનના ખર્ચવાથી થતા કાર્યો ન કરી શકે, તો પણ ભાગ્યશાળી જીવો જે જે ધનનો વ્યય કરી ઉપર જણાવેલાં મૂર્તિ-મંદિર આદિ સત્કાર્યો કરાવે

તે દેખીને દરેક કાર્યની ઉપયોગિતા જોતો છતો તે કરનારની ત્રિવિધ-ત્રિવિધ પ્રશંસા તો જરૂર કરે.

## અનુમોદનાની મહત્તા.

જૈન-જનતામાં એ વાત તો જાણીતી છે કે કેટલીક વખત તો કરનાર, કરાવનાર અને અનુમોદનારા એ ત્રણે જણ વર્તમાન કાલની ભૂમિકામાં ઉત્તમ, મધ્યમ અને અધમ હોય, છતાં ભવાંતરની અપેક્ષાએ બલભદ્ર, સુથાર અને મૃગના દૃષ્ટાંતે સરખા-ફલને પામનાર થાય છે, તેવી રીતે કેટલીક વખત ધનના ખર્ચથી ભાગ્યશાળીઓ મૂર્તિ અને મંદિરાદિકના જે સત્કાર્યો કરે છે અને જે લાભ મેળવે છે, તે લાભ પાપના ઉદયે લક્ષ્મી નહિં મળેલી છતાં પણ મૂર્તિ-મંદિરાદિના સત્કાર્યોને અનુમોદનારો મેળવી શકે છે.

આ વાત જ્યારે ધ્યાનમાં રાખીએ ત્યારે तादृशी जायते बुद्धिर्यादृशी भवितव्यता એ નીતિ-વાક્ય ખરેખર સ્મરણમાં આવે છે, અર્થાત્ જે દરિદ્રો અનુમોદવાની બુદ્ધિને ધારણ કરનારા નથી, પરંતુ વિરોધની બુદ્ધિને ધારણ કરનારા હોઈ મૂર્તિ-મંદિર વગેરે ધર્મકાર્યો અને તેને કરાવનારાઓની હેલના કરે છે, તેઓની ભવિતવ્યતા ખરેખર ભૂંડામાં ભૂંડી છે કે જેથી તેઓની બુદ્ધિ આવી વિપરીત છે, પણ પુણ્યાનુબંધીવાળાઓને તેવી બુદ્ધિ કદાપિ થતી નથી, તેઓની બુદ્ધિ તો ઉપર જણાવ્યા પ્રમાણે ધાર્મિક કાર્યો અને તેને કરનારાઓની અહર્નિશ પ્રશંસાની હોય છે.

## ધર્મનો રસ્તો કયો ?

શાસ્ત્રકારોએ ધર્મના રસ્તામાં મુખ્ય રસ્તો સુકૃતની અનુમોદનાનો બતાવ્યો છે, અને જે મનુષ્ય મૂર્તિ-મંદિર આદિ ધનના ખર્ચથી બનવાવાળા કાર્યોને સુકૃત ગણે તો પછી તે મનુષ્ય અંશે પણ માણસાઈ ધરાવતો હોય તો પોતાની વિવેક

બુદ્ધિનો ઉપયોગ કરી તે સત્કાર્યોની અનુમોદના કર્યા સિવાય તો રહે જ કેમ ?

ઉપર જણાવેલા ત્રણ પ્રકારના પુરૂષો કરતાં ચોથી જાતના પુરૂષો જુદા સ્વરૂપવાળા હોય છે.

તેઓ પુણ્યાનુબંધીવાળા હોવાથી લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે મળેલી લક્ષ્મીનો શાસ્ત્રકારોએ જણાવેલા વીતરાગ-જ્ઞાન અને સંઘરૂપી સાત ક્ષેત્રોમાં વ્યય કરનારા હોઇ પુણ્યનો અઢળક ખજાનો ભરનારા હોય છે, તેથી તે જીવો પુણ્યાનુબંધીવાળા કહેવાય છે, અર્થાત્ લાભાન્તરાયના ક્ષયોપશમને લીધે મળેલી લક્ષ્મીનો સાત ક્ષેત્રોમાં વ્યય કરી મૂર્તિ-પ્રતિષ્ઠા આદિ દ્વારા પુણ્યનો ખજાનો ભરવાનું કામ એ પુણ્યાનુબંધીપુણ્યવાળા ભાગ્યશાળી જીવો કરી શકે છે.

આવી રીતે સંસારી જીવોના ચાર પ્રકાર વિચારીને યાત્રિકોનો આગેવાન બનનારો મહાપુરૂષ પોતાના આત્માને પુણ્યાનુબંધીપુણ્યવાળા ભાગ્યશાળી જીવોની કોટિમાં દાખલ કરે છે, જ્યારે તે પુણ્યાનુબંધીપુણ્યવાળા જીવો જે ભરત મહારાજા વગેરે થયા, છે તેઓની કોટિમાં દાખલ થાય છે, ત્યારે જ તેને યાત્રિક સમુદાયના આગેવાન થવાનું મન થાય છે.

ઋદ્ધિના પણ ત્રણ પ્રકાર.

વળી જગત્માં જો કે લાભાન્તરાયના ક્ષયોપશમથી ઋદ્ધિ મળે છે, તો પણ તે ઋદ્ધિ ત્રણ પ્રકારની ભોગ-પુણ્ય અને પાપ-રૂપ પરિણામને નિપજાવનારી હોઇને ભોગઋદ્ધિ, પુણ્યઋદ્ધિ અને પાપઋદ્ધિ એવી રીતે ત્રણ પ્રકારની બને છે.

તેમાં ચારે ગતિના સર્વ દેવતાઓની ઋદ્ધિ કેવલ ભોગઋદ્ધિ જ હોય છે, કેમકે તેઓને જેમ સુપાત્ર દાનાદિક કરીને પુણ્ય-

ઋદ્ધિપણું પ્રકાશિત કરવાનો વખત હોતો નથી, તેવી જ રીતે તેની ઋદ્ધિથી મહારંભાદિક કાર્યો ન પ્રવર્ત્તતા હોવાથી તે દેવતાઈ ઋદ્ધિને પાપઋદ્ધિ તરીકે પણ પ્રકાશિત થવાનું હોતું નથી, એટલે તે ચારે જાતિના સર્વ-દેવતાઓની ઋદ્ધિને કેવલ ભોગઋદ્ધિપણામાં જ રહેવાનું થાય છે, અને આ કારણથી દેવતાપણાના અનંતા ભવોમાં પણ ઋદ્ધિની સફલતા થઈ શકી નહિ એમ કહેવાય છે.

જો કે દેવતાઓ પોતાની ઋદ્ધિથી જે ભોગવિલાસો કરે તેને પોતાની ઋદ્ધિનું ફલ માને છે, પરંતુ ફલનું સ્વરૂપ ત્યારે ગણાય કે જ્યારે ઋદ્ધિ ઉપયોગમાં આવવા સાથે નવી ઋદ્ધિ પામવાનું કારણ બની શકે, પણ તેમ નિયમિત તેઓને થતું નથી.

## કઇ ગતિમાં ફલથી વિશેષ તે ફલની પ્રાપ્તિ થાય?

જગતમાં બહુધા ફલોની સ્થિતિ એવી છે કે જે ઉપભોગમાં પણ આવે, અને તેનો શેષ ભાગ નવા વૃક્ષનું કારણ બને. જેમ આમ્રફલ! તેનો રસ ખાવાના ઉપયોગમાં આવે છે અને તે જ આંબાનો ગોટલો નવા આમ્ર-વૃક્ષનું કારણ બને છે, તેવી રીતે દેવતાઇ ઋદ્ધિ નવા પુણ્યનું અને નવી ઋદ્ધિનું કારણ બની શકતી નથી.

જૈન જનતા સારી રીતે જાણે છે કે દેવતા મરીને પુનઃ દેવતા થતો જ નથી, એટલું જ નહિં, પરંતુ દેવતાઓની ઘણી સંખ્યા તો તે ઋદ્ધિના ભોગ-વિલાસની તીવ્રતાને લીધે એવી અધમદશા ભવાંતરમાં પામે છે કે તેઓ પોતાના જ આભૂષણમાં દેવતાપણું છોડીને એકેન્દ્રિયપણામાં ઉત્પન્ન થાય છે, પોતાની વાવડીઓમાં જલપણે ઉત્પન્ન થાય છે કે કમલપણે ઉત્પન્ન થાય છે.

ભોગઋદ્ધિની આવી એકેન્દ્રિયપણાની મેળવી આપનારી દશાને વિચારનારો સુજ્ઞ યાત્રિક-સમુદાયનો નેતા પોતાની ઋદ્ધિને એક

પણ અંશે ભોગવિલાસની સામગ્રીમાં ઉપયોગી કરી ભોગઋદ્ધિ બનાવવા માગતો નથી.

## સંઘપતિની ભોગઋદ્ધિની વિશેષતા.

જો કે યાત્રિક ગણનો નેતા પોતાની સ્થિતિના પ્રમાણમાં ભોગવિલાસથી રહિત હોતો નથી, પરંતુ યાત્રિકગણનો નેતા તે અવસ્થાએ જે ભોગવિલાસની સ્થિતિમાં રહે છે અગર દબદબા ભરી રીતે પ્રવર્તે છે તે પોતાની ઇન્દ્રિય-આસક્તિને લીધે નહિં, પરંતુ ધર્મહીલના ન થાય અને ધર્મ તરફ અનેક લોકો પ્રવૃત્તિવાળા થાય તેને માટે જ હોય છે, યાત્રિકગણનો નેતા તે ભોગોને પોતાની ઋદ્ધિના ફલ તરીકે ગણનારો હોતો નથી, પરંતુ જે કંઇ પણ ધર્મની પ્રવૃત્તિ, ધર્મની વૃદ્ધિ કે અન્ય જીવોમાં બોધિબીજનું શાસનપ્રશંસા દ્વારા આરોપણ થાય, તેને જ પોતાની ઋદ્ધિનું ફલ ગણે.

અર્થાત્ ચાર ગતિના દેવતાઓને અને અવિરતિ મિથ્યાદૃષ્ટિ ચક્રવર્તી વાસુદેવ અને રાજા-મહારાજાઓને મળેલી ઋદ્ધિ તે ભોગ-ઋદ્ધિ હોય છે, તેવી જ રીતે પૂર્વ-ભવમાં કરેલા સુપાત્રદાનો મુનિ વૈયાવચ્ચ-તીર્થોદ્ધાર-સંઘયાત્રા વિગેરે પવિત્રતમ કાર્યો કરવાથી જે ભરત મહારાજા વગેરે ચક્રવર્તીઓ અને આદિત્યયશા વિગેરે મહારાજાઓને મળેલી ઋદ્ધિ ત્યાગ દ્વારા થયેલ લાભાન્તરાયના ક્ષયોપશથી થયેલી હોય છે, તેથી તે ઋદ્ધિ સામાન્યપણે ઉપભોગમાં આવે છે, પરંતુ તેનું મુખ્ય ફલ તો તીર્થઉદ્ધાર અને સંઘયાત્રાદિ કાર્યો કરવા દ્વારા એ પુણ્ય ઉપાર્જન કરવામાં જ થાય છે અને તેથી જ તેવા ભાગ્યશાળીની ઋદ્ધિઓને પુણ્ય-ઋદ્ધિ તરીકે શાસ્ત્રકારો ગણે છે.

## પરિગ્રહ સંબંધી કિંચિત્ વિવેચન.

સામાન્ય રીતેએ જગતમાં અને જૈન-શાસ્ત્રના કથન પ્રમાણે

પણ પરિગ્રહ એ પાપસ્થાન છે, એટલું જ નહિ, પરંતુ દુર્ગતિમાં પાડવા માટે પરિગ્રહ ગળે બાંધેલી પત્થરની શિલા સમાન છે, પરંતુ દયા, વૈરાગ્ય અને વિશુદ્ધ શીલવૃત્તિ દ્વારા એ મળેલો પરિગ્રહ સ્વરૂપે પૂર્વે જણાવ્યા પ્રમાણે અધમતાવાળો છે, છતાં પણ શાસ્ત્ર જો તે પરિગ્રહરૂપ ઋદ્ધિને અ-પાતિની એટલે નહિં પડવાવાળી ઋદ્ધિ ગણવા સાથે ઉદય કરનારી ઋદ્ધિ ગણે છે. અને તેથી જ તેવી ઋદ્ધિને પુણ્યઋદ્ધિ તરીકે ગણવામાં આવે છે.

અર્થાત્ જે ભાગ્યશાળીની ઋદ્ધિને પુણ્યઋદ્ધિપણામાં પ્રકાશિત થવાનું હોય છે તે જ ભાગ્યશાળીને યાત્રિકગણના નેતા થવાનું મન થાય છે, અને પોતાની ઋદ્ધિનો વ્યય યાત્રિકગણરૂપી સાધર્મિકની ભક્તિ વિગેરેમાં રૂપે ઉપયોગ કરવાનું બને છે.

યાદ રાખવું કે વ્યાપાર-વણજ છોડીને, ઘરના કામકાજ મૂકીને, લાંબી મુદતને માટે નિવૃત્ત થઈને યાત્રાને માટે નીકળેલો વર્ગ કોઇપણ પ્રકારે સાધર્મિકની પંક્તિમાં ઉંચામાં ઉંચી સ્થિતિએ ગયા શિવાય રહેતો નથી.

## અજ્ઞાનીઓના કુતર્કો.

કેટલાક અજ્ઞાની ધર્મના કાર્યની સામે પ્રોપેગેન્ડા કરનારા, માત્ર પેટપૂજામાં જ મસ્ત બનેલા, ધર્મને ધતીંગ તરીકે પોકારનારા, દેવ-ગુરૂ અને ધર્મનું હડહડતું જુઠું અપમાન કરનારા હોવા સાથે શ્રદ્ધારહિત થયેલાઓ પોતાના વર્ગને પોષતા સાધર્મિકોનું વાત્સલ્ય ગણાવી પોષવા તૈયાર થાય છે અને પોતાની સંસ્થાઓને ધર્મની પ્રતિકૂલતામાં જ દિનપ્રતિદિન આગળ ધપાવતાં સાધર્મિક-વાત્સલ્ય જેવા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પવિત્ર શબ્દોનો દુરૂપયોગ કરે છે, પરંતુ અત્ર યાત્રિકગણના નેતા બનનારને તો સાચે-સાચા ધર્મની શ્રદ્ધાવાળા, પ્રવૃત્તિવાળા અને તેની જ લાગણીવાળા, દેવ, ગુરૂ અને ધર્મના બહુમાનવાળા,

જિનેશ્વર-ભગવાનની પૂજા, ગુરૂ-મહારાજની સેવા અને ધર્મની ક્રિયાઓમાં ઉત્તમ રીતિએ વર્તનારા, સાચા સાધર્મિકોનું વાત્સલ્ય કરવાનો વખત ઘણી લાંબી મુદત સુધી મળે છે.

આવું વિચારી ભાગ્યશાળી શ્રાવક પોતાને યાત્રિકગણના નેતા થવાનું પસંદ કરી પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ તરીકે પ્રકાશિત કરે તે સર્વ ધર્મિષ્ઠોને અનુમોદન કરવા યોગ્ય છે, અર્થાત્ યાત્રિકગણના નેતા બનનારની ઋદ્ધિ ખરેખર પુણ્યઋદ્ધિ બને છે.

## પાપઋદ્ધિનું સ્વરૂપ.

પૂર્વે જણાવેલી ભોગઋદ્ધિ અને પુણ્યઋદ્ધિ કરતાં ત્રીજા પ્રકારની ઋદ્ધિ જે કહેવામાં આવે છે તે પાપઋદ્ધિ છે. જો કે સ્વરૂપે તો ભોગઋદ્ધિ અને પાપઋદ્ધિમાં વધારે ભેદ પડે તેવો નથી, કેમકે ભોગના પરિણામમાં પણ પાપનો જ પ્રાદુર્ભાવ છે. અને તેથી ઋદ્ધિના પાપઋદ્ધિ અને પુણ્યઋદ્ધિ એવા બે જ ભેદો પાડીએ તો તે કાંઈ ખોટું નથી, પરંતુ જગત્માં કેટલાક જીવોની ઋદ્ધિ એવી પણ હોય છે કે જે ઋદ્ધિથી મમ્મણ શેઠ આદિકની માફક ભોગની પ્રાપ્તિ પણ ન મેળવી શકાય, અને છતાં પણ દુષ્ટતમ એવી દુર્ગતિના કારણભૂત પાપોને તો મેળવી જ લે. ત્યારે તેવી ઋદ્ધિને ભોગઋદ્ધિથી જુદી પાડી પાપઋદ્ધિ તરીકે ગણવી પડે. માટે ઋદ્ધિના ત્રણ ભેદો કહેવા અને તેમાં છેલ્લો ભેદ પાપઋદ્ધિ તરીકે ગણવો એમાં કંઇ ખોટું નથી.

જેઓને મળેલી ઋદ્ધિ જગત્ની હત્યા માટે જ શંકા શેઠની ઋદ્ધિની માફક ઉપયોગી થાય. જેઓને મળેલી ઋદ્ધિ જુગાર રંડીબાજી અને પરસ્રીગમનમાં જ ઉપયોગી થાય, વળી જગત્માં મનુષ્યોના મોટા સંહારોને કરનારા યુદ્ધોને પ્રવર્ત્તાવનારી થાય, જેઓની ઋદ્ધિ અનેક પ્રકારના ભયંકર શસ્રો અને સંહારક શોધોમાં જ ઉપયોગી થાય, તેવી ઋદ્ધિને અંશે પણ ભોગઋદ્ધિ

કે પુણ્યઋદ્ધિ ન કહી શકાય, પરંતુ તેવી ઋદ્ધિને સર્વથા પાપ-ઋદ્ધિ જ કહેવી પડે.

આવી રીતે ઋદ્ધિના ત્રણ પ્રકાર હોવાથી યાત્રિકગણના નેતા બનનારો મહાપુરૂષ પોતાની ઋદ્ધિ પોતાના હાથે કે સંતાનોના હાથે ભોગઋદ્ધિ કે પાપઋદ્ધિ ન બની જાય તેની પહેલાં પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ બનાવવા તૈયાર થાય છે. અને યાત્રિકગણનો નેતા એટલે જેને સંઘપતિ કહેવાય છે તે બની શકે.

ઉપર જણાવ્યા પ્રમાણે યાત્રિકગણનો નેતા પોતાની ઋદ્ધિનો દાનાદિ ચતુષ્કમાં ઉપયોગ કરવા તૈયાર થાય, પોતાના આત્માને પુણ્યાનુબંધિપુણ્યવાળા જીવોની કોટીમાં દાખલ કરવા તૈયાર થાય અને પોતાની ઋદ્ધિને પુણ્યઋદ્ધિ પણે પ્રકાશિત કરવા તૈયાર થાય તો જ તે યાત્રિકગણનો નેતા બનવાનો વિચાર કરી શકે.

(ચાલુ)

* હૈ...યા...માં....કો...ત...રી...રા....ઓ. *

* રાગાદિ દુશ્મનોની સાચી ઓળખાણ હૈયામાં થઈ ત્યારે કહેવાય, જ્યારે કે શુભ-પ્રકૃતિ પુણ્યના ઉદયે મળનારી ભૌતિક સુખ સામગ્રીની વિપુલતા પણ અંતરને ડંખ્યા કરે!!

* ઘાતી કર્મ અને તેના વિપાકોની ગભરામણ દિલને સ્પર્શે ત્યારે સમ્યક્ત્વની હાજરી થઇ ગણાય.

* જગત આખાને ભૂલી ત્રિલોકનાથ તીર્થંકર પ્રભુની આજ્ઞાને સર્વસ્વ સમર્પણ કરવાની તમન્ના સાચા જૈનના હૈયામાં ઘુમરી ખાતી હોય!

* વિચારની શુદ્ધિની મથામણ આચાર-શુદ્ધિની ભૂમિકાના ઘડતર વિના છાર પર લીંપણ જેવી છે.

પૈસામાં ધર્મ નથી !

પણ

પૈસાના ત્યાગમાં ધર્મ છે !!!

"×××× કેટલાક સ્થૂલ બુદ્ધિવાળાની એવી ધારણા હોય છે કે— પૈસા હોય તો તેથી ધર્મ થાય, પૈસા ન હોય તો ધર્મ શી રીતે થાય ?

પણ ખરેખર સમજવાની જરૂર છે કે— ધર્મનો સંબંધ આંતરિક ભાવ-પરણુતિ સાથે છે. પૈસાની અલ્પતા કે પ્રચુરતા આંતરિક ભાવશુદ્ધિનું નિયામક કારણ નથી.

આંતરિક ભાવશુદ્ધિ તો તે તે વિશિષ્ટ દ્રવ્યાદિની સામગ્રીનો લાભ લેવાની કુશળતા-તત્પરતા પર નિર્ભર છે.

એટલે ધર્મની ઉત્પત્તિ આંતરિક ભાવશુદ્ધિ સાથે સંકળાયેલ છે.

આ વાત જિન શાસનના મર્મને સમજી શકનારા પુણ્યવાનોએ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે !!! ×××"

પૂ૦ આગમોદ્ધારકશ્રીની અમૃતવાણી.

# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૮૦
વિ. સં. ૨૦૩૦
વર્ષ ૯

આગમો. સં. ૨૪
પુસ્તક ૨
વૈશાખ

## બાલાદિજીવોની અપેક્ષાએ ધર્મની ફળમુખી વ્યાખ્યા

# किंरूवे किंफले धम्मे

જગતભરમાં જીવનને ધારણ કરવાવાળા જીવો માંગલિક-સારા પદાર્થોની ચોવીસે કલાક ચાહના કરે છે, પણ સારામાં સારો પદાર્થ કયો છે? તેની ખબર ન હોઇ જગતના જીવો જ્યાં-ત્યાં ભટકે છે, પણ વિશ્વવત્સલ અનંતજ્ઞાની મહર્ષિઓ ફરમાવે છે કે:-

**'સારામાં સારો ઉત્કૃષ્ટ પદાર્થ 'ધર્મ' છે.'**

આ વાત **મનકમુનિ** સરખા આઠ વર્ષના લઘુ મુનિને દશવૈકલિક સૂત્રમાં પ્રારંભે જ '**धम्मो मंगमुलक्किट्ठं**' પદથી સમજાવવામાં આવી છે.

આચાર્ય ભગવાન્ **શ્રીધર્મઘોષસૂરિજીએ** ધનાસાર્થવાહને પણ આ વાત '**धर्मो मंगलमुत्कृष्टं**' એમ કહી જણાવી હતી. અર્થાત્ એક નાના બાળક મુનિને અને એક સમર્થ સાર્થવાહને ઉપદેશ દેવા લાયક સરખી ચીજ હોય તો તે ઉત્કૃષ્ટ મંગળ સ્વરૂપ ધર્મ જ છે.

આવી રીતે બાળજીવને માટે એક પદથી યાદ રાખી શકાય. અગર ગોખી શકાય તેવી રીતે ધર્મનું ઉત્કૃષ્ટ માંગલિકપણું જણાવીને મધ્યમ બુદ્ધિવાળા માટે શ્રીધર્મઘોષસૂરીશ્વરજી જણાવે છે કે :–धर्मः स्वर्गापवर्गदः

એટલે દરેક દીર્ઘદર્શી જીવોએ સુખ અને પરમસુખના ધામ તરીકે માનેલ સ્વર્ગ અને મોક્ષ એ બન્નેને દેનાર પણ ધર્મજ છે.

અહીં એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, તે જગો પર ધર્મપદ આવી ગયેલ હતું, છતાં આ બીજા પદમાં પણ ધર્મ પદ મુકેલ છે, તેથી સ્પષ્ટ થાય છે કે:– બંને પદના બંને વાક્યો જુદાં છે, અને તેથી તે જુદા જુદા અધિકારીને ઉદ્દેશીને કહેવાતા ઉપદેશ માટે જરૂરી લાગે.

કોઈ પણ જીવ પુણ્ય રૂપ ધર્મની તીવ્રતા સિવાય સ્વર્ગને પ્રાપ્ત કરી શકતો નથી, અને નિર્જરા–ધર્મની પરમ–પ્રકર્ષવાળી દશા પ્રાપ્ત થયા વિના, અવ્યાબાધ–સુખમય મોક્ષને મેળવી શકતો નથી, માટે સત્ય જ કહ્યું છે કે સ્વર્ગ અને **મોક્ષને દેનાર ધર્મજ છે.**

આવી રીતે બાળજીવોને અંગે ધર્મનું ઉત્કૃષ્ટ માંગલિકપણું, અને મધ્યમબુદ્ધિ જીવોને અંગે સ્વર્ગ અને મોક્ષને દેવાનું સામર્થ્ય ધર્મમાં જ છે, એમ જણાવી જેઓ વિચક્ષણ હોઈ મોક્ષ પદાર્થ હેય કે આદેય નથી, કેવલ આત્માની પરમશુદ્ધ દશા જ મોક્ષ છે, એમ સમજે છે, તેમજ સ્વર્ગ એ વાસ્તવિક સુખનું સ્થાન નથી, કિંતુ સ્વર્ગનું સુખ, એ કેવલ બાહ્ય–દુઃખોના ઉપચાર રૂપ છે, પણ વાસ્તવિક સુખ તો તે છે કે જે આત્મામાં સ્વભાવે રહેલું છે એવું સમજનાર બુધ જનોને માટે માત્ર તે મોક્ષના પ્રતિબંધને દૂર કરવાની જ જરૂર રહે,

તેથી શ્રુતકેવલી સરખા આચાર્ય ભગવાન્ શ્રીધર્મઘોષસૂરિવર્ય ફરમાવે છે કેઃ-धर्मः संसारकान्तारोल्लंघने मार्गदेशकः

અર્થાત્ આત્માના સ્વરૂપને યથાસ્થિત સ્વરૂપમાં પ્રગટ નહિ થવા દેનાર આઠે કર્મોનો અખાડો વચ્ચે આડખીલીરૂપ છે, તેને હઠાવ્યા વિના આત્મામાં સ્વરૂપથી સત્તાએ છતાં પણ વિશુદ્ધ જ્ઞાનાદિ ગુણોનું સ્વરૂપ અનુભવાય નહીં, એ સ્પષ્ટ છે.

વળી આ સંસારરૂપી જંગલને ઉલ્લંઘન કરવામાં આત્મા પોતેજ માર્ગ ગ્રહણ કરે છે, પણ તે માર્ગને પ્રાપ્ત કરાવનાર અગર દેખાડનાર જો કોઈપણ પદાર્થ હોય તો તે ધર્મ (નિર્જરાધર્મ) સિવાય બીજો કોઈ નથી.

આવી રીતે બાળ, મધ્યમબુદ્ધિ અને બુધ જનરૂપી શ્રોતાઓની અપેક્ષાએ ધર્મનું સ્વરૂપ બતાવી જગતમાં સર્વ ઈષ્ટ પદાર્થોની સાધનતા ધર્મમાંજ રહેલી છે એમ જણાવતાં ફરમાવે છે કેઃ—

- માતા જેમ બાળકને જન્મ આપે છે, તથા પોષણ કરે છે, તેવી રીતે આ જીવને સુંદર ગતિમાં જન્મ આપનાર તથા પોષણ કરનાર જો કોઈપણ હોય તો તે ધર્મજ છે.

- પિતા જેમ પોતાના પુત્રનું અનેક આપત્તિઓથી બચાવ કરી રક્ષણ કરે છે, તેવી રીતે વન, રણ, જન, શત્રુ, જળ અને અગ્નિ આદિની અંદર રક્ષણ કરનાર જો કોઈ હોય તો તે ધર્મજ છે.

- સમજદાર મિત્રો જેવી રીતે પરસ્પર સુખ દેવાપૂર્વક ખુશી રાખવામાં પોતાની ફરજ સમજે છે, તેવી રીતે સર્વ અવસ્થામાં નિશ્ચિંત રાખી પરમ ખુશીપણું પેદા કરનાર હોય તો તે ધર્મજ છે.

- સ્વજન-કુટુંબી મનુષ્યો પોતાના મનુષ્યના સેંકડો અપરાધો અને અવગુણોને સહન કરીને પણ જેમ જીવનપર્યંત સ્નેહને ધારણ કરી સંબંધ જાળવે છે, તેવી રીતે ઘોરાતિઘોર પાપ

કર્મ કરનાર મનુષ્યને પણ દુર્ગતિની આપત્તિઓથી બચાવી સદ્ગતિ સમર્પણ કરવાદ્વારા સ્નેહને સાચવનાર હોય તો તે ધર્મજ છે.

o અજ્ઞાની અને નિર્ગુણ-જીવોને ઉપદેશરૂપ અમૃતધારાથી જેમ આચાર્યાદિ ગુરુમહારાજાઓ નિર્મળતમ એવા ગુણોનો પ્રવેશ કરાવીને અત્યંત ઉંચી પદવી પમાડે છે, તેવી રીતે મૂળથી સર્વથા અવ્યક્ત માત્ર સ્પર્શન ઇંદ્રિયની જ જઘન્ય ચેતનાને ધારણ કરનારા જીવમાં કેવલજ્ઞાનાદિ અસાધારણ ગુણોનો પ્રવેશ કરાવનાર જો કોઈ પણ હોય તો તે ધર્મ જ છે.

o રાજા, શેઠ કે શાહુકાર જેમ પોતાનો નોકર કે જેની કોઈ જાતની કિંમત પ્રથમ હોતી નથી, તેવાને યુદ્ધકલાદ્વારા, લક્ષ્મી-દ્વારા કે વ્યાવહારિક-શિક્ષણદ્વારા સંસ્કારિત કરી પ્રતિષ્ઠાપાત્ર બનાવે છે, તેવી જ રીતે જે જીવ નિગોદાદિક અવસ્થામાં માંગેલી ચીજના અનંતમા ભાગમાં જતો હતો, તેવા જીવને સમગ્ર સદ્ગુણોથી પરિપૂર્ણ બનાવી દેવેન્દ્ર કે નરેન્દ્રને પણ પૂજ્ય એવી પદવીને પમાડનાર જો કોઈ પણ હોય તો તે ધર્મ સિવાય કોઈજ નથી.

o શત્રુના પરાભવ વખતે બખ્તરની માફક બચાવ કરનાર હોય તો તે ધર્મજ છે.

o જડપણાનો નાશ કરવા માટે તાપ સમાન જો કોઈ પણ હોય તો તે ધર્મ જ છે.

o પાપના મર્મસ્થાનોને વિંધનારો પણ જો કોઇ હોય તો તે ધર્મજ છે.

આ રીતે ધર્મનું ઉપમા અને અલંકારદ્વારા મહત્ત્વનું સ્વરૂપ સમજવું.

હવે ફળદ્વારા તે ધર્મનું વિશિષ્ટ સ્વરૂપ જણાવતાં જ્ઞાનીઓ ફરમાવે છે કે:—

- *રાજા-મહારાજાપણું વિગેરે જગતમાં ગણાતી ઉત્કૃષ્ટ પદવીઓ ધર્મથી જ મળે છે.*

- એકાકી છતાં શત્રુના સમગ્ર લશ્કરને ઝાડ ઉખેડીને તે દ્વારા પણ હંફાવનાર એવા બલદેવની પદવી તે પણ ધર્મથી જ થાય છે, વળી તે જ બલભદ્રના નાનાભાઈ છતાં પણ કોટિશિલાને ઉપાડનાર તથા દેવતાઈ ચક્ર વગેરે હથિયારોથી અજેયપણું મેળવનાર વાસુદેવપણું પણ ધર્મથી જ મળે છે.

- નવ નિધાનના માલિક, ચૌદ રત્નના સ્વામી, છએ ખંડના અધિપતિ, ૯૬ કરોડ ગામ અને ૯૯ કરોડ પાયદળના માલિક, ૬૪ હજાર રાણીઓના સ્વામી, ૮૪ લાખ અશ્વ, રથ, હાથી વગેરેનાં અધિપતિ, એવા ચક્રવર્તીઓ પણ ધર્મના પ્રતાપે જ થાય છે.

- અનેક પ્રકારની વૈક્રિય આદિની લબ્ધિઓને ધરાવનાર, પૃથ્વીને છત્ર અને મેરૂને દણ્ડ કરવાની શક્તિવાળા, ચાલતા મનુષ્યનું પણ મસ્તક કાપી તેનો ચૂરો કરી મેરૂની ચૂલિકાથી ફુંકી દઈ તેજ સર્વ પુદ્‌ગલોને એકઠા કરી તેનું મસ્તક બનાવી મનુષ્યના શરીર ઉપર જોડી દે તો પણ તે ચાલનાર મનુષ્યને માલુમ ન પડે, એવા દેવતાઓનો ભવ પણ ધર્મથી જ થાય છે.

- સમગ્ર દેવતાઓના સ્થાનરૂપ દેવલોકની માલિકીને ધારણ કરનારા, લાખો દેવતાઓ જેના આત્મરક્ષક હોય છે, અસંખ્ય દેવો જેને અનુસરીને ચાલનારા હોય છે, એવી ઇંદ્રપણાની દશા મેળવી આપનાર ધર્મ સિવાય બીજો કોઈ નથી.

- ગ્રૈવેયક અને અનુત્તર જેવા વિમાનોમાં સર્વ રીતે સ્વાતંત્ર્યની ધુરાને ધરાણ કરનાર એવી **अहमिन्द्रता** પ્રાપ્ત કરાવનાર પણ

શ્રી જિનેશ્વર મહારાજે જગતના જીવ માત્રના ઉદ્ધારને માટે નિરૂપણ કરેલો સંયમાદિ રૂપ ધર્મજ છે.

૦ ત્રણે જગતને પૂજ્ય, ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ અને મોક્ષના દિવસે ચૌદ રાજલોકના સમગ્ર જીવોને યાવત્ નિકાચિત દુઃખના સ્થાનરૂપ નારકીઓને પણ શાતા પમાડનાર, વિચ્છેદ પામેલ મોક્ષમાર્ગને જાહેર કરી મોક્ષની પ્રાપ્તિને પ્રવર્તાવનાર **उप्पण्णेइ वा, विगमेइ वा, धुवेइ वा** એવા માત્ર ત્રણ પદોથીજ જેના પ્રભાવે અનેક ગણધરો ૧૬૩૮૩ મહાવિદેહના હાથી પ્રમાણ શાહીથી લખી શકાય એવા ચૌદ પૂર્વોને રચનાર તરીકે બનાવનાર, હજારો લાખો કરોડો વર્ષો અને સાગરોપમ સુધી અવિચ્છિન્નપણે મોક્ષ-માર્ગની પ્રવૃત્તિ રૂપ શાસનને સરજનાર એવું તીર્થંકરપણું પણ ધર્મના પ્રભાવથીજ થાય છે.

૦ જગતમાં એવી કોઈપણ આધિભૌતિક, આધિદૈવિક કે આધ્યાત્મિક એવી કોઈપણ વસ્તુ નથી કે જે ધર્મના પ્રભાવથી પ્રાપ્ત ન થઈ શકે, અર્થાત્ સર્વ જગતમાં સર્વ ઈષ્ટ વસ્તુના સર્વ સમાગમો એ માત્ર ધર્મના પ્રભાવે જ પ્રાપ્ત કરી શકાય છે.

આવી રીતે બાળાદિક જીવોની યોગ્યતાના આધારે લક્ષણદ્વારા, ઉપમાદ્વારા, રૂપકદ્વારા અને ફળદ્વારા જણાવેલ ધર્મનો મહિમા સાંભળી શ્રેયઃકામી સજ્જનોએ ધર્મ તરફ પ્રવૃત્તિ કરવી આવશ્યક છે, એ સહેજે સમજી શકાય તેમ છે.

॥ जयतु धर्मः ॥

## દરેક જીવ સુખેષી છતાં સાચું સુખ કયું ?

દરેક જીવ સુખ ઈચ્છે છે એ વાત ખરી ! પણ એ શબ્દ માત્રથી. જ્યાં સુખના સ્વરૂપની વાત આવે, ત્યાં ભેદ પડી જાય છે.

શબ્દથી તો જેમ ઝવેરી હીરો ઈચ્છે, તેમ બાળક પણ હીરો ઈચ્છે છે. પણ ઝવેરી જે હીરો ઈચ્છે છે, તેમાં તથા બાળક જે હીરાની ઈચ્છા રાખે છે, તેમાં મહાન અંતર છે. બાળકની પાસે વીંટીમાંનું નંગ રાખો (હીરો રાખો), અને ઝુમરના કાચનું લોલક રાખો, તો તે બાળક હીરો માનીને કોને લેશે ? પેલા નંગને નહિ અડે, પણ કાચના લોલકને જ પકડશે. જેમ ઝવેરી હીરાનો ગરજુ છે, તેમ બાળક પણ છે, પરંતુ તે બાલ્યવયવશાત્ હીરાના સ્વરૂપને જાણતો નથી, સમજતો નથી.

આ રીતિએ તમામ જીવો સુખના અર્થી છે, દુઃખનો અર્થી કોઈ નથી. આટલું છતાં સુખના સ્વરૂપને સમજદાર વર્ગ અલ્પ છે.

સુખ બે પ્રકારનું છે. એક આત્માનું સ્વાભાવિક (ઘરનું) સુખ અને પૌદ્ગલિક (બહારથી મેળવેલું કૃત્રિમ) સુખ. જેમ કાચના લોલક તથા ખાણુના હીરા વચ્ચે રાત દિવસનો ફરક છે, તેમ આત્મીયસુખ એટલે સ્વાભાવિકસુખ તથા પૌદ્ગલિક સુખ એટલે કૃત્રિમ સુખ વચ્ચે આકાશ-જમીનનું અંતર છે.

કયું સુખ ઈચ્છવું ? એ જ પ્રશ્ન મહત્વનો છે. એક વખત અલ્પ હોય તો પણ પ્રાજ્ઞ મનુષ્ય તો સ્વાભાવિક સુખની ઈચ્છા કરે, કૃત્રિમ સુખની ઈચ્છા કરે નહિ.

આગમનું જ્ઞાન અંતરંગ આત્મશુદ્ધિના લક્ષ્યથી
ગુરૂ ગમ દ્વારા મેળવાય તો
હિતકર બને છે.

## જગત્‌ના જીવોની ઈચ્છાઓનું વર્ગીકરણ અને ધર્મનું લક્ષણ

જો કે જગતના તમામ જીવોની ઈચ્છાઓ જુદી-જુદી હોય છે. 'मुंडे मुंडे मतिर्भिन्ना' ઈત્યાદિક નીતિ કે તેવાં બીજા શાસ્ત્ર વાક્યોથી જુદી-જુદી બુદ્ધિ તમામ જંતુઓની હોય છતાં એવું છે જ નહિ કે તે ઈચ્છાઓનું વર્ગીકરણ ન થઈ શકે!!!

એ વર્ગીકરણ કરીએ તો જગત્‌ના તમામ જંતુઓની ઈચ્છા ચાર વર્ગમાં વહેંચાઈ જાય છે. આનું જ નામ પુરુષાર્થ. પુરુષાર્થ એટલે? पुरुषाः सत्वाः જગત્‌ના તમામ જીવો તે પુરુષ, અને તેનું अर्थः-प्रयोजन સાધ્ય, ઈચ્છા એટલે પુરુષાર્થ :-

પુરુષાર્થના ચાર પ્રકાર :-અર્થ, કામ, ધર્મ અને મોક્ષ. તેમાં બાહ્ય સુખના સાધન અને બાહ્ય સુખનો અનુભવ એ જ અર્થ અને કામ, (ધર્મ પ્રતિપન્ન ન હોય તેવા) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધી જુઓ તો તેઓને આ બે ઇચ્છા સિવાયની બીજી કોઈ ઈચ્છા નથી. અનુકૂળ આહારાદિ મળે તો રાજી થઈ જાય.

અભ્યંતર સુખનાં સાધન અને અભ્યંતર સુખ એનું જ નામ ધર્મ અને મોક્ષ, ધર્મી-અધ્યાત્મી આદિ કોઈ જીવો લો તો આ બે સિવાય તેઓની બીજી કોઈ ઇચ્છા નહિ હોય.

ઉપરોક્ત ચારે ઈચ્છાઓનું પણ વર્ગીકરણ બે પ્રકારે થઈ શકે છે. પહેલાં બે વર્ગથી બનેલો એક વર્ગ આદિ, મધ્ય ને અંતમાં અકલ્યાણકારી હોય, જ્યારે છેલ્લા બેથી બનેલ બીજો વર્ગ આદિ, મધ્ય અને અંતમાં કલ્યાણકારી હોય, પહેલા વર્ગમાં આદિમાં કદાચ ઉપરથી સુખ દેખાય પણ પરિણામે અકલ્યાણ જ છે. માટે ધર્મનું લક્ષણ ટુંકું એ રાખ્યું કે તે જ ધર્મ કે જે આદિ, મધ્ય અને અંતમાં કલ્યાણ જ કરે અર્થાત્ અભ્યંતર અવ્યાબાધ સુખ આપે.

॥ आगमचक्खुणो हि साहवो ॥
॥ आगमश्चक्षुं गुरुगमगम्यं हितावहं ॥



# શ્રી તત્ત્વાર્થ-સંબંધ-કારિકાનું

# હૃદયગ્રાહી વિવેચન



• વિવેચનકાર •

પૂ. આગમોદ્ધારક શ્રી આચાર્યદેવ.

પ્રાતઃસ્મરણીય, પૂજ્ય આગમોદ્ધારક, આચાર્યદેવશ્રીએ અતિવૃદ્ધ વયે પણ જીવનભર કરેલી શ્રુતભક્તિથી વિકસેલ અપૂર્વ ક્ષયોપશમના આધારે અર્થગંભીર શ્રી **તત્ત્વાર્થ**ની સંબંધ કારિકા ઉપર અદ્ભુત વિવેચના વાચનારૂપે વિ. સં. ૧૯૯૮ના ચોમાસામાં પાલીતાણામાં તત્ત્વજિજ્ઞાસુઓના આગ્રહથી આપેલ.

તે વાચનાના અદ્ભુત રહસ્યોના શ્રવણથી ઉત્સાહિત બનેલ પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. આ. શ્રી **વિજયધર્મસૂરિ** મહારાજે દશ કારિકાના વિવેચન પછી નોંધ કરવાની શરૂઆત કરી, તેથી પૂ. આગમો૦ શ્રીની વાચના ૧૧મી કારિકાથી અહીં જાણવી.

તે પૂર્વેના શ્લોકોની ટૂંક વ્યાખ્યા પૂ. આ. **હેમસાગરસૂરીશ્વરજી મ.** લખી **શાસન-સુધાકર** વર્ષ ૪માં છપાયેલ, પણ તેમાંય પાંચ ગાથા સુધીની જ વ્યાખ્યા છપાયેલ મળી, એટલે ૧ થી ૧૦ ગાથાઓનો ટૂંકો અર્થ સંબંધની જાળવણીની દૃષ્ટિએ સંપાદકે બાળજીવોના હિતાર્થે લખીને અહીં રજૂ કરેલ છે. સં.]

**શ્રુત જ્ઞાનની મહત્તા**

શ્રુત પદ નમિયે ભાવે ભવિયા,
શ્રુત છે જગદાધારજી ।
દુઃષમ રજની સમયે સાચો
શ્રુત દીપક વ્યવહાર, શ્રુતપદ નમીયેજી ॥

## વિદ્વાન વાચકવર્ગોએ સંગ્રહ કરી રાખવા યોગ્ય શ્રી તત્વાર્થ સૂત્રની સંબંધ ભાષ્યની કારિકાનું અર્થ ગંભીર વિવેચન

નિષ્કારણવત્સલ-પરમોપકારી-દશપૂર્વધર-વાચકવર્ય **શ્રી ઉમાસ્વાતિજી મ૦** વિરચિત **શ્રી તત્ત્વાર્થ સૂત્ર** નામના મહાન્ ગ્રંથરત્નના શેખર સમી હોવાના કારણે જ મોખરે સ્થાપેલી જણાતી નિમ્નોક્ત કારિકાના કર્તા પણ પવિત્ર નામધેય ઉક્ત પૂજ્ય વાચક વર્ય ભગવાન છે.

આવા ભગીરથ ગ્રંથરત્નને પણ મોખરે આ કારિકાને સ્થાપવામાં પૂ. વાચકવર્યશ્રીનો સદ્ઉદ્દેશ તો શ્રી તત્ત્વાર્થ સૂત્ર રત્નોની અપૂર્વતાનાં ઓજસ વાચકવરોને આ કારિકા જ પ્રથમ તકે પીરસી દે છે તે હોઈ શકે.

આ કારિકા કેટલી તત્ત્વપૂર્ણ તેમજ અર્થગંભીર હોઈ શકે ? તેનું માપક તે કારિકાની ટીકા રચવાનું કાર્ય અતિ મહત્ત્વપૂર્ણ હોવા તરીકે-ચૌદસો ચુંમાલીશ ગ્રંથના રચયિતા પૂ. સમર્થ આચાર્ય પુંગવ **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા જેવા શ્રુતપારગને પણ મનાયું હોવાની પ્રતીતિ તરીકે-તે સમર્થ આચાર્ય પુંગવશ્રીએ પણ આ કારિકા ઉપર રચેલ વૃત્તિ ઉપરથી નિકળી આવે છે;

તે રીતે ઐદંયુગીન, બહુશ્રુત, આગમોદ્ધારક આચાર્યદેવશ્રી **આનંદસાગરે સૂરીશ્વરજી** મહારાજા જેવા સમર્થ આગમપ્રભાવક મહાપુરુષે પણ આ કારિકાના ગંભીર અર્થોને ઉંડે-ઉંડેથી પણ ખોળી કાઢવા ભારી ખંતીલો પ્રયત્ન કરીને જૈન-જગતને તે કારિકાનું તાત્ત્વિક સત્ત્વ વારસામાં પીરસવા બનતો બધો પરિશ્રમ અતિવૃદ્ધ ઉમરે પણ લીધો છે. તે ઉપરથી પણ ઉપલબ્ધ થાય છે.

**सम्यग्दर्शन-शुद्धं यो ज्ञानं विरतिमेव चाप्नोति ।
दु:खनिमित्तमपीदं, तेन सुलब्धं भवति जन्म ॥ १ ॥**

**ભાવાર્થ** :- આ પ્રથમ શ્લોક દ્વારા પૂજ્ય વાચકવર્ય શ્રી ફરમાવે છે કે-

સમ્યગ્દર્શન થકી શુદ્ધ મનાતું એવું જે જ્ઞાન અને એવું જે શુદ્ધ ચારિત્ર, તેને જે પુણ્યવંત આત્મા પામે છે, તે પુણ્યાત્માને દુઃખના હેતુભૂત એવો પણ આ જન્મ સફળ બને છે.

**વિશેષાર્થ** :- અજ્ઞાની આત્માને અજ્ઞાનોત્થિત ક્રિયાઓના કારણે આ માનવ જન્મ પણ જ્યારે દુઃખના હેતુભૂત એવા અનેક ભાવી જન્મોને પેદા કરે છે, ત્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને પામેલ પુણ્યવંત આત્માનો આ માનવજન્મ, તેવા અનેક ભાવિ જન્મોને તો ઓછા કરનારો બને જ છે, પરંતુ તેવા સમાગત અનેક જન્મોને પણ ઓછા કરી નાખનારો બને જ છે. અને તેથી એવા પુણ્યવંત આત્માનો આ માનવ જન્મ સુલબ્ધ સફળ મનાય છે. કારણકે દુઃખ-નિમિત્ત જન્મની પરંપરાવાળો જન્મ; તેવા જન્મોની પરંપરાને રદ કરનાર એવા મોક્ષનું સાધન બની ગયો છે, એથી જ સર્વ જન્મોમાં સુંદર જણાતો આ માનવ જન્મ રત્નત્રિતયીથી સુલબ્ધ છે. શ્રેષ્ઠ છે. પ્રશંસનીય છે. સર્વોત્તમ છે.

**जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यं ।
कर्मक्लेशाऽभावो, यथा भवत्येष परमार्थ : ॥ २ ॥**

**ભાવાર્થ** : કર્મજનિત રાગદ્વેષાદિ કલેશો વડે સતત બંધાયેલા આ મનુષ્ય જન્મને વિષે એવી રીતે યત્ન કરવો કે જેથી કરીને તેવા કર્મજન્ય કલેશોનો અભાવ થાય. એ રીતે કલેશનો અભાવ થવા રૂપ મોક્ષ જ પરમાર્થ છે.

વિશેષાર્થ :- આ આત્માને ક્લેશો થાય છે, તે પૂર્વે ઉપાર્જેલા કર્મોથી થાય છે. આ ક્લેશો તે રાગ-દ્વેષ આદિ આત્માના મલિન અધ્યવસાયો છે. આ રાગદ્વેષ આદિથી બંધાતા કર્મો તે આગામી જન્મનું તથા તે આગામી જન્મમાં પણ થનારા નવા ક્લેશોનું કારણ છે. એથી કરીને આગામી જન્મમાં પણ આ આત્મા તે જન્મોત્થિત ક્લેશો દ્વારા નવા નવા જન્મો અને વિવિધ ક્લેશો ઉપાર્જન કર્યા જ કરે છે.

આ રીતે કર્મથી ક્લેશો, ક્લેશોથી ફરી કર્મ અને ફરી જન્મ આમ ચક્રગતિએ ચાલ્યા જ કરે છે !

આ મુજબ કર્મ, જન્મ અને ક્લેશોની પરંપરા રૂપ વિષય દુઃખોના ભરડામાં ભવોભવ પીસાતા આ આત્માને આ જન્મને વિષે એવી સુંદર પ્રવૃત્તિ કરવી જોઈએ. સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ આરાધ્ય-ત્રિતયીને સ્વીકારીને તે રત્નત્રયીના પાલનમાં એવા તો દત્તચિત્ત બની જવું જોઈએ કે જેને લીધે આ જન્મને વિષે જ તેવા ભયંકર દુઃખદાયી કર્મ-ક્લેશોથી સદાને માટે મુક્ત થવાનું સદ્ભાગ્ય આત્માને પ્રાપ્ત થાય આ રીતે સઘળા કર્મ-ક્લેશોથી છૂટવું તેનું નામ જ પરમાર્થ મોક્ષ છે.

જૈન શાસનમાં પરમાર્થ શબ્દનો અર્થ આ મુજબ સ્વીકારેલ છે. પરમ એટલે શ્રેષ્ઠ-ઉત્કૃષ્ટ એવો જે અર્થ-પ્રયોજન છે. અર્થાત્ સર્વ ઉપદ્રવ રહિત અને આત્યંતિક સ્વાસ્થ્યવાળા સુખનો જ્યાં સદ્ભાવ છે. તે સ્થાનની પ્રાપ્તિનું નામ પરમાર્થ-મોક્ષ છે.

અથવા આ પરમાર્થ છે. એટલે કે આ શાસ્ત્રનું (શ્લોકનું) આ તત્ત્વ છે.

આ જન્મમાં એવી સર્વોત્તમ રીતિએ પ્રવર્ત્તવા છતાં પણ તેવા નિર્બળ સંહનનતાદિ કારણે આત્મા જો એક જ ભવમાં મુક્તિ ન પામે તો કેવી રીતે પ્રવર્તવું ? એ પ્રશ્નના નિરાકરણ અર્થે જણાવે છે કે—

परमार्थाऽलाभे वा दोषेष्वारम्भकस्वभावेषु ।
कुशलानुबन्धमेव स्यादनवद्यं यथा कर्म ॥ ३ ॥

**ભાવાર્થ** : અથવા અશુભને વિષે પ્રવર્ત્તાવે એવો આરમ્ભક સ્વભાવ છે જેનો એવા રાગ-દ્વેષાદિ કષાયો આદિની પ્રબળતાથી જો આ જન્મમાં તે પરમાર્થ-મોક્ષનો લાભ ન થાય તો પણ એવી ઉત્તમ રીતે પ્રવર્તવું જોઈએ કે તે તે ધર્માનુષ્ઠાનના યોગે ઉત્તરોત્તર અનવદ્ય કર્મવાળો કુશલાનુબંધ જ થાય.

**વિશેષાર્થ** :- આત્મા સાથે અનાદિકાળથી જોડાયેલા રાગ-દ્વેષ વિગેરે કષાયો આ આત્માને (ક્રૂર જેલરની માફક) અનિચ્છાએ પણ અશુભ કાર્યોમાં પ્રવર્ત્તાવવાના સ્વભાવવાળા છે. સદ્‌આશયને દૂષિત કરવાના સ્વભાવવાળા આ કષાયો ચારિત્રવાન આત્માને પણ અશુભમાં પ્રવર્ત્તાવે એ ન બનવા જોગ નથી, તેથી તે કષાયો ચારિત્રવાન આત્માને પણ બીજા જન્મો કરાવે એ બનવા જોગ છે.

તેથી એમ સુંદર રીતે પ્રવર્તવા છતાં પણ આ જન્મમાં મોક્ષનો લાભ કદાચ પણ ન થાય તો પણ આ મનુષ્ય જન્મને વિષે દર્શન, જ્ઞાન અને ચારિત્રના પાલનમાં એવું તો અસ્ખલિત પ્રવર્ત્તવું જોઈએ કે જે શુભતર પ્રવર્તનની જાગૃતિમાં પણ તે રાગ-દ્વેષાદિ કષાયો કર્મોનો અનુબંધ કરાવે તો પણ તે અનુબંધ ઉત્તરોત્તર મોક્ષ આપે તેવો કુશલાનુબંધ જ પુણ્યાનુબંધી પુણ્યરૂપે જ હોય કે જેથી તે અનુબંધ પણ અનવદ્ય કર્મ રૂપે જ પરિણમે પણ તથા પ્રકારની જાગૃતિના અભાવે લેશ પણ અકુશલાનુબંધ થાય તેવી રીતે તો ન જ પ્રવર્ત્તવું જોઈએ.

આ મુજબના સર્વોત્તમ સદ્‌વર્તનથી તે ધર્માનુષ્ઠાન આત્માને સૂક્ષ્મ કે બાદર નિયાણા આદિના લેશ પણ પાપથી પર-અલગ રાખીને ઉત્તરોત્તર મોક્ષ માર્ગમાં સહાય ભૂત એવી સર્વોત્તમ સામગ્રી મેળવી આપે એવા અનવદ્ય કર્મ રૂપે જ નિવડે અને પરિણામે આત્મા બીજા પણ થોડા જ ભવમાં મોક્ષ પામે.

આ જન્મને વિષે એથી વિપરીત પણ પ્રયત્ન કરનારા શું કોઈ હોય છે? કે જેથી આમ કહો છો? એવી શંકાના સમાધાન અર્થે અહિં શાસ્ત્રકાર જણાવે છે. કે-હા! અધમાધમ-અધમ-વિમધ્યમ-મધ્યમ-ઉત્તમ અને ઉત્તમોત્તમ એમ છ પ્રકારના પુરૂષો હોય છે. (જેનું સ્વરૂપ ષટ્પુરૂષ ચરિત્રમાં વિસ્તારથી આપેલું છે.)

એ છ પુરૂષોમાંના પ્રથમના ત્રણ પુરૂષો અકુશલાનુબંધ, ચોથો કુશલા કુશલાનુબંધ, પાંચમો કુશલાનુબંધ અને છઠ્ઠો પુરૂષ કોઈ પણ અનુબંધ જ ન થાય તેવી પ્રવૃત્તિ કરે છે. તેમાં પ્રથમના ત્રણ પુરૂષોનો અકુશલાનુબંધ વર્ણવતાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે

**कर्माहितमिह चामुत्र, चाधमतमो नरः समारभते ।**
**इहफलमेव त्वधमो विमध्यमस्तूभयफलार्थम् ॥ ४ ॥**

**ભાવાર્થ** :- પ્રથમનો **અધમતમ** મનુષ્ય એવો તો પાપારંભમાં રક્ત હોય છે કે તેથી બંધાતું કર્મ તેનું આ લોકને વિષે જ અહિત કરે છે. તેમજ આવા ઘોર કર્મના યોગે પરલોકને વિષે પણ તેને અહિત રહેલું જ છે.

બીજો **અધમ** પુરૂષ પરલોકને અવગણી ને આ લોકના ફળને માટે જ આરંભ કરે છે.

જ્યારે **વિમધ્યમ** પુરૂષ આ લોકના તથા પરલોકના ફળને માટે આરંભ કરે છે.

**વિશેષાર્થ** :- 'શું કુશલાનુબંધી સિવાયના બીજા પણ કોઈ કર્મના પ્રકારો છે કે જેથી તમારે આગળના શ્લોકમાં અકુશલાનુબંધી વિગેરે કર્મ જણાવવું પડે છે?

આ પ્રશ્નના સમાધાનમાં આ ચતુર્થ શ્લોક દ્વારા શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે કે-

હા ! અકુશલાનુબંધ, કુશલા-કુશલાનુબંધ, કુશલાનુબંધ અને નિરનુબંધ એમ ચાર પ્રકારના કર્મો છે.

અને તે પૂર્વે જણાવી ગયા તેવા છ પુરૂષોમાં વહેંચાયેલા હોય છે.

પ્રથમના ત્રણ પુરૂષોને અકુશલાનુબંધ હોય છે.

ચોથા પુરૂષને કુશલાકુશલાનુબંધ હોય છે.

પાંચમા પુરૂષને કુશલાનુબંધ હોય છે. અને છઠ્ઠા પુરૂષને નિરનુબંધ હોય છે.

આ છ પુરુષમાંના પ્રથમના ત્રણ પુરુષના અનુબંધ સંબંધીની વ્યાખ્યા આ ચતુર્થ શ્લોક વડે જણાવતાં શાસ્ત્રકાર મહારાજ ફરમાવે છે કે—

તે છ પુરુષમાંનો પ્રથમ જે **અધમાધમ** પાપિષ્ઠ મનુષ્ય છે. તે આ લોકને વિષે એવો તો અવિચારીપણે અને તદ્દગત ચિત્તે પાપારંભ કરે છે કે તે પાપારંભના યોગે આ લોકમાં અનિષ્ટ ફળ મળવાંની અને પરલોકને વિષે પણ અત્યંત અહિત થવાની પણ વાત તો બાજુએ રહો ! પણ સર્વ પ્રકારે ખરાબ વૃત્તિવાળા એવા તે પુરુષને આ લોકને વિષે જ વિવિધ પ્રકારની વેદના આદિ ભોગવવા સ્વરૂપ અહિત થાય તેવું કર્મ બંધાય છે.

આથી આયુષ્યનો પણ તે આર્ત અને રૌદ્રથી જ અંત આણતો હોવાને લીધે તેને પરલોકને વિષે પણ નરકાદિના ઉત્કટ દુઃખોને ભોગવવા સ્વરૂપ અહિત થાય જ તેવું કર્મ બંધાય છે.

**ષટ્‌-પુરુષચરિત્રમાં** માંસલોલુપી શિકારીના દૃષ્ટાંતથી આ પુરુષનું ચરિત્ર વિસ્તારથી સમજાવવામાં આવેલ છે.

સંરંભ, સમારંભ અને આરંભ એમ આરંભના ત્રણ પ્રકાર છે.

પ્રાણીનો વધ કરવાનો સંકલ્પ માત્ર કરવો, તેને **સંરંભ** કહેવાય છે.

પ્રાણીને પરિતાપ આપવો વગેરે પીડા ઉપજાવવી તેને **સમારંભ** કહેવાય છે.

પ્રાણીના પ્રાણોનો વિનાશ કરવો તેને **આરંભ** કહેવાય છે.

આરંભના આ ત્રણ પ્રકારમાંના પ્રથમના બે પ્રકારો પણ આ આત્મામાં તેવા વિશિષ્ટ કોટિના હોય છે કે આ રીતના પ્રથમના આ બે પ્રકારના સેવનથી પણ આત્માને અકુશલાનુબંધી એવું અહિત કર્મ બંધાય છે.

પછી ત્રીજા પ્રકારના પણ સેવનવાળા આ આત્માને તેવું અહિત-કારી કર્મજ બંધાય એ સહજ છે.

આ પ્રથમ પંક્તિનો અધમાધમ-પાપિષ્ટ પુરુષ આરંભના આ ત્રણે પ્રકારોને તદ્દ્ગત ચિત્તે સેવે છે.

જીવવાની ઇચ્છાએ ઝેર ખાઈ જનારની માફક તદ્દન અવિચારી-પણે સેવે છે. અને તેથી જ તે આ લોકમાં પણ દુઃખી- દુઃખી થઈને અતિકષ્ટે જીવન પૂરું કરે છે, આર્ત અને રૌદ્ર ધ્યાને મરે છે. અને પરલોકમાં નરકાદિની યાતનાને રાડો પાડીને ભોગવે છે.

વળી છ પુરુષમાંનો બીજો જે **અધમ** પુરુષ છે, તે પરલોકના ફળનો અને તે સંબંધી વાતો જણાવનાર શાસ્ત્ર આદિનો ઈન્કાર કરીને-તે પ્રતિ બેપરવાહ બનીને, જડ એવી ઇન્દ્રિયોના જ વિષય સુખમાં આસક્ત બની આલોકના જ ફળને માટે આ લોકના વધ-બંધાદિ અનર્થોથી ડરતો રહી સર્વ આરંભ કરે છે. અર્થાત્ અધમાધમની જેમ આ ભવમાં અનિષ્ટ ફળ આપે તેવાં કર્મો નથી કરતો,-પણ પરલોકના ફળ માટે દાન આદિ વડે ધન આદિનો લેશ પણ ત્યાગ ઈચ્છતો નથી ?

વળી તે ત્રીજો કે-જે હજુ મધ્યમ અવસ્થાને પામેલ નથી તે વિમધ્યમ પુરુષ છે તે આ લોકના ફળને માટે તો યત્ન કરે છે.

પુત્ર-દારા આદિનો વિયોગ ઈચ્છતો જ નથી, પણ અહિં દાનાદિ કરું કે-જેથી પરલોકમાં પણ આવા કે આથી સુંદર ભોગો મળે. એ વાસનાથી પરલોકના ફળ માટે પણ દાન આદિમાં ધનનો વ્યય કરનારો હોય છે.

આમ એ ત્રણેય પુરુષોનો આરંભ, સંસાર-બીજનું કારણ હોવાથી પ્રથમના આ ત્રણેય પુરુષોને સામાન્યપણે અકુશલાનુબંધ વાળા જણાવ્યા છે, હવે ચોથા પ્રકારના કુશલાકુશલાનુબંધી અને પાંચમા પ્રકારના કુશલાનુબંધ કર્મને માટે પ્રયત્ન કરનાર મધ્યમ અને ઉત્તમ પુરુષો, કેવા પ્રકારના યત્ન વિશેષ કરનારા હોય છે. તે જણાવે છે—

**परलोकहितायैव प्रवर्तते मध्यमः क्रियासु सदा ।**
**मोक्षायैव तु घटते विशिष्टमतिरुत्तमः पुरुष ॥५॥**

**ભાવાર્થ** : ચોથો **મધ્યમ** પુરુષ છે. તે સદા પરલોકના હિતને માટે જ-પરલોકને વિષે પોતાને સુખની પ્રાપ્તિ થાય તેવી ક્રિયાઓને વિષે જ પ્રવર્તે છે. પાંચમો વિશિષ્ટ મતિ એવો જે ઉત્તમ પુરુષ છે. તેનું પ્રવર્તન મોક્ષને માટે જ હોય છે.

**વિશેષાર્થ** : ચોથી કારિકામાં **અધમાધમ, અધમ,** અને **વિમધ્યમ** એ ત્રણ પ્રકારના પુરુષનું સ્વરૂપ બતાવ્યા બાદ આ પાંચમી કારિકામાં શાસ્ત્રકાર મહારાજ કુશલાકુશલાનુબંધી અને અને કુશલાનુબંધવાળા અનુક્રમે ચોથા અને પાંચમા પુરુષનું સ્વરૂપ બતાવવા ફરમાવે છે. કે-ચ્હાય તેવા કષ્ટો પડે કે આવે, તેની દરકાર કર્યા વિના આ ભવમાં પ્રાપ્ત થયેલા ઐહલૌકિક ભોગોને તજીને તથા ઐહલૌકિક ફળ ઉપાર્જવાનું પણ તજી દઈને પરલોકના સુખને માટે જ જેનો સદા પ્રયત્ન હોય છે. તેવા સૂકા પાન-મૂળ કન્દ આદિના આહાર વડે દેહદમન કરનારા તાપસ આદિને **મધ્યમ** પુરુષ કહેવાય છે.

આવી ક્રિયા કરનારને આ કારિકામાં **परलोक हिताय** એમ કહીને જે **हित** પદ આપેલું છે. તેનો અર્થ 'આત્મ કલ્યાણ' તરીકે લેવાનો નથી; પરંતુ 'પૌદ્ગલિક સુખ' રૂપે લેવાનો છે. કારણ કે તે તાપસ આદિનો આ લોકના ફળનો ત્યાગ અને પરલોકને વિષે હિત સાધવા માટેની આ ત્યાગપ્રધાન ક્રિયા, તત્ત્વથી પરલોકને દેવાદિ સંબંધીના વિશિષ્ટ ભોગોની વાંચ્છા અર્થે હોય છે.

આવી પારલૌકિક પણ પૌદ્ગલિક સુખની પ્રાપ્તિ અર્થે કરાતા તેવા ત્યાગને આત્મકલ્યાણરૂપ-મોક્ષને માટે લેખવામાં આવે તો આ ચોથા મધ્યમ પુરુષની ક્રિયાને પાંચમા ઉત્તમ પુરુષની કેવળ આત્મકલ્યાણાર્થે કરાતી ક્રિયા તુલ્ય ગણવાનો દોષ પ્રાપ્ત થાય.

આ ચોથા પ્રકારના મધ્યમ પુરુષને ટીકાકાર ભગવાન શ્રીમદ્ હરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ આગળ **अनवगत तत्त्वमार्गः** તરીકે ઓળખાવીને પ્રથમ ગુણસ્થાનકના સ્વામી તરીકે ઓળખાવે છે. તે ગુણસ્થાને આત્મકલ્યાણની અભિલાષા હોતી નથી.

પાંચમો જે વિશિષ્ટ મતિ **ઉત્તમ** પુરુષ છે. તે સમ્યગ્દર્શનના લાભથી આરંભીને સદાને માટે આ લોક અને પરલોક સંબંધીના પૌદ્ગલિક-સાંસારિક ભોગોની વાંછા માત્રથી પણ એકાન્ત નિસ્પૃહ હોય છે. અને એથી જ આ ઉત્તમ પુરુષ પૂર્વના ચારે પુરુષો કરતાં વિશિષ્ટ મતિવાળો હોઈને તેની સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી જ શરૂ થતી ક્રિયા તે સર્વ પુરુષોથી વિશિષ્ટ હોઈને મોક્ષને માટે ઘટે છે. એ ક્રિયાથી તેને પરંપરાએ પણ મોક્ષ જ મળે છે, અને એથી જ આ પુરુષને શક્તિ-સંહનન આદિની અસામર્થ્યતા આદિના કારણે આ જન્મમાં કદાચ મોક્ષ ન પ્રાપ્ત થાય તો પણ આ ક્રિયાથી તેને તે પછીના થોડા જ ભવોમાં મોક્ષ પ્રાપ્ત થાય જ. આથી જ આ જીવોની પ્રવૃત્તિ અનવદ્ય સ્વરૂપે = કુશલાનુબંધ રૂપે થાય છે. એમ આગળ જણાવ્યું છે.

આ પુરૂષ સંસારને કારાગાર અને નરકાવાસ સમો દેખે છે. અને સમુદ્રમાં ડુબતાને નૌકાના લાભે જે સંતોષ થાય છે, તેવો સંતોષ ભવસમુદ્રથી પાર ઉતારનારી મોક્ષ માર્ગ રૂપ નૌકાના લાભે તેને નિરંતર વર્તે છે.

यस्तु कृतार्थोऽप्युत्तममवाप्य धर्मं परेभ्य उपदिशति ।
नित्यं स उत्तमेभ्योऽप्युत्तम इति पूज्यतम एव ॥ ६ ॥

વળી જે સ્વયં પોતે કૃતાર્થ-કરણીયરૂપ કર્મના ક્ષયોપશમ-ક્ષય આદિ કાર્ય જેનાં પતી ગયા છે તેવા થવા છતાં પણ શ્રેષ્ઠ એવા શ્રુત-ચારિત્ર ધર્મને સ્વયં મેળવી એકાંત હિત બુદ્ધિથી નિષ્કારણ કરુણાથી પ્રેરાઈ બીજાઓને તે ધર્મનો ઉપદેશ આપે.

આવી વ્યકિત ઉત્તમ પુરુષો ( જેઓ પોતાના સ્વાર્થને ગૌણ કરી જગતનું ભલું કરવા તત્પર બને છે. તેમના ) થી પણ વધુ ઉત્તમ બને છે. કેમકે અહિં તો નિઃસ્વાર્થ ભાવે એકાંત હિત-બુદ્ધિએ જ ઉપદેશની પ્રવત્તિ છે.

આવા છઠી કક્ષાના સર્વોત્તમ ઉત્તમોત્તમ નામના મહાપુરુષ =તીર્થંકર વિશેષે કરીને પૂજ્ય હોય છે. એ નિઃસંશય વાત છે.

तस्मादर्हति पूजामर्हन्नेवोत्तमोत्तमो लोके ।
देवर्षिनरेन्द्रेभ्यः पूज्येभ्योऽप्यन्यसत्त्वानाम् ॥ ७ ॥

આ કારણથી જ =નિઃસ્વાર્થ ભાવે જગતના જીવોને એકાંત હિતકર ઉપદેશ આપી સન્માર્ગે ચઢાવે છે. તેથી જ ઉત્તમોત્તમ મહાપુરુષ તરીકે તીર્થંકરો જ જગતના સામાન્ય જીવોને પૂજનીય એવા દેવો-ઋષિઓ અને રાજા-મહારાજાઓથી પણ પૂજ્ય બને છે-તે યથાર્થ છે. તેથી જ તીર્થંકરો યથાર્થ ગુણવાચી अर्ह् ધાતુ દ્વારા અર્હંત કે અરિહંત શબ્દથી સંબોધાયા છે.

अभ्यर्चनादर्हतां मनः प्रसादस्ततः समाधिश्च ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यम् ॥ ८ ॥

વળી આવા ઉત્તમોત્તમ અરિહંત મહાપુરુષોના પૂજનથી પૂજક ભવ્ય જીવોના હૈયાને અપૂર્વ ભાવોલ્લાસ ભરી ચિત્ત-પ્રસન્નતા-હૈયાધારણ થાય છે. કે જગતના સર્વશ્રેષ્ઠ નિષ્કારણ કરુણાનિધિ મહાપુરુષની પૂજા કરવા અમે સૌભાગ્યશાળી થયા છીએ.

તેમજ આવી ઉલ્લાસભરી ચિત્ત પ્રસન્નતાથી ચિત્તના વિક્ષેપોનું શમન થઈ અપૂર્વ સમાધિ=ચિત્ત-સ્વસ્થતાની પ્રાપ્તિ થાય છે.

તેનાથી પરંપરાએ સઘળા કર્મોના ક્ષય થવા રૂપે નિઃશ્રેયસ=મોક્ષની પ્રાપ્તિ થાય છે.

આ કારણથી વિશિષ્ટ ચિત્તપ્રસન્નતા અને અપૂર્વ સમાધિના હેતુરૂપે અરિહંત પરમાત્માનું પૂજન મોક્ષનું અંગ બનતું હોઈ વિવેકીઓનું આદર્શ કર્તવ્ય બની જાય છે.

तीर्थप्रवर्त्तनफलं यत्प्रोक्तं कर्म तीर्थकरनाम ।
तस्योदयात् कृतार्थोऽप्यर्हन् तीर्थं प्रवर्तयति ॥ ९ ॥

અહિં કદાચ શંકા થાય કે- સ્વાર્થને ગૌણ કરી પરમાર્થ કરવાની વૃત્તિથી બીજાનું ભલું કરવા માટે ઉત્તમ પુરુષોની પ્રવૃત્તિને પણ ગૌણ બનાવી નિષ્કારણ કરુણાથી પ્રેરાઈને કોઈપણ પ્રેરક વૃત્તિ વિના એકાંત હિતની પ્રવૃત્તિ ઉત્તમોત્તમ કક્ષામાં રહેલા તીર્થંકરો શી રીતે કરી શકે? કારણ વિના કાર્ય શી રીતે થાય?

તેના ખુલાસામાં આ કારિકામાં જણાવ્યું છે કે-

તીર્થ = શાસન પ્રવર્ત્તાવવાનું ફળ જેનું છે એવું તીર્થંકર નામ કર્મ શાસ્ત્રોમાં જણાવ્યું છે. તે કર્મ ઉત્તમોત્તમ મહાપુરુષ તીર્થંકર ભગવંતોએ ત્રીજા ભવમાં વિશિષ્ટ રીતે નિકાચિતપણે બાંધ્યુ હોય છે. તે કર્મના ઉદયની પ્રેરણાથી સાહજિક રીતે સ્વાભાવિક પ્રવૃત્તિ તીર્થંકરોની હોય છે કે જેનાથી તેઓ જગતના સઘળા જીવોને હિતકારી શાસનની સ્થાપના કરી જગતના જીવોનું એકાંત કલ્યાણ નિષ્કામ-બુદ્ધિએ પણ કરી શકે છે.

तत्स्वाभाव्यादेव प्रकाशयति भास्करो यथा लोकम् ।
तीर्थप्रवर्त्तनाय प्रवर्तते, तीर्थकर एवम् ॥ १० ॥

તીર્થંકર નામકર્મનો ઉદય નિમિત્તમાત્ર! બાકી તો તીર્થંકર પરમાત્માનું અપૂર્વ આત્મવૈશિષ્ટ્ય જ એવું કે- ત્રીજા ભવે તેમના આત્માની શક્તિઓનો એવો પ્રબલ વિકાસ થાય કે- જગતના પ્રાણીમાત્રના કલ્યાણના સાધનો પ્રસ્તુત કરવા રૂપે જ તેમના આત્માની સાહજિક પ્રવૃત્તિ છેલ્લા ભવમાં થઈ રહે.

આ રીતે સાહજિક સ્વભાવથી સૂર્ય જેમ લોકને પ્રકાશિત કરે છે. તેમ તીર્થંકર મહાપુરુષો પણ કો'કની પ્રાર્થના કે કો'કની દુઃખી, કે કરુણ હાલતનું દર્શન આદિ કંઈપણ બાહ્ય નિમિત્ત વિના માત્ર પોતાના અત્યંત વિકસિત આત્મબળને પ્રાણીમાત્રના દુઃખનું નિવારણ કરવાના કાર્યમાં વાપરવા રૂપે તીર્થંકરનામકર્મોદયજન્ય સાહજિક પ્રવૃત્તિ રૂપે સર્વહિતકર-શાસનની સ્થાપના કરે છે.

આ પ્રમાણે સામાન્ય રીતિએ પૂર્વકારિકામાં દ્વાદશાંગરૂપ તીર્થ પ્રણયન જેનું મુખ્ય ફળ છે, એવા તીર્થંકર મહારાજાનું સ્વરૂપ જણાવીને વર્તમાન તીર્થના અધિપતિ **પરમાત્મા મહાવીર દેવની** સ્તુતિ કરવાની અભિલાષાથી અન્ય દાર્શનિકો સ્વયંભૂ અનાદિસિદ્ધિ પરમાત્મા માને છે, તે મંતવ્યનો નિરાસ થાય; તેવી રીતે પ્રભુ **મહાવીર દેવના** ગુણોનું હવે પ્રતિપાદન કરે છે.

यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु ।
जज्ञे ज्ञातेक्ष्वाकुषु सिद्धार्थनरेन्द्रकुलदीपः ॥११॥

કારિકામાં यः પદ એ ઉદ્દેશ્ય છે. તે ઉદ્દેશ્ય પદ અહીંથી આગ આરમી કારિકા (ક્રમાંક ૨૧)માં

'कृत्वा त्रिकरणशुद्धं तस्मै परमर्षये नमस्कारम्'

એ પ્રમાણે જે પૂર્વાર્ધ આવશે, તેમાં तस्मै પદ છે, તે રૂપે નિર્દેશની અપેક્ષાવાળું છે.

અર્થાત્ જે આવા પ્રકારના ગુણસંપન્ન તેમને ત્રિકરણ શુદ્ધ નમસ્કાર કરીને હું શિષ્યના હિત માટે આ ગ્રંથ કહીશ, એમ સંબંધ જોડવાનો છે.

હવે કેવા ગુણે કરીને યુક્ત મહાવીર મહારાજા છે. **शुभकर्मासेवनभावितभावः**–ઉત્તમોત્તમ–સમ્યગ્દર્શનાદિ લાભનો પ્રારંભ થયા બાદ સત્વાનુકંપા, ગુણી–સાધુજનની સેવા, સુપાત્રદાનાદિ વિશિષ્ટ સામગ્રીથી થતા સત્કર્મના વારંવાર સેવનથી જેમનો અંતરાત્મા અનેક ભવો સદ્ગુણથી વાસિત બનેલો છે. અર્થાત્ વરબોધિલાભની પ્રાપ્તિ થયા બાદ એવા પ્રકારની સામગ્રી અને સંયોગો તેમને મળ્યા છે. આત્મા પણ ત્યાં સુધી એવો સદ્ગુણ–વાસિત થઈ ગયો છે કે કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પર્યંત તે તે ભવાપેક્ષાએ ઉત્તરોત્તર ઉંચી કક્ષાએ જ જેઓ ચઢવાના છે. અને છેવટે જ્ઞાત નામના જે ક્ષત્રિય વિશેષ અને તેમાં પણ જે ઈક્ષ્વાકુ વંશવાળા ક્ષત્રિયો તે વંશમાં સિદ્ધાર્થ મહારાજાને ઘેર કુલમાં દીપક રૂપે જે ઉત્પન્ન થયા છે.

આ અને આગળ કહેવાતા વાક્યો વડે અનાદિ સિદ્ધ પરમાત્મા છે, તેવું માનવાળાઓનો નિરાસ થાય છે.

હવે **પરમાત્મા મહાવીર** દેવનો **સિદ્ધાર્થ** રાજાને ત્યાં **ત્રિશલાદેવી**ની કુક્ષીમાં ગર્ભપણે ઉપપાત થયો તે કેવા ગુણો વડે યુક્ત થયો ? અર્થાત્ તે અવસરે પણ પ્રભુમાં કેવા ગુણો હતા તે જણાવે છે.

**ज्ञानैः पूर्वाधिगतैरप्रतिपतितैः मतिश्रुतावधिभिः ।**
**त्रिभिरपि शुद्धैर्युक्तः शैत्यद्युतिकान्तिभिरिवेन्दुः ॥१२॥**

**पूर्वाधिगतैः** એટલે ગયા દેવભવમાં પ્રાપ્ત કરેલા અપ્રતિપતિત અને શુદ્ધ એવા મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત પરમાત્માનો ઉપપાત થએલો છે.

તાત્પર્ય એ છે કે– દેવભવમાં **પ્રાણત** નામના દશમા દેવલોકમાં એ પ્રભુનો આત્મા જે મતિ, શ્રુત અને અવધિ જ્ઞાન વડે યુક્ત

હતો, તે મતિ, શ્રુત અને અવધિ દેવતાના આખા ભવમાં તો કાયમ રહ્યા, પરંતુ ત્યાંનું આયુષ્ય પૂર્ણ થયે મનુષ્યલોકમાં જે અવસરે એ પરમાત્માનો અવતાર થયો, તે અવસરે પણ તે દેવના ભવનાં ત્રણે જ્ઞાનો સાથે લઈને અવતર્યા.

અહિં કારિકામાં અને તેની ટીકામાં **અપ્રતિપતિત, અનાવૃત્ત** અને **શુદ્ધ** એમ જ્ઞાનના ત્રણ વિશેષણ આપ્યા છે.

એ ત્રણેની સફલતા એ છે કે જગતના અન્યાન્ય જીવોને કોઈ કોઈ વખતે મતિજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે, પરંતુ સંક્લિષ્ટ અધ્યવસાયના યોગે પુનઃ ચાલ્યા જાય છે. વળી મતિજ્ઞાનાદિ થાય છે તે જોઈએ તેવા શુદ્ધ હોતા નથી, જ્યારે આપણા **પરમાત્મા મહાવીર** દેવના મતિ-શ્રુતાદિ ત્રણે જ્ઞાનો અપ્રતિપાતી તેમજ શુદ્ધ છે. કારિકામાં **त्रिभिरपिशुद्धैर्युक्तः** એવું જે પદ છે, તે એમ જણાવે છે કે કોઈ વખત કોઈને ત્રણ જ્ઞાન તો હોય, પરંતુ તેમાં એક બે વિશેષ શુદ્ધ હોય, જ્યારે એક તથાવિધ શુદ્ધ ન હોય. આ પરમાત્માના ત્રણે જ્ઞાન માટે તેવું નથી, તેમના તો ત્રણે જ્ઞાનો શુદ્ધ છે.

પરમાત્મા ત્રણ જ્ઞાન સહિત કેવા શોભે છે? તેના ઉપર દૃષ્ટાંત આપે છે. **शैत्यद्युतिकांति** શીતલતા = આલ્હાદકપણું, દ્યુતિ = અત્યંત નિર્મળતા અને કાંતિ = મનોહરપણું એ ત્રણે ગુણો વડે ચંદ્ર શોભે છે. તે પ્રમાણે મતિ, શ્રુત અને અવધિ વડે પરમાત્મા શોભે છે.

અહીં એકદેશીય ઉપમા સમજવી પરંતુ સર્વદેશીય ન સમજવી, જે સ્વયં સમજી શકાય છે, વળી શીતલતા, દ્યુતિ, કાંતિ એ ત્રણેનો મતિ-શ્રુત અને અવધિ એ ત્રણ સાથે યથાસંખ્ય સંબંધ પણ જોડવો ઉચિત જણાતો નથી.

યદ્યપિ શ્રુતજ્ઞાનમાં દ્યોતકત્વ છે, પરંતુ મતિમાં શીતલતા અને અવધિમાં કાંતિત્વ એ બન્ને કઈ રીતે ઘટાવવા? તે વિચારણીય થઈ પડે, તેથી યથાસંખ્ય ન લેતાં સામાન્ય રીતે ત્રણની સંખ્યા પુરતી ઉપમા ગણવી વ્યાજબી જણાય છે.

પરમાત્મા દેવલોકમાંથી ચ્યવી મનુષ્યલોકમાં આવ્યા ત્યારે પરમાત્મા કેવા ગુણો સહિત હતા? તેનું તો નિરૂપણ પૂર્વ ગાથામાં થયું, પરંતુ જન્મ થયા બાદ આ અધિકૃત પરમાત્મા મહાવીર દેવનું કેવું સ્વરૂપ છે? તે જણાવવા માટે હવેની કારિકામાં કહે છે કે :-

**शुभ सार-सत्त्व-संहनन-वीर्य-माहात्म्य-रूपगुणयुक्तः ।**
**जगति महावीर इति त्रिदशैर्गुणतः कृताभिख्यः ॥१३॥**

આ કારિકામાં **શુભ** અને **સાર** એ બન્ને પદો વિશેષણો છે. અને સત્વાદિ વિશેષ્ય છે.

અર્થાત્ આગળ કહેવામાં આવતા પરમાત્માના **સત્ત્વ, સંહનન વીર્યાદિ** ગુણો કેવા છે? તો **શુભ** અને **સાર** છે, તેમાં **સત્વ** = ધીરતા, **સંહનન**–શારીરિક મજબુતાઈ **વીર્ય** = ઉત્સાહ **માહાત્મ્ય** = પ્રભુતા **રૂપ** = અંગોનું સૌંદર્ય અને **ગુણો**–ગાંભીર્ય, દાક્ષિણ્ય વિગેરે.

અહિં જે ઉત્તરોત્તર સત્વાદિ ગુણોનો ક્રમ રાખ્યો છે, તે સહેતુક છે.

સત્વ હોય પણ શારીરિક મજબુતાઈ વગર શું થાય? તે હોય પણ કાર્ય કરવાના વીર્યોલ્લાસ વિના કાર્ય ન બની શકે. એમ એક એક પછી એક ગુણોનું સહેતુકપણું સ્વયં યોજવું.

અગાઉ જણાવી ગયા મુજબ એ સત્વાદિ ગુણો શુભ અને સારભૂત છે.

હવે શુભ અને સાર એ બન્ને વિશેષણો આપવાની શી જરૂર ? તે માટે બંને વિશેષણોનો અર્થ કહે છે. શુભ=પ્રકૃતિથી જ સુંદર અર્થાત્ સ્વરૂપે સારા, હવે આટલા વિશેષણો ચાલત, પરંતુ વાસુદેવાદિના ભવમાં સત્વાદિ ગુણો સ્વરૂપે સારા હતા, છતાં પરિણામે નરકાદિ દુર્ગતિના કારણભૂત હોવાથી પરિણામ-સુંદર ન ગણાય. એ દોષ ટાળવા માટે **શુભ**ના વિશેષણ સાથે **સાર** એ બીજું વિશેષણ પણ ગ્રંથકાર મહર્ષિએ આપ્યું, અને ટીકાકાર ભગવાને તેથી **સાર**=ભવિષ્યનું હિત એ જ જે સત્વાદિ ગુણોનું પ્રયોજન છે, એવો સ્પષ્ટ અર્થ કર્યો.

દૃષ્ટાંત તરીકે આ ઘરમાં આ સાર છે, હિતકારી છે.

આવા **પ્રકૃતિસુંદર** અને **પરિણામે હિતકારી** સત્વાદિ ગુણોથી યુક્ત છે. અને દેવોએ કષાયાદિ-શત્રુઓનો જય કરવાને અંગે જે મહાવિક્રાંત=મહાપરાક્રમી હોવાથી સંગમાસુરે કરેલા ઉપસર્ગોને સહન કરવાના પ્રસંગે **મહાવીર** એવા ગુણનિષ્પન્ન નામની સ્થાપના કરી છે. એટલું જ નહિ પરંતુ હવેથી આ પરમાત્માને તેમના અતુલ પરાક્રમને અંગે **મહાવીર** એવા શુભ નામથી સંબોધવા, એમ જાહેરાત કરી છે. (તે પરમાત્મા મહાવીર દેવને નમસ્કાર કરીને ઈત્યાદિ સંબંધ આગળ આવશે.)

ઉપર જણાવેલ ગુણસંપન્ન પ્રભુએ રાજધર્મનું અનુપાલન કરીને કૌટુંબિક પરિપાલન કરીને ચારિત્ર ગ્રહણ કર્યું. એ સંબંધ આગળ આવશે, પરંતુ ચારિત્રગ્રહણમાં તત્ત્વનું જાણપણું તો જોઈએ, તો એ પ્રભુને તત્વનું જાણપણું શી રીતે ? ક્યાંથી થયું ? તે હવે જણાવે છે.

**स्वयमेव बुद्धतत्त्वः सत्त्वहिताभ्युद्यताचलितसत्त्वः ।**
**अभिनन्दितशुभसत्त्वः सेन्द्रैर्लोकान्तिकैः देवैः ॥१४॥**

સ્વયમેવ અર્થાત્ પૂર્વ ભવમાં આચરેલા સમ્યગ્ ચારિત્રના

અભ્યાસથી જેઓને તત્વનું જાણપણું થયું છે. કોઈના પણ ઉપદેશની અપેક્ષા તેઓને હોતી નથી.

(અહીં એ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે તીર્થંકરો સ્વયં-બુદ્ધ હોય છે, તેઓ કોઈના પણ ઉપદેશથી ચારિત્ર ગ્રહણ કરતા નથી પરંતુ પૂર્વના ત્રીજા વિગેરે ભવોમાં આચરેલા સમ્યગ્ ચારિત્રના પ્રભાવથી આ ભવમાં તેમને ઉપદેશાદિ બાહ્ય નિમિત્ત સિવાય જ નિર્વેદ થાય છે. અને તીર્થ પ્રવર્તનના ધ્યેયને લક્ષ્યમાં રાખી ચારિત્ર ગ્રહણ કરે છે.

અહીં પ્રથમ તો પ્રભુને જગતના સર્વ પ્રાણીઓના હિતાર્થે તીર્થ-પ્રવર્તનાની ચિંતના, એ ચિંતનાની સાથે જગત સ્વભાવે લોકાન્તિક દેવોના આસનોનું ચલિત થવું, ત્યાર બાદ લોકાન્તિક દેવોનું આવાગમન અને **धम्मतित्थं पवत्तेह सव्वजगज्जीवहियं** એ પ્રમાણે સ્વાચારપાલન, ત્યાર બાદ સંવચ્છરી દાન અને દીક્ષા પ્રસંગે ઈન્દ્રાદિનું આવાગમન, એમ સમજવું.

પરમાત્મા રૂષભદેવના જીવન ઉપર લક્ષ્ય આપશું તો આ સ્વયંબુદ્ધપણાની બાબત આપણને વધુ ખ્યાલમાં આવશે. રૂષભ-દેવ સિવાય બાકીના ૨૩ તીર્થંકરોના ચારિત્ર ગ્રહણ પ્રસંગે આ ભરત ક્ષેત્રમાં પૂર્વ-પૂર્વના તીર્થંકરોનું શાસન વિદ્યમાન હોવાથી વૈરાગ્યનું વાતાવરણ અમુક અંશે હોય છે. જ્યારે ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી તો કેવળ બાહ્ય સુખની જમાવટનું જ સજ્જડ વાતાવરણ ચોમેર વ્યાપેલું હોય છે. આવા બાહ્ય સુખના સજ્જડ વાતાવરણમાં પણ ભગવાન શ્રી રૂષભદેવજીને યોગ્ય અવસરે ચારિત્ર ગ્રહણ કરવાની ભાવના થાય છે, તેમાં જો કોઈપણ કારણ હોય તો પૂર્વભવમાં આરાધેલા સમ્યક્ ચારિત્રના અભ્યાસનો જ પ્રતાપ છે. ભલે! તીર્થંકર મહારાજાને ગર્ભકાલથી જ મતિ, શ્રુત, અવધિ એ ત્રણ જ્ઞાન હોય, પરંતુ એ ત્રણ જ્ઞાન કરતાં પણ પૂર્વભવારાધિત સમ્યક્ ચારિત્રનો અભ્યાસ અને તત્વાવબોધ તીર્થ-પ્રવર્તન નિમિત્તે ગ્રહણ કરાતા ચારિત્રમાં પ્રબળ કારણ છે.

તાત્પર્ય એ થયું કે પૂર્વભવારાધિત સુચારિત્રના અભ્યાસથી જ જાણ્યું છે તત્વ જેઓએ એવા, વળી જગતના સર્વ પ્રાણીઓના હિત માટે જેઓનું નિષ્પ્રકમ્પ સત્ત્વ તૈયાર થયું છે, એટલે કે 'સંસારના સર્વ પ્રાણીઓને જન્મ-જરા-મરણાદિક સંબંધી ઘણું દુઃખ હોવાથી સંસારમાંથી મારે તે સર્વ પ્રાણીઓનો ઉદ્ધાર કરવા માટે તીર્થની પ્રવર્તના કરવી જોઈએ.' આવા પ્રકારની ચિન્તના જેઓના હૃદયકમળમાં જાગૃત થઈ છે, અને તે સર્વ-પ્રાણીઓની હિત ચિન્તારૂપ તત્વને ઈન્દ્રો સહિત લોકાન્તિક દેવોએ પણ અભિનંદન આપ્યું છે.

હવે પરમાત્મા કેવી રીતે ચારિત્ર ગ્રહણ કરે છે? તે જણાવે છે.

**जन्म-जरा-मरणार्तं जगदशरणमभिसमीक्ष्य निस्सारम् ।**
**स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥**

જગતને જન્મ-જરા અને મરણથી વ્યાપ્ત તેમજ શરણ વિનાનું અને સાર વિનાનું જ્ઞાનચક્ષુ વડે જોઈને તેમજ જાણીને સ્ફીત અર્થાત્ સમૃદ્ધિવાળા રાજ્યનો ત્યાગ કરીને તીર્થ પ્રવર્તાવવા દ્વારા ઉપર જણાવેલ જગતની શાંતિ માટે એટલું કે હું ચારિત્ર ગ્રહણ કરી જગતના સર્વ જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવું. એવા સાતિશય જ્ઞાનવાન્ **શ્રી વર્ધમાન કુમારે** ચારિત્ર ગ્રહણ કર્યું.

અહીં કારિકામાં **जन्मजरामरणार्त्तं** એ પદમાં જન્મ પ્રથમ આપીને જરા-મરણ પદ પછી આપ્યા છે, તેનો આશય એ સમજવો જોઈએ કે જગતમાં જરા અને મરણનું દુઃખ તો પ્રાણી માત્રને ખ્યાલમાં હોય છે એટલે કે કોઈપણ જગતનો પ્રાણી જરા અને મરણને દુઃખ રૂપે ન માનતો હોય તેવું નથી હોતું. **પરંતુ જન્મને દુઃખરૂપે માનનાર જો કોઈપણ પ્રાણી હોય તો તે સમ્યગ્-દૃષ્ટિ જ છે.**

વળી જરા અને મરણને જગતના સર્વ જીવો દુઃખરૂપે માને છે, તે સાથે તે દુઃખને દૂર કરવા માટે જે જે ઉપચારો (ઔષધાદિ સંબંધી) કરે છે તે બધા બાહ્ય ઉપચારો છે. વાસ્તવિક રીતે એકપણ સાચો ઉપાય નથી, જો જરા અને મરણના દુઃખને દૂર કરવા હોય તો પ્રથમ તો જન્મને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જો જન્મ બંધ થાય તો જરા અને મરણ આપોઆપ બંધ થવાના જ છે.

આ વસ્તુ ખ્યાલમાં લાવવા માટે જ જૈનગ્રંથોમાં પ્રત્યેક સ્થળે જન્મ-જરા-મરણના દુઃખોના અધિકારમાં જન્મના દુઃખને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. 'अशरणं' એવું જે વિશેષણ છે. તે પણ જગતનું જ સમજવાનું છે, પરંતુ 'પોતે ત્રાણરહિત–શરણરહિત છે અને ચારિત્રગ્રહણ કરે છે તેમ અર્થ કરવાનો નથી કારણ કે અગાઉ કહી ગયા મુજબ તીર્થંકર મહારાજાઓ જગતના સર્વ જીવોના હિતાર્થે તીર્થ પ્રવર્તનાના ઉદ્દેશથી ચારિત્રગ્રહણ કરનારા છે.

કારિકામાં આપેલ નિઃસાર પદનો અર્થ સામાન્યરીતિએ નિઃસુખ એવો ટીકાકાર મહારાજે કર્યો છે, પરંતુ શાતાના ઉદયની અપેક્ષાએ જો સુખ ગણવામાં આવે તો દેવો સુખ વિનાના નથી, પરંતુ સુખી છે. સમતાનું સુખ ગણવામાં આવે તો સાધુ માત્ર સુખી છે. એ બંને આવતા અવ્યાપ્તિ દોષના પરિહાર માટે નિઃસારનો અર્થ નિઃસુખ કરીને છેવટે લખી દીધું છે કે નિઃસાર એટલે કદલીગર્ભોપમમ્

તાત્પર્ય એ થયું કે ભલે ! શાતાના ઉદયની અપેક્ષાએ દેવો સુખી ગણાતા હોય, અથવા સમતાની દષ્ટિએ સાધુ સુખી ગણાતા હોય, પરંતુ આંતર-દષ્ટિએ વિચારતાં એ બધું સુખ કેળના ગર્ભ જેવું છે. અર્થાત્ કેળના સ્તંભ ઉપરથી પડો એક પછી એક જો ઉખેડવામાં આવે તો તેમાં અંદર ગર્ભ જેવું કશું હોતું નથી, તે પ્રમાણે દેવના સુખમાં પણ આંતર તત્વ કશું હોતું નથી. અને

સાધુની સમતામાં સુખમાં પણ જો સમતા વાસ્તવિક પરિણમી હોય તો તો સુખ ગણાય, પરંતુ યત્ કિંચિત્ માત્ર હોય તો તે પણ કાયમી સુખ માટે થતી નથી.

કારિકામાં આવેલા 'स्फीतं अपहाय राज्यं' એ પદથી આજકાલ કેટલા અનભિજ્ઞો પ્રભુના પિતા એક નાના ગામના રાજા હતા, ઈત્યાદિ યથેચ્છ પ્રલાપો કરે છે તેનો નિરાસ થાય છે.

કદાચ એ શંકા થશે કે પ્રભુએ તો કુમારાવસ્થામાં ચારિત્ર ગ્રહણ કર્યું છે તો તેમને રાજ્યનો ત્યાગ કરવાપણું ક્યાં રહ્યું ? તો તેના સમાધાનમાં સમજવાનું કે મૂર્ધાભિષિક્ત રાજા તરીકે યદ્યપિ **વર્ધમાનકુમાર** ન હતા તે વાત સત્ય છે, પરંતુ આજે પણ એવા રિવાજો છે કે રાજાને ત્યાં પુત્રોનો જન્મ થાય કે તુર્ત જ તે પુત્રને પોતાના રાજ્યનો અમુક ભાગ, છેવટ અમુક ગામ અલગ કાઢી આપવામાં આવે છે. અને તે પુત્રને અંગે થતો ખર્ચ તે વિભાગ અથવા ગામોની આવકમાંથી થાય છે. એ અપેક્ષાએ અહિં રાજ્ય પદને કશો વિરોધ આવવા સંભવ નથી.

ટીકાકાર મહર્ષિએ પણ રાજ્યત્યાગથી મૂર્ધાભિષિક્ત રાજાપણું ન આવી જાય તે માટે રાજ્ય એ પદનો જનપદાદિ=દેશો વગેરે એવો સ્પષ્ટ અર્થ કરી નાખ્યો છે. 'शमाय धीमान् प्रवव्राज' એમાં જે शमाय પદ છે તે પોતાની શાંતિ માટે ન લેવું, પરંતુ જગતના સર્વ-જીવોની શાંતિ માટે લેવું છે. અને તેથી જ "तीर्थ प्रवर्तनेन प्रक्रान्तजगतः शमाय" એમ ટીકાકારને સ્પષ્ટતા કરવી પડી છે.

વળી ધીમાન્ એ પદનો અર્થ **સિદ્ધસેનગણીજી**એ મનઃપર્યવ જ્ઞાનવાળા એવો કર્યો છે, પરંતુ તે પણ વિચારણીય છે. કારણ કે "मनःपर्यज्ञानवान् प्रवव्राज" એમ જો લઈએ તો ચારિત્રગ્રહણની પૂર્વે મનઃપર્યવજ્ઞાન પ્રાપ્તિની આપત્તિ છે. જ્યારે સિદ્ધાંતમાં ચારિત્ર ગ્રહણ પછી મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ કહેલી છે, અને તેથી

**ભગવાન હરિભદ્રસૂરિજીએ ધીમાનૂનો** અર્થ મનઃપર્યવજ્ઞાન ન કરતાં **"તીર્થ પ્રવર્તન દ્વારા સારરહિત–સુખરહિત જગતની શાંતિ માટે હું ચારિત્ર ગ્રહણ કરૂં"** એવા વિશિષ્ટ જ્ઞાનરૂપે અતિશય જ્ઞાનવાળા એવો અર્થ કર્યો છે.

હવે–સામાયિક છેદોપસ્થાપનીયાદિ ચારિત્રના અનેક પ્રકાર હોવાથી ભગવંતે કયું ચારિત્ર લીધું ? તે વિશેષતાથી જણાવે છે.

**प्रतिपद्याशुभशमनं निःश्रेयससाधनं श्रमणलिंगम् ।**
**कृतसामायिककर्मा व्रतानि विधिवत् समारोप्य ॥ १६ ॥**

મોક્ષાભિલાષરૂપ સંવેગના સદ્ભાવથી જગતના અશુભ કર્મના શમન માટે પ્રાયઃ જે પ્રમાણે વિધિ હોય તે પ્રમાણે વિધિમાં રહેનાર વિધિ આચરનારને શુકલધ્યાનાદિના આલંબનથી જે મોક્ષ સાધ્ય બને છે. તે મોક્ષ જગતને પ્રાપ્ત કરાવવા માટે પંચમુષ્ટિ લોચ અને દેવદુષ્ય રૂપ શ્રમણલિંગને ગ્રહણ કરીને **करेमि सामाइयं** ઈત્યાદિનો ઉચ્ચાર કર્યો છે, જેઓએ કેવળ ઉચ્ચાર નહિં, પરંતુ જ્ઞાન–દર્શન–ચારિત્રની ભાવનામાં જેઓ સ્થિત થયા છે, અથવા ઈષ્ટ વિષયની પ્રાપ્તિમાં જેમને નથી રાગ ! અને અનિષ્ટની પ્રાપ્તિમાં નથી જેમને દ્વેષ ! એવા પ્રભુ હિંસાદિ નિવૃત્તિ રૂપ પંચ મહાવ્રતોને અર્થથીજ ( પરંતુ **करेमि सामाइयं**ની માફક ઉચ્ચારણથી નહીં) પોતાના આત્મામાં વિધિ પૂર્વક આરોપણ કરીને

હવે કેવી રીતે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરશે ? તે આગળ કહેવાશે.

અહિં એટલું ખ્યાલમાં રાખવું જે પહેલા તીર્થંકર મહારાજાના શાસનવર્ત્તી સાધુઓને પ્રથમ સામાયિક ચારિત્ર **करेमि भंते सव्वं सामाइयं** ના ઉચ્ચારણ અને અમુક મુદત બાદ પૂર્વ પર્યાયના છેદની સાથે પંચમહાવ્રતોની ઉપસ્થાપના આલાવાના ઉચ્ચારણ પૂર્વક થાય છે, તે પ્રમાણે પ્રથમાન્તિમ તીર્થંકર મહારાજા માટે સમજવાનું નથી, તેમને તો ચારિત્રગ્રહણ

પ્રસંગે જે करेमि सामाइयं એ સૂત્રનું ઉચ્ચારણુ થાય છે, તે ઉચ્ચારણુથી અર્થથી પંચમહાવ્રતોનું ઉચ્ચારણુ અંતર્ગત આવી જાય છે.

જ્યારે બાવીશ તીર્થંકરના સાધુઓને તેમજ તીર્થંકર મહારાજાને પ્રથમથી જ सम्मं भंते पाणाइवायं पच्चक्खामि ' એ પ્રમાણે વ્રતોનું ઉચ્ચારણુ અને આત્મારોપણુ હોય છે પરંતુ કરેમિ ભંતે સામાઇયં એ પ્રમાણે સામયિકનું ઉચ્ચારણુ હોતું નથી અને તેથી જ બાવીશ તીર્થંકરના સાધુઓના ચરિત્રોમાં પંચમૌષ્ટિક લોચાનંતર चाउज्जामं धम्मं पडिवज्जइ એવા પ્રકારના ભાવાર્થવાળા પાઠો સ્થળે સ્થળે મળી આવે છે.

પ્રભુએ વિધિ સહિત ચારિત્ર ગ્રહણુ કર્યું ? તો તે કઈ વિધિ તે અહીં જણાવે છે.

काउण णमोक्कारं सिद्धाणमभिग्गहं तु सो गिण्हे ।
सव्वं मे अकरणिज्जं पावंति चरित्तमारुढो ॥ १ ॥ (आ०नि०)

ભાવાર્થ-સિદ્ધભગવંતોને णमो सिध्धाणं એ પ્રમાણે નમસ્કાર કરીને ચારિત્ર ઉપર આરૂઢ થયેલા તે તીર્થંકર મહારાજા આ પ્રમાણે અભિગ્રહ ધારણુ કરે છે કે'-સર્વ પ્રકારનું પાપ આજથી મારે નહીં કરવા યોગ્ય છે.'

આ પ્રમાણે ચારિત્ર ગ્રહણુ કર્યું છે છતાં પણુ પરમાત્મા અપ્રમત્તભાવની જેમ વૃદ્ધિ થાય તે પ્રમાણે વર્તન કરવા વડે ઉત્કૃષ્ટ ગુણોથી યુક્ત બનીને ભગવાન વિચરે છે,

કેવી રીતે વિચરે છે? તે હવે જણાવે છે :

केवलमधिगम्य विभुः, स्वयमेव ज्ञान-दर्शनमनन्तम् ।
लोकहिताय कृतार्थोऽपि, देशयामास तीर्थमिदम् ॥ १७ ॥

सम्यक्त्वज्ञानचारित्र-संवरतपःसमाधिबलयुक्तः ।
मोहादीनि निहत्याशुभानि चत्वारि कर्माणि ॥ १८ ॥

ક્ષાયિકના સરખું અથવા ક્ષાયિક સમ્યક્ત્વ, તથા કેવળજ્ઞાન સિવાય બાકીના મતિશ્રુતાદિ ચારજ્ઞાન, છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધિ એ બે ચારિત્રો અવસ્થા–વિશેષમાં વૃદ્ધ પુરુષોએ કહેલ હોવાથી (અર્થાત્ છેદોપસ્થાનીય ચારિત્ર સાતિચારાદિ ભેદવાળું તેમજ પરિહાર વિશુદ્ધિ નવ વ્યક્તિની અપેક્ષાવાળું હોઈ) તે બંન્નેનો તીર્થંકર મહારાજાને સંભવ ન હોવાથી, સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથા-ખ્યાત એ ત્રણમાંથી કોઈપણ ચારિત્ર દ્વારા સર્વાશ્રવનો નિરોધ કરેલો હોવાથી સંપૂર્ણ સંવર છે, બાહ્ય તપ છએ પ્રકારનો અને અભ્યંતરમાં (પ્રાયશ્ચિત્ત વિગેરે તપ તીર્થંકરોને ન હોય) ફક્ત ધ્યાન હોય, તેથી ધ્યાનાદિતપ યથાસંભવ, સર્વ એકાગ્રતારૂપ સમાધિ.

આ સર્વ આત્મિક બળ વડે યુક્ત થયા થકા ધાર્મિકપણાને અંગે તેમજ બાકીના કર્મોની અપેક્ષાએ અશુભ એવા મોહનીય, જ્ઞાનાવરણ દર્શનાવરણ અને અંતરાય એ ચાર કર્મને હણીને (અન્ય મતમાં સ્વપ્રયત્ન ગમે તેટલો હોય છતાં ઈશ્વરાદિ સામર્થ્ય હોય તો જ આત્મિક લાભાદિની જેમ પ્રાપ્તિ કહેલી છે. તેમ અહીં નથી માનવાનું, પરંતુ) સ્વશક્તિ વડે જ અનંત એવા કેવળજ્ઞાન, કેવળ દર્શન પ્રાપ્ત કરીને જ્ઞાનની અપેક્ષાએ સર્વવ્યાપક હોવાથી વિભુ એવા તે પરમાત્માએ મોહનો વિજય અને કેવલની પ્રાપ્તિથી સ્વયં કૃતાર્થ છતાં લોકના જગતજંતુના હિતાર્થે આગળ કહેવાતા એવા તીર્થની પ્રવર્તના–સ્થાપના–નિરૂપણ કર્યું.

તીર્થંકર મહારાજાને બાહ્યતપ છએ પ્રકારનો હોય છે, પરંતુ અભ્યંતરતપમાં ફક્ત ધ્યાન સવાય બીજો તપ તેમને નથી. કારણ કે પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય તથા ઉપધિ તથા દેહોત્સર્ગ રૂપ ઉત્સર્ગ એ તીર્થંકરોને સંભવિત નથી, ફક્ત એકલું ધ્યાન હોય છે. તીર્થંકરો નદી ઉતરવા વગેરે પ્રસંગમાં ઈરિયાવહી કરે છે. (જુઓ આવશ્યકહારિ૦નું પત્ર ૧૯૯ મુદ્રિત) અને ઈરિયાવહી એ પ્રાયશ્ચિત્ત ભેદ હોવાથી ઈરિયાવહી રૂપ પ્રાયશ્ચિત્ત તીર્થંકર મહારાજાને

હોઈ શકે છે અને તેથી જ ટીકાકારે ભગવાન હરિભદ્રસૂરિજીએ **प्रायः प्रायश्चित्तापत्तिः** એમ **प्रायः** શબ્દ વાપર્યો છે.

તીર્થંકર મહારાજા છદ્મસ્થાવસ્થામાં જે કાઉસગ્ગમાં રહે છે તે કાઉસગ્ગ અભ્યંતર તપનો ભેદ નથી લેવાનો, કારણ કે અભ્યંતર તપના ભેદમાં ઉપધિ અને દેહોત્સર્ગાદિ ગણ્યા છે. જ્યારે આ કાયોત્સર્ગ એ **સંલીનતારૂપ** બાહ્ય તપના ભેદમાં ગણવાનો છે.

અષ્ટકર્મના ક્રમમાં પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ છે. છતાં કારિકામાં પ્રથમ મોહનીય કર્મ લખ્યા પછી જ્ઞાનાવરણાદિ કર્મ લખ્યા છે તે ક્ષય થવાના ક્રમથી સમજવું. અન્ય મતવાળાઓ આત્માને સર્વ વ્યાપક માની **વિભુ** શબ્દથી સંબોધે છે, પરંતુ સ્યાદ્વાદીનું તે મંતવ્ય નથી, સ્યાદ્વાદી તો જેમ ઓરડાના અમુક ભાગમાં જ દીપક હોય છે અને તેની પ્રભા આખા ઓરડામાં વિસ્તરેલી હોય તે પ્રસંગે અમુક જગ્યાએ છતાં આખા ઓરડામાં દીપક છે એ પ્રમાણે વ્યપદેશ થાય છે, તેમ સિદ્ધાત્મા લોકાકાશના અમુક વિભાગમાં જ રહેલા છતાં તેમના જ્ઞાન વડે લોકાલોક વ્યાપ્ત છે અને તે અપેક્ષાએ વિભુ કહેવાય છે. તેથી જ ટીકાકાર ભગવાને **વિભુ** પદનો અર્થ **સર્વગતજ્ઞાનાત્મા** કર્યો છે.

કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાપૂર્વક શ્રી તીર્થંકર મહારાજાએ જે તીર્થનું નિરૂપણ કર્યું છે, તે તીર્થ કેવું છે તે હવે જણાવે છે :-

**द्विविधमनेक-द्वादशविधं, महाविषयममितगमयुक्तम् ।**
**संसारार्णवपारगमनाय दुःखक्षयायालम् ॥ १९ ॥**

બારે પ્રકારવાળું અંગપ્રવિષ્ટ અને અનેક પ્રકારવાળું અંગબાહ્યરૂપ બે ભેદવાળું, સર્વ દ્રવ્યો તેમજ સર્વ પર્યાયો આ શ્રુતજ્ઞાનનો વિષય હોવાથી મહાન વિષયવાળું, સ્વરૂપની અપેક્ષાએ અસંખ્ય અને વ્યાખ્યાની અપેક્ષાએ સાત-નયોથી યુક્ત તેમજ નરકાદિ ગમન રૂપ જે સંસાર અને તે પણ ઘણા ભવોથી સમુદ્ર

સરખો કોઈ જે સંસાર સમુદ્ર તેનો પાર પ્રાપ્ત કરવા માટે જે દુઃખ=કર્મનો ક્ષય તે કર્મનો ક્ષય કરવામાં જે સમર્થ છે=સંપૂર્ણ શક્તિમાન છે. એવા શ્રુતજ્ઞાનરૂપ તીર્થનું ભગવંતે લોકહિત માટે નિરૂપણ કર્યું.

શાસ્ત્રોમાં તીર્થ શબ્દથી પ્રથમ ગણધર અથવા ચતુર્વિધ સંઘને ગ્રહણ કરવામાં આવેલ છે.

પ્રથમ ગણધરને જે તીર્થરૂપે કથન કરવામાં આવેલ છે, તે દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનના પ્રણેતાની અપેક્ષાએ, અને ચતુર્વિધ સંઘને જે તીર્થ તરીકે ગણવામાં આવેલ છે, તે શ્રુતજ્ઞાનરૂપી ગુણના આધાર તરીકેની અપેક્ષાએ કહેવામાં આવેલ છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે વસ્તુતઃ **તીર્થસ્વરૂપ અર્થાત્ તારક તરીકે તીર્થ જો કોઇ પણ હોય તો શ્રુતજ્ઞાન જ છે** અને તેથી જ આ કારિકામાં તીર્થ શબ્દથી શ્રુતજ્ઞાન લેવામાં આવ્યું છે.

'द्विविध' એ પદનો ટીકાકાર ભગવાને અંગ પ્રવિષ્ટ તથા અનંગ પ્રવિષ્ટ એમ અર્થ કરી પ્રથમ અંગ પ્રવિષ્ટ રાખ્યું છે. તે સૂત્ર રચનાના ક્રમની અપેક્ષાએ સમજવું. અન્યથા અધ્યયનાદિ ક્રમ જો વિચારાય તો સ્થલે સ્થલે 'सामाइयमाइयं लोगबिंदुपज्जंतं' ઈત્યાદિ પદો-વાકયો વડે પ્રથમ અનંગ પ્રવિષ્ટ અને પછી અંગ પ્રવિષ્ટ છે એ સાબિત થાય છે.

કારિકામાં **द्विविधं** પદ પછી '**अनेक-द्वादशविधं**' એવું જે વિશેષણાત્મક પદ છે, તેમાં પણ પ્રથમ અનંગ પ્રવિષ્ટ અને પછી અંગ પ્રવિષ્ટ એવો ધ્વનિ નિકળે છે. કારણ કે અંગ પ્રવિષ્ટના અનેક ભેદ નથી, કિન્તુ આચારાંગાદિ બાર ભેદો જ છે. જ્યારે અનંગ પ્રવિષ્ટના અનેક ભેદો છે.

આથી ટીકાકાર મહર્ષિને પણ પોતે દ્વિવિધના અર્થમાં પ્રથમ અંગ-પ્રવિષ્ટ અને પછી અનંગ-પ્રવિષ્ટ રાખેલું હોઈ અનેક, દ્વાદશ વિધના અર્થમાં 'यथार्थ' શબ્દ મુકવો પડયો છે. એટલે કે કોઈ યથાસંખ્યનો ક્રમ લઈ અંગપ્રવિષ્ટના અનેક અને અનંગ પ્રવિષ્ટના બાર ભેદો ન કરી નાંખે, પરંતુ જ્યાં જે ભેદો ઘટતા હોય ત્યાં તે ભેદો ઘટાવવા. એ ટીકામાંના **યથાર્થ** પદનો આશય છે.

કારિકામાં **महाविषय** પદ છે, તેનો અર્થ ટીકાકારે સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાય છે વિષય જેનો એવો કર્યો છે, તો અહીં સર્વ દ્રવ્યો શ્રુતનો વિષય હોઈ શકે, પરંતુ સર્વ પર્યાયો એ શ્રુત જ્ઞાનનો વિષય શી રીતે હોઈ શકે ? કારણ કે આગળ તત્વાર્થના પ્રથમ અધ્યાયમાં જ '**मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्वपर्यायेषु**' એ સૂત્રની વ્યાખ્યામાં મતિ-શ્રુતના વિષયભૂત સર્વ દ્રવ્યો કહ્યા, પરંતુ પર્યાયો તો અ-સર્વ કહ્યા છે. તો આ બાબતમાં સમાધાનમાં સમજવું જોઈએ કે **અહિં જે સર્વપર્યાયોને શ્રુતના વિષય તરીકે ગણવામાં આવ્યા છે તે આદેશ શ્રુતગ્રંથની અપેક્ષાએ કહેલા છે, પરંતુ સર્વપર્યાયોના સ્પષ્ટ જાણપણાની અપેક્ષાએ કહ્યા નથી.**

દ્રષ્ટાંત તરીકે-શાસ્ત્રમાં પરમાણુ અથવા પુદ્ગલ સ્કંધના એક ગુણ કાળાવર્ણથી અનંતગુણ કાળાવર્ણની અપેક્ષાએ ભેદો કહ્યા છે. તે અનંત ભેદોનું સ્પષ્ટ પ્રત્યક્ષ જ્ઞાન કેવલી સિવાય બીજાને ન હોઈ શકે. પરંતુ શ્રુતજ્ઞાન શ્રુતગ્રંથમાં આ પ્રમાણે કહેલું છે. માટે તેમ અવશ્ય હોય એવું અનંત પર્યાયોનું જ્ઞાન શ્રુતજ્ઞાનીને હોઈ શકે છે અને તેથી આદેશની અપેક્ષાએ **નંદીજી**માં તથા **શ્રી ભગવતીજી**માં શ્રુતજ્ઞાનના વિષયભૂત સર્વ દ્રવ્યો તથા સર્વ પર્યાયોને ગણ્યા છે.

વળી કારિકામાં આપેલા **अमितगमयुक्तम्** એ વિશેષણમાં જે ગમપદ તેનો અર્થ અહીં ગમિક શ્રુતના અર્થની માફક 'સરખો પાઠ' એ પ્રમાણે કરવાનો નથી. કારણ કે તે અર્થ સંગત થતો નથી.

પરંતુ ગમ એટલે 'પાર પામવાના રસ્તા' એવો અર્થ કરવાનો છે. **'સંસારાર્ણવ પારગમનાય'** અને **'દુઃખક્ષયાય'** એ બંને માટે આ તીર્થ સમર્થ છે. એમ અર્થ કરવાનો નથી પરંતુ સંસારનો પાર પામવાનું કારણ જે દુઃખક્ષય અર્થાત્ કર્મક્ષય તે કર્મક્ષય માટે આ તીર્થ સમર્થ છે. આવો અર્થ અહીં સમજવો.

'**दुःखयतीति दुःखं अष्टप्रकारं कर्म**' ઇત્યાદિ વ્યાખ્યાથી દુઃખનો અર્થ કર્મ અવશ્ય થઈ શકે છે.

**ग्रन्थार्थवचनपटुभिः प्रयत्नवद्भिरपि वादिभिर्निपुणैः ।**
**अनभिभवनीयमन्यैर्भास्कर इव सर्वतेजोभिः ॥ २ ॥**

વલી આ તીર્થ-શ્રુતજ્ઞાન કેવું છે ? તે વાત વિશિષ્ટ ગુણો દ્વારા જણાવે છેઃ—અન્ય દર્શનોને આશ્રયીને સંપૂર્ણ તથા ગ્રંથ, અર્થ અને વચન એ ત્રણેમાં જેઓ કુશળ છે.

કુશળતા હોય પરંતુ પ્રયત્ન ન હોય તો કાર્યસિદ્ધિ ન થાય. તેથી આ વાદીઓ ગ્રંથ, અર્થ અને વચનમાં પટુ છે એટલું જ નહિ પરંતુ ગ્રંથ, અર્થ અને વચનમાં પ્રયત્નવાળા છે અને જેઓ વાદમાર્ગમાં કુશળ છે, તેવા અન્ય કોઈપણ એક (નયાભાસ)ના આલંબનવાળા એકાંતવાદીઓ વડે આ દ્વાદશાંગીરૂપ તીર્થ પરાભવ પામી શકાય તેવું નથી.

તેના ઉપર દષ્ટાંત આપે છે. ગ્રહમંડળ, નક્ષત્રમંડળ, તારામંડળ વગેરે સર્વ વડે જેમ સૂર્યનો પરાભવ થતો નથી, તેમ એકાંતવાદીઓ ગમે તેટલા હોય તો પણ તેઓની વાક્પટુતાથી દ્વાદશાંગરૂપી આ તીર્થનો પરાભવ થઈ શકતો નથી, સૂર્ય હોય એટલે તેના તેજમાં નક્ષત્રો વગેરેના તેજનો પ્રવેશ થઈ જાય છે. તે પ્રમાણે સર્વ જુદા જુદા નયો (નયાભાસો) પણ (સર્વવાદનું સ્વામીપણું જેમાં રહેલું છે અથવા તો સર્વનયવાદોની જેમાંથી ઉત્પત્તિ છે.) તે અનેકાંતવાદમાં દાખલ થઈ જાય છે.

જે મહાપુરુષે આવા પ્રકારનું ઉત્તમોત્તમ તીર્થ પ્રવર્ત્તાવ્યું તેમને શું કરીને ઇત્યાદિ સંબંધ હવે જણાવે છે.

**कृत्वा त्रिकरणशुद्धं तस्मै परमर्षये नमस्कारम् ।**
**पूज्यतमाय भगवते वीराय विलीनमोहाय ॥ २१ ॥**

આગમમાં કહેલી વિધિ સહિત મન, વાણી અને કાયાની શુદ્ધિ પૂર્વક યઃ **શુભકર્માસેવન** થી પ્રારંભીને જેઓએ આવું ઉત્તમોત્તમ તીર્થ પ્રવર્તાવ્યું છે ઇત્યાદિ સર્વ જે **વિશેષણો**થી યુક્ત, યોગીન્દ્ર, દેવેન્દ્ર તેમજ નરેન્દ્ર, અને મુનીન્દ્રથી પણ પૂજ્ય, સમગ્ર ઐશ્વર્યાદિ ગુણ સંપન્ન, અને સંસારના મૂળ બીજરૂપ મોહનો પણ જેઓએ સર્વ ક્ષય કરેલો છે, તે **મહાવીર ભગવંતને** મહાવીર ભગવંતને નમસ્કાર કરીને (તત્ત્વાર્થાધિગમનામના ગ્રંથને હું કહીશ) તે સંબંધ આગળ જણાવશે.

**तत्त्वार्थाधिगमाख्यं बह्वर्थसंग्रहं लघुग्रन्थम् ।**
**वक्ष्यामि शिष्यहितमिममर्हद्वचनैकदेशस्य ॥ २२ ॥**

જે વસ્તુ જે સ્વરૂપે હોય તે **તત્ત્વ** કહેવાય. તેવા તત્ત્વભૂત પદાર્થોનું સ્વરૂપ જેના વડે અથવા જેનાથી કે જેમાં જાણી શકાય તે **તત્ત્વાર્થાધિગમ**,

**તત્ત્વાર્થાધિગમ** એજ જેનું નામ છે. જેમાં ઘણા અર્થોની વ્યાખ્યા ભરેલી છે, પ્રવચનનું રહસ્ય કહેલું હોવાથી જે **સંગ્રહ રૂપ** છે. એમ છતાં બીજા સંગ્રહગ્રંથોની માફક ઘણા પ્રમાણવાળો નથી, પરંતુ નાનો છે. તેવા અને જે અરિહંતનું વચન અર્થાત્ દ્વાદશાંગરૂપ ગણિપિટક તેના એક દેશનો જ જે સંગ્રહ છે. પરંતુ સંપૂર્ણ દ્વાદશાંગના જે સંગ્રહ તે રૂપ નથી. એવા બુદ્ધિમાં સંકલના રૂપે રહેલા આ ગ્રંથને શિષ્યના હિતના માટે અર્થાત્ અલ્પ પ્રમાણવડે જ તત્ત્વજ્ઞાન કરાવવાના હેતુથી હું કહીશ.

આ કારિકાથી પ્રયોજન, અભિધેય અને સંબંધ એ ત્રણે વસ્તુના કથનનો નિર્દેશ થાય છે.

તેમાં તત્વાર્થાધિગમ સંગ્રહના અહિં કથન દ્વારા શિષ્યોનું હિત એ શાસ્ત્રકર્તાને પ્રયોજન છે. જીવાજીવાદિ તત્વ અભિધેય છે. અને અરિહંતના વચનોના એક દેશરૂપ સંગ્રહ હોવાથી ગુરૂ-પર્વક્રમ લક્ષણ અથવા સાધ્ય-સાધન લક્ષણ સંબંધ છે.

ઉપર મુજબ પ્રયોજન, અભિધેય અને સંબંધનું કથન ભલે યથાર્થ હોય, પરંતુ સંગ્રહનું કથન જ્યારે પ્રસ્તુત છે તો પછી તે સંગ્રહ અરિહંતના સર્વ વચનોનો ન કરતાં અર્હદ્વચનના એક દેશનો કેમ કરવામાં આવે છે ?

તેનો ઉત્તર એ છે કે અરિહંતના વચનોનો સર્વ સંગ્રહ કરી શકવો જ અશક્ય છે, તે વસ્તુ હવે જણાવે છે :-

महतोऽतिमहाविषयस्य दुर्गमग्रन्थभाष्यपारस्य ।
कः शक्तः प्रत्यासं जिनवचनमहोदधेः कर्तुम् ॥ २३ ॥

ગ્રંથના પરિમાણ વડે જે અનેક ક્રોડો પદાત્મક છે. જે સર્વ દ્રવ્ય અને ઘણા પર્યાયરૂપ વિષયવાળો હોવાથી અતિમહાન છે. વળી જે જિનવચન રૂપી મહોદધિમાં વર્તતા મૂલસૂત્ર તથા નિર્યુક્તિ રૂપ (વચનો) ગ્રંથો અને તદર્થવિવરણ રૂપ ભાષ્યો દુઃખે કરીને અર્થાત્ ઘણી મુશ્કેલીથી પાર પામી શકાય છે.

એવા પ્રકારના જિનવચનરૂપ મહાસમુદ્રનો સર્વસંગ્રહ કોણ કરી શકે ? અર્થાત્ કોઈપણ ન કરી શકે. તે તાત્પર્ય છે. ટીકાકાર પૂ. આચાર્ય શ્રી ભગવાન હરિભદ્રસૂરિ મહારાજાએ કારિકામાં महतो એ પદના વિવરણમાં 'ग्रन्थपरिमाणेनाऽनेकपदकोड्यात्मकस्य' એવો જે અર્થ કર્યો છે તે ઉપરથી એ સાબીત થાય છે કે પૂ. આ. શ્રી. હરિભદ્રસૂરિજીના સમયમાં પણ અનેક ક્રોડો પદ પ્રમાણ સૂત્ર ગ્રંથોનું પ્રમાણ હતું.

અહિં પદ શબ્દથી કોઈ "વિભક્તિ અંતવાળું પદ" ગણે છે અને કોઈ "અર્થની પરિસમાપ્તિવાળું પદ" ગણે છે. પ્રથમ

પક્ષ કરતાં બીજો પક્ષ વધુ ઉત્તમ છે. **ग्रन्थभाष्यपारस्य** તેમાં **ગ્રંથ** શબ્દથી **સૂત્ર, નિર્યુક્તિ** બંને લેવાના છે અને **ભાષ્ય** શબ્દથી **તદર્થ** વિવરણ લેવાનું છે.

અહિં શંકા થશે જિનભદ્રગણી ક્ષમાશ્રમણ કૃત **વિશેષાવશ્યક ભાષ્ય** અગાઉ ભાષ્ય ગ્રંથો હતા કે કેમ? તો ખુદ **વિશેષાવશ્યક** ઉપર જ **મૂલ ભાષ્ય** અને **વિશેષ ભાષ્ય** હતું. તે તો **જિનભદ્રગણિજી** કૃત **મહાભાષ્યથીજ** સાબીત થાય છે. વલી **ઉમાસ્વાતિજી મહારાજની** આ કારિકામાં વપરાએલો ભાષ્ય શબ્દ પણ **'ભાષ્ય'** હતું તેમ સાબિતી આપે છે.

આમ છતાં જે ધીઠા થઇને અરિહંતના સર્વ વચનોનો સંગ્રહ કરવાની ઇચ્છા રાખે છે તો તે આગળ કહેવાતા કાર્યોની પણ ઇચ્છા કરે છે તે વસ્તુ હવે જણાવે છે.

**शिरसा गिरिं बिभित्सेदुच्चिक्षिप्सेच्च स क्षितिं दोर्भ्याम् ।**
**प्रतितीर्षेच्च समुद्रं मित्सेच्च पुनः कुशाग्रेण ॥ २४ ॥**
**व्योम्नीन्दुं चिक्रमिषेन्मेरुगिरिं पाणिना चिकम्पयिषेत् ।**
**गत्याऽनिलं जिगीषेच्चरमसमुद्रं पिपासेच्च ॥ २५ ॥**
**खद्योतकप्रभाभिः सोऽभिबुभूषेच्च भास्करं मोहात् ।**
**योऽतिमहाग्रन्थार्थं जिनवचनं संजिघृक्षेत् ॥ २६ ॥**

ઉપર ત્રીજી કારિકાના ઉત્તરાર્ધમાં **'योऽति महाग्रंथार्थं जिनवचनं'** તેનો સંબંધ અહિં જોડવાનો છે. એટલે કે અંગપ્રવિષ્ટ-અંગ બાહ્ય ભેદોથી ભિન્ન અર્થાત્ અંગા-નંગ ભેદવાળા પરમાત્મા **શ્રી** તીર્થંકર

દેવના વચનો જે સંગૃહિત કરવાને ઇચ્છે છે તે માનવમસ્તક વડે પર્વતનો ભેદ કરવા ઇચ્છે છે. પૃથ્વીને હાથથી ઉંચકવા ચાહે છે. હાથ વડે સમુદ્ર તરી જવાની ઇચ્છા કરે છે અને ડાભના અગ્ર ભાગ વડે સમુદ્ર માપવાની ઇચ્છા કરે છે.

આકાશમાં રહેલ ચંદ્રને પકડવા ઇચ્છે છે, મેરૂ પર્વતને હાથથી

બુઝાવવા ઈચ્છે છે, અગ્નિથી પવનને જીતવા ઈચ્છે છે, સ્વયંભૂરમણ સમુદ્રને પીવાને ઈચ્છે છે. આગિયાની કાન્તિથી સૂર્યનો પરાભવ કરવા ચાહે છે.

આ બધું શાથી ઈચ્છે છે? તો મોહથી-અજ્ઞાનથી એટલે કે ન બની શકે તેવા કાર્યોનો પ્રારંભ કરવાની ઈચ્છા રાખે છે, તે એક જાતનું અજ્ઞાન છે.

આ કારિકાઓ બીજા કર્તાની છે તો પણ પ્રાચીન પુસ્તકોમાં એ કારિકાઓ દૃષ્ટિ ગોચર થાય છે, એટલે તેની વ્યાખ્યા કરી છે.

ઉપરની કારિકાના અર્થ મુજબ સર્વ સંગ્રહ તો અશકય છે. અને સર્વસંગ્રહ વિના શાસન હિત રૂપ ફળ કેમ થઈ શકે? એવી જો શંકા થતી હોય તો તે વ્યાજબી નથી. કેમ કે સર્વસંગ્રહના અભાવમાં પણ સ્વપ્રવૃત્તિ સફળ છે. જે હવે જણાવાય છે:-

**एकमपि तु जिनवचनाद्यस्मान्निर्वाहकं पदं भवति ।**
**श्रूयन्ते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः ॥ २७ ॥**

જીવાજીવાદિ સપ્ત પદાર્થો તો બાજુમાં રહો, પરંતુ તેમાનું એક પણ પદ વિધિપૂર્વક ગ્રહણ કરાયું હોય અને અમલમાં મુકાયું હોય તો નિર્વાહક અર્થાત્ ભવસમુદ્રનો પાર ઉતારનારૂં છે. समूहाच्छुक्लं प्रकाशते અર્થાત્ સમુદાયમાં રહેલી ઉજ્જવલ વસ્તુ ઝળકી ઉઠે છે. એ દૃષ્ટાંતમાં વિભાગ અર્થમાં પંચમી વપરાએલી નથી. પરંતુ અવચ્છેદક અર્થમાં વપરાએલી છે, તે પ્રમાણે અહિં પણ 'જિનવચનાત્' એ પંચમી વિભક્તિ વિભક્ત અર્થમાં ન સમજતાં અવચ્છેદક અર્થમાં જણાવી,

એક પણ પદ ભવોદધિ તારક છે તેથી મારો અરિહંતના વચનોમાંથી એક દેશીય અમુક વચનોનો સંગ્રહ કરવાનો પ્રયત્ન પણ યોગ્ય છે.

'એકપણ જિનવચન ભવોદધિતારક છે' તે મારી પોતાની બુદ્ધિ કલ્પના નથી કારણકે આગમમાં પણ લાંબા વખત સુધી વિધિપૂર્વક અભ્યસ્ત થએલા સામાયિક માત્રપદ વડે અપૂર્વકરણ ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અનંત જીવો સિદ્ધિ પદ પામ્યાનું કથન સ્પષ્ટ છે.

ઉપર જણાવ્યા મુજબ આગમનું પ્રમાણ હોવાથી દેશ-કાળ અને શક્તિને અનુસારે સંક્ષેપથી કિંવા વિસ્તારથી શ્રી તીર્થંકર મહારાજાનું વચન કલ્યાણકારક છે, અર્થાત્ મોક્ષનું સાધન બને એમ નિઃશંક માની સૂત્ર અને અર્થથી તેનું ગ્રહણ કરવું. પરાવર્તન અને અર્થ ચિંતન (અનુપ્રેક્ષા) દ્વારા તે ધારી રાખવું અને યોગ્ય શિષ્યોને વંચાવવું કલ્યાણકારી છે.

આ કારિકામાં કહેલા ભાવથી સંક્ષેપથી કથન હોય કિંવા વિસ્તારથી કથન હોય તે બન્ને શ્રેયસ્કર છે. કારણ કે સંગ્રહ રૂપ અથવા વિસ્તારરૂપ બંને પ્રકારનું કથન ધારણા વિગેરેવાળું છે માટે.

આ પ્રમાણે જિનવચનનો એક દેશનો સંગ્રહ કરવામાં આવ્યો પરંતુ તેથી શિષ્યોને હિત ન થયું તો પ્રયત્નની નિષ્ફળતા છે એવી શંકાના નિરાસ માટે વક્તાને પ્રોત્સાહન દ્વારા સ્વપ્રયત્નની સફળતા જણાવવા જણાવે છે કે:-

**न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।**
**ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ॥ २९ ॥**

જે કોઈ હિતવચન સાંભળે છે તે પ્રત્યેક શ્રોતાને એકાંતે હિતના શ્રવણથી સ્વકર્મક્ષય લક્ષણ ધર્મ થાય જ એવો નિયમ નથી સાંભળવા છતાં પણ અવિધિથી સાંભળનાર હોય અથવા વિધિથી સાંભળવું હોય પરંતુ તથા પ્રકારે સમજવાની જે લબ્ધિ શક્તિ જોઈએ તેનો અભાવ હોવાથી શ્રોતાને હિતકારી વચનના શ્રવણ માત્રથી લાભ થાય તેવો એકાંત નથી, પરંતુ જગતના સર્વ જીવો

કેવી રીતે પ્રતિબોધ પામે ? અર્થાત્ પ્રતિબોધ પામવાની સાથે હેયોપાદેયમાં નિવૃત્તિ-પ્રવૃત્તિ કરવા પૂર્વક કેવી રીતે આ સર્વ જીવો મોક્ષ પ્રાપ્ત કરે ? એવા પ્રકારની અનુગ્રહ-ઉપકાર બુદ્ધિવડે હિતો-પદેશના કથન કરનારને તો એકાંતથી કર્મ ક્ષય લક્ષણ ધર્મ થાય જ.

પરાનુગ્રહનું ઉત્કૃષ્ટ ધર્મહેતુપણું જણાવવા માટે આ કારિકા છે. જો એમ ન હોય તો અર્થાત્ પરાનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપનારને એકાંત ધર્મ છે જ, એ પ્રતિપાદનની મુખ્યતા ન રાખવામાં આવે તો વક્તા અને શ્રોતા એ બન્ને વિધિની અપેક્ષા રાખવાવાળા હોય એટલે કે વક્તા હિતબુદ્ધિથી કહેતા હોય અને શ્રોતાવિધિપૂર્વક શ્રવણ કરતા હોય તો ધર્મ થાય એમાં કાંઈ વિશેષ નથી.

હિતોપદેશના શ્રવણથી શિષ્યને લાભ થાય કે ન થાય પરંતુ પરાનુગ્રહ બુદ્ધિથી હિતોપદેશ આપનારને તો અવશ્ય લાભ થાય જ છે. તે કારણથી હવે શું કરવું જોઈએ તે જણાવે છે.

**श्रममविचिन्त्यात्मगतं तस्माच्छ्रेयः सदेपदेष्टव्यम् ।**
**आत्मानं च परं च हि हितोपदेष्टाऽनुगृह्णाति ॥ ३० ॥**

બોલવા વગેરે કારણથી હૃદયદાહ પ્રમુખ જે પોતાને થતો પરિશ્રમ તેને નહિ ગણકારવો, કારણ કે ધર્મ એ સર્વાર્થની પ્રાપ્તિ કરાવનાર હોવાથી સર્વોત્તમ છે. જે કારણથી મોક્ષના સાધનોને કથન કરવારૂપ હિતોપદેશ આપનાર પ્રાણી સ્વ-પર બન્નેના મોક્ષ પ્રાપ્તિરૂપ ગુણો સિદ્ધિને માટે થાય છે, તે કારણથી અકલ્યાણકારી નહી પણ કલ્યાણકારી હિતોપદેશ સ્વ-પરના ઉપકારાર્થે હંમેશાં કરવો જ જોઈએ.

આ કારિકા વડે પ્રયોજનાદિની વિશેષ સિદ્ધિ કરી તત્ત્વાર્થા-ધિગમ સંગ્રહના કથનદ્વારા શિષ્યોને ઉપકાર કરવો એ શાસ્ત્રનું અનંતર પ્રયોજન જણાવ્યું.

શાસ્ત્રદ્વારા એ પરોપકારબુદ્ધિના જ્ઞાનથી વૈરાગ્યાદિભાવ થાય છે અને વૈરાગ્યાદિ ભાવ વડે મુક્તિની સિદ્ધિ થતી હોવાથી શાસ્ત્રકારને પરંપર પ્રયોજન મુક્તિ જ છે જે માટે કહ્યું છે કે :-

मोक्षमार्गोपदेशेन यः सत्त्वानामनुग्रहम् ।
करोति दुःखतप्तानां स प्राप्नोति अचिराच्छिवम् ॥ १ ॥

ભાવાર્થ :-સંસારદુઃખોથી સંતપ્ત થયેલા પ્રાણીઓનો મોક્ષમાર્ગના ઉપદેશ દ્વારા જે અનુગ્રહ કરે છે તે શીઘ્ર મોક્ષપદ પામે છે.

અહીં એટલું જ તત્ત્વ સમજવું જોઈએ કે—

**પરાનુગ્રહ બુદ્ધિ આત્મામાં ત્યારે જ આવે છે આત્મામાં સ્વાનુગ્રહ બુદ્ધિ ઉત્કટ ભાવથી પેદા થયેલી હોય, પરાનુગ્રહ બુદ્ધિથી ભલે પરોપકાર થાય ! પરંતુ તત્ત્વ દૃષ્ટિથી વિચારાય તો વસ્તુતઃ તેમાં એકાંત મોક્ષપ્રાપ્તિ રૂપ સ્વાનુગ્રહ જ છે.**

શ્રોતાઓને તો અનંતર પ્રયોજન તત્વભૂત પદાર્થોનું જ્ઞાન છે, કારણ કે શ્રવણ અને અમુક અંશે જાણપણું થયા બાદ તે તત્વભૂત પદાર્થોનું જ્ઞાન થાય છે, અને પરંપરા પ્રયોજન તો મુક્તિ છે. કારણ કે તે તત્ત્વભૂત પદાર્થના જ્ઞાનથી વૈરાગ્યાદિ થાય છે. અને વૈરાગ્યાદિભાવથી પરંપરાએ સકલ કર્મક્ષયરૂપ મુક્તિની સિદ્ધિ થાય છે. કહ્યુ છે કે-

मोक्षमार्गपरिज्ञानात् विरक्ताभवतो जनाः ।
क्रियासक्ता हि अविघ्नेन गच्छंति परमां गतिम् ॥ १ ॥

ભાવાર્થ :-મોક્ષમાર્ગ સંબંધી તત્ત્વજ્ઞાનથી ભવ્યાત્માઓ ભવ-સંસારથી વિરક્ત થાય છે અને વિરક્ત થયા બાદ હેયોપાદેયમાં નિવૃત્તિ-પ્રવૃત્તિરૂપ ક્રિયામાં આસક્ત થયેલા તે ભવ્યાત્માઓ નિર્વિઘ્ને પંચમ ગતિ-મોક્ષને પ્રાપ્ત કરે છે.

અભિધેય–સંબંધ વગેરે પ્રથમ કહેવાયેલ છે. તેની માફક સમજવું.

ગઈ કારિકામાં હિતોપદેશક સ્વ અને પરના અનુગ્રહનું નિમિત્ત થાય છે, પરના અનુગ્રહમાં કારણભૂત ન થાય તો પણ તે સ્વાનુ-ગ્રહમાં તે અવશ્ય કારણભૂત થાય છે, એ વાત તો સાચી જ છે. પરંતુ હિતોપદેશ કોને કહેવો! એ બાબતમાં દુનિયાની અંદર ઘણા વિસંવાદો–મતભેદો છે, કોઈક અર્થના ઉપદેશને હિતોપદેશ તરીકે માનતું હોય તો કોઈક કામના ઉપદેશને હિતોપદેશ તરીકે સ્વીકારનાર હોય તો કયા ઉપદેશને ઉપદેશ તરીકે સ્વીકારવો? એ શંકાના નિરસન માટે જણાવે છે કે :—

**नर्त्ते च मोक्षमार्गाद्धितोपदेशोऽस्ति जगति कृत्स्नेऽस्मिन् ।**
**तस्मात् परमिममेवेति मोक्षमार्गं प्रवक्ष्यामि ॥ ३१ ॥**

આ સંપૂર્ણ જગતમાં મોક્ષમાર્ગ સિવાય બીજો કોઇપણ હિતો-પદેશ છેજ નહિં, અર્થસંબંધી કિંવા કામસંબંધી જે ઉપદેશો તે સ્વભાવથી જ દુષ્ટ ક્લેશને ઉત્પન્ન કરનાર અને પરિણામે સંસાર વૃદ્ધિ કરનાર હોવાથી હિતોપદેશ ગણાતા જ નથી જ્યારે મોક્ષમાર્ગ એ જ હિતોપદેશ છે. અન્ય ઉપદેશ હિતોપદેશરૂપે નથી એ બાબત સિદ્ધ થઈ તે કારણથી ભાષ્યકાર ભગવાન ઉમાસ્વાતિ મહારાજ જણાવે છે કે સ્વભાવે સુન્દર હોવાથી, વિશુદ્ધિજનક હોવાથી, પરંપરાએ મોક્ષપ્રાપક હોવાથી, અને ઉત્તમ પુરુષો વડે જ ગ્રહણ કરવા લાયક હોવાથી, ઉત્તમ એવા મોક્ષમાર્ગને જ હું કહીશ.

બીજા અર્થ કામાદિ સંબંધી ઉપદેશ વડે શું પ્રયોજન છે? અર્થાત્ મોક્ષમાર્ગોપદેશ પાસે બીજા બધાય ઉપદેશો નિરર્થક છે.

એ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિવિરચિત ટીકાયુક્ત શ્રી તત્ત્વાર્થ સૂત્રની પ્રાથમિક સંબંધ કારિકાનો સંક્ષિપ્ત ભાવ પૂર્ણ થયો.

# પહેલા તથા ચોથા ગુણસ્થાનકની મોક્ષની ઈચ્છામાં રહેલો ભેદ

મોક્ષ મેળવવા માટે મોક્ષની ઈચ્છા આવશ્યક જરૂર! પણ પછી આગળ વધો. મોક્ષની ઈચ્છા હોય ત્યાં સુધી મોક્ષ મળે? મોક્ષ મળે ક્યારે? એ ઈચ્છા પણ ટળે ત્યારે. આ માટે ગુણસ્થાનક વિચારવા જોઈએ. ગુણસ્થાનકનું જ્ઞાન આ સમજવા માટે જરૂરી છે.

મોક્ષની ઇચ્છા થઈ તો પહેલે ગુણસ્થાનકેથી. શાસ્ત્રકાર કહે છે કે, જેને એક પુદ્દગલ પરાવર્તન બાકી હોય તેને મોક્ષની ઇચ્છા થાય. એક પુદ્દગલપરાવર્તન સંસાર જેને બાકી હોય તે જીવ પહેલે ગુણસ્થાનકે. ચોથે અને ગુણસ્થાનકે પણ મોક્ષની ઈચ્છા હોય તો બંને ઇચ્છામાં ફરક કયો? ભેદ શો? ફરક 'પણ' તથા 'જ' નો!

પહેલે ગુણસ્થાનકે 'મોક્ષ પણ જોઈએ' એવી ઈચ્છા. જેમ કંચન જોઇએ, કામિની જોઈએ, કુટુમ્બ જોઇએ, સુખ-સંપત્તિ જોઇએ, તેમ 'મોક્ષ પણ જોઈએ.'

મોક્ષ જોઇએ પણ 'પણ' જોઇએ એવી ઇચ્છા. ચોથે ગુણ-સ્થાનકે '**મોક્ષ જ જોઇએ**' **એવી ઇચ્છા.**

માલ મિલકતની, ધન-ધાન્યની, વાડી-વજીફાની, પરિવારની ઇચ્છા નહિ અર્થાત્ 'એ બધું જોઇએ' એમ નહિ પણ 'મોક્ષ જ જોઈએ' એવી ઇચ્છા; ત્યારે તેનો સંસાર અર્દ્ધ પુદ્દગલપરાવર્તન જેટલા સમયનો.

## અભવ્ય માટે મોક્ષનો પ્રશ્ન જ નથી.

અભવ્ય જીવ મોક્ષને માનતો જ નથી, એને મોક્ષની શ્રદ્ધા જ નથી, એટલે એના માટે સંસારથી મુક્તિનો પ્રશ્ન જ નથી. જેને મુક્તિની માન્યતા નથી, ઈચ્છા નથી, જોઇતો નથી પછી એનો પ્રશ્ન જ નથી. એને માટે મોક્ષ છે જ નહિ.

કેટલાક આચાર્યો કહે છે કે અભવ્યજીવ અન્યમતનો પણ આસ્તિક ન બને. તમે અન્યમતવાળા કે મિથ્યાત્વમતવાળા તેઓને કહો છો કે જેઓ કુદેવ, કુગુરૂ તથા કુધર્મને માને છે. વાત ખરી ! પણ તે માનનારાઓ તો તેમને 'કુ' તરીકે નથી માનતા, 'સુ' તરીકે માને છે. કૃષ્ણ, બ્રહ્મા, શિવને વાસ્તવિક દેવ તરીકે માને છે અને મુક્તિએ લઈ જનાર તરીકે, મુક્તિના કારણ તરીકે માને છે. મોક્ષના માર્ગે લઈ જનાર તરીકે તેઓ પણ તે દેવ, તે ગુરૂ, તે ધર્મને માને છે. ત્યાં પણ મોક્ષની ઈચ્છા છે. મોક્ષની ઈચ્છા હોય કે શ્રદ્ધા હોય તે જીવ જ દેવ, ગુરૂ, તથા ધર્મને માને, એ તો સ્પષ્ટ છે.

## મોક્ષની કે ભવ્યત્વની વિચારણા પણ કોને થાય ?

જેનામાં મોક્ષની શ્રદ્ધા ન હોય તેનામાં તો તેને લગતી શંકા પણ ન હોય. આ સાપ છે કે દોરડી, એવી શંકા સાપ તથા દોરડી માનનારને થાય, હોય. આ છીપ કે રૂપું, આ પિત્તલ છે કે સોનું આવી શંકા છીપ, રૂપું, પિત્તલ, સોનું માનનારને થાય; વસ્તુને માને જ નહિ ત્યાં શંકા કેવી !

મોક્ષ મળે કે નહિ ? મેળવી શકીશ કે નહિ ? આવી શંકા થાય કોને ? મોક્ષતત્વ માનનારાને જ ! મોક્ષને માનતો જ નથી તેને માટે 'હું મોક્ષે જઇશ કે નહિ' એવી શંકાને સ્થાન જ નથી.

આથી જ શ્રીમત્ શીલાંકાચાર્ય મહારાજ શ્રી આચારાંગ સૂત્રમાં જણાવે છે કે 'અભવ્યને હું ભવ્ય છું કે અભવ્ય' એવી શંકા, એવો પ્રશ્ન થાય જ નહિ. એ મોક્ષ માને તો એવી શંકા કરે, એવો તર્ક ઉઠાવે ને !

મોક્ષ મેળવવાને લાયક તે ભવ્યઃ મોક્ષ મેળવવાને લાયક નહિ તે અભવ્ય. ભવ્યાત્મા મોક્ષને માને છે માટે એને મોક્ષ મળશે કે નહિ તેવી તથા પોતાના ભવ્યત્વની શંકા (શંકા એ પ્રશ્નના અર્થમાં

–અશ્રદ્ધાના અર્થમાં નહિ) થયા કરે છે; બિચારા અભવ્યના મનમાં કોઈ ખૂણામાં પણ મોક્ષના મંતવ્યનું નામ નિશાન નથી, પછી તેને 'મોક્ષ મળશે કે નહિ' તેવી કે ભવ્યત્વની શંકા થાય જ ક્યાંથી ?

**અભવ્ય મોક્ષ ન માને તે ખરું !**

**પરંતુ મોક્ષ ન માને તે બધા અભવ્ય, એમ નહિ.**

'મોક્ષનું મંતવ્ય' એટલે કે મોક્ષ છે, એવું માનવું મોક્ષ હોવાની શ્રદ્ધા. 'મને મોક્ષ પ્રાપ્ત થશે કે નહિ અથવા હું ભવ્ય છું કે નહિ' એવો પ્રશ્ન થવો; એજ ભવ્યત્વની નિશાની છે.

એક વાત ધ્યાનમાં રાખજો કે **અભવ્ય મોક્ષ ન માને એ વાત ખરી પણ મોક્ષ ન માને તે બધા અભવ્ય, એમ માનતા નહિ. મોક્ષની માન્યતા હોય ભવ્યને.** કુદેવ, કુગુરૂ, તથા કુધર્મને પણ અંતઃકરણથી મોક્ષની ઇચ્છાએ માનનારો, વ્યવહારથી અર્થાત્ આચારથી સુદેવાદિને પણ માનનારો થાય પણ તેમાં સાચાપણે પ્રતીતિ નહિ તેથી તે સમકિતી નહિ.

મિથ્યાત્વીના કુલમાં ઉત્પન્ન થયો, કુલાચારથી કુદેવાદિને માને તો તેટલા માત્રથી 'તે ભવ્ય છે' એમ નહિ:

**દેવ, ગુરૂ, ધર્મને જે મોક્ષ બતાવતાર માને, મોક્ષના માર્ગે લઈ જનાર માને તે ભવ્ય.** અભવ્ય માટે તો એ નિશ્ચિંત છે કે એ મોક્ષને જ ન માને: મોક્ષને માને જ નહિ. એને મોક્ષની ઈચ્છા થતી જ નથી; હોય જ નહિ. તો પછી મોક્ષ આપનારા તરીકે દેવાદિ તત્વત્રયી તો આપવાની વાત જ ક્યાંથી હોય !

'મોક્ષ પણ જોઈએ' એવી 'પણ' યુક્ત મોક્ષની ઈચ્છા પણ તે જીવોને થાય કે જેઓનો સંસાર એક પુદ્ગલપરાવર્તન જેટલો મર્યાદિત બની ગયો હોય. એથી અધિક સંસાર બાકી વાળાને 'મોક્ષ પણ જોઈએ' એવી ઈચ્છા પણ ન થાય.

અભવ્ય તો મોક્ષ માને જ નહિ એ નક્કી! મોક્ષ ન માને તે અભવ્ય, એમ પણ નહિ. પેઢી ઉપર બેઠેલો માણસ લેણદાર આવે તેને નાણાં ચૂકવે તો શાહુકાર, ન ચૂકવે તો દેવાળીયો પણ પેઢી ઉપર બેઠો જ ન હોય અગર બેઠા છતાં કોઈ લેણદાર આવેલ ન હોય અને એ રીતિએ નાણાં ન ચૂકવાયા તેથી તેને કાંઈ દેવાળીયો કહેવાય નહિ. તેજ રીતિએ **'મોક્ષ છે' એમ માનનારો ભવ્ય છે, એ નક્કી પણ મોક્ષ ન માને એ બધા અભવ્ય. એમ નહિ!!!**

પૂજ્યપાદ
આગમોદ્ધારકશ્રીની
અ...મૃ...ત...વા...ણી

* કર્મ સત્તાને નબળી કરવા માટે ધર્મીઓએ ધર્મ અને તેના સાધનોનો વ્યવસ્થિત રીતે ઉપયોગ કરવો જોઈએ.
* દર્શનમોહ નામનું કર્મરૂપી કાળકૂટ ઝેર પીધેલા આત્માઓ હિતમાર્ગને દેખી કે સમજી શકતા નથી.
* ધર્મમાં ધૈર્ય રાખવું તે મહાફળવાળું થાય છે.
* મોતનું હરણ આગમના વચનથી થાય છે, અર્થાત્ આગમમાં કહેલા વચન પ્રમાણે વર્તવાથી મૃત્યુ અટકે છે.
* મૃત્યુ આવે ત્યાં સુધીની જે આરાધના રહે તે જ આરાધના ધર્મમય ગણાય

# આગમ જ્યોત

વીર નિ. સં. ૨૫૦૦
વિ. સં. ૨૦૩૦
વર્ષ ૯

सम्मद्दंसणं
सव्वाराहणामूलं

આગમો. સં. ૨૪
પુસ્તક ૩
વૈશાખ

## સમ્યક્ત્વ

### સર્વ આરાધનાનો પાયો છે

જૈનશાસનરૂપી વૃક્ષના મૂળ તરીકે,
શાસનરૂપી મંદિરના દ્વાર તરીકે,
શાસનરૂપી મહેલના પાયા તરીકે,
શાસનરૂપી ગુણોના આધાર તરીકે,
શાસનરૂપી રત્નોના નિધાન તરીકે,
કોઈપણ ચીજ
સર્વજ્ઞ ભગવાને જણાવી હોય તો
તે કેવળ સમ્યક્ત્વ છે.
સમ્યક્ત્વનો મહિમા એવો અદ્વિતીય છે કે,

સત્તર પાપસ્થાનકના એક પણ અંશથી નહિ વિરમેલો મનુષ્ય થોડા ભવમાં સર્વ પાપ વર્જીને મોક્ષ પામી શકે છે, જ્યારે સમ્યક્ત્વના અભાવે મિથ્યાદર્શનમાં રહેલો શેષ સત્તર પાપસ્થાનોના વિરમણ અને વિવેકવાળો હોય તોપણ સમ્યક્ત્વ પામ્યા સિવાય કોઈ કાળે પણ મોક્ષ પામી શકતો નથી.

અર્થાત્ સમ્યક્ત્વવાળો પુરુષ મહેલને ચણનારા કડીયાની માફક નિયમિત ઉર્ધ્વગામી હોય છે, જ્યારે સમ્યક્ત્વ વગરનો સત્તર પાપસ્થાનક વર્જનારો છતાં કુવાને ચણનારા કડીયાની માફક અધોગામી હોય છે.

તેથી દરેક મોક્ષની ઇચ્છાવાળાઓએ તેમજ ધર્મની ધગશ-વાળાઓએ સમ્યક્ત્વને આદિમાં જ આદરવું જોઈએ.

આ કારણથી શ્રાવકના વ્રતોના અબજો ભાંગા છતાં પણ એક પણ ભાંગો સમ્યક્ત્વ વગરનો ગણ્યો નથી. એટલેકે સમ્યક્ત્વરહિત કોઈપણ મનુષ્ય કે અન્ય જીવ શ્રાવકપણામાં ગણવાને લાયક હોય નહિં. આ વાત સ્થૂળ બુદ્ધિથી શાસ્ત્રો જોનારને પણ નવી લાગે તેવી નથી.

પૂર્વે જણાવેલું સમ્યક્ત્વ જેને પ્રાપ્ત થયું હોય તે જીવ હંમેશાં રાગદ્વેષ અને મોહાદિ દૂષણોએ રહિત અનંત એવા જ્ઞાન–દર્શન–વીર્ય અને સુખને ધારણ કરવાવાળા સકળ જગતના જીવોને સંસારસમુદ્રથી તારવારૂપી ઉપકારમાં જ પ્રવર્તેલા, સર્વથા દૂષણરહિત શુદ્ધ આત્મસ્વરૂપને વિષે જ લીનતાવાળા, એવા પરમ પુરુષને જ તત્ત્વથી દેવબુદ્ધિએ માને અને ત્રિવિધ ત્રિવિધ તેમની ભક્તિ કરવામાં જ લીન થાય.

વળી તેજ પરમાત્માએ કહેલા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી મોક્ષમાર્ગમાં જે બાળ, જુવાન કે વૃદ્ધ, સધન કે નિર્ધન, સ્ત્રી કે પુરુષ, સકુટુંબ કે નિષ્કુટુંબ, જીવો પ્રવર્તે, તેઓને જ સાધુતાવાળા માની વંદનાલાયક ગુરુપદવાળા માને તેનું નામ સમ્યગ્દર્શન છે;

વળી એજ પરમાત્માએ યથાસ્થિતપણે પ્રગટ કરેલા જીવાદિક નવપદાર્થોને સત્ય તરીકે, વ્યાપક તરીકે, નિઃસંદેહપણે માનવા તત્પર રહે.

**અર્થાત્ જેઓ ભગવાનની ભક્તિ કરવામાં પ્રતિકૂળતા ધારણ કરનાર, વળી પરમાત્માએ નિરૂપણ કરેલા નવતત્ત્વોની ખામી કલ્પી તેને જ જોનારા તથા ત્યાગમાર્ગમાં પ્રવર્તતા તેનો ઉપદેશ કર્તા તેમજ ગૃહસ્થ-સમાજના કાર્યથી વિમુખ રહેનારા અને તેને નિષેધનારા હોઈ તેવા મહાપુરુષોને વંદનીય નહિ ગણનારા ચક્રવર્તી રાજા જેવા મહાપુરુષને પણ સમ્યક્ત્વનું હોવું કોઈપણ પ્રકારે સંભવિત નથી.**

પૂર્વે જણાવેલુ સમ્યક્ત્વ જોકે ભક્તિ, માન્યતા અને વંદનીયતાની બુદ્ધિરૂપ હોઈ દર્શનમોહનીયના ક્ષયોપશમાદિવાળા આત્માના પરિણામરૂપ છે અને તેથી પરજીવમાં કે સ્વમાં થયેલું હોય તોપણ તે જાણવું મુશ્કેલ પડે, પણ અન્ય ગૃહમાં અપ્રત્યક્ષપણે રહેલો અગ્નિ જેમ ધૂમાડારૂપી બાહ્ય ચિહ્નથી જણાય છે.

**તેવી જ રીતે આ સમ્યક્ત્વરૂપી ગુણ પણ અનંતાનુબંધીનો તે કષાયનો શમ હોવાથી મોક્ષની અદ્વિતીય અભિલાષાથી દેવ, મનુષ્ય, તિર્યંચ ને નરકરૂપી ચારે ગતિથી સર્વથા ઉદ્વેગ થાય, તેનાથી સંસારભરના જીવોની ઉપર દ્રવ્ય ને ભાવથી અનુકંપા હોવાથી અને જીવની અસ્તિતા વિગેરે માનવા આદિ ચિહ્નોથી આ સમ્યક્ત્વ સ્વ કે પરમાં થયેલું જાણી શકાય છે.**

જે જીવો પોતાના આત્માને સમ્યગ્દર્શન છે, એવું પ્રશમાદિ ચિહ્નોથી સમજતા હોય તેઓએ જીવ માત્રને વિષે હિત બુદ્ધિ, ગુણવાનને દેખી આનંદ અને દુઃખીઓને દેખી કરૂણા અને જેઓને સન્માર્ગે ન લાવી શકાય તેવાઓમાં જરૂર માધ્યસ્થ્ય (ઉદાસીનભાવ) કરવું જોઈએ.

આવું સમ્યક્ત્વ અંગીકાર કરેલું હોય—

પ્રશમાદિ પ્રગટ થયા હોય અને—

મૈત્રી આદિ આચરાતા હોય—

તો પણ

માર્ગમાં સ્થિરતા, જિનેશ્વરના મંદિરાદિ પવિત્ર સ્થાનોની સેવા, શાસ્ત્રકથિત પદાર્થોની સમજવાની કુશળતા, સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ ધારણ કરનારાઓની ભક્તિ અને શાસનની ઉન્નતિ.

એ પાંચ વસ્તુઓ જ્યારે-જ્યારે પણ કરવામાં આવે ત્યારે તે કરનારના સમ્યગ્દર્શનને ઝળહળતું બનાવે છે.

આવા આત્મપરિણામવાળા—

પ્રશમાદિલિંગવાળા, મૈત્રીઆદિના આચરણવાળા તેમજ—

સ્થિરતાદિક પાંચ ભૂષણવાળાઓએ.

જિનેશ્વરના વચનોમાં અંશે પણ શંકા કરવી.

અન્ય મતોના તત્ત્વો તરફ લેશે પણ ઈચ્છા કરવી.

જિનેશ્વર મહારાજાઓએ દર્શાવેલા મોક્ષના અનુષ્ઠાનોમાં સંદિગ્ધ થવું.

આરંભ-પરિગ્રહમાં આસક્ત પાખંડીઓની પ્રશંસા કરવી અને

તેવા આરંભી-પરિગ્રહીના પરિચયમાં રહેવું

એ કોઈપણ પ્રકારે સમ્યક્ત્વવાળાને યોગ્ય નથી.

માટે સકલ કલ્યાણને કરનારા દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થયેલા આત્મપરિણામરૂપી વિશુદ્ધ સમ્યગ્દર્શનને ધારણ કરનારાઓએ સતત સાવચેતીથી કલ્યાણમાર્ગમાં પ્રવર્તવાની જરૂર છે.

## પમાત્માની ભક્તિનું મહત્વ

અનાદિ કાળથી પરિવર્ત્તનશીલ સંસારમાં જીવો અનંતાનુબંધી આદિ કષાયોને વશ બની ચારે ગતિમાં પર્યટન કરી રહેલા હોય છે. તે પરિભ્રમણનો જો કોઈપણ બચાવ કરી શકતું હોય તો તે માત્ર ઉત્તમ પુરૂષોની ભક્તિ છે.

ઉત્તમપુરૂષોની ભક્તિ સિવાય કોઈપણ કાળે કોઈપણ સંસારના પરિભ્રમણનો નાશ કરી શકયો નથી અને કરે પણ નહિ.

જો કે ભગવાન જિનેશ્વરમહારાજાઓ પોતાના અન્ત્ય ભવમાં સ્વયંસંબુદ્ધ હોય છે, અને તેઓ કોઈના પણ શિષ્ય તરીકે એટલે ભક્ત તરીકે હોતા જ નથી. પરંતુ એ ભક્તિ કરીને ભક્ત બનવાનું નહિ હોવાનું માત્ર તેઓના અન્ત્ય ભવની અપેક્ષાએ જ રહ્યું છે. પરંતુ તીર્થંકરમહારાજને પણ અંત્ય ભવ સિવાયના ભવોની અપેક્ષાએ તો મહાપુરૂષની ભક્તિમાં જ લીન રહેવાનું હોય છે.

તેથી તે શાસ્ત્રકારો તેમની તે અવસ્થાને લઈને દેવ-ગુરૂબહુમાની વગેરે વિશેષણો લાગુ કરે છે.

અન્ત્યભવમાં-ભગવાનજિનેશ્વરમહારાજાઓ કોઈના પણ ભક્ત કે શિષ્ય ન હોઈને કોઈની ભક્તિ કરનાર ન પણ હોય, તો પણ તેઓ ભક્તિમાર્ગમાં દાખલ થયેલા નથી અથવા ભક્તિમાર્ગે તેઓને સંસારનો કાંઠો આપ્યો નથી એમ તો કહી શકાય નહિ.

શ્રદ્ધાલુ જૈનોને એ હકીકતો પૂરેપૂરી ધ્યાનમાં છે કે ભગવાન્ જિનેશ્વરમહારાજને જો કોઈપણ વસ્તુ જિનેશ્વરપણું આપતી હોય તો તે માત્ર અરિહંતાદિ વીસપદોની ભક્તિ જ આપે છે.

જો કે એ વાતમાં તો બે મત નથી જ કે ભગવાન્ જિનેશ્વર-મહારાજાઓ તે અરિહંતાદિકની ભક્તિ દ્વારા થતું સંસાર પરિભ્રમણનું વારણ પોતાના માટે ગૌણ તરીકે રાખી માત્ર ભવ્યજીવોના સંસાર પરિભ્રમણના અંતને માટે જ તેઓ મુખ્ય તરીકે વીશસ્થાનકની

આરાધના કરે છે. પરંતુ ખલાસી મુસાફરોને તારવા માટે જ્યારે વહાણને સામા કાંઠે લઈ જાય છે, ત્યારે ખલાસી પોતે પણ તે વહાણદ્વારા તરેજ છે, જો કે ખલાસીનો તે વખતે મુખ્ય મુદ્દો તો મુસાફરોને તારવાનો જ હોય છે.

તેવી જ રીતે ભગવાન જિનેશ્વરમહારાજાઓ મુખ્યત્વે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા અન્યજીવોને તારવા માટે અરિહંતમહારાજાદિકની ભક્તિ વિગેરે કરી આરાધના કરે છે, પરંતુ પોતાના આત્માને પણ તે ભક્તિદ્વારાએ તીર્થંકરનામગોત્રવાળો બનાવવા સાથે ત્રણ ભવ સિવાયના આખા સંસારના પરિભ્રમણનો નાશ કરવાવાળો જ થાય છે. અને તેથી જ **तइयभवो-सक्कइत्ताणं** એમ કહી ત્રણ ભવ સિવાયના સમગ્ર સંસારપરિભ્રમણનો નાશ અરિહંતાદિકની આરાધનાની વખતે તેઓની ભક્તિથી જ થતો જણાવે છે.

એટલે સ્પષ્ટ સમજાય તેમ છે કે ભગવાન જિનેશ્વર મહારાજ સિવાયના તો સર્વ મોક્ષમાર્ગને અનુસરનારા અગર મોક્ષમાર્ગને આરાધનારા જીવોને તે ઉત્તમપુરૂષોની ભક્તિ જ સંસારના પરિભ્રમણને નાશ કરવા માટે આવશ્યક એવો કર્મોનો નાશ કરી દે છે. અને તેથી જ શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં ફરમાવે છે કે—

"**भत्तीइ जिणवराणं खिज्जंति पुव्वसंचिया कम्मा—**" અર્થાત્ અનેક પૂર્વભવોમાં બાંધેલાં એટલું જ નહિ પણ સંચય કરીને ઢગલો કરેલાં એવાં કર્મો પણ ભગવાન જિનેશ્વરમહારાજની ભક્તિથી જ જીવો નાશ કરી શકે છે.

આ વાત જ્યારે ખ્યાલમાં આવશે ત્યારે જ ભગવાન જિનેશ્વર મહારાજની આરાધના માટે દેવવંદન અનેક વખત કેમ કરવામાં આવે છે. અને તે દેવવંદનમાં ચૈત્યવંદનથી, **णमोत्थुणं** થી, **लोगस्स** થી, **अरिहंतचेइआणं** થી, **सव्वलोए अरिहंतचेइआणं** થી, **श्रुतस्तव** ની આદિમાંની **पुक्खरवरदीवड्ढे** ની ગાથાથી **सिद्धस्तव** માં પણ

**जो देवाणवि देवो** વિગેરે ગાથાઓથી વારંવાર ભગવાન અરિહંત મહારાજને વંદન અને તેમની આરાધના કેમ કરવામાં આવે છે? તે સ્હેજે સમજાશે.

ધ્યાન રાખવું જરૂરી છે કે ભગવાન જિનેશ્વર મહારાજ આદિ ઉત્તમપુરૂષોનું વંદન, પૂજન, કીર્તન આદિ આરાધનવાળાઓ જ સંસારમાં રખડાવનાર કર્મોનો નાશ કરનાર છે. એમ નહિ, પરંતુ ભગવાન જિનેશ્વર મહારાજ જેવા મહાપુરૂષની કથા એટલે ચરિત્રની કથાનું કરવું તે પણ અનેકભવમાં મેળવેલા અને અનેકભવ સુધી કટુવિપાકને દેનારાં એવાં કર્મોનો નાશ કરવાને માટે સમર્થ છે.

તેથી શાસ્ત્રકારો આવશ્યકસૂત્રમાં પણ એ વાત કહે છે કે '**भवसयसहस्समहणोए**' અર્થાત્ ઘણા લાંબા ભવોના વખતથી સંચિત કરેલાં કર્મોને નાશ કરનારી અને અનંતા ભવોનાં મૂળને ઉખેડી નાંખનારી એવી ભગવાન ઋષભદેવજી આદિ, ચોવીશ તીર્થંકર મહારાજાઓની કથાઓ એટલે ચરિત્રો જ છે.

તેથી તે આવશ્યકક્રિયા કરનાર મહાનુભાવ પ્રાર્થના કરે છે કે તેવી ચિરંતર પાપને નાશ કરનાર અને અનંત ભવને મથનાર એવી ભગવાન જિનેશ્વર મહારાજની કથાદ્વારાએ–મ્હારા દિવસો વ્યતિક્રાન્ત થાઓ.

આવી રીતે આવશ્યકક્રિયાના વચનની માફક કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્ય મહારાજ પણ એજ વાત જણાવે છે કે '**महात्मनां कीर्तनं हि श्रेयोनिःश्रेयसास्पदं ।**' અર્થાત્ મહાપુરૂષોની કથા ને ચરિત્રદ્વારાએ કીર્તન જે કરવામાં આવે તે કલ્યાણ અને મોક્ષનું કારણ છે.

આ સર્વ હકીકત ધ્યાનમાં લેનાર મનુષ્યને તે વાત પણ હવે બરોબર ધ્યાનમાં આવશે કે દેવતાઓ પણ ભગવાન જિનેશ્વર મહારાજની ભક્તિ માટે જે બત્રિશબદ્ધ નાટક કરે છે, તેમાં છેલ્લામાં છેલ્લું નાટક ભગવાન જિનેશ્વર મહારાજના ચરિત્રો એટલે છેલ્લા

ચ્યવન વિગેરેના બનાવોથી પ્રતિબદ્ધ હોય છે. અર્થાત્ તેવી રીતે ચરિત્રોનો અભિનય કરવા દ્વારા ભગવાન જિનેશ્વર મહારાજના ચરિત્રને આગળ કરવા દ્વારા ભક્તિનું પર્યવસાન કરવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે વંદન આદિથી આરાધનારૂપ ભક્તિ જેમ થાય છે. અને તેવી જ રીતે ભક્તિમાં લીન થએલા મનુષ્યોએ શાસ્ત્રકારમહારાજાઓ જે વાકય જણાવે છે તે ખરેખર યોગ્યતાને પ્રદર્શિત કરે છે.

**શ્રીઉવવાઈ અને ભગવતીજી આદિ સૂત્રકાર મહારાજાઓ જણાવે છે કે ' महाफलं खलु तहारूवाणं अरिहंताणं भगवंताणं णामगोयस्सवि सवणयाए' તેમજ ' महाफलं खलु तहारुवस्स समणस्स वा णामगोयस्सवि सवणयाए ' અર્થાત્ તેવા ઉત્કૃષ્ટ સ્વરૂપ એવા અરિહંત ભગવંતોના નામગોત્રને સાંભળવામાં પણ મહાફળ છે. વળી તેવા શુદ્ધપ્રરૂપક અને શુભ્ર આચારવાળા સાધુમહાત્માના નામગોત્રને સાંભળવામાં પણ ઘણું ફળ છે.**

સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરનારો પુરૂષ સ્હેજે સમજી શકે તેમ છે કે ભગવાન અરિહંત મહારાજાની ભક્તિનું આલંબન જેઓ સંસારપરિભ્રમણના નાશને માટે કરે છે. અને વળી જેઓ કલ્યાણ અને મોક્ષની પ્રાપ્તિ દ્વારા સંસારના પરિભ્રમણનો નાશ કરવા માટે પણ જિનેશ્વર મહારાજની કથા એટલે ચરિત્રની સ્તવનાદ્વારાએ પોતાના દિવસોને નિર્ગમન કરવા ચાહનારાઓ ભક્તિને નવપલ્લવ કરે છે તે ભાગ્યશાળી પુરૂષો ભગવાન જિનેશ્વર મહારાજ અને તેમના જેવા તારક પુરૂષોના નામોને સાંભળવાથી પણ અત્યંત તીવ્ર શુભવીર્યોલ્લાસવાળા થાય છે. તેથી તેઓ તેના મહાફલને મેળવે તેમાં કોઈપણ પ્રકારની અતિશયોક્તિ નથી.

**એટલે મહાપુરૂષોની વંદનાદિ આરાધનાદ્વારા અને યાવત્ મહાપુરૂષોની કથાનું કીર્તન કરવાદ્વારા મહાપુરૂષોને નામગોત્રના જાપ અને શ્રવણદ્વારા ભક્તિ કરનાર ભવ્યજીવોને ભક્તિ એ ખરેખર કર્મથી બચવાની પાળ તરીકે ઉપયોગમાં રહે છે.**




[ આ વિભાગમાં પ્રતિવર્ષ રાખેતા મુજબ આગમપારદશ્વા, આગમતત્ત્વપર્યાલોચક આગમોદ્ધારક, ધ્યાનસ્થસ્વર્ગત આચાર્યદેવશ્રીના શ્રુતાનુસારી વિશિષ્ટ પ્રતિભાબળે ટંકશાળીરૂપ ગણાતા છૂટક લેખો-નિબંધો આદિનો સંકલિત સંગ્રહ અપાય છે.

આ વખતે તેવા કેટલાક માર્મિક સચોટ લેખો આપવા પહેલાં **પૂ. આગમોદ્ધારકશ્રીની અમોઘદેશનાઓ** ('સિદ્ધચક્ર' વિ. સં. ૧૯૯૪)માં છપાયેલમાંથી કેટલાક માર્મિક લખાણો અત્યુપયોગી ધારી સંકલિત કરી અહીં આપ્યા છે. સુજ્ઞ વિવેકી સજ્જનોએ ગુરૂગમથી આ લખાણનો અર્થ પારખવા પ્રયત્ન કરવો. સં.]

## પૂજ્યપાદ આગમોદ્ધારક
## આચાર્યદેવશ્રીના વ્યાખ્યાનોમાંથી
## મા...ર્મિ...ક...લ...ખા...ણો...
## સમ્યક્ત્વની મહત્તા

### (૧)

સંસારથી તરી મોક્ષ મેળવવાની બુદ્ધિ વિના જેઓ દેવાદિને માને, ચારિત્ર લે અને નિરતિચારપણે પાળે, આત્માને નિષ્કષાય બનાવે શુક્લલેશ્યાવાળું ચારિત્ર મેળવી જાય, તો પણ એ મોક્ષને માર્ગે આવેલો ગણાય નહીં. જો તત્ત્વત્રયીની માન્યતા ન હોય તો!

માટે રખડપટ્ટીથી બચવા માટે તત્ત્વત્રયીની આરાધનાની જરૂર છે, એ માન્યતા વગરનો માર્ગ નથી.

વળી દેવ ગુરૂ અને ધર્મને માનનારાએ પણ મુદ્દો એ જ રાખવાનો છે કે આ જીવ અનાદિથી રખડે છે, તે અટકાવવા માટે ધર્મ આદરું છું. શાસ્ત્રકાર ભગવંતોએ દેવાદિતત્ત્વને કર્મક્ષયના મુદ્દાથી આરાધ્ય માનનારાના હૈયામાં સમ્યક્ત્વ પ્રગટયું માન્યું છે.

આ સમ્યક્ત્વના આધારે જ સઘળી ધર્મક્રિયાની સફળતા જ્ઞાનીઓએ જણાવી છે.

## પૂ. આગમોદ્ધારકશ્રીની
## અમૃતવાણી

- શાસ્ત્રીય મર્યાદાના લક્ષ્ય વિના કરાતી ધર્મ ક્રિયા વર વિનાની જાન જેવી છે.
- કર્મ સિવાય કોઈને પણ દુશ્મન માનવા એ મિથ્યાત્વનું ચિહ્ન છે.
- કર્મક્ષયના ધ્યેયને કેન્દ્રમાં રાખી સઘળી પ્રવૃત્તિ કરે તે જૈન.
- પરપ્રાણની પીડાના રક્ષણ માટે બોલાતું જુઠું તે જુઠું નથી, પણ સત્ય છે.
- ભંગ થઈ જવાના ભયથી વ્રત નિયમ ન લેવા એવી માન્યતાવાળા જીવો ધર્મની ભૂમિકા પામી શકતા નથી.
- કર્મની પ્રબળતાનો નિરપેક્ષ વિચાર પુરુષાર્થને મંદ પાડે છે.
- પોતાની ભૂલોનું ભાન થવું એ ખરેખર સમ્યક્ જ્ઞાનનું મધુર ફળ છે.

# શ્રી જિનશાસનરૂપ મહેલના પ્રવેશદ્વારના ત્રણ પગથિયાં

## (૨)

इणमेव निग्गंथं पावयणं
अट्ठे ! परमट्ठे ! सेसे अणट्ठे !

આ ત્યાગમય શ્રીજિનેશ્વરનું શાસન એ જ અર્થ છે,

એ પહેલું પગથીયું છે !

એ પરમાર્થ છે એવી માન્યતા

એ બીજું પગથીયું છે !!

તે સિવાય સઘળું અનર્થકારી છે,

તે ત્રીજું પગથિયું !!!

હજુ જો કે મકાનમાં દાખલ થયો નથી. આ નિર્ગ્રંપ્રવચન શિવાય જેટલી વસ્તુ જગતમાં છે તે તમામ જુલમગાર છે, અનર્થકર છે, એ માન્યત એ ત્રીજું પગથીયું છે. ત્યાં સમકિતી થવાય છે !

સમકિતી થવું, અને આરાધક થવું બધાને ગમે છે, પણ ત્રીજું પગથીયું ગમે છે કે નહિ ? ત્યાગમય પ્રવચન વિનાના તમામ પદાર્થો અંતઃકરણથી જુલમગાર લાગે છે કે નહિ ? આ જ્યાં સુધી મનમાં ભાસે નહિં. ત્યા સુધી સમ્યક્ત્વના પગથીયામાં નથી.

## ક્ષાયોપશમિકભાવની ક્રિયા કેવી?
## (૩)

જ્ઞાનીઓ ફરમાવે છે કે પહેલાં મિથ્યાત્વ ટાળો! એટલે અનંતાનુબંધી કષાય ટળી ગયો. પછી અવિરતિ ટાળો!

એટલે દેવાદિનું સ્વરૂપ કહી મિથ્યાત્વ ટાળ્યું. પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કહી અવિરતિ ટાળી, તેવી રીતે જેઓ ક્ષાયિકભાવ સુધી પહોંચ્યા તે નિષ્કષાય પ્રત્યાખ્યાનવાળા હોઈ શકે, પણ ક્ષયોપશમ ભાવ છે, ત્યાં સુધી શુદ્ધ થવાય નહિ.

શ્રાવકને જેમ શિક્ષાવ્રત છે, તેમ ક્ષાયિક ભાવમાં પહોંચવા ક્ષયોપશમ ભાવની યથોત્તર પ્રાપ્તિ શિક્ષા-અભ્યાસ તુલ્ય છે.

જગતમાં જેમજેમ શિક્ષા લે તેમતેમ શુદ્ધ થાય. વ્રતમાં પણ સાતિચાર અનુષ્ઠાન થવાના.

'એમ નિર્ણય કરી દીક્ષા આપો કે પડવાવાળો ન જોઈએ' આવી શંકા વાદીએ હરિભદ્રસૂરિ સામે કરી તો ત્યાં જણાવ્યું કે 'પડેજ નહિ' એવો નિર્ણય કયા ગુણસ્થાનકે થાય? બારમા ગુણસ્થાનક સિવાય એ નિર્ણય થવાનો નથી. આઠમા-નવમા ગુણસ્થાનક સુધી પડવાનો સંભવ કહેવો પડે. એ પડવાનો સંભવ કેવળ બારમે ગુણસ્થાનકે નથી. બારમું ગુણસ્થાનક આવે શાથી? ક્ષાયોપશમિક ચારિત્રથી જ એ લભ્ય છે:

તેથી પડવા સંભવ છે કે નહિ? તે જોઈને વ્રત દેવાનું હોય જ નહિ. અઢાર ભેદ જોવાના કહ્યા તેમાં 'ભવિષ્યમાં પડશે કે નહિ? તેનો નિર્ણય કરવાનો' ભેદ છે? નથી. કર્મ અને કષાયનો ઉદય છે, ત્યાં સુધી ભવિષ્યમાં સંભવ પડવાનો છે, પણ આત્માનો વીર્યોલ્લાસ છે, ત્યાં સુધી પડવાનો નથી.

વળી ક્ષયોપશમવાળો એકવાર પડી ગયો, તોયે એ પડ્યો તે દડા પેઠે પડ્યો! દડો જમીન પર પડે તે સવાયો ઉછળે. ક્ષયોપશમ ભાવે ક્રિયા કરનારો પડી જાય તો પણ ભવિષ્યમાં ભાવવૃદ્ધિ જ થાય. આ પ્રતાપ પડવાનો નથી. આ દૃષ્ટાંત એકદેશીય છે: માટે ક્ષાયોપશમિકે પડવું જોઈએ એમ નથી. પડેલો સવાયો ચડે છે, દડાની પેઠે ? કાગળિયું કેમ ચડતું નથી ?

ક્ષાયોપશમિકભાવે જે ક્રિયા કરી તેમાં એટલો પ્રતાપ છે કે જેથી એ પડેલાને પણ ઉછાળે છે.

આ ભવમાં મોક્ષ નથી મળવાનો એ ચોક્કસ છે, અને વ્રતને આવતે ભવે સાથે લઈ જવાના પણ નથી. તો કર્યાનું ફળ શું ? કેમકે મરણ વખતે ચારિત્ર સમાપ્ત થાય છે, ક્ષાયોપશમિકસમ્યકત્વ પણ ઘણા ભાગે ચાલી જાય છે, પણ આ સમ્યકત્વ અને વ્રત દ્વારા થયેલ ક્ષયોપશમના જ પ્રતાપે પાછું બીજા ભવમાં મળી જાય છે.

ક્ષાયોપશમિકવાળાએ ધ્યાન રાખવાનું કે કદાચ પતન થશે તો પણ કરેલી ક્રિયા જરૂર લાભ આપશે, અને તેથી જ દ્રવ્ય અને અને ભાવ એમ બે પ્રકારે પચ્ચખ્ખાણ કહ્યાં.

## ઉપયોગી સુભાષિત

**अल्पाः स्वदोषमीक्षन्ते, प्रतिकुर्वन्ति चाल्पकाः ।**
**केचिदेव हि सम्पूर्णं, गुणत्वमभियान्ति तु ॥**

પોતાના દોષને જોનારા થોડા હોય છે. ઉપકારનો બદલો વાળનારા તો તેથી પણ થોડા હોય છે. સંપૂર્ણ ગુણવાન્પણું તો કો'ક જ પુણ્યાત્મા પ્રાપ્ત કરે છે.

—પૂ. આગમો. કૃત સૂક્તસંગ્રહમાંથી.

## આત્માની પ્રતીતિ અનુભવસિદ્ધ છે
## (૪)

આત્માને રખડપટ્ટીનું ભાન થાય નહિં ત્યાં સુધી રખડપટ્ટી બંધ થાય નહિ. એ રખડવાનું કાંઈપણ કારણ જાણ્યું હોય તો જ એ બંધ થઈ શકે. કારણ જાણ્યા વિના નિવારણ શાનું ? કારણ વગરની વસ્તુની ઉત્પત્તિ કે નાશ હોય નહિ.

કારણની જરૂરિયાત વગરની અ-હેતુક વસ્તુ હમેશાં વિદ્યમાન હોય અગર હંમેશા અવિદ્યમાન હોય છે. કારણ વગરની વસ્તુ કોઈની પણ દરકાર રાખતી નથી. દરકારવાળા પદાર્થો એનું કારણ ખસી જવાથી નાશ થાય છે, તેથી એ ચીજ હંમેશા વિદ્યમાન જ હોય.

આત્માને તૈજસશરીરદ્વારા નિત્ય સાબીત કર્યો: તૈજસ સાથે કાર્મણ હોવાથી જન્મ થાય છે. તે દ્વારા આત્મા પણ સિદ્ધ કર્યો. બીજ અંકુર પરસ્પર કાર્ય-કારણરૂપે છે; અને પોતે પણ કાર્યકારણ-રૂપે છે. કાર્ય એ જ અને કારણ પણ એ જ: જ્યાં બન્નેમાં સ્વતંત્ર કાર્યકારણભાવ હોય તે વસ્તુને અનાદિ માનવી જ પડે.

તેવી રીતે જન્મ-મરણ એ સ્વતંત્ર કાર્યકારણ રૂપ છે અને જન્મ મરણ પરસ્પર કાર્યકારણ રૂપ છે. બન્ને સ્વયં પરસ્પર કાર્યકારણરૂપ હોવાથી તે અનાદિના સિદ્ધ માનવાં પડે છે, દાહ્ય અને અગ્નિના ઉદાહરણથી તૈજસના અગ્નિદ્વારા જન્મ-કર્મને અનાદિ કહી ગયા.

સદા વિદ્યમાન કે અવિદ્યમાન તે વસ્તુ હોય કે જે નિષ્કારણ હોય. ચેતનથી કે અચેતનથી ચેતનાની ઉત્પત્તિ થતી નથી. માટે નિયમ, કશા પણ કારણોથી ઉત્પન્ન થયેલો નથી. તેથી નિષ્કારણ હોવાને લીધે આત્માને અનાદિ માનવો પડે. જે વસ્તુ કાર્યકારણ વગરની હોય તે વિદ્યમાન હોય તો શાશ્વતી કહેવી પડે. આત્મા વિદ્યમાન છે, હું નથી એમ ધારનાર કોઈ નથી.

હું છું એમ ધાર્યા છતાં વિશેષજ્ઞાન ન થાય એમ બને! અંધારામાં પોતે પોતાને દેખી શકતો નથી. અજવાળાથી દેખાતા ધર્મો આવા કારણે ન દેખાય, પણ એમ ન જણાય તો વસ્તુ નથી એમ ન ગણાય, દરેક જીવ પોતાના આત્માને જાણે છે, તેથી 'હું છું' એમ બોલે છે, હું નથી એવું જ્ઞાન કોઈને થતું નથી. સુખી કે દુઃખી હોવાનું અથવા શરીરના રંગાદિકનું જ્ઞાન અંધારામાં ન થાય તેવી રીતે અજ્ઞાન દશામાં આત્મા પોતાના ધર્મો કદાચ ન જાણે, છતાં 'હું છું' એટલું જ માત્ર જાણે તો એ ન્યૂનતા સત્તાના પ્રત્યયને અંગે રહેતી નથી. પોતે અનાદિથી ભટકે છે વગેરે ન જાણે તેથી 'હું છું' એ પણ જુઠું છે એમ મનાય નહિ.

'હું છું કહીને દરેક જીવને જીવ માને છે. ભલે! પાંચ ભૂતનું પુતળું કહી દે, એ 'હું' ને પાંચ ભૂતથી ઉત્પન્ન થયેલ માની લે તો પણ 'હું' એમ તો માને છે. આ જ્ઞાનને ભ્રમ કહેવાય ખરો?

જીવ દરેક દર્શન માને છે. નાસ્તિકો જીવ માનતા નથી, એમ નથી. મોક્ષ પણ નથી એવું નાસ્તિકો શા માટે બોલે છે? જીવ માનવામાં નુકશાન નથી, પણ એને પરભવે જવાપણું માનવામાં નાસ્તિકને નુકશાન છે.

## જ્ઞાનનું જોખમ

समर्थं चेत् न संस्कारे, भावि ज्ञानं भयावहम् ।

જ્ઞાન જો પોતાના સંસ્કાર ન ઉપજાવે (માત્ર શાબ્દિક રહે) તો ને જ્ઞાન ભવિષ્યમાં જોખમી બને છે.

—પૂ. આગમો. કૃત સૂક્તસંગ્રહમાંથી

## તીર્થંકરની પૂજ્યતા શાથી?
## (૫)

બાયડી-છોકરાં કે ધન વગેરે આપે છે તેથી તીર્થંકરો પૂજ્ય છે! ના! એ મોક્ષમાર્ગ બતાવનાર છે, માટે પૂજ્ય છે. જેની દલાલીના દોઢસો તે ચીજની મૂળ કિંમત વધારે નહિ?

આ તો મોક્ષ બતાવનાર, અને એને સર્વસ્વ સમર્પીએ! ખુદ મોક્ષમાર્ગ માટે શું ન સમર્પીએ? તીર્થંકરમાં મોક્ષે પહોંચાડવાની તાકાત નથી. જો છે તો રખડતા કેમ રાખ્યા? શું છતી શક્તિએ અમારી ઉપેક્ષા કરે છે? અમે રખડીએ છીએ, તેમાં તેઓ ખુશી નથી તો કેમ હાથ પકડીને લઈ જતા નથી?

સૂર્યનું અજવાળું માત્ર વસ્તુ દેખાડે છે, ચાહે તો વસ્તુ લ્યો કે ફેંકી દો. અજવાળું પોતે વસ્તુ ઉપાડીને તમારા ખીસ્સામાં નાંખશે નહિ, તેમ ખીસામાંથી લઈને ફેંકી દેશે નહિ. તેવી રીતે જિનેશ્વર મહારાજ તો મોક્ષમાર્ગ દેખાડનાર છે. તે નથી મોક્ષ દેનારાઃ

અર્થાત્ ભવ, મોક્ષ, સ્વર્ગ નરક, પુણ્ય, પાપએ બધાને દેનાર ભગવાન નથી,

કહેનાર છે ખરા. કાંટાને દેખાડનાર અજવાળું છે. વગાડનાર કે બચાવનાર એ નથી. કાંટો દેખીને બચવું તે પોતાનું કામ છે, અજવાળું પોતે બચાવશે નહિ. સૂર્ય તો અજવાળું કરી દેખાડે. જિનેશ્વર હોય કે ન હોય તો પણ તમે નરકના માર્ગે પાપો બાંધવાથી પ્રવર્તેલા છોજ. પણ પુણ્ય, સ્વર્ગ, અને ધર્મનો માર્ગ મોક્ષનો જે માર્ગ તે એમના વગર બતાવનાર કોઈ નથી; તેથી ઉપચારથી સ્વર્ગ, મોક્ષ દેનારા કહીએ છીએ.

અર્થાત્ વૈરાગ્યનો, મોક્ષનો, ભક્તિનો માર્ગ દેખાડવાને અંગે તીર્થંકરોની પૂજ્યતા છે.

## સમ્યક્ત્વનો પ્રભાવ

(૯)

સમ્યક્ત્વ પામ્યા પછી જીવ ભલે ! નિગોદમાં ચાલ્યો જાય, છતાં જીવને અર્દ્ધપુદ્ગલપરાવર્તમાં જરૂર મોક્ષ આપે છે. અનાદિના નિગોદો અને સમ્યક્ત્વથી પતિત નિગોદોમાં કશો ફરક નથી. ત્યાં તો તેઓ અનંતા સાથે મળીને આહાર લે છે, શરીર રચવાની તથા શ્વાસ વગેરેની ક્રિયા પણ અનંતા સાથે મળીનેજ કરે છે, તેથી તેમનું નામ સાધારણ કહ્યું,

સાધારણની કંપનીમાં જે કોઈ જાય તે સાધારણ સ્વરૂપવાળો જ થાય, ચાહે તો પૂર્વે નીકળી સમકિતી થયો હોય, અગર સમકિત ન પામેલો હોય, અનાદિનો ત્યાંજ હોય, તે ત્રણે પ્રકારના જીવો નિગોદમાં સરખા છે.

અનાદિના સાધારણને ક્યારે બહાર નિકળવાનું ? તેનો નિયમ નથી. પરંતુ સમ્યગ્દષ્ટિ જીવ જે સાધારણમાં ગયો હોય તે તો નિકળીને અર્દ્ધપુદ્ગલ પરાવર્તમાં મોક્ષજ પામે.

બીડની માટી, ઘઉં કે મકાઈના ખેતરની માટી એ ત્રણેના દેખાવમાં ફરક નથી, પણ બીજના ફરકને લીધે જુદા પાકથી અંદરના ગુણો જુદા છે. મકાઈની માટીના ખેતરમાંથી મકાઈનો અને ઘઉંમાંથી ઘઉંનો ફણગો નીકળવાનો અને બીડમાં તો કશી ધાન્ય કરવાની તાકાત જ નથી, તેવી રીતે અનાદિના નિગોદિયામાં, સમ્યગ્દષ્ટિ પડીને થયો હોય તેમાં અને મિથ્યાત્વી વ્યવહાર નિગોદિયામાં અને અનાદિનિગોદિયામાં ફેર છે. દેખવામાં ફેર નથી.

સમ્યગ્દષ્ટિને જે અર્દ્ધ પુદ્ગલપરાવર્તનો કાલ કહ્યો છે, તે સમ્યગ્દષ્ટિ તેટલા કાળ વિના મોક્ષે ન જાય તેમ નથી. કિંતુ અર્દ્ધ પુદ્ગલપરાવર્તથી વધારે કાળ સમ્યગ્દષ્ટિ સંસારમાં રખડે નહિ. સમ્યક્ત્વની આરાધના રહે, વિરાધના ન થાય, તો આઠ ભવમાં મોક્ષ મળ્યા વિના રહેજ નહિ:

## સમ્યક્ત્વીની અપૂર્વ મનોદશા
(૭)

ત્યાગ એ જ અર્થ! એ પહેલાં દષ્ટિમાં આવે, એટલે વિષય-કષાયનો ત્યાગ તે જ અર્થ છે! એવી ધારણા એ પહેલું પગથીયું.

જગતમાં બીજા પદાર્થ પર જેવો રાગ હોય તેવો રાગ જો ત્યાગ પર હોય એટલે કે–અર્થ–ભોગના પોષકોના સરખો ત્યાગના પોષકો પર રાગ થાય તેનું નામ અર્થ, અને એ પહેલું પગથીયું છે.

ભોગમાં, વિષયકષાયમાં, આરંભ–પરિગ્રહમાં જેવી દષ્ટિ હોય તેવી દષ્ટિ ત્યાગમાં થાય એટલે એ પહેલું પગથીયું.

ત્યાગની વાતથી ક્રોધ પામે તો પહેલું પગથીયું પણ નથી, એનું કારણ એજ છે. લગ્નમંડપમાં દીક્ષા અને ત્યાગની વાત થાય ત્યાં અપમંગલ કહે, એ શાથી? દેહરામાં પેસે ત્યાં દુનિયાના બધા વ્યાપારો નિષેધે છે, નિસિહી કહે છે, તે ત્યાગને કંઈપણ તત્ત્વ ગણ્યું તો ને!

દુનિયામાં દુકાને 'બીડી પીવી નહિ.' તેવા પાટીયાં મારો છો, એ રીતે તેવા બોર્ડ જેવી નિસિહી કહીને દેહરામાં પેસો છે, પણ તેનો અર્થ એ કે દુનિયાદારીની વાત ત્યાં થાય નહિ. જે મનુષ્ય નથી નિસિહિ સાચવતો, નથી અર્થ સમજતો તેનું વળે કંઈ?

બચ્ચું માની જોડે આવ્યું, માએ ઉપવાસના પચ્ચખ્ખાણ કર્યાં, ત્યારે ઉપવાસ કર્યો છે, એમ છોકરો પણ કહે છે, અને ગુંજામાંથી ખાતો પણ જાય છે, પરંતુ તે અણસમજુ છે, તેવી રીતે આપણે નિસિહી કહીએ અને પાલન ન કરીએ તો છોકરામાં અને આપણામાં ફેર શો?

અર્થદષ્ટિ નથી તેથી જ દુનિયાદારીના કામ વખતે ધર્મવચન અરૂચિ કરનારું થાય અને દહેરામાં કર્મનું વચન અરૂચિકર નથી થતું, તેનો અર્થ શો? આપણા મનમાં તો કર્મ એ ચક્રવર્તી છે.

તેનો સોટો દરેક જગાએ ચાલે, ધર્મને તો તમે માંદલીઓ રાજા માન્યો, હવે આવું માનો ત્યાં પહેલું પગથીયું પણ કયાંથી હોય ?

હજી સરખા ગણો કે ધર્મમાં કર્મ નહિ અને કર્મમાં ધર્મ નહિ, તોયે ઠીક! પણ એમાંય મુશ્કેલી! ધર્મસ્થાનમાં કર્મને ટેકો નહિ આપીએ એવી દૃષ્ટિ પણ કેટલી મુશ્કેલ છે? હજી ધર્મને અર્થ તરીકે સમજવો પણ મુશ્કેલ પડયો છે.

આપણે ધર્મ નથી કરતાં એમ નથી. પહેરે ત્યારે ઘેલી સાત પહેરે, નહિ તો વળી નાગી ફરે. એ દશા આ જીવની છે, ધર્મનું કાર્ય કરીએ ત્યારે કરીએ, નહિતર ઢંગધડો નહિ એ દશા છે.

દેહરા-ઉપાશ્રયમાં તો એ સિવાયનું બંધ કરો! હજી સરખામાં (અર્થમાં) નથી તો પછી બીજા પગથીયાની (પરમાર્થની) તો વાત કયાં રહી?

બીજે પગથીયે ત્યાગને પરમાર્થ ગણે અને ત્રીજે પગથીયે તે વિનાના તમામ પદાર્થને અનર્થ ગણે. ખરેખર ત્રીજુ પગથીયું આવે ત્યારે સમ્યક્ત્વ માનવું.

આપણે હજી પહેલા પગથીયાનો વિચાર કરીએ છીએ! ભોગને અંગે અને સંસારને અંગે અંતઃકરણમાં જે રાગ થાય છે, તેવોજ રાગ ત્યાગ કે ત્યાગીને અંગે થાય છે કે નહિ? પેલો છોકરો ખાતો જાય અને ઉપવાસ કર્યો એમ બોલતો જાય તેમ આપણે પણ બોલવા તરીકે 'ખરું આ' એમ બોલીએ છીએ.

### પૂ. આગમોદ્ધારકશ્રીના હિતકર સુવાકયો

- સુગતિમાં જનારને અહીંયાજ ઘણું પાપ વેદી-ભોગવી લેવાનું હોય છે, કેમકે ત્યાં તે નથી.
- નિસ્પૃહપણું દરેક જગ્યા પર શાંતિ માટે થાય છે.
- વાવેલું અનાજ જેમ ફળ આપે છે, તેમ કરેલો ધમ પરભવમાં અવશ્ય ફળ આપે છે.

# સમકિતીની વિચારધારા
## (૮)

જગતની રીતિ છે કે ઓરડામાં સાપનો સંદેહ પડયો હોય તો પણ કેટલા ડરતા ફરો છો? શંકા પડયા પછી ધીરો છો. અનિષ્ટની શંકાએ નિવૃત્તિ કરવી એજ યોગ્ય છે. એટલે અનિષ્ટની શંકા પડી ત્યાંથી હઠી જવું એજ ઈષ્ટ છે. તેમ પરલોકનો સંદેહ હોય તો પણ દુર્ગતિએ લઈ જનારા, અને નરકમાં નાંખનારા ખરાબ કાર્યો છોડી દેવાજ જોઈએ. છોડવાથી આ ભવમાં નુકસાન નથી, પણ ન છોડયા અને પરભવ નિકળ્યો તો નાસ્તિકની કઈ દશા?

પરભવને અંગે સંદેહ હોય તો પણ આરંભ પરિગ્રહ વગેરે ત્યાં દુર્ગતિમાં લઈ જાય છે એમ ધારી છોડવા જ જોઈએ. સમજો કે મિનીટમાં મેલવાનું છે.એમાં તો મતભેદ છેજ નહિ. અને આ વાત આપણે સર્વે કબુલ કરીએ છીએ. છતાં ધર્મમાં કર્મને અવકાશ આપીએ છીએ, પણ કર્મમાં ધર્મને અવકાશ આપતા નથી, સરખામણીમાં નથી રાખતા, તો ધર્મને અર્થ ગણવારૂપ પહેલે પગથીયે પણ કયાં છીએ?

એ પગથીયે જેવો ભોગ તરફ રાગ તેવો ત્યાગ તરફ રાગ થવો જોઈએ, ભોગનાં સાધનો કહેનારા પર જેવા ફીદા થાઓ! તેવા ત્યાગ અને તેના સાધનો કહેનારાં પર ફીદા થવું જોઈએ અને એટલું પણ કરો ત્યારે સરખા ગણ્યા કહેવાય, અને એમ થાય તો પહેલે પગથીયે સમકિતી છે.

## સમ્યકત્વની વિશિષ્ટ ભૂમિકા તરફ આવી રહેલી જીવની વિશિષ્ટ મનોદશા

## (૯)

બીજું પગથીયું ધર્મ એજ પરમાર્થ, ધર્મ એજ ખરી ચીજ, ત્યાગ એજ ધ્યેય, ઉધ્ધાર કરનાર છે. અને ભોગ ડુબાડનાર છે, ભોગોજ આત્માને મેલા કરનાર છે, કુટુંબ વિગેરે આત્માને ફસાવનાર છે.

આ દષ્ટિ થાય તો બીજું પગથીયું. તત્ત્વથી આ બધું સારૂં નથી, તત્ત્વથી ત્યાગ એજ સારામાં સારો છે, એમ માનવું તે બીજું પગથીયું !!!

દુનિયાદારીથી શોકયના છોકરાને સાચવી લે, પણ અંદરથી એને પારકા ગણે. તેવી રીતે અહિં પણ દુનિયાને, કુટુંબ વિગેરેને સાચવે, છતાં પારકું ગણે. અને ધર્મને પોતાનો ગણે, અને ત્યારેજ બીજું પગથીયું.

હજી ખરૂં સમકિત નથી. આપણે દરેક ખરા સમકિતી કહેવરાવવા તૈયાર છીએ, પણ અર્થના પગથીયામાં પણ મુશ્કેલી પડી છે. બન્નેને સરખા માનવામાં પણ મુશ્કેલી છે, તો ત્યાગ-વૈરાગ્ય એજ પરમાર્થ ! એ બુધ્ધિ આવવી કેટલી બધી મુશ્કેલ છે ? એ બુદ્ધિ આવે ત્યારે બીજું પગથીયું ગણાય.

### પૂ. આગમોધ્ધારકશ્રીની હૃદયંગમ વાણી

- મોક્ષ મેળવવા માટે બેઘડીની તન્મયતા પર્યાપ્ત છે.
- વાણી અને શક્તિનો વ્યય સ્વલક્ષી બનાવવાથી આત્મશક્તિઓનો અપવ્યય થતો અટકે છે.

## ત્રીજે પગથીયે પહોંચાય ત્યારે ખરૂં સમ્યક્ત્વ !!!
## (૧૦)

કેદી બનેલો રાજા જેલરના હુકમથી કદી વિષ્ટાના ટોપલા પણ પણ ઉપાડે, પણ એના અંતઃકરણમાં શું થાય ? તેના મનમાં તો મોત કેમ નથી આવતું ? એમજ થાયને ! તેવી રીતે દરેક ધર્મ શિવાય જગ્યાએ કર્મનો, દુર્ગતિનો, અને નરકાવાસનો ભય દેખે, ત્યારે ત્રીજું પગથીયું !!!

દેવ, ગુરૂ અને ધર્મ શિવાય, સંવર, નિર્જરા અને મોક્ષ શિવાય તમામ પદાર્થોને અનર્થકારી ગણે ત્યારે ત્રીજું પગથીયું ગણાય. અંતઃકરણને પુછો ! પરીક્ષા જાતે કરવાની છે. મોઢાની પરીક્ષા માટે કદાચ બોલાશે આટલું ! પણ અંતઃકરણની પરીક્ષામાં આટલાથી કામ ચાલશે નહિ.

જો આ રીતે ત્રીજે પગથીયે આવીએ અને આડા અવળા ન જઈએ તો આઠ ભવમાં જરૂર મોક્ષ છે.

તીર્થંકર, પ્રવચન, શ્રુત, ગણધર, મહર્દ્ધિક, આચાર્ય આટલાની આશાતના કરનાર અનંત સંસાર રખડે તે નિગોદમાં જાય. ત્રીજે પગથીએ આવેલો પણ આ રીતે નિગોદમાં પણ જાય, પણ ત્યાંથી નિકળ્યા બાદ જેમ સંનિપાત જતાં પાછો ડાહ્યો થઈ જાય છે. તેમ પડેલો નિગોદિયો ઠેકાણે આવી જાય.

### —: રત્ન કર્ણિકા :—

- માર્ગ પામ્યા પછી ભવ્યાત્માઓને ભવનો પણ ભય હોતો નથી.
- સંજ્ઞીપંચેન્દ્રિય સિવાય યથાર્થ નિર્જરાનો કોઈ અધિકારી નથી.

## અક્ષરનો અનંતમો ભાગ એટલે

## (૧૧)

સૂક્ષ્મ અપર્યાપ્તા નિગોદીયામાં પણ જઘન્યમાં જઘન્ય જ્ઞાનગુણ હોય છે. અને તે જે જ્ઞાન ધારણ કરે તે જઘન્ય અને તેજ અક્ષરનો અનંતમો ભાગ છે.

શ્રીનંદીસૂત્રમાં જણાવે છે કે જીવને અક્ષરનો અનંતનો ભાગ હંમેશા કાયમ ઉઘાડો હોય છે, જો તે પણ અવરાઈ જાય તો જીવ અજીવ થઈ જાય. જીવ કોઈ દિવસ અજીવ થતો નથી, માટે અક્ષરનો અનંતમો ભાગ કોઈ દિવસ પણ અવરાતો નથી.

ચૌદપૂર્વને જાણનારા અક્ષરે કરી પરસ્પર સરખા હોય, પણ અર્થ થકી છઠાણીયા હોય. ષટસ્થાન–પતિતા એટલે છ સ્થાનમાં દાખલ થયેલા. સંખ્યાતભાગ અધિક એટલે સામાન્ય ચૌદપૂર્વી જેટલા અર્થ જાણતા હોય તેનાથી સંખ્યાત ભાગ અધિક અર્થ જાણનારો, અસંખ્યાતભાગને જાણનારો, અનંતભાગને જાણનાર. એવી રીતે ગુણમાં સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, અને અનંતગુણ જાણનારા આ છએ સ્થાનમાં ચૌદપૂર્વી પરસ્પર હોય, એકપૂર્વીને મર્યાદાપૂર્વક રાખીએ તેનાથી અધિક સંખ્યાત, અસંખ્યાત, અનંતભાગને તથા સંખ્યાત અને અનન્તગુણ અર્થને ધારણ કરનાર હોય.

જે ઉંચામાં ઉંચી સ્થિતિને ધારણ કરનાર ચૌદપૂર્વી હોય છે. તેમાં અનન્તગુણવાળા જે છે, તે પણ અક્ષરના અનંતમા ભાગે જ જ્ઞાન ધરાવે, લબ્ધિઅપર્યાપ્ત પહેલે ક્ષણે ધારણ કરે, તે પણ અક્ષરનો અનંતમો ભાગ અને ચૌદપૂર્વી ઉત્કૃષ્ટો ધારે, પણ અક્ષરનો અનંતમો ભાગ. બાકી બધાને મધ્યમ, એ અક્ષર શી ચીજ ?

પૂ. આ. શ્રીમલયગિરિજી મ. જણાવે છે કે અક્ષરશબ્દનો અર્થ કેવલજ્ઞાન કરવો. તેથી કેવલજ્ઞાનનો જ અનંતમો ભાગ લેવો. વિશેષાવશ્યકકાર શ્રી જિનભદ્રક્ષમાશ્રમણ કેવલના તથા સમગ્રશ્રુતના સ્વપરપર્યાયો ભેળાં કરી તેનો અનંતમો ભાગ લેવાનું જણાવે છે. મુદ્દો એજ કે નિગોદીયા અને ચૌદપૂર્વી તે બંને અનંતમે ભાગે જ્ઞાનવાળા છે.

# પૂ. આગમોદ્ધારકશ્રીનું આગમની મહત્તા વિષેનું વિદ્વત્તાપૂર્ણ પ્રવચન

**आगमं आयरंतेण, अत्तणो हिअकंखिणा ।**
**तित्थणाहो गुरु धम्मो, सव्वे ते बहुमाणिया ॥**

### આસ્તિકોની માન્યતા :

શાસ્ત્રકાર મહારાજા સૂચવી ગયા કે-સંસારમાં જે જે મતો પાપ-પુણ્ય અને મોક્ષને માનનારા છે, તે તમામ મતો ત્રણ તત્ત્વોમાં તો સમાન જ માન્યતા ધરાવે છે. તે કયા ત્રણ તત્ત્વો ? દેવ, ગુરૂ અને ધર્મ.

કોઈ પણ આસ્તિક મતવાળાઓ દેવ, ગુરૂ કે ધર્મ એ ત્રણ તત્ત્વોને માનવામાં આનાકાની કરતા નથી. એને અંગે નકારતા નથી, અર્થાત 'તે ત્રણને ન માનવા' તેવો કોઈપણ આસ્તિકનો અવાજ નથી. વસ્તુ સ્થિતિ જો આમ છે તો પછી ભેદ કયાં પડે છે? તો સમજો કે-સ્વરૂપમાં.

### સ્વરૂપભેદની માન્યતા :

'દેવ માનવા' તે વાતમાં દરેક આસ્તિકદર્શનનો એક મત છે. ગુરૂ માટે પણ તેમજ અને ધર્મ માટે પણ તેમજ, પોતાને અધર્મી કહેવડાવવા કોઈ તયાર નથી. પરંતુ તે દરેક પોતાને જે દેવ, ગુરૂ અને ધર્મને માનવાવાળા તરીકે ઓળખાવે છે, તે માત્ર નામથી જ, સ્વરૂપથી નહિ. કારણ કે-કોઈ પરમેશ્વરનું કેવું સ્વરૂપ માને છે અને કોઈ કેવું !

### પરીક્ષા ક્યાં ?

આ. મ. શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે- '**बहुत्वात्परीक्षाऽवतारः**' અર્થાત્ ઘણા હોય ત્યાં પરીક્ષાનો પ્રસંગ છે.

દેવદત્તને જો એક જ છોકરો હોય તો મોટા-નાનાનો વિભાગ ક્યાંથી હોય? એમ જ હોત તો પરીક્ષાનો અવકાશ ન હોત, પણ મત બહુ તેથી દેવ બહુ છે, અને તેથી તે દેવ બાબત પરીક્ષાનો અવકાશ છે.

### પરીક્ષાનું ધોરણ :

આ પરીક્ષા કેવી રીતે કરવી? જૈનેતરો ભૌતિક સંબંધે-ધન ઓ-માલ વિગેરે આપનાર તરીકે દેવ માને છે. જૈનો આત્માને અવિચલ પદ પમાડવાનું સાધન જેઓએ અમલમાં મૂક્યું અને બતાવ્યું, તેને અંગે દેવ માને છે. ગૃહિલિંગે, અન્યલિંગે પણ સિદ્ધ થનારા હોય છે, છતાં તીર્થંકર મહારાજ ઘરમાં કેમ ભાવના ભાવીને સિદ્ધ થતા નથી?

### તીર્થંકરો ગૃહિલિંગસિદ્ધ ન હોય!

ભૂતકાળે, વર્તમાનકાળે કે ભવિષ્યકાળે તીર્થંકરો ગૃહી કે અન્યલિંગે સિદ્ધ થતા નથી. કારણ કે-જે માર્ગ તેમણે દેખાડવો છે, તે માર્ગનો પોતાને અમલ કરવો છે. જો તેઓ ગૃહિલિંગે રહે તો સાધુ-માર્ગનું દૃષ્ટાંત બીજાને પૂરું પાડી શકે નહિ.

### તીર્થંકરો દીક્ષા કેમ લે છે?

આ. મ. શ્રીહરિભદ્રસૂરિજી મ. જણાવે છે કે-ઉપસર્ગ-ત્યાગાદિ કરીને પણ જો કર્મનો જ ક્ષય કરવાનો છે, તો જેના આત્મામાં ઘણી શક્તિ છે, એવા તીર્થંકરો, ગૃહવાસે રહીને પણ કર્મોનો માત્ર ભાવનાથી ક્ષય કરી દે, છતાં તેઓ ચારિત્ર કેમ લે છે?

ત્યારે સમજો કે-તીર્થંકરો પોતાને માટે દીક્ષા લે છે, ત્યાગ કરે છે, હું જગતને આ માર્ગે દોરું. એ પૂર્વની ઉત્કટ ભાવનાના બળે એમને ચારિત્ર લેવું જ પડે.

### તીર્થંકરોના કલ્યાણક પાંચ કેમ?

આથી જ દરેક તીર્થંકરને પાંચ કલ્યાણક નક્કી, જો તીર્થંકરો ગૃહી કે અન્યલિંગે કેવળજ્ઞાન પામે, તો દીક્ષાકલ્યાણક ક્યાં રહ્યું?

त्यारे कहो के जगतने केवलज्ञानने प्राप्त करवानो रस्तो बताववा माटे–जगतने केवळज्ञान–प्राप्तिना पंथे प्रवर्ताववाने माटे भगवंतने चारित्र लेवुं पडे. आ. म. श्री हरिभद्र सूरिजी महाराजे ए माटे ज कहेवुं पड्युं के—

व्रतना विभाग तरीके तीर्थंपतिओने उपस्थापनीय आदि होय ज नहि,

## तीर्थंकरोने कयुं चारित्र?

त्यारे तीर्थंकरोने व्रतोने माटे केम? शासननी प्रवृत्ति माटे उपस्थापनीयनुं जिनशासनमां नियमितपणुं होवाथी तीर्थंकरो सामायिक उच्चरे छे, तेनी साथे ज व्रतो होय छे, माटे ज शास्त्रकार **व्रतानि विधिवत्०** कहे छे. जगतने शमसुख आपवाने माटे प्रवृत्ति छे. तेथी ज तीर्थंकरो त्याग करे छे. आ धर्ममां पण छे.

## धर्मना स्वरूपमां मान्यता भेद:

अन्यदर्शनीओ भौतिक साधनोने सुधारनारो धर्म माने छे, अने जैनो आत्मीय साधनने सुधारनारो धर्म माने छे.

## शास्त्रोनी महत्ता:

कोई पण मतवाळाने परमेश्वर वर्तमानमां प्रत्यक्ष नथी. क्रिश्चियनोए ईसुने देख्यो नथी. बौद्धोए बुद्धने देख्यो नथी. मुस्लिमोए महंमदने देख्यो नथी. वैष्णवोए विष्णुने देख्यो नथी. त्यारे समजो के तेओ पोताना शास्त्रने आधारे ज पोतपोताना देवने माने छे. आथी नक्की थयुं के देवने ओळखवानी जड जो कोई होय तो ते शास्त्रो.

## आगमनो आदर शा माटे?

महावीर सर्वज्ञ थया. ईन्द्रोए पूज्या वि. आपणे देख्युं? नहि! त्यारे ए बधुं शाने आधारे मानीए छीए? शास्त्रने आधारे तेवी ज रीते आवुं अने आम आचार पाळे ते गुरु कह्या, ते वात मान्या सिवाय कोई गुरुमां ते गुरुतानुं स्वरूप देख्युं?

તેવી જ રીતે અમે ધર્મ કર્યો, એમ કહ્યું પણ તે દેખ્યો? નહિ. ત્યારે શાથી માન્યું? ત્યારે કહો કે-તે દરેકને માનવા કોઈ પણ આધાર હોય તો તે શાસ્ત્ર જ છે. માટે જ શાસ્ત્રકાર અહિં કહે છે કે '**आगममायरंतेणं.**'

## આત્માહિતની મહત્તા :

પણ ધ્યાન રાખજો કે પ્રજા કરતાં જાસુસો ઘણી જ વફાદારી દેખાડે. કારણ પ્રજાને પકડાઈ જવાનો ભય નથી, જાસુસને પકડાઈ જવાનો ભય છે.

મોહની આધીનતામાં ગુંચાયેલો મનુષ્ય, જ્યાં પૌદ્ગલિક ઈચ્છાવાળો હોય ત્યાં એટલો બચ્યો 'તે તે નહિ મળે તો?' એવો ભય ધરાવે છે. એ એટલો બધો પૌદ્ગલિક પદાર્થોને મેળવવા તૈયાર રહે. પણ એથી આત્માને માટે શું?

માટે કહ્યું કે-**अत्तणो हियकंखिणा** મનુષ્ય આત્માના હિતની બુદ્ધિવાળો હોવો જોઈએ. જે સાધુને આત્માના હિતની ઈચ્છાએ આગમનો આદર કરવો છે, તેને તો દહેરું પાસે હોય છતાં જો વરસાદ વરસતો હોય, તો ચિંતવે કે ભગવાનની આજ્ઞા નથી. આથી દેરે ન જાય. ત્યારે કહો, દર્શન કરવા જ જોઈએ તેને બદલે તે દર્શન કરવા તો નથી ગયો, છતાં તે આરાધક ખરોને? જાય ત્યારે તો આરાધક, પણ ન જાય તો પણ આરાધક ખરોને? શાથી? શાસ્ત્રના આધારે વર્તે છે, તેથી.

## શાસ્ત્રાજ્ઞાની મહત્તા :

આગમનું આલંબન આગળ કરીને તીર્થંકર કે ગુરુની કારણ-વશાત્ સેવા ન કરે તો પણ તે દેવ અને ગુરુને માનનારો જ છે. પણ ક્યારે? આગમને આગળ કરીને. આગમ 'ના' કહે ત્યારે ન આચરે. આગમ 'ના' ન કહેતું હોય ત્યાં તો દેવ-ગુરુ અને ધર્મને આચરે જ. દેવ-ગુરુ અને ધર્મમાં બહુમાનની મનમાં શ્રેષ્ઠતા

ન હોય તો તે કામનું નથી. **આગમનો આદર કરવાવાળો જ ખરેખર તે તત્ત્વત્રયીને સેવવાવાળો ગણાય.**

આ વાત ધ્યાનમાં લેશો ત્યારે સમજાશે કે–'हा अणाहा कहं हुंता? વસ્તુ યથાર્થ છે આ આત્માને દોરનાર કોણ? આગમ 'ण हुंतो जिणागमो' જો જિનાગમ ન હોત તો અમારું શું થાત? આથી સ્પષ્ટ છે કે–દેવ અને ગુરુની ઓળખાણ આપનાર આગમ જ છે. ધર્મને પણ તે જ ઓળખાવે.

**આગમનું મહત્ત્વ :**

આવી આગમની મહત્તા સમજશો ત્યારે ખ્યાલમાં આવશે કે–તીર્થંકર મહારાજાઓએ સ્થાપેલા ગણધર ભગવંતોએ કરેલ દ્વાદશાંગીની રચના વખતે દેવતાઓએ વાસક્ષેપ કર્યો, તે પણ આગમની મહત્તાને અંગેજ. તે વખતે સામાન્ય કેવલીઓ પણ ગણધર ભગવંતની પાછળ બેસે, કેમ? આશાતના નહિ? નહિ જ. કારણ કે કેવલજ્ઞાન કરતાં આગમ ઉત્કૃષ્ટ છે. કેવલીમાં રહેલ કેવલજ્ઞાનના આધારે કોઈ સ્વરૂપ આપણાથી જાણી શકાયું નથી. કેવલી પણ બોલે ત્યારે જ તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાયને? કેવલીના કેવલજ્ઞાનથી છદ્મસ્થોને તત્ત્વત્રયીનું સ્વરૂપ જણાય? નહીં જ.

**શ્રુતજ્ઞાનની મહત્તા :**

આ વાત ખ્યાલમાં લેશું ત્યારે સમજાશે કે–શાસ્ત્રકાર બધા જ્ઞાનોમાં શ્રુતજ્ઞાનની મહત્તા કેમ જણાવે છે? શાસનની અપેક્ષાએ કેવલજ્ઞાન કરતાં ઉપકારની દૃષ્ટિએ શ્રુતજ્ઞાનની મહત્તા છે. જેમ જંગલમાં હીરા કરતાં લોટી પાણીની મહત્તા છે. કારણ કે ત્યાં જીવનને ટકાવનાર હીરો નથી, પણ પાણી છે. કેવલજ્ઞાન હીરા જેવું છતાં શાસનને ટકાવવા તો શ્રુતજ્ઞાન જ, પાણીની લોટીનું કામ કરે છે. એથી જ સામાન્ય કેવલીઓ, ગણધર ભગવંતની પાછળ બેસે છે. શ્રુતજ્ઞાનની આવી મહત્તા છે.

એટલે જ શાસ્ત્રકારને કહેવું પડયું કે-'हा अणाहा' ઈત્યાદિ. આથી જ જે ભાવિકો આગમને આરાધે છે, તે-દેવ, ગુરૂ અને ધર્મને આરાધવાવાળા જ છે. જે ભાવિકોનું આગમના વચનો ઉપર લક્ષ્ય છે, તે ભવિક તેવી પ્રવૃત્તિમાં ન હોય તો પણ શુભ પ્રવૃત્તિનું જ ફળ મેળવે છે.

## શ્રુતજ્ઞાનની મહત્તાના વરિષ્ટ તર્કો :

તીર્થંકર મ. શ્રી ચતુર્વિધ સંઘને શેને અંગે નમસ્કાર કરે છે? દ્વાદશાંગીશ્રુતનો આધાર સંઘ છે, માટે નમસ્કાર કરે છે. તીર્થ-પ્રવૃત્તિ કોની ગણાઈ? દ્વાદશાંગી રચાઈ તેની. મહાવીરદેવને ઋજુવાલુકાને કિનારે કેવલજ્ઞાન થયું. ત્યારથી તીર્થપ્રવૃત્તિ ગણાઈ? નહિ. કેમ? શ્રુતજ્ઞાન અને શ્રુતવાનનો અભાવ હતો, તીર્થનો છેડો પણ કયારે? શ્રુતજ્ઞાનના અંતમાં શાસનની આદિ-મધ્ય અને અંત શ્રુતજ્ઞાન સાથે જ સંકળાયેલ છે. આવા તારક આગમને અંગે આદર ન હોય તો મૂળ વસ્તુને સમજ્યા નથી, એમ કહેવું પડે.

બારે મહિનાના બધા પર્વોમાં કોઈપણ પર્વ દર્શનનામથી કે ચારિત્રનામથી છે? નહિ. જયારે જ્ઞાનના નામથી 'જ્ઞાનપંચમી' છે, જ્ઞાનપંચમી એ આરાધાય છે તે જ્ઞાનને અવધિ-મનઃપર્યવ કે કેવલજ્ઞાન સાથે સંબધ નથી. શ્રુત સાથે જ સંબંધ છે.

અતિચારમાં જ્ઞાનના અતિચાર આઠ, અતિચારમાં શું? તે અતિચારો મતિ-અવધિ-મનઃપર્યવના અતિચાર આલોવવા માટે છે? ના, વિનયનું નિરૂપણ પણ કોને માટે? એ શ્રુતને માટે જ ને, ઉપધાન પણ કોને માટે? શ્રુત આરાધન માટે જ ને, વ્યંજન-અર્થ, તદુભય એ પણ શ્રુતને જ માટે ને? છતાં બોલો છો શું? 'જ્ઞાનાચાર!' કેમ? તમારે તો 'શ્રુતાચાર' કહેવું જોઈએ? કેમ તે પ્રમાણે બોલતા નથી? એટલા જ માટે કે-જ્ઞાન એ જ શ્રુત અને શ્રુત એ જ જ્ઞાન લેવાનું છે. મતિ વિગેરે જ્ઞાનો તો તેમાં ઉપલક્ષણથી સમજવાના છે.

મતિજ્ઞાન સમ્યક્ત્વ થતી વખતે અજ્ઞાનરૂપ હોય અને સમ્યક્ત્વ

થયા પછી શુદ્ધ થતું હોય તેવું નથી; અવધિ આદિ પણ એમ જ, ત્યારે એવું તો એક શ્રુત જ ! કે જે સમ્યક્ત્વ પૂર્વે અશુદ્ધ હોય અને સમ્યક્ત્વ પછી શુદ્ધ થાય.

'सम्यग्दर्शनशुद्धं' આદિ કહેલ છે, ત્યાં પણ 'ज्ञानाचारं.' કહેલ છે, અને તે જ્ઞાનાચારમાં પણ મતિ–અવધિ–મનઃપર્યવ કે કેવલજ્ઞાનમાંનું એકે ય નહિ. ફક્ત શ્રુતજ્ઞાન જ લેવાનું છે.

ઉપસંહાર :

શાસનની આદિ–મધ્ય અને અંતે પણ રહેનારું હોય તો તે શ્રુતજ્ઞાન જ છે. માટે જેઓ આત્માના હિતને ઈચ્છનારા હોય તેઓએ આગમ તરફ જ આદર કરવાની જરૂર, જેઓ એ પ્રમાણે સમજી આગમનો આદર કરશે તે તે કલ્યાણ માંગલિકની માળા પામીને ઉત્તરોત્તર મોક્ષ–સુખને પામશે. सर्वमङ्गलमाङ्गल्यम्० ॥

—: રત્ન કણિકા :—

- કર્મને બાંધવામાં ક્યારેક એકલા મનનો પણ ઉપયોગ થઈ શકે, પણ સંવર–નિર્જરા માટે તો ત્રણે યોગની વિશુદ્ધિ જરૂરી છે.
- ગુણોનો આદર–રાગ ગુણોની પુષ્ટિ માટે થાય છે માટે ગુણવાનની પૂજા ખૂબ લાભ આપનારી છે.
- જૈન તે કહેવાય કે જે સર્વથા કર્મોના બંધનમાંથી અળગા થવાની વાતને સતતપણે લક્ષ્યમાં રાખે.
- સ્વચ્છંદ પ્રવૃત્તિ એ સંસારવૃદ્ધિનું મુખ્ય કારણ છે.
- મનનું ચંચળપણું કર્મબંધ માટે થાય છે તેવી જ રીતે મનની સ્થિરતા કર્મક્ષય માટે થાય છે.
- ઘાતિકર્મનો નાશ કરવા માટે તત્પર થયેલા વીરપુરુષો દુઃખના સમૂહમાં અચળ–સ્થિર રહે છે.

પૂ. આગમોદ્ધારકશ્રી

# પ્રભુ શાસનના સંયમનું વિશિષ્ટ મહત્વ

[ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૮૯માં કેટલાક જમાનાવાદીઓ તરફથી ચલાવેલ દીક્ષાવિરોધી આંદોલનના પ્રસંગે નાનો નિબંધ લખેલ, તે 'શ્રીસિદ્ધચક્ર'માં પ્રગટ થયેલ, તે નિબંધ ખૂબ માર્મિક ઉપયોગી હોઈ અહીં પુનર્મુદ્રિત કર્યો છે. ]

## જગતના જીવો કેવું સુખ ઇચ્છે છે !

હરેક પ્રાણીઓ સુખના જ અભિલાષી છે; તેમાં પણ દુઃખ મિશ્રિત, અલ્પ, પણ નહિ પરંતુ ચિરસ્થાયી (મળ્યા પછી નહિં જ જનારૂં) સુખના અભિલાષી છે !

આવું સુખ સંસારમાં રહીને ઘણાઓએ મેળવવાનું મુકરર હોવાથી, સંસાર એ શી વસ્તુ છે ? એ પણ આપણે વિચારવું જ રહ્યું ! સંસાર તરફ નજર નાખીએ તો તેમાં તેવું સુખ અંશે પણ લભ્ય નથી, એ વાત–જીવોના ઉત્પત્તિ અને નાશના નિવાસ સ્થાનોની વિકરાળ વિષમતાને વિસ્તારથી સમજતાં સહેજે માલુમ પડે તેમ છે.

## નારકીઓની દુઃખી હાલત

દેવ, મનુજ, તિર્યંચ અને નારકી એ ચારે ગતિ, એજ અનાદિ કાળથી રખડનારા આત્માના સ્થાનો છે. તેમાં નારકીના જીવો દુઃખ એટલા તો સંતપ્ત છે કે એને ત્યાંથી ઉપાડી મૃત્યુ લોકમાં લાવી ખેરના ધગધગતા અંગારામાંયે સુવાડવામાં આવે તો પરમ શાંતિથી નિદ્રા લે. એ પારાવાર દુઃખથી છુટવા (મરણ સ્વરૂપે મરણ વહાલું નહિં છતાં) તેઓ હરપળે મરણને ઈચ્છે છે આમ છતાં પણ ધાર્યું તો મરણ તે મેળવી શકતા નથી, એના જેવું દુઃખ કયું હોઈ શકે ?

### તિર્યંચો પણ દુઃખી

તિર્યંચ યોનિમાં પણ પરવશતાને પરિણામે ઈચ્છાનું રૂંધન, પરનો સહેવો પડતો ભયંકર અને અનિચ્છિત ત્રાસ અને એથી આત્માને ઉપજતા સંતાપજનક સંકટોથી પણ કોણ અજાણ છે!

### મનુષ્ય ભવના સુખની તુચ્છના

પૌદ્ગલિક સામગ્રીની પ્રાપ્તિ બેશક મનુષ્ય યોનિમાં છે, પણ તે અઢળક ઋદ્ધિવાળા દેવોની સામગ્રી પાસે તો તુચ્છ જ છે. આ લોકમાં પણ એક બીજાથી ન્યૂનાધિક છે. સારાની સામે ન થવાની કોડો (મનોરથો) મરણ પર્યંત મનમાં જ રહી જાય એ પણ ઓછું દુઃખ તો નથી જ!

### દેવ યોનિમાં પણ દુઃખ

દેવ યોનિમાં તો એવા સુખનો સુમાર નથી, છતાંયે એને પણ એજ દુઃખ છે કે આ સુખો પણ શાશ્વત તો નથી જ, વળી છે તેટલા પણ એ રંગ અને રાગથી ભરેલા દેવો પણ સંતાપ અને કદર્થનાથી તો મુક્તાજ નથી! કયાંથી હોય?

### સાચું સુખ કયાં?

શાશ્વત સુખ તો સિદ્ધિસ્થાન (મોક્ષ) સિવાય બીજે કયાંયજ નથી! એ શાશ્વત સુખના સાધકોએ તેને સહેલાઈથી મેળવી આપે તેવા ઉત્તમ સાધનની આરાધના અવશ્યમેવ કરવી જોઈએ!

એ પરમ તત્વ જૈન દર્શનમાં એટલું તો સુપ્રસિદ્ધ છે. કે જૈન દર્શનાનુયાયિઓમાંનું નાનું પણ બચ્ચું પણ એનાથી અજાણ હોતું નથી. તે તત્ત્વ શ્રી સિદ્ધચક્રજી છે. સિદ્ધચક્રજી કહો કે નવપદજી કહો, નવપદજીમાં પ્રથમના પાંચ પદ તે પાંચે પરમેષ્ઠિઓ અને પછીના ચાર તે ગુણો છે. ગુણી ગુણ વગરના હોઈ શકે જ નહિં; એટલે કે એ પાંચે પરમેષ્ઠિઓમાં એ ચારે ગુણો વિદ્યમાન છે.

## પરમેષ્ઠીઓની મહત્તા

આ સ્થળે અમો વાંચકવૃંદનું ખાસ ધ્યાન ખેંચવા માગીએ છીએ કે **એ પાંચે પરમેષ્ઠીઓ સંસારી નથી, પણ સંસારનો સર્વથા પરિત્યાગ કરી દીક્ષિત બનેલા પરમતારક મહાત્માઓ છે.**

## ચારિત્રની મહત્તા

ગુણોમાં પણ પહેલો ગુણ સમ્યગ્ દર્શન એ રત્ન દીપક છે. વસ્તુનું યથાર્થ દર્શન કરાવનાર એ સમ્યગ્ દર્શન છે, જ્યારે બીજો જ્ઞાનગુણ એ હેય અને ઉપાદેયનો વિવેક કરાવે છે. આટલું થયા છતાં પણ જો આચરણ ન થાય તો દર્શનથી દેખાયલો અને જ્ઞાનથી જણાયલો લાભ પણ સાચા અને ચિરસ્થાયી સુખને મેળવી આપવા તો અસમર્થજ છે; અર્થાત્ દર્શન સુખનો માર્ગ બતાવે, જ્ઞાન તે માર્ગને અંગે વિશેષ અજવાળું પાડનારી સમજણ આપે! પણ અવ્યાબાધ અખંડ એવા સુખને તો ત્રીજો ગુણ ચારિત્ર જ અપાવે!

## સંવરનું મહત્ત્વ

અનાદિકાલથી આત્મા કર્મના બોજાથી દબાયલો છે, એની કોણ ના કહે તેમ છે? તેથી છુટવા માટે સૌથી પહેલાં તો આવતાં નવાં કર્મોને રોકવા જોઈએ! નવાને આવતાં રોકવા એનું નામ સંવર છે.; અને એ સર્વથા સંવર તો સર્વવિરતિ રૂપ દીક્ષાના પાલનથીજ થાય છે.

## તપની વિશિષ્ટતા

ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ તપ દ્વારા જુના કર્મોને બાળીને ભસ્મીભૂત કરવામાં આવે છે. ચોથા ગુણ રૂપ એ તપપદ અનાદિના કર્મોને તીવ્રપણે તપાવવામાં આત્માના એક સમર્થ અને પરમ વિશ્વાસુ મિત્રની ગરજ સારે છે.

## સર્વવિરતિની પ્રધાનતા

આપણે ઉપર જોઈ ગયા કે આ ચારે ગુણોના માલિક પરમેષ્ઠીઓ છે. આથી એ સ્પષ્ટ સમજાશે કે સર્વ વિરતિ રૂપ પરમ શુદ્ધાચરણ વડે કર્મમાત્રનો સર્વથા નાશ કર્યા પછીજ આત્મા વિશુદ્ધ બની અખંડ ચિરસ્થાયી અવ્યાબાધ સુખરૂપ સિદ્ધિસ્થળને સંપ્રાપ્ત કરે છે, એટલે કે શાશ્વત–સુખનો સ્વામી બને છે.

## ભાગવતી દીક્ષાનું મહત્ત્વ

આથી એ પણ સહજ સિદ્ધ છે કે વિશુદ્ધ સુખને ઇચ્છનારાઓ જો તેના સાચા જિજ્ઞાસુ હોય તો એમણે તેવા અખંડ સુખને પણ અલ્પકાળમાં જ મેળવી આપનારી **ભાગવતી દીક્ષાને** સર્વ પ્રમાદનો સત્વર ત્યાગ કરી અંગીકાર કરવી ઘટે! **સંયમ કહો; સર્વ વિરતિ કહો, પારમેશ્વરી પ્રવ્રજ્યા કહો કે ભાગવતી દીક્ષા કહો ! એ સર્વ એકનું એકજ છે.**

જૈન દર્શન ભાગવતી દીક્ષાથી ભિન્ન નથી. એથી તે જૈન દર્શનમાં, શાસ્ત્રમાં તેમજ કથાઓમાં જ્યાં દેખો ત્યાં એ પવિત્ર ભાગવતી દીક્ષાથી કલ્યાણ થયાના વર્ણનો જગો જગોએ ઠાંસી ઠાંસીને ભર્યા છે! આથી જૈન શાસ્ત્રોમાં ભાગવતી દીક્ષાના ધ્યેય વિના બીજો ઉપદેશ જ નથી, એમ કહેનારા ભાગ્યવાનોનું હરવખતે બોલવું પરમ સત્ય છે. એ વાત પણ સહેજે સમજાશે.

## મહર્ષિઓની પરમ ભાવના

એને આદરવામાં અસમર્થ (અશક્ત) એવા આત્માઓ માટે પણ (એટલે કે તે બાપડા ધર્મ વિહોણા ન રહી જાય માટે પણ પરમકૃપાળુ શાસ્ત્રકાર મહર્ષિઓએ દેશવિરતિ, સમ્યક્ત્વ પ્રભુપૂજનાદિ અસંખ્યેય આરાધનના યોગો બતાવેલા છે. યોગો દરેક આદરવા યોગ્ય છે, છતાંયે અશક્તિએ પણ, તમારા આત્માના હિતની ખાતર અનુકુળ પડતો કોઇ એક પણ યોગ આરાધો,

પણ કદીયે વિરાધક બની દુર્ગતિમાં ધકેલી દગો દેનારા દુષ્ટ આલંબનોને તો અડકશોજ નહિં ! આ એ તારક મહર્ષિઓની પરમ ભાવના !

## આરાધનાનું ધ્યેય

એ બધામાં તપાસીએ તો ખુલ્લુંજ છે કે એનું અશક્તિએ આરાધના ન કરી શકનારાઓએ પણ ધ્યેય તો મોક્ષને અપાવનાર સર્વ વિરતિનુંજ રાખવાનું હોય છે. સર્વ વિરતિ વિના શાશ્વત સુખની પ્રાપ્તિ નથી, નથી ને નથી જ ! ! !

## ભાગવતી દીક્ષા માતા છે

**સર્વ વિરતિને સર્વથા સેવન કરનારા ભાગ્યવાનો સિવાય કોઈને એ શાશ્વત સુખની પ્રાપ્તિ અસંભવિત છે.** આત્માને અવ્યાબાધ પદે પહોંચાડી ચિરસ્થાયી સુખ સમર્પનારી તે એક જ 'ભાગવતી દીક્ષા' છે. એથી તો ખરેખર ! જગત્‌ભરના તમામ જંતુઓની એ કલ્યાણપ્રદા માતા છે !

આવી પવિત્ર અને સ્વ-પર કલ્યાણકારી તારક દીક્ષાને આપણે અવ્યાબાધપણે ઈચ્છીયે, (ટકાવીએ) એમાં મનુષ્યત્વની એ સાચી ફરજ શિવાય અધિક કશુંયે કરતા જ નથી.

## સર્વ વિજયી દીક્ષા

આથી એ પણ સ્પષ્ટ છે કે ભયંકર ભવાટવીમાં ભયભીતપણે ભમતા ભવ્ય આત્માઓને એ એકજ શરણભૂત છે. સર્વથા **ભયમુક્ત બનાવનારી અને એકાંતે નિર્ભયસ્થાનને આપનારી એ ભાગવતી દીક્ષા તેથી તો વિજયવંતી છે ! અરે ! તેજ** ભવમાં પોતાની સિદ્ધિ (મુક્તિ) નિશ્ચિત છે, તો પણ એ શાસન સંસ્થાપક તીર્થંકર દેવોએ એને સ્વયં અંગીકાર કરી ઉત્કૃષ્ટ પણે પાળેલી છે. તેનાથી ઉત્પન્ન થએલા કેવળજ્ઞાન રૂપ પરમ ફળને પામ્યા પછી તો એને કલ્યાણની નિકટ સંબંધિની જાણી સ્પષ્ટપણે

જગતને ઉપદેશીને તીર્થંકર દેવોએ છુટે હાથે વ્હેંચેલી છે. એવી પરમ પવિત્ર અને અખિલ વિશ્વનાયે જીવોને અભય આપનારી એ દીક્ષાનો વિજય પણ કેમ ન હોય ?

## દીક્ષાનો સદા વિજય

**આધિને અટકાવનારી, વ્યાધિને વિદારનારી, અને એ બંનેની જનની જે ઉપાધિ–તેને જડમૂળથી ઉચ્છેદનારી, સંતાપમાત્રને શમાવનારી તથા મદોન્મત્ત અને ક્રૂર એવા કર્મરાજાને નિમેષમાત્રમાં નમાવનારી એ પરમ પવિત્ર ભાગવતી દીક્ષાનો વિજય વિજય અને વિજય જ હોય !!!**

**દેવોને પણ શિરસાવંદ્ય એવી એ વિજયવંતી પારમેશ્વરી પ્રવ્રજ્યાનો સદાકાળ વિજય હો !**

આ તારક દીક્ષા મનુષ્ય ભવમાં જ સાધી શકાય. તેમ હોવાથી અનેક સુર–અસુરો પણ એ મનુષ્ય ભવની પ્રાપ્તિ માટે તો તલસ્યાજ કરે છે.

## મનુષ્ય ભવની મહત્તા કેમ !

મનુષ્ય ભવની મહત્તા પૂજ્ય જ્ઞાની મહાત્માઓ આટલા માટે જ ગાય છે. દેવોની સ્થિતિ વિચારો, ખૂબ ખૂબ વિચારો કે પૌદ્ગલિકસુખ–સંજોગ–સામગ્રીની સ્વર્ગમાં તો ન્યૂનતાજ નથી. ત્યાં એને તારક શાસનમાં સાધવા લાયક સાધ્યની પરમ સાધનાજ અશક્ય છે એને પરિણામેજ દેવોની મનુષ્ય ભવની યાચના છે !

**આથી એ ખુલ્લુંજ છે કે દેવોની મનુષ્ય ભવ માટેની માગણી પણ એ પરમ પવિત્ર પારમેશ્વરી પ્રવ્રજ્યા માટેજ છે.**

આ સીધી અને સહેલી વાત જેને ન સમજાય, તેણે પોતાને કમનસીબ માનવા સિવાય બીજો રસ્તોજ નથી. આ વાત બાજુએ રાખી–એ સદ્વસ્તુને યથાર્થ સ્વરૂપે સમજેલા જે મુમુક્ષુ મનુષ્યો

એ દીક્ષા દેવીને જ ચરણે પોતાનું જીવન સમર્પે એ જોઈ કોને આનંદ ન થાય ! ! !

**પારમેશ્વરી પ્રવ્રજ્યા**

પાપની પરાકાષ્ઠાએ પહોંચેલાઓએ પણ પુણ્યોદયે પરિસ્થિતિનું ભાન થવાથી પારમેશ્વરી પ્રવ્રજ્યા લીધા પછી જ પરમપદની પ્રાપ્તિ કરી છે. ભયંકર **પાપોનું પ્રાયશ્ચિત્ત તે એકજ પારમેશ્વરી પ્રવ્રજ્યા છે. યતઃ —**

એવા પણ બહુ પાપથી, ઉદ્ધરવા દીએ હથ્થ,
પ્રવ્રજ્યા જિનરાજની, છે એક શુદ્ધ સમથ્થ.

—શ્રીપાલરાસ

જેઓને ગર્ભ, જન્મ, ત્રાસ, મરણ વિગેરે ન ગમતું હોય તેઓએ બીજા પ્રાણીના ગર્ભ, જન્મ, ત્રાસ તથા મરણના કારણભૂત પોતે ન જ થવું એ સીધો અને સાદો ન્યાય છે. એ ન્યાયનું સંપૂર્ણ પાલન એજ પ્રભુએ પ્રરૂપેલી પારમેશ્વરી પ્રવ્રજ્યા યાને ભાગવતી દીક્ષા !

### પૂ. આગમોદ્ધારકશ્રીની

### —: હૃદયંગમ વાણી :—

- દરેક પદાર્થોનો સાપેક્ષ વિચાર રાગદ્વેષની ભૂમિકાને નબળી કરે છે.
- દાવાનળની જેમ ધર્મના પરિણામ પાપરૂપ લાકડાંને બાળી નાંખે છે.
- શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને આબાદી સાધુઓ પર નિર્ભર છે. તેથી સાધુ સંસ્થા શાસનનું મહત્ત્વનું અંગ છે.
- તીવ્ર અસાતાના ઉદયમાં શબ્દાદિ વિષયો પણ ઉલટા થઈ જાય છે.

**સંસાર ભયની ખાણ છે.**

દુન્યવી એક એક પદાર્થની પાછળ પડછાયાની જેમ ભય ઉભેલોજ છે,' भोगे रोगभयं, कुले च्युतिभयं, वित्ते नृपालाद् भयं વિગેરે ભિન્ન-ભિન્ન સ્થાનમાં રહેલા ભયોને કહેનાર રાજયોગી ભર્તૃહરિએ જણાવી દીધું કે वैराग्यमेवाभयम्। અભયરૂપ માત્ર વૈરાગ્ય છે.

આ વૈરાગ્યનો નિર્વાહ ભાગવતી દીક્ષા વિના બીજે ક્યાં થાય? સંસારમાં તો ડગલે ને પગલે રાગ-દ્વેષના ઝઘડા છે, ક્ષણે ક્ષણે સ્ખલના છે.

સંસાર એટલે ભયંકર દાવાનળ! એ દાવાનળમાંથી ઉતરવાનો એક જ આરો છે અને તે સંસારનો સર્વથા પરિત્યાગ એટલે કે ભાગવતી દીક્ષા!

**સંસારની અસારતા.**

સંસારમાં સારનો અંશ પણ નથી, માટે દરેક જ્ઞાની મહાત્મા પોતાના પ્રવચનના પ્રારંભમાંજ "असारोऽयं संसारः" એવી ઉદ્ઘોષણા કરે છે. સંસારમાં રહેનાર ભયમુક્ત થઇ શકે શી રીતે? કેમ કે જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિ તથા ચાલુ અભ્યાસને લીધે વિષય-કષાયાદિની રમણતા તેમજ કુટુંબકબીલા વિગેરેને લઇને ઈહલૌકિક ભયો વધતાજ જાય છે, જ્યારે પ્રવ્રજિત પુણ્યાત્માની પરિસ્થિતિજ તે છે કે જ્યાં ભયની સંભાવનાજ નથી, યતઃ—

धैर्यं यस्य पिता क्षमा च जननी शान्तिश्चिरं गेहिनी।
सत्यं सूनुरयं दया च भगिनी भ्राता मनःसंयमः;
शय्या भूमितलं दिशोऽपि वसनं ज्ञानामृतं भोजनं।
एते यस्य कुटुम्बिनो वद सखे! कस्माद् भयं योगिनः? ॥१॥

**યોગી કેવો?**

ધૈર્ય જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, ચિરશાંતિ જેની ગૃહિણી છે, સત્ય જેનો પુત્ર છે, દયા જેની બ્હેન છે, મનઃસંયમ જેનો ભાઈ છે, ભૂમિતલ જેની શય્યા છે, દિશા જેનાં વસ્ત્રો છે

અને જ્ઞાનામૃતનું ભોજન આરોગે છે, હે સખે! કહે કે આવા કુટુંબ વચ્ચે રહેનાર યોગીને ભય હોય જ ક્યાંથી?

## દીક્ષા એટલે!

પ્રાણી માત્રને અભયદાન દેવું, સર્વથા જુઠું ન બોલવું, ચોરી, મૈથુન તથા પરિગ્રહનો સર્વથા ત્યાગ કરવો, આ પાંચે મહાવ્રતોનું યાવજ્જીવ પાલન કરાવી સ્વ-પર કલ્યાણની અપૂર્વ સાધના દીક્ષામાં સહજ રીતે થાય છે.

અશાંતિ, ઉત્પાતો વિગેરે તો ત્યાંજ હોય કે જ્યાં રાગના સન્માન હોય, ભાગવતી દીક્ષા લેનાર તો રાગને ઠોકરે મારીને આવે છે.

## દીક્ષિત કેવો હોય?

કંચન અને કામિની એ બેજ કલેશના કારમા કારણ છે, કહેવત પણ છે કે '**જર, જમીન, જોરૂ, એ ત્રણે કજીયાના છોરૂ.**' પણ દીક્ષા લેનાર ભાગ્યવાન તો ધન, માલ, મિલકત, કુટુંબકબીલો, વાડી, વજીફા અને વૈભવાદિ સર્વસ્વને સદાને માટે તિલાંજલિ આપીને સર્વથા ત્યાગી બને છે અને આગળ વધીને શરીર પરત્વે પણ વધુને વધુ નિઃસ્પૃહ બને, શરીરની નિઃસ્પૃહતાના યોગે મહાન્ તપશ્ચર્યાઓ કરી કઠિનમાં કઠિન કર્મોને ભસ્મીભૂત કરે છે. આવી તપશ્ચર્યા પણ સાધ્ય ક્યારે? સર્વવિરતિનો સ્વીકાર હોય ત્યારે!

## દીક્ષા વિના સુખ નથી.

આ રીતિએ દીક્ષિત પુણ્યાત્માઓ અભ્યાસ દ્વારા પ્રાંતે પરમ ત્યાગી થઈ પરમપદને અવશ્યમેવ પ્રાપ્ત કરે છે. પુરૂષાર્થ હંમેશા સુખ માટે હોય, શાશ્વત સુખ મોક્ષમાં જ છે, અને મોક્ષની સાધના માટે ભાગવતી દીક્ષા એજ સાચો પુરૂષાર્થ છે.

## દીક્ષા એટલે ત્યાગની સાધના.

જૈન દર્શનનો મૂળભૂત સિદ્ધાંત જ ત્યાગ છે. ત્યાગનું સર્વાંશે પાલન ભાગવતી દીક્ષામાં જ છે. દીક્ષા એજ જૈન શાસનનું લક્ષ્યબિંદુ

છે, બલ્કે જૈન શાસનમાં દીક્ષાનાં ઠામઠામ યશોગાન છે!!! ત્યાગ શિવાય જૈન દર્શનમાં બીજું નથીજ! આથી તો પૂજ્ય પંચ પરમેષ્ઠી પદમાં સ્થાન પણ ત્યાગીઓને જ છે.

## દીક્ષા જીવન સુધારે છે.

ઉપર જણાવેલા પંચમહાવ્રતનું જીવનપર્યંત પાલન કરવાની પ્રતિજ્ઞા કરી દીક્ષા લેનાર, પોતે તો દુન્યવી દોષોથી બચે છે જ! પણ પોતાની પાસે આવનારાઓને પણ સન્માર્ગ – પ્રેરણા વડે તેવા દોષોથી અવશ્ય બચાવે છે, અર્થાત્ ભાગવતી દીક્ષા જેમ પોતાને શાંતિપ્રદ છે. તેમ જે ગુન્હાઓ રાજ્યના કાયદાથી પણ અટકતા નથી તે ગુન્હાઓ આવા ત્યાગી મહાત્માઓના સામાન્ય ઉપદેશથી પણ આપોઆપ અટકી જાય છે.

## ભરતચક્રીના ૯૮ ભાઈઓનો પ્રસંગ.

ભરતચક્રીએ છખંડ સાધ્યા પછી પોતાના અઠ્ઠાણું ભાઈઓને પોતાનું સાર્વભૌમત્વ સ્વીકારવા સંદેશ પાઠવ્યો, અર્થાત્ તેઓને પોતાની સેવામાં બોલાવ્યા, આ અઠ્ઠાણુંયે ભાઈઓ 'હવે શું કરવું' એ પૂછવા પિતાજી (શ્રી ઋષભદેવજી ભગવાન) પાસે આવ્યા. 'હવે શું કરવું?' એ પ્રશ્નમાં એમણે કયા ઉત્તરની આશા રાખી હશે? 'પિતાજી કોઈપણ રીતે આવા અતિલોભી ભરતને સમજાવે;' આજ ભાવના હતી કે બીજી? 'અમારે ભરત સામે લડવું કે નહિ?' આજ પ્રશ્ન હતો,

પણ પિતાએ પ્રત્યુત્તરમાં પ્રવ્રજ્યા જ આપી કે બીજું કાંઈ? પ્રભુએ શું કહ્યું? યુદ્ધ? યુદ્ધ કોની સાથે? યુદ્ધ તો શત્રુ સાથે હોય અને કર્મ વિના બીજો કયો શત્રુ છે? યુદ્ધ જ કરવું હોય તો આવો સંવેગની સમરાંગણ ભૂમિપર! ખરેખર જૈન દર્શનમાં શત્રુ કર્મને જ માનવામાં આવેલ છે અને એ માટે જ ઘાતીકર્મનો સર્વથા સંહાર કરનાર આત્માને 'અરિહંત' કહે છે.

## દીક્ષાની અમાન્યતા સ્વીકારનારાઓનું માનસ

**પારમેશ્વરી પ્રવ્રજ્યાનું સ્વરૂપ સામાન્યતથી દર્શાવવા પ્રયત્ન થયો** છે. તેનું વાસ્તવિક સ્વરૂપ વચનાતીત છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવી દીક્ષાનો દ્રોહ એ ભયંકર આત્મદ્રોહ છે. દીક્ષા એ મોક્ષનો એકજ માર્ગ છે અને તેમાં કાંટા વેરનારા કમનશીબો પોતાનો બલ્કે જગત્‌ભરનો વિદ્રોહ કરી રહ્યા છે; દીક્ષાનો વિરોધ કરનારી ટોળકીને પણ 'દીક્ષા તો શિરસાવંદ્ય' એમ શરૂઆતમાં કબુલવું પડે છે, એજ દીક્ષાની શ્રેષ્ઠતા છે, દીક્ષાનું એ ગૌરવ છે, દીક્ષાનો એ મહાન્ વિજય છે. સીધી રીતે 'દીક્ષા નથી ગમતી, દીક્ષા ન જોઈએ' એમ કહેવાથી કોઇ માને નહિ, માટે તેને 'અયોગ્ય' વિશેષણ જોડી પોતાની અયોગ્યતા પુરવાર કરનાર અયોગ્યોનું માનસ સહજ સમજાય તેમ છે.

### વીતરાગદેવની પૂજા શા માટે ? તેમની પૂજાથી વળે શું ?

'વીતરાગની પૂજાથી વીતરાગ-આત્મામાં દાખલ થયેલા ગુણો લેવાના (લઈ લેવાના) નથી, તેમને પ્રસન્ન કરવાના નથી. તેમની આરાધના તો વંદનાથી કરવાની છે. વીતરાગ પ્રભુએ આપણા ઉદ્ધારનું કારણ શાસન સ્થાપ્યું, તે આપણા પરનો તેમનો મહાન ઉપકાર છે;

એટલે આત્માના આરંભ-પરિગ્રહ-વિષયાદિના પરિણામો ઉપર જીત મેળવનાર શ્રી અરિહંતદેવનું શાસન અને તેની મૂર્તિ છે. તેથી અરિહંતદેવની પૂજા છે, ચાર ગતિનો ઉચ્છેદ, કષાયનો નાશ, કર્મનું ભેદન એ તમામ વીતરાગ પ્રભુની મૂર્તિ કે અરિહંતના શાસનના આધારે થાય છે. અરિહંતપદની સ્થાપના તથા આરાધના આ કારણે છે, શ્રી અરિહંત દેવ આથી જ વીસ પદોમાં પ્રથમ પદે છે.

—વીસ સ્થાનકના વ્યાખ્યાનો (વ્યા. ૨૫)

—પૂ. આગમોદ્ધારકશ્રી

## સંજ્ઞી કોણ......!!!
## સમ્યગ્ દૃષ્ટિ કેવી......!!!

### યથાર્થ સંજ્ઞી કોણ !

દરેક સમજણ ધરાવનારો જીવ કે જેને શાસ્ત્રકારો યથાર્થ સંજ્ઞી તરીકે, વિચારવાન્ તરીકે, સંજ્ઞાવાળા તરીકે ઓળખાવે છે, તેઓ જન્મ-મરણની કેદમાં રહેલા નથી.

### સમજણ દૃષ્ટિનો પ્રભાવ

યાદ રાખવું જરૂરી છે કે જેને પોતાના નિવાસસ્થાનના બારી-બારણાં ઉપયોગમાં ન આવે અથવા બારી-બારણાં હોય છતાં તે બારી-બારણાંનું જેને ભાન ન હોય તે બારી-બારણા વિનાના નિવાસસ્થાનમાં રહેનાર હોઈ કેદી તરીકે પોતાની અવસ્થા બનાવે છે.

એવી રીતે આ સંસારરૂપ નિવાસમાં રહેનારાઓ જો પોતાના જન્મ પહેલાંની અવસ્થા અને મરણ પછીની અવસ્થા જોઈ શકે અથવા જાણી શકે તો તેઓ સંસારના કેદી નથી, અર્થાત્ તેઓને માટે આ સંસાર એ બરાબર કારાવાસ સ્થાન નથી.

કારણ કે તે મહાનુભાવો પોતાના વર્તમાનભવની આસપાસ જોઈ શકે છે, અર્થાત્ આ ભવના જન્મથી પહેલાંની અવસ્થા તથા આ ભવમાં થનારા મરણ પછીની અવસ્થાને જુએ છે તથા જાણે છે અને તેથી તેવા જીવોને આ સંસારરૂપ નિવાસ સ્થાન કેદ નહિ પણ એક મુસાફરખાના તરીકે હોય છે અને તેવા જીવો આ સંસારના કેદી નહિ, પણ સંસારના માત્ર મુસાફરજ છે.

### સાચી સમજ

આવી રીતે આ જન્મને મુસાફરખાનું માનનાર તથા સંસારના મુસાફર બનનાર જીવોનેજ શાસ્ત્રકારો સંજ્ઞાવાન એટલે સમજદાર ગણે છે. આવી મુસાફરપણાની અને મુસાફરખાનાની સમજનેજ શાસ્ત્રકારો સમજ તરીકે ગણે છે.

## સંસારી જીવો બે પ્રકારના

એટલે કે આ સંસારમાં ફરતા જીવોની સ્થિતિ બે પ્રકારની છે. એક તો કેદીપણાની સ્થિતિ છે અને બીજી મુસાફરપણાની સ્થિતિ છે.

ભગવાન્ જિનેશ્વર મહારાજાઓ લોકાલોક પ્રકાશક ત્રિકાલવર્તી પદાર્થોને કરતલ મધ્યગત બરોબર ગોળ એવા આમલાની માફક સાક્ષાતપણે જાણનાર, સર્વ જીવ અને અજીવોનો સર્વકાલના સર્વ-ભાવોનો સાક્ષાત્કાર કરનાર એવા ઉત્તમોત્તમ કેવલજ્ઞાનને પામીને ભવાંતરથી કરેલા જગતના ઉદ્ધારના પણને ફલીભુત કરવા જે પ્રતિબોધ દે છે કે જે ઉપદેશ આપે છે તેમજ જે વસ્તુ જણાવે છે તે એજ કે—

"આ જીવ સંસારનો કેદી ન રહે, પણ મોક્ષ ન મેળવે ત્યાં સુધી સંસારનો મુસાફર રહે, અને સંસારને મુસાફરખાના તરીકે માને."

## તીર્થંકરોનો ઉપદેશ

એટલા માટે તો ભગવાન્‌જિનેશ્વરોની દેશનામાં **जह जीवा बज्झंति** સંસારીજીવોની મુસાફરીનું વર્ણન જણાવે છે, અને પર્યવસાનમાં મોક્ષના માર્ગનો પણ ઉપદેશ સ્પષ્ટ રીતે જણાવે છે.

ગણધરમહારાજા કે જેઓ ભવાન્તરથી ભગવાન્ જિનેશ્વરના ભક્ત હોય છે અને ભગવાન્ જિનેશ્વરનાં વચનો ઝીલવામાંજ જેઓ આ ભવમાં પણ પોતાનું કૃતકૃત્યપણું ગણે છે, તે ભગવાન્ ગણધર મહારાજાઓએ પણ ભગવાન્ જિનેશ્વરના તે મુસાફરપણા અને મુસાફરખાનાના ઉપદેશને પ્રભાવે કે ઉપદેશના અનુકરણરૂપે જગત્‌ને સ્પષ્ટ શબ્દોમાં એજ જણાવ્યું છે કે—

જેઓ આ સંસારમાં ભવના જન્મ-મરણથી આગલ અને પાછલ અવસ્થાને જુએ તથા જાણે તેજ સંસારી તરીકે ઉપદેશના પ્રસંગમાં આવ્યા ગણી શકાય, અર્થાત્ સમજ-સંજ્ઞા વિચારવાળા કે સમ્યગ્દૃષ્ટિ

તેજ ગણાય કે જેઓ આ ભવમાં થતા અને થવાના જન્મ અને મરણ પછીની સ્થિતિનો જેઓ વિચાર કરે.

### કૂપમંડૂકની દશા

જોકે આ વિચાર કેટલાક યુવકો કે જેઓ પોતાના આત્મામાં નાસ્તિકપણું ઓતપ્રોત કરીને નથી સર્વજ્ઞને માનવા તૈયાર! નથી સર્વજ્ઞમહારાજના શાસનને માનવા તૈયાર! એટલુંજ નહિં, પણ ખરેખર કૂપમંડૂકનો અવતાર ધારણ કરતા હોય તેમ કેવલ પોતાનીજ દૃષ્ટિ અને ધારણાને વળગી રહી દરીયાના દેડકાની હાંસી કરનાર અને સમુદ્રની સત્તાપણ પોતાના મગજમાં નહિં આવવાથી સમુદ્રને નહિ માનનારા થઈ કૂપમંડૂક બનનારાઓ પોતાને અને પોતાના જેવા પોતાના શ્રોતા આગલ સમ્યગ્દષ્ટિ બને છે. પણ યાદ રાખવું કે કૂપમંડૂકની તાકાત ગર્જના કરવામાં પૂરી થાય છે. કૂપમંડૂક કદાચ દરીયાની દશાને સમજે નહિં અને સમુદ્રની સત્તાને કબુલ ન કરે તેટલા માત્રથી સમુદ્રની સત્તા નામશેષ થતી નથી અને થવાની પણ નથી.

### કેટલાક અજ્ઞાનીઓની મનોદશા

તેમ આ યુવકો પણ સર્વજ્ઞમહારાજ તથા તેના શાસનને નાકબુલ કરે અને ભવાંતરની સ્થિતિને માને નહિં, તેથી તે સર્વજ્ઞ ભગવાનની તેમના શાસનની અને પૂર્વ જન્મ તથા પશ્ચાજજન્મની સત્તા ઉડી જવાની નથી.

વળી શાહીમૃગ શિકારીને દેખીને ધૂળમાં માથું ઘાલી દે તેથી તે શાહમૃગ બચી જતો નથી, તેમ આ યુવકો પૂર્વજન્મ અને પશ્ચાજજન્મની વાતોને ન માને અને પોતાનું કાળજું નાસ્તિકતાની ધૂળમાં ઘાલી પોતાનો સમ્યગ્દષ્ટિના નામમાં ઢંકાએલો યુવક બને તો તેથી તે નાસ્તિક પૂર્વજન્મ અને પશ્ચાજજન્મથી છુટી જવાનો નથી.

### સંજ્ઞીપણાનું રહસ્ય

માટે ભગવાન જિનેશ્વરો અને ગણધરમહારાજાઓએ સમજણ

સંજ્ઞા વિચાર અને વિવેકને માટે એ જ ઉપદેશ આપ્યો છે કે ગતભવને જાણો અને આ ભવ પરભવ અને ભવોભવને જાણો અરે ! એ ગતભવ, આભવ, પરભવ અને ભવોભવને જાણશો તોજ તમો સમ્યગ્દષ્ટિ તરીકે સાચી રીતે ગણાશો

## મોક્ષપ્રાપ્તિમાં ભાવલિંગની ઉપયોગિતા

મોક્ષ ભાવલિંગ વિના મળી શકતો નથી. દ્રવ્યલિંગ અનેક પ્રકારના છે. ભાવલિંગના અનેક પ્રકાર નથી દ્રવ્યલિંગ વિના પણ મોક્ષે જઈ શકાય છે. જો એકાંતે દ્રવ્યલિંગેજ મોક્ષ હોત તો 'ગૃહીલિંગ વિના પણ મોક્ષ, અન્યલિંગે મોક્ષ' વગેરેની માન્યતા હોત નહિ. દિગંબરો તો એકાંતપણે કહે છે કે—'દ્રવ્યલિંગ એટલે વસ્ત્ર રહિતપણું-નગ્નાવસ્થા હોવી જ જોઈએ. નગ્નાવસ્થા વિના કોઈ પણ જીવ કેવળ જ્ઞાન કે મોક્ષ પામી શકે જ નહી.' એવી માન્યતા થઈ. આપણે એ રીતે દ્રવ્યવિંગ વિના મોક્ષ જ નથી એમ એકાંતપણે કહેતા નથી. તેઓ તો નગ્નાવસ્થા વિના ચારિત્ર પણ માનતા નથી શ્વેતાંબર સંપ્રદાયની એ માન્યતા નથી. શ્વેતાંબર સંપ્રદાયમાં દ્રવ્યલિંગની માન્યતા શાસ્ત્રોક્ત છે. દ્રવ્યલિંગમાં પણ અનેક ભેદો માનવામાં આવે છે. દિગંબરોએ તો સ્ત્રીલિંગે પણ મોક્ષ ઉડાવી દીધો છે. હેતુ એ જ કે મોક્ષ મેળવવા નગ્નાવસ્થાની જરૂર છે. મૂળ વાત એ ખરી છે કે-મોક્ષ પામવામાં ભાવલિંગ એટલે નિર્મમત્વ ભાવ તો હોવો જોઇએ. જ્ઞાન, દર્શન, ચારિત્રની પરિણતિ વિના કેવળજ્ઞાન કે મોક્ષ પ્રાપ્ય નથી.

—પૂ. આગમોદ્ધારકશ્રી

—વીસ સ્થાનકોના વ્યાખ્યાનો (વ્યા. ૨૪)

# દીવાળી (દીપાલિકા) અને જૈનો

## વર્ષની સમાપ્તિ કે શરૂઆતને દીવાળી સાથે સંબંધ છે કે ?

વર્તમાનકાળમાં સર્વ હિન્દુવર્ગ દીવાળીના તહેવારને પ્રસિદ્ધ રીતે અને આડંબરપૂર્વક માને છે.

જો કે તેમાં કેટલાક દેશવાળાઓની ધારણા નિર્વિઘ્ન વર્ષ-સમાપ્તિ થઈ તેને અંગે થતા મહોત્સવ તરફ હોય છે, અને તેવી રીતે અન્ય પણ પારસી વિગેરે કોમો હિન્દુના અનુકરણથી હિન્દુની દીવાળીને દીવસે કંઈક મહોત્સવ ઉજવે છે, પણ વાસ્તવિક રીતે તો તેઓ પોતાના વર્ષની સમાપ્તિ થતાં દીવાળી ઉજવે છે, અને તેને અંગે પતેતીનો ઓચ્છવ કરે છે.

મુસ્લિમો અને ક્રિશ્ચિયનો પણ પોતાના જુના વર્ષની સમાપ્તિ અને નવા વર્ષની શરૂઆતમાં ઓચ્છવ કરે છે, પણ તે પારસી વગેરેમાં વર્ષસમાપ્તિ અને શરૂઆત બધે એક સરખી મનાતી હોવાથી સર્વત્ર તે કોમ એક સરખી દીવાળી ઉજવે છે. જ્યારે હિન્દુઓની જુદા જુદા દેશે, જુદી જુદી તિથિએ વર્ષની સમાપ્તિ અને શરૂઆત ગણવામાં આવે છે. કોઈક દેશમાં કાર્તિક સુદીથી વર્ષની શરૂઆત હોય છે, જ્યારે કોઈકમાં ચૈત્ર સુદી એકમથી અને કોઈકમાં શ્રાવણ સુદી એકમથી હોય છે.

## પ્રાચીન કાલના રાજા અને જૈનોને વર્ષની શરૂઆત અને સમાપ્તિ કયારે ?

પ્રાચીનકાળ અને જૈનશાસ્ત્રની રીતિ પ્રમાણે માત્ર કુદરતની રીતિને અનુસરીને અષાઢ સુદી પૂર્ણિમાને દિવસે વર્ષની સમાપ્તિ અને શ્રાવણ વદિ એકમને દિવસે વર્ષની શરૂઆત માનતા હતા અને એ પ્રમાણે વર્ષની સમાપ્તિ અને શરૂઆત માનવાનું કૌટિલ્ય રાજનીતિ પ્રવર્તાવનારાં નીતિશાસ્ત્રો વગેરે કહે છે. વર્ષાઋતુની શરૂઆત શ્રાવણ વદિ એકમે થતી હોવાથી વર્ષનો આરંભ તે

વખતે થાય તે ઘણો જ સંભવિત છે, અને અષાઢ સુદી પૂર્ણિમાએ વર્ષની સમાપ્તિ આપોઆપ ગણાઈ જાય.

ટૂંકમાં વર્ષની સમાપ્તિ કે શરૂઆતને અંગે કરાતી દીવાળી અનિયમિત અને ઘણીજ પાછળથી પ્રવર્તેલી ગણાય, કેમકે વર્તમાનમાં ચાલતી સંવત્સરોની સંખ્યા ૧૯૯૨ કરતાં કોઈની અધિકતાવાળી નથી, પણ દીવાળીનું પર્વ તેનાથી ઘણુંજ જુનું છે. અર્થાત્ એમ કહીએ તો ચાલે કે દીવાળી પર્વની પ્રવૃત્તિ ૨૪૬૨ વર્ષ પહેલાંની છે.

## દીવાળી પર્વની શરૂઆતનો ભગવાન્ વીરના મોક્ષ સાથે સંબંધ

આ દીવાળીપર્વની પ્રવૃત્તિને માટે યુગપ્રધાન ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ રચેલા શ્રીકલ્પસૂત્રમાં **गए से भावुज्जोए दव्वुज्जोयं करिस्सामो** એ વાકયથી આજથી સાડીચોવીસો વર્ષો પૂર્વે જાહેર કરે છે.

એટલે કે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા ચરમ તીર્થંકર હતા અને તેઓનું નિર્વાણ થવાથી ભગવાન્ મહાવીરે કરેલો કેવળ જ્ઞાનદ્વારા જગતનો ઉદ્યોત બંધ થયો અને તેથી કાશી અને કૌશલદેશના અઢાર ગણરાજાઓએ એકમતથી દ્રવ્ય ઉદ્યોત એટલે દીવાઓ કરવાની પ્રવૃત્તિ તે અમાવાસ્યાએ શરૂ કરી.

દીવાળીના શબ્દાર્થને વિચારતાં દીવાઓની આલિ (આવલિ) શ્રેણી જે દિવસે મુખ્યતાએ કરવામાં આવે તે દિવસના તહેવારને દીવાળી કહેવામાં આવે એ સ્વાભાવિક છે.

ધ્યાન રાખવાની જરૂર છે કે આ તહેવારને જણાવનારો દીવાળીશબ્દ જન્માષ્ટમી આદિની માફક જન્મ કે વિજયઆદિને સૂચવનારો નથી, તેમ રામનવમી આદિની માફક શ્રીરામચંદ્રજી કે કોઈ તેવા ઐતિહાસિક પુરુષની યાદીને સૂચવનારો નથી, પણ માત્ર તે દીવા કરવાની પ્રવૃત્તિનેજ સૂચવનારો છે.

## મોક્ષ માટે નિર્વાણશબ્દની શ્રેષ્ઠતા ને તેથી દીવાળી

હવે વિચારવાનું એજ રહે છે કે દીવા કરવાની પ્રવૃત્તિમાત્રને સૂચવનારો આ તહેવાર ઉપર જણાવ્યા પ્રમાણે નિર્વાણને અંગે પ્રવર્તેલો છે કે નહિ ?

જૈન વગેરે અનેક મતોના શાસ્ત્રોથી મોક્ષ પામનારા પુરુષને નિર્વાણ પામ્યો એમ સ્પષ્ટપણે કહેવામાં આવે છે, તેમાં પણ જૈનોએ તો સમ્યગ્દર્શનાદિ માર્ગનેજ **णिव्वाणमग्गं** એમ કહી નિર્વાણનો માર્ગ જણાવ્યો છે અને દરેક તીર્થંકરના મોક્ષ વખતે **परिणिव्वुडे** એમ કહી સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને સર્વ દુઃખને અંત કરવાની દશા કરતાં છેલ્લામાં છેલ્લી દશા નિર્વાણની જણાવેલી અને નિર્વાણ શબ્દ જેવી રીતે પરમ પદની પ્રાપ્તિ વખતે થતી નિર્વાણદશાને લાગુ પડે છે, તેવી રીતે તેજ નિર્વાણશબ્દ અગ્નિના એટલે દીવાના ઓલાવવાને પણ લાગુ પડે છે.

સ્વાભાવિક રીતે જગતમાં એક દીપકના ઓલાવાથી બીજો દીપક કરવો પડે તે સ્વાભાવિક છે, તેમજ મહાન્ દીપકના ઓલાવાથી ઘણા દીપકો કરવાની ફરજ પડે કે કરવા પડે તેમાં કંઈ નવું સમજાવવાનું નથી. અર્થાત્ કેવળજ્ઞાનરૂપી ભાવઉદ્યોતવાળા ભગવાન્ મહાવીર મહારાજારૂપી જબરદસ્ત ભાવદીપકના નિર્વાણને અંગે સર્વત્ર દ્રવ્યદીપથી ઉદ્યોત કરવાની પ્રવૃત્તિ થાય તે ઘણીજ સુસંગત ગણાય અને એ પ્રમાણે શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણને અંગેજ દીપાલિકા પર્વની પ્રવૃત્તિ કાશી અને કૌશલ દેશ કે જ્યાં શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજના કેવળજ્ઞાનરૂપી દીપકનો લાભ અસ્ખલિતપણે મળી રહ્યો હતો અને જે સ્થાન તે વખતને અંગે જૈનધર્મના કેન્દ્ર તરીકે હતું ત્યાં આ દ્રવ્ય દીવાઓની પ્રવૃત્તિ શરૂ થઈ.

## અન્ય તીર્થંકરોના મોક્ષ વખત પણ દેવોની દીવાળી

જોકે મનુષ્યોએ કરેલી દીવાળીની પ્રવૃત્તિ ભગવાન્ મહાવીર

મહારાજના નિર્વાણને અંગે આસો વદી અમાવાસ્યા અને સ્વાતિ નક્ષત્રને અંગે છે. બાકી દેવતાઓએ કરેલી દીવાળીની પ્રવૃત્તિ તો દરેક તીર્થંકરના નિર્વાણને અંગે હોય છે.

જેમ ભગવાન્ પાર્શ્વનાથજીના નિર્વાણને અંગે પણ સ્પષ્ટપણે **શ્રીવીરવિજયજી** જણાવે છે કે: **'દીવાળી કરતા દેવ'** (પાર્શ્વનાથજી ભગવાનની પંચકલ્યાણકની પૂજા) દરેક તીર્થંકરનો નિર્વાણ-મહોત્સવ કરવા સર્વ ઇન્દ્રો દેવતાઓ સાથે આવે છે, એ વાત તો સૂત્રસિદ્ધજ છે, અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના નિર્વાણ સમયે લોકના સ્વભાવેજ સર્વ લોકમાં અંધારું થાય છે, એ પણ સૂત્રસિદ્ધજ છે,

ભગવાન્ શ્રી મહાવીરની નિર્વાણની દીવાળી અને કાર્તિક પુનમે દેવદીવાળી પણ રૂઢ છે. સંભવ છે કે અહીં દીવાળીનો ઉત્સવ ચાલ્યો હોય ને તે પંદર દિવસ લંબાતાં અન્ત્યનો દિવસ દેવતાના મહોત્સવવાળો હોય અને તેવે વખતે લોકો દીવાની આવલિ એટલે શ્રેણીને પ્રગટાવે તેમાં કાંઈ નવાઈ જેવું નથી, પણ તે છતાં વિશેષ વિચિત્રતા તો એ છે કે ભગવાન્ **મહાવીર મહારાજનું** નિર્વાણ અમાવાસ્યા જેવા સામાન્ય રીતે સર્વત્ર અંધકાર છવાવી નાખવામાં ઉત્કૃષ્ટા એવા દિવસે થયેલું છે અને તેમાં પણ અમાવાસ્યાની રાત્રિએ થયેલું હોવાથી લોકોને દીવાની શ્રેણી કરવાનું વધારે મન થાય તે સ્વાભાવિકજ છે.

## ભગવાન્ મહાવીરની નિર્વાણ અવસ્થાની વિશિષ્ટતા

વળી એ પણ ધ્યાન ખેંચનારી બીના છે કે કોઈપણ તીર્થંકરે અંત સમયમાં નહિ કરેલી એવી સોળ પહોર સુધી લાગલાગટ ધર્મદેશના **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે** નિર્વાણ વખતે આપેલી છે, અને તે દેશનામાં પણ પંચાવન અધ્યયનો પાપફળને જણાવનારા, પંચાવન અધ્યયનો પુણ્યફળને જણાવનારા, છત્રીસ વગર પૂછેલા છતાં ઉત્તરરૂપ અધ્યયનો એકંદરે ૧૪૬ અધ્યયનોનું નિરૂપણ

કરી, આ ચોવીસમાં પ્રથમ સિદ્ધ તરીકે પંકાએલી માતા મરૂદેવાના અધિકારવાળા ૧૪૭મા અધ્યયનનું નિરૂપણ કરતાં નિર્વાણ પદને પામ્યા, તેથી એવી અપૂર્વ વસ્તુઓ લાગલાગટની સાંભળવાની મળે તેવા અપૂર્વ અવસરનો લાભ લેવા નવ મલ્લકી જાતિના અને મ્લેચ્છકી જાતિના અઢારે પણ ગણરાજાઓ હાજર થએલા છે.

**અઢાર ગણરાજાઓજ ત્યાં કેમ? કોણિક કેમ નહીં? મધ્યમાપાપા નામ કેમ?**

આ જગો પર એક વાત ધ્યાનમાં રાખવાની છે કે **શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજનું નિર્વાણ મધ્યમ અપાપાનગરીમાં** થએલું છે.

અપાપાનગરીને મધ્યમા વિશેષણ **કલ્પસૂત્રકાર** ભગવાન્ **ભદ્રબાહુસ્વામીજીને એટલાજ માટે લગાડવું પડ્યું કે ભંગીદેશની રાજધાનીનું** નામ **અપાપા** છે, અને તે ભંગી દેશની અપાપાને કોઈ મહાવીર મહારાજની નિર્વાણ ભૂમિ ન સમજી લે પણ આ **અપાપાનગરી ત્રણ પાવાનગરીમાંના મધ્યભાગમાં** [મધ્યમા નગરી પાસે] આવેલી મધ્યમ અપાપા સમજવી.

જો કે અપાપાની સાથે **રાજગૃહી** નગરીનો ઘણો જ નિકટ સંબંધ છે, પણ ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીના વખતમાં રાજગૃહીનું વર્ચસ્વ ઘણું જ લુપ્તપ્રાય થઈ ગએલું હોવું જોઈએ.

**ચંપાનગરીમાં મગધની રાજધાની કેમ?**

કેમકે ભગવાન્ **મહાવીર મહારાજના** નિર્વાણની લગભગમાં જ રાજગૃહીનું પરાવર્તન થઇ સર્વવર્ચસ્વ **ચંપાપુરીમાં** કોણિક લઇ ગએલા હતા. અને તેથી જ કોણિકના સામૈયાને અંગે **શ્રી ઉવવાઇઉપાંગમાં ચંપાનગરીનું** અદ્વિતીય વર્ણન કરવામાં આવેલું છે.

**શ્રીશ્રેણિકના મૃત્યુનો કાલ**

સાથે એ પણ સમજવું જરૂરી છે કે **મહારાજા શ્રેણિકનું**

મૃત્યુ ભગવાન્ **મહાવીર** મહારાજના નિર્વાણ કરતા સોળ વર્ષ કરતાં પણ ઘણી પહેલી મુદતે થયું છે, કારણ કે સોળ વર્ષે દીક્ષા લેનાર ભગવાન્ **જંબૂસ્વામીજી** બ્રહ્મદેવલોકથી ચ્યવીને ગર્ભમાં પણ આવ્યા ન હતા તે વખતે અને ચ્યવવાની નજીકમાં **રાજગૃહી નગરીમાં** સમોવસરેલા ભગવાન્ **મહાવીર** મહારાજને વંદન કરવાને તે **જંબૂસ્વામિજીને** જીવ વિદ્યુન્માલી દેવતારૂપે આવેલો હતો અને તે વખત મહારાજા **શ્રેણિક** રાજ્યારૂઢ હતા, અને તે **જંબૂસ્વામિજી** થોડી જ મુદતમાં ચ્યવવાના છે અને ચરમ કેવળી થશે એ વાત શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજે શ્રીમુખે મહારાજા શ્રેણિકને જણાવી હતી, અને આજ વિદ્યુન્માલી ઘણા જ ટુંકા કાલમાં ચ્યવીને **જંબૂસ્વામીજી** થયા અને તેમને સોળ વર્ષની ઉંમરે **સુધર્માસ્વામીજીએ** દીક્ષા આપી, અને તે **જંબૂસ્વામીજી** અને **સુધર્માસ્વામીજીના** સ્પષ્ટ પ્રશ્નોત્તરરૂપે ચાલતા **જ્ઞાતાસૂત્ર** વિગેરે શાસ્ત્રો **ચંપાનગરીના** નામથી અંકિત થયાં.

**ભગવાન્ મહાવીરની હયાતિમાંજ કોણિકની રાજસત્તા.**

ભગવાન્ **મહાવીર** મહારાજના નિર્વાણ પહેલાં સોળ વર્ષે **ગોશાલાનો** ઉપદ્રવ થયો અને તે ઉપદ્રવ વખતમાં **કોણિક** રાજગાદી ઉપર આવી જ ગયેલો હતો, કેમકે તે ગોશાલો જે મહાશિલાકંટક સંગ્રામને ચરમ પદાર્થોની ગણતરીમાં ગણાવે છે. તે મહાશિલાકંટક સંગ્રામ લડનાર **કોણિક** જ હતો, એટલે સ્પષ્ટપણે માલમ પડે છે કે ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણ પહેલાં લગભગ સત્તરમાં વર્ષમાં શ્રેણિકનું મૃત્યુ, કોણિકનો રાજ્યારોહ, ગોશાલાનો ઉપદ્રવ, મહાશિલા કંટકનું બનવું અને જંબૂસ્વામીજીનું દેવલોકથી ચ્યવવું એ બધું બનેલું છે, અને તેથી તેની નજદીકના કાળમાં **ચંપામાં કોણિકનું** રાજવર્ચસ્વ થયું હોય તો અસંભવિત નથી, અને તેથી **અપાપાની** પાસેની **મધ્યમાનગરી** વધારે જાહોજલાલીવાળી હોય, અને તેથી તેને અંગે **અપાપા** નગરીની વિશેષતા કરતાં રાજગૃહીની વિશેષતા ન કરી હોય પણ મધ્યમાની કરી હોય.

**અંગની રાજધાનીપણું ચંપાનું કયારે ગયું ?**

જો કે શ્રમણ ભગવાન્ **મહાવીર** મહારાજના નિર્વાણ પહેલાં એકત્રીસ વર્ષે **ચંપાનગરીનું** સામ્રાજ્ય મહારાજા **શતાનિક** કે જેઓ **વત્સદેશ** અને **કૌશંબીના** માલિક હતા, તેઓએ નદીના લશ્કર દ્વારા **ચંપાનું** રાજ્ય કબજે કર્યું હતું, પણ તેજ **શતાનિક** ઉપર ચૌદ મુકુટબદ્ધરાજાની સાથે માલવાધિપતિ **ચંડપ્રદ્યોતને** હલ્લો કર્યો અને **કૌશંબીના** રાજ્યને અસ્તવ્યસ્ત કરી નાખ્યું, તે વખતે **કોણિકે** પાર્ષ્ણિગ્રાહ કરીને **ચંપાનગરીનું** રાજ્ય પડાવી લીધું હોય તો તેમાં કાંઈ નવાઈ જેવું લાગતું નથી, અને તેથી પડાવી લીધેલી **ચંપામાંજ** કોણિકે રાજધાની કરી હોય તો તે ઘણું સંભવિત છે, અને તેથી **રાજગૃહીનું** તે વખતે વર્ચસ્વ ઓછું થયું હોય તો ના કહી શકાય નહિ.

**કલ્પસૂત્રના પ્રણયનકાલે પાટલીપુત્રનું વર્ચસ્વ**

જો કે **કલ્પસૂત્રના** રચનાકાલે તો જેમ રાજગૃહીમાં વર્ચસ્વ નહોતું, તેમ **ચંપાનગરીમાં** પણ વર્ચસ્વ રહ્યું નહોતું, કેમકે મહારાજા **શ્રેણિકના** કાળધર્મથી ઉદ્વેગ પામેલા કોણિકે જેમ રાજગૃહી છોડી, તેવીજ રીતે કોણિકના મરણથી ઉદ્વેગ પામેલા તેના પુત્ર ઉદાયીએ **ચંપાની** રાજધાની છોડી દઈને, પાટલિપુત્ર નામનું નવું શહેર વસાવીને ત્યાં રાજધાની કરી, અને તે પાટલિપુત્રની રાજધાની થયાને એકસો વર્ષ લગભગ નિકળી ગયા પછીજ **ભદ્રબાહુસ્વામીનો** વખત આવે છે, અને તેથી તે વખતે રાજગૃહીનું વર્ચસ્વ સર્વથા નષ્ટ જેવું થઈ ગયું હોય અને મધ્યમાનું વર્ચસ્વ કોઈપણ વ્યાપારાદિક કારણને અંગે હોય અને તેથી તે મધ્યમાની નિકટતાનો સંબંધ લઈ **મધ્યમા અપાપા** કહી ઓળખાવવી પડી હોય તો તે અસંગત નથી.

**અઢાર ગણુરાજાનું વર્ચસ્વ તે વખત કેટલું ?**

જો કે અઢારે ગણુરાજાઓ જે **કાશી-કૌશલના** માલિકો,

અને ચેડા મહારાજાના સામંતો હતા તેઓનું ભગવાન્ મહાવીર મહારાજાના નિર્વાણ વખતે તેવું વર્ચસ્વ નહિ હોવા છતાં મહાવર્ચસ્વવાળા તો હતાજ, કેમકે કોણિક રાજાને ચેડા મહારાજ ઉપર દ્વેષ હતો અને તેથી તેનીજ નગરી ઉજ્જડ કરી અને તેના કુટુંબનો ક્ષય કરવાનો ભારે પ્રયત્ન કર્યો, ટુંકમાં કહીએ તો વિદેહ દેશની રાજધાની તરીકે પંકાયેલી વિશાલાનો સર્વથા નાશ કર્યો અને ચેડા મહારાજાના વંશનો નાશ કર્યો.

## કોણિકે નગરી અને વંશના નાશની હાંકેલી બડાઈ ને તેનો બદલો

જો કે કોણિકે તે વિશાલા અને ચેડા મહારાજાના વંશનો નાશ કરવામાં પોતાની બડાઈ ઇતિહાસમાં દાખલ કરી, પણ તે કોણિકે હાંકેલી મગધની બડાઈને લીધેજ કલિંગમાં ગયેલા ચેટક મહારાજના સંતાનોએ તે વેર વાળ્યું અને ઇતિહાસમાં જાહેર કરેલા કોણિકના શબ્દોને ધોઈ નાખવા આખા મગધ ઉપર આક્રમણ કર્યું, અને તેથી ખારવેલ કે જે હાથીગુફાના લેખોને લખનાર છે, તેને પોતાના લેખમાં પોતાના લશ્કરના હાથીઓને જીતની સાથે ગંગામાં પાણી પાયાની અર્થાત્ આખા મગધને હરાવી દીધાની તવારીખ શિલાલેખમાં કોતરાવે છે.

અને કોણિકે ચેડા મહારાજાના વંશના નિકદંનને માટે ઇતિહાસમાં વાપરેલા શબ્દોને ધોવા માટેજ તે ખારવેલ મહારાજા પોતાના વિશેષણમાં **चेतकवंशवर्ध्धणेन** એમ કહી કોણિકે લખેલા ચેટકવંશના નિકંદનનો જવાબ ચેટકવંશને વધારનારા અને મગધને જીતનારા એવા વિશેષણો લગાડી આપે છે. આવી રીતે વિશાલા અને મહારાજા ચેડાનો ધ્વંસ થયા છતાં પણ કાશીકૌશલના નવ મલ્લકી અને નવ લિચ્છવી એવા અઢાર ગણુરાજાઓ કે જેઓ ચેડા મહારાજાનું અમોઘ બાણ ખાલી જતાં વિશાલાથી ચાલ્યા ગયેલા હોવા જોઈએ, તેમના રાજ્યને કે વંશને કોણિકની આજ્ઞા માનવા

સિવાય બીજું કાંઈ નુકસાન સહન કરવું પડેલું જણાતું નથી, અને તેથી ભગવાનના નિર્વાણ વખતે અઢારે તે ગણરાજાઓ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજાની અંતિમ સોળ પહોરની એકસો સુડતાળીસ અધ્યયનની દેશના સાંભળવા આવ્યા હોય, તેમાં કાંઈ-પણ આશ્ચર્ય નથી.

## નિર્વાણ વખતે કોણિકની હાજરી નહિ છતાં તેનું જૈનાગ્રહીપણું

જો કે તે વખતે મહારાજા તરીકેની ગણતરી તે સ્થળમાં કોણિકની હતી, છતાં તે કોણિક રાજ્ય-લોભમાં આગળને આગળ વધતો ગયેલો હોવાથી તેટલે દૂર અને તેટલી ફુરસદ લઈને રહી શકે તે અસંભવિત છે અને તેથીજ તે વખતે કોણિકની હાજરી ન હોય તે સ્વાભાવિક છે, જો કે કોણિક ભગવાન્ **મહાવીર મહા-રાજના** જીવન પર્યંત ભક્ત રહ્યો છે એટલુંજ નહિ પણ ભગવાન્ **સુધર્માસ્વામીજી** કે જેઓ ભગવાન્ **મહાવીર મહારાજના** પાંચમા છતાં પણ મુખ્ય ગણધર છે, તેમની સેવા ચંપા નગરીમાં પણ તે કોણિક કરતો હતો, એ હકીકત શાસ્ત્રમાં સાફ સાફ શબ્દથી જણા-વાયેલી છે. ભગવાન્ **મહાવીર મહારાજના** નિર્વાણને અંગે દીવાળીનો તહેવાર અઢાર ગણરાજાઓએ કેમ પ્રગટ કર્યો એ ઉપરની હકી-કતથી સવિસ્તર સમજાયું હશે, હવે તે દીવાલીનો તહેવાર અઢાર ગણરાજાની મહત્તાને લીધે અને કોણિકની સહાનુભૂતિને લીધે જગતવ્યાપક બને તેમાં કાંઈ આશ્ચર્યજ નથી, અને તેથી વર્તમાન દીવાલી તહેવારની મૂળ ઉત્પત્તિ જૈનધર્મની માન્યતાવાળી પ્રજાને અંગેજ થયેલી છે, પણ સંવત્સરઆદિની સમાપ્તિ કે શરૂઆતને અંગે થયેલી નથી એમ ચોકખી રીતે સમજી શકાશે.

## દીવાળીના પર્વે વિરતિવાળાનું કર્તવ્ય

એ દીવાળીના તહેવારમાં વિરતિરહિત શ્રાવકોથી દીવાદિ કરીને ભગવાનના નિર્વાણનો મહિમા જણાવાય, પણ ખરી રીતે

વિરતી કરી શકે તેવા મહાપુરુષોએ તો સોળે પહોરના ચારે પ્રકારના પૌષધ કરીનેજ આ પર્વ આરાધવાની જરૂર છે. જિનેશ્વર મહારાજના શાસનમાં ધર્મની આરાધનાનો મુખ્ય પાયોજ ત્યાગ ઉપર છે, અને તેથી ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણકલ્યાણકની આરાધના ત્યાગદ્વારાએ એટલે ચતુર્વિધ પૌષધયુક્ત છઠ્ઠ કરવાદ્વારા એજ કરવી વ્યાજબી છે, જોકે અન્ય તીર્થંકરોના એકલા નિર્વાણ-કલ્યાણકને અંગે એકલું તે નિર્વાણકલ્યાણક હોવાને લીધે માત્ર એકાસણું કરવાનું હોય છે, પણ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજા વર્તમાન શાસનના સ્થાપક અને માલિક હોવાને લીધે, તેમના નિર્વાણની આરાધનામાં ચતુર્વિધ પૌષધયુક્ત છઠ્ઠ તપસ્યાની જરૂર છે.

## લોક કરે તે પ્રમાણે દીવાળી કરવાનું કારણ

જો કે ભગવાન્ મહાવીર મહારાજાનું નિર્વાણ કાર્તિક વદી અમાવાસ્યા એટલે ગુજરાતની અપેક્ષાએ આસો વદી અમાવાસ્યાએ થયેલું છે અને તેથી કલ્યાણકોના દિવસોની તિથિઓની માફક તે અમાવસ્યાની તિથિજ શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના નિર્વાણ કલ્યાણકની તિથિ તરીકે આરાધવી ઉચિત ગણાય છતાં ઉપર જણાવેલા વૃત્તાંત પ્રમાણે રાજાના સમૂહે તે દીપક કરવારૂપ દીવાળીનું પર્વ જગતવ્યાયક કરી દીધેલું હોવાથી તેને અંગે દીવાળીનું પર્વ અમાવાસ્યાની તિથિ ઉપર નિર્ભર નહિ રાખતાં લોક સમૂહ જે દિવસે દીવાળી કરે તે દિવસેજ શાસ્ત્રકારોએ જૈનોને દિવાળી કરવાનું ફરમાન 'कार्य लोकानुगैः' એમ કહી કર્યું.

આ વાત ધ્યાનમાં નહિ રાખનાં જેઓ અમાવાસ્યા કે સ્વાતિ-નક્ષત્રને જ પકડે અને તેને અંગે જ દિવાળી કરવાનું કહે કે મનાવે તે શાસ્ત્રકારોના ફરમાન મુજબ વર્તવાવાળા નથી. એમ સ્પષ્ટ થાય

છે. શાસ્ત્રને અનુસરનારાઓએ તો દિવાળીનો મહિમા જાળવવા માટે દાખવેલી જે ઉંચી દષ્ટિ છે તેને ધ્યાનમાં રાખી લોકરૂઢિએ જે દીવાળી થાય તેજ પ્રમાણે દીવાળી ગણી સોળ પહોરના પોષધ યુક્ત છઠ્ઠની તપસ્યા કરી દીવાળી પર્વની આરાધના કરવી જોઈએ.

## પૂ. આગમોદ્ધારકશ્રીનાં ટંકશાળી વાકયો

* મરણનો ડર સહુને પણ જન્મનો ડર સમ્યગ્દષ્ટિને.
* લેવામાં રાજી સહુ, પણ દેવામાં રાજી સમ્યગ્દષ્ટિ !
* પોતાના ગુણ અને બીજાના દૂષણો સહુ જુએ પણ પોતાના દોષ અને બીજાના ગુણ જુએ તે સમ્યગ્દષ્ટિ.
* તારક જિનશાસનની ક્રિયાઓના આદરમાં સતત મન પરોવી રાખે તે સમ્યગ્દષ્ટિ.



# આગમજ્યોત

વીર નિ. સં. ૨૫૦૧ | વિ. સં. ૨૦૩૧ | વર્ષ ૯

આગમો સં. ૨૫ | પુસ્તક ૪ | કાર્તિક

## लोगुत्तरे मुक्खमग्गे

### લોકોત્તર મોક્ષમાર્ગની મહત્તા

જગત્‌માં દરેક મતવાળાઓ પોતાના મતના પ્રવર્ત્તાવનારને દેવ તરીકે, પોતાના મતના સંચાલકને ગુરૂ તરીકે અને ધ્યેયની પ્રાપ્તિના સાધનને ધર્મ તરીકે ગણે છે, તેથી જગત્‌માં કોઈપણ મત દેવ, ગુરૂ અને ધર્મની માન્યતા વગરનો વ્યવહારપથમાં આવતો નથી.

જોકે ધર્મપંથોમાં લૌકિક અને લોકોત્તર એવા બે પ્રકાર પડે છે, પરંતુ સામાન્ય રીતે દેવ, ગુરૂ અને ધર્મને માનવાના વિષયમાં લૌકિક કે લોકોત્તર એકેમાં મતભેદ નથી. અર્થાત્ લૌકિક માર્ગવાળા કે લોકોત્તર માર્ગવાળા હોય તો પણ દેવ, ગુરૂ અને ધર્મની માન્યતા તો ધરાવેજ છે.

પરંતુ જેમ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને આકિં-ચન્યરૂપ સાધારણ ગુણો ધર્મમાં પરાયણ સર્વ લોકોને માન્ય

છતાં તે અહિંસાદિકમાં લૌકિક અને લોકોત્તર દૃષ્ટિએ આકાશ અને પૃથ્વી જેટલું આંતરૂં છે.

કારણ કે લૌકિક માર્ગવાળા ત્રસજીવ સિવાયના વનસ્પતિ આદિ જીવોને માનતા નથી, તો પછી તે અનંતાનંત જીવોની હિંસા છોડવાનો ઉપદેશ, તેની રીતિ, તેનું ફલ, તેનાં દૃષ્ટાંતો, તેની શુદ્ધિઓ વગેરે લૌકિકમાર્ગમાં સ્વપ્ને પણ હોયજ શાનાં ?

વળી સત્યની બાબતમાં જેઓ પરમાર્થમાર્ગને અનુસરતી અને પોષક એવી ભાષાને સત્ય ગણી તેનાથી ઇતરને અસત્ય, મિશ્ર અને અનુભય માની શકતા ન હોય તેઓ સત્યજ બોલવું કે સત્ય બોલવુંજ, એ બેમાંથી એક પણ માર્ગ નીતિપ્રમાણે ગ્રહણ થઈ શકે તેમ નથી, એટલુંજ નહિ, પરંતુ જેઓ કન્યા, વિવાહ, સ્ત્રી, યુદ્ધ વિગેરે કાર્યોમાં બોલાતા જુઠને બચાવી લેવા માગે છે, અને તે મોટા જુઠ છતાં પણ નિષ્પાપ છે, એમ જણાવવા તૈયાર થાય છે, તેઓ સત્યની સાચી કસોટી ઉપર ટકી શકે નહિ, તે સ્વાભાવિક છે.

વળી જેઓ બ્રાહ્મણ કોઈનું પણ લઈને ખાઈ જાય, કોઇનું વસ્ત્રાદિક લઈને પહેરી લે, કોઈકની ચીજ લઇને કોઈકને આપી દે, તો તેમાં બ્રાહ્મણને કોઈપણ પ્રકારે અદત્તાદાન લાગતું નથી. એવું માનવાવાળા લૌકિકમાર્ગગામીઓ અવગ્રહ સિવાય ઊભું પણ રહેવાય નહિ. દાંત ખોતરવા માટેની સળી પણ માગ્યા સિવાય લેવાય નહિ, એવી એવી અસ્તેયની કસોટી ઉપર ટકી શકે નહિ તે પણ સ્વાભાવિકજ છે.

વળી જેઓ નવ વાડને સમજે નહિ અને નિયોગના નીચામાર્ગ ઉપર ચાલવાનું પસંદ કરે, તેઓ બ્રહ્મચર્યના વિકટમાર્ગમાં તો ક્યાંથી ટકી શકે ?

અકિંચનતાની અપેક્ષાએ જેઓ પરિગ્રહના ત્યાગના વ્રતની પ્રતિજ્ઞાને સમજ્યા નથી તે લૌકિકમાર્ગગામીઓ લોકોત્તરમાર્ગથી ભિન્ન પડી જાય, તેમાં આશ્ચર્ય શું ?

અર્થાત્ જેમ ઉપર જણાવેલ પાંચ યમોને અંગે સામાન્ય રીતે અહિંસાદિકને નામે સરખાપણું છે, છતાં તત્ત્વદૃષ્ટિએ લૌકિક અને લોકોત્તરયમોની વચ્ચે આકાશ અને પાતાળ જેટલું આંતરૂં છે, તેવીજ રીતે લૌકિકદૃષ્ટિએ દેવ, ગુરૂ અને ધર્મને નામે દેવ, ગુરૂ અને ધર્મની માન્યતા જે પ્રચલિત છે, તે લોકોત્તર માર્ગમાં ચાલતી દેવ; ગુરૂ અને ધર્મની માન્યતાની સાથે નામમાત્રથી તો સરખાપણું ધરાવનારી છે, છતાં તત્ત્વદૃષ્ટિએ વિચારીએ તો તે લૌકિક અને લોકોત્તરદૃષ્ટિની દેવ, ગુરૂ અને ધર્મ સંબંધીની માન્યતામાં આકાશ અને પાતાલ જેટલું આંતરૂં છે.

કારણ કે લૌકિકદૃષ્ટિએ દેવની જે માન્યતા ધરાવવામાં આવે છે, તેમાં પહાડ, પાણી, પર્વત, વનસ્પતિ, જીવન-સમૃદ્ધિ, સ્ત્રી-પુત્ર-ધન-ધાન્ય-કુટુંબ, કબીલા આદિ ભૌતિકપદાર્થો આપવાના નામે ઉપકાર ગણી તેનેજ મુખ્યપદ આપવામાં આવે છે. અર્થાત્ નથી તો દેવને બાહ્ય-આભ્યંતર ભૌતિક પદાર્થોના ત્યાગને અંગે માનવામાં આવતા, નથી તો ત્યાગમાર્ગની શરૂઆત કરનારા માનવામાં આવતાં અને નથી તો ત્યાગમાર્ગના ઉપદેશક તરીકે ઉપકારી માનવામાં આવતા, એવી રીતે ગુરૂ અને ધર્મને અંગે પણ લૌકિક માર્ગવાળાઓને ત્યાગની મુખ્યતા હોતી નથી, પરંતુ તેઓને પ્રેમ ભક્તિ વાત્સલ્ય તત્પરાયણતા વગેરેનીજ મુખ્યતા હોય છે.

જ્યારે લોકોત્તરમાર્ગમાં ત્રિલોકનાથ તીર્થંકરભગવાન્ જો કે જન્મથી રાજઋદ્ધિવાળા હોય છે, યાવત્ ચક્રવર્તી પણ બને છે અને નરેન્દ્ર-દેવેન્દ્રોથી સતત પૂજ્યતાને ધારણ કરનારા હોય છે, છતાં તે દ્વારા ત્રિલોકનાથતીર્થંકરભગવાનની પૂજ્યતા ઘટાવવામાં આવી નથી, પરંતુ સંયમમાર્ગ કે જે મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે અને જેને માટે શાસ્ત્રકારો चरणाहिंतो मुक्खो એમ કહી મોક્ષની પ્રાપ્તિને અંગે ચારિત્રનીજ પ્રધાનતા જણાવે છે.

વળી ચારિત્ર સિવાયના સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બંને નિશ્ચયનયની દષ્ટિએ તો જો કે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન-સ્વરૂપ નથી, પરંતુ માત્ર વ્યવહારદષ્ટિએજ તે ચારિત્ર વગરના સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન રૂપે ગણાય છે. તેને પણ ચારિત્રના સહચારીપણા સિવાય તો મોક્ષના સાધન તરીકે ન ગણો એમ શ્રીતત્ત્વાર્થભાષ્યકાર ચોખ્ખા શબ્દોમાં જણાવે છે.

એટલે મોક્ષનો મુખ્ય રસ્તો સંયમ એટલે ચારિત્રજ અને શાસ્ત્રકારો ચારિત્રનેજ ધર્મરૂપે ગણી 'णमोत्थुणं' (શક્રસ્તવ)ની અંદર 'धम्मदयाणं' વગેરેમાં ધર્મ શબ્દથી ચારિત્રધર્મ લે છે, એટલું જ નહિ પરંતુ દેવતા અને નારકીની ગતિમાં ક્ષાયિક જેવું સમ્યક્ત્વ, અવધિજ્ઞાન જેવું જ્ઞાન છતાં, પણ તે આખી ગતિને ધર્મ રહિત સ્થિતિમાં જ ગણી છે.

એવા મોક્ષના પ્રબલ કારણરૂપ સંયમને આદિમાં આચરનાર અને જગતના જીવોને તે મોક્ષની પ્રાપ્તિ માટે તે સંયમને દેખાડનાર અર્થાત્ મોક્ષનો માર્ગ જે સંયમ તેને અંગે કથની અને કરણીમાં એકરૂપે તો શું ? પરંતુ ઉચ્ચતમરૂપે વર્તનાર જો કોઈ આદ્યપુરુષ હોય તો તે માત્ર ત્રિલોકનાથતીર્થંકર ભગવાનોજ છે.

તે ત્રિલોકનાથે દર્શાવેલા સંયમમાર્ગમાં સતત પ્રવૃત્તિશીલ જેઓ હોય અને બીજા દેશવિરતિ અને અવિરતિ જીવોને સંયમ માર્ગમાં જ લાવવાને કટિબદ્ધ થયા હોય, તેવાઓજ લોકોત્તર માર્ગમાં ગુરૂ તરીકે મનાય છે.

વળી તે મોક્ષનો મુખ્યમાર્ગ જે સંયમ જેને અનગારધર્મ કહેવામાં આવે છે, અને તે અનગારધર્મની પ્રાપ્તિને માટે પ્રાથમિકશાલારૂપ તાલીમરૂપ કે કવાયતરૂપ એવો જે દ્વાદશવ્રતરૂપી અગારધર્મ તેનેજ ધર્મ માનવામાં આવે છે.

આ બધી હકીકત વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે લોકોત્તરમાર્ગમાં દેવ, ગુરૂ કે ધર્મ કોઈની પણ માન્યતા કરનારો સાચો હોય તો તે ત્યાગધર્મ તરફ દૃષ્ટિ રાખ્યા સિવાય રહી શકેજ નહિ.

ભોગ-પ્રેમ-સુખ-વાત્સલ્ય વગેરે વસ્તુઓ લૌકિકધર્મને અંગે ભલે મુખ્યભાગ ભજવનારી હોય, પરંતુ લોકોત્તરમાર્ગમાં તો પહેલા પગથીયાથી છેલ્લા પગથીયા સુધી ત્યાગ, ત્યાગ અને ત્યાગજ ઉચ્ચ-ધ્યેય તરીકે હોય છે.

સુપાત્રદાન-સાધર્મિકભક્તિ અને દેવપૂજા વગેરે કાર્યોનું મૂલ-ધ્યેય તો સંયમની પ્રાપ્તિ અને ત્યાગના માર્ગમાં આવવું તેજ છે, માટે લોકોત્તરમાર્ગના પહેલા પગથીયે આવનારે ત્યાગનું લક્ષ્ય રાખવું પડે છે, જ્યારે લૌકિકમાર્ગના ઉંચામાં ઉંચે પગથીયે રહેનાર અને પામનારને પણ ત્યાગની દુષ્કરતા લાગે છે.

આ દૃષ્ટિએ લૌકિકમાર્ગ અને લોકોત્તરમાર્ગનો ફરક સહેજે સમજી આત્મકલ્યાણના ઇચ્છુકોએ લોકોત્તર માર્ગમાં પ્રવૃત્તિ કરવા પ્રયત્ન કરવો એજ શ્રેયસ્કર છે.

### મ...ન...ની...ય...વા...ણી

- વીતરાગ પ્રભુની આજ્ઞાને અવગણી સ્વચ્છંદ ભાવે કરાતા ત્યાગ-તપ-સંયમ ધ્યેયની વિકૃતિથી કાય-ક્લેશરૂપ બને છે.
- પરમાત્મ દશાને પામવા માટેનું લક્ષ્ય પ્રત્યેક ધર્મીજનોનું હોવું જરૂરી છે.
- કર્મો આત્મશક્તિના વિકાસને રૂંધે છે, આટલું સ્પષ્ટ ભાન થયા પછી કર્મને તોડવાનું લક્ષ્ય ધર્મની આરાધનામાં સહજ થઈ જાય છે.

# અંતરંગ ભાવયુદ્ધ નું યથાર્થ સ્વરૂપ

સુજ્ઞજનતા સારી રીતે જાણે છે કે-જૈનશાસનમાં કોઈપણ ચીજ હણવાલાયક માની હોય તો તે બીજી કોઈ નહિ પણ માત્ર કઠોર કાલુષ્યને વધારનાર કર્મકટક જ છે, એટલે કે કઠોરતામાં કટિબદ્ધ થયેલા કુટિલ કર્મ સિવાય બીજા કોઈને પણ જૈનશાસનને જાણનારા શત્રુ તરીકે માનતા નથી.

આ કારણથી જૈનશાસનમાં સદા માટે શાશ્વત ગણાતા પંચપરમેષ્ઠી મંત્રમાં આદ્યપદ તરીકે અરિહંત એટલે શત્રુને હણનારને નમસ્કાર કરેલો છે. જો જૈનશાસનમાં બીજા કોઈને શત્રુ તરીકે માનવામાં આવ્યો હોત તો જરૂર સાથે વિશેષ્ય જોડવું પડત, પણ જૈનશાસનમાં ઉપર જણાવ્યા પ્રમાણે કર્મ સિવાય બીજો કોઈ શત્રુ માનવામાં આવ્યો નથી, તથા કોઈપણ જાતના કર્મને મોક્ષને સાધનાર તરીકે અનુકૂળ ગણવામાં આવ્યું નથી. તેથી કર્મ અને શત્રુ એ બંને પદોમાં પરસ્પર અવ્યભિચારીપણું હોવાથી પરમાણુ કહો કે અપ્રદેશ કહો એ બંનેમાંથી કોઈપણ જેમ કહી શકાય છે, તેમ અહીં પણ અવ્યભિચારીપણું હોવાથી કર્મ અગર અરિ એમાંથી કોઈપણ શબ્દ વાપરી શકાય છે,

જોકે પુણ્યકર્મની પ્રકૃતિ બાદર-ત્રસપણાદિકની જે છે, તે મોક્ષના સાધનો મેળવી આપવામાં મદદગાર થાય છે, પણ મોક્ષની પ્રાપ્તિ તો પાપના ક્ષયની માફક પુણ્યનો પણ ક્ષય થાય ત્યારેજ થાય છે.

આ હકીકતથી સ્પષ્ટ થાય છે કે णमो अरिहंताणंના નિરૂક્તિ અર્થમાં કર્મમાત્રને શત્રુ તરીકે ગણી તેને હણનારા ત્રિજગદ્ગુરૂ ભગવાન્ અરિહંતોજ હોય છે.

(બીજાઓ જોકે કર્મશત્રુને હણીને સિદ્ધિપદને પામે છે અને તેથી તેઓ પણ અરિહંત કહી શકાય છતાં તેઓ પ્રાયે પરોપદેશથી જ સાધનો મેળવીને કર્મશત્રુઓને હણે છે, જ્યારે ત્રિલોકગુરૂ ભગવાન્ અરિહંત મહારાજા બીજાના ઉપદેશ વગર સ્વયં ચારિત્રાદિકની પ્રાપ્તિ કરી કર્મશત્રુઓને હણે છે અને બીજા ભવ્ય જીવોને પણ કર્મશત્રુઓને હણવા માટે શાસનની સ્થાપના કરે છે.)

આ ઉપરથી જેઓ અરિશબ્દની શત્રુ એવી સામાન્ય વ્યાખ્યા કરી શત્રુને હણનારાને આ પદથી નમસ્કાર કર્યો છે, એવું બોલતા હોય, તેઓ જૈનશાસનને જાણુતા-માનતા નથી અને અર્થનો અનર્થ કરનારા છે, એમ સ્પષ્ટ થાય છે.

જેવી રીતે ભગવાન્ તીર્થંકર મહારાજાઓએ કર્મશત્રુઓની સામે ભયંકર યુદ્ધ કર્યું અને તેમાં સરસમાં સરસ જીત મેળવી સિદ્ધિપદ અંગીકાર કર્યું, તેવી રીતે તેજ મહાપુરુષોના સેવક એવા સાધુ મહાત્માઓ પણ કર્મશત્રુને હણવા માટે તૈયાર થાય છે.

સાધુ મહાત્માઓ સમ્યગ્દર્શનજ્ઞાન અને ચારિત્રને જ્યારે પ્રધાન અંતરંગ કુટુંબ ગણે છે, ત્યારે મોહ વિગેરે જે અનાદિકાળથી વળગેલા છે, તેને ભવ-સંસારના કુટુંબ તરીકે માનવા છતાં પણ તેનો નાશ કરવા કટિબદ્ધ થાય છે.

**તે આ પ્રમાણે—**

- મહાપુરુષો જ્ઞાન દ્વારા મહા મોહ રૂપી દાદાને મારે છે.
- સમસ્ત કુટુંબનો કારભાર ચલાવનાર એવા રાગને વૈરાગ્યરૂપી યંત્રથી ચૂરી નાખે છે.
- એ રાગના સગાભાઈ દ્વેષને મૈત્રીરૂપી બાણથી હણી નાખે છે,
- રડતા એવા ક્રોધને ક્ષમારૂપી કરવતથી વહેરી નાખે છે.
- ક્રોધનો ભાઈ એવો જે માન જે દ્વેષનો પુત્ર છે, તેને કોમળતારૂપી કરવાલે મારી નાખી હાથ પણ ધોતા નથી,

- માયારૂપી જોગણને સરળતારૂપી દંડે દળી નાખે છે,
- તત્ત્વજ્ઞાની સાધુઓ નિર્લોભતારૂપ કુહાડાથી ભયંકર એવા લોભને કટકે કટકા કરી મૂકે છે.
- રાગ બંધાવામાંજ તત્પર એવા કામને માંકડની મફક દાબીને મારી નાખે છે,
- જબરદસ્ત ધ્યાનરૂપી અગ્નિથી શોકના સંયોગને બાળી મૂકે છે.
- નિડર એવા મુનિઓ અત્યંત પ્રેમ ધરાવનાર ભયને ધીરતારૂપ બાણે કરી ભેદી નાખે છે,
- હાસ્ય, રતિ, દુગંછા અને અરતિરૂપી ફોઈઓને વિવેક-શક્તિથી પહેલે નંબરે ખસેડી નાખે છે.
- કર્મના કુટુંબી તરીકે રહેલી પાંચ ઈંદ્રિયોને સંતોષરૂપી મોગરે કરી સાધુઓ નાશ કરે છે.

**તત્ત્વથી કર્મકુટુંબના જે જે સંબંધીઓ જન્મે છે, તેઓને જન્મવાની સાથેજ કર્મને હારવામાં કઠિન કાળજાવાળા સાધુઓ મારી નાખે છે.**

સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી અંતરંગ પ્રધાન કુટુંબમાં આ સાધુઓ હંમેશા બળ વાપરતા હોય છે અને બલિષ્ઠ થયેલા તે અંતરંગ કુટુંબથી ધ્રૂજી ઉઠેલું આ કર્મકુટુંબ તે સાધુઓને તથા તેના ભક્તોને કોઈ દિવસ પણ નુકશાન કરી શકતું નથી.

**વળી તે કર્મકુટુંબને પોષનાર છે, એમ જાણી દુનિયાદારીનું માત–પિતા વગેરે કુટુંબ સાધુઓથી હંમેશાં છોડાયેલું રહે છે. જ્યાં સુધી માતપિતાદિક ત્રીજું કુટુંબ છોડાતું નથી ત્યાં સુધી પુરુષાતનવાળા પણ સાધુથી કર્મરૂપી બીજું કુટુંબ જીતી શકાતું નથી,**

માટે જે કોઈની પણ ઇચ્છા ભયંકર સંસાર–કારાગારથી છૂટી જવાની હોય તેણે આ તીર્થંકર મહારાજે આચરીને પ્રરૂપેલું અને પૂર્વ કાલીન મહાપુરુષોએ કરેલું ભયંકર ભાવ યુદ્ધ ધ્યાનમાં લેવું જોઈએ.




[પૂજ્યપાદ, પ્રાતઃસ્મરણીય, વર્તમાનકાલીન-ગીતાર્થ-સાર્વભૌમ, દેવસૂર-તપાગચ્છ સામાચારીસંરક્ષક, ધ્યાનસ્થ સ્વર્ગત પૂ૦ આગમો-દ્ધારક આચાર્યશ્રીએ વિશિષ્ટ પ્રતિભા અને ક્ષયોપશમબળે નાના-મોટા અનેક તાત્ત્વિક-સાહિત્યિક ગ્રંથોની રચના કરી છે.

તેનો રસાસ્વાદ કરાવવાની દૃષ્ટિએ થોડીક વાનગી અહીં જિજ્ઞાસુઓના હિતાર્થે રજુ કરાય છે.

પૂ. આગમો૦ શ્રીની કદથી નાની લેખાતી આ કૃતિઓમાં પણ અદ્ભુત ગંભીર આગમોના રહસ્યો ખૂબ જ ગૂઢ રીતે છુપાયેલ છે.

વિવેકી વાચકોએ યોગ્ય જ્ઞાની નિશ્રા મેળવી અંદરના યથાર્થ રહસ્યને સમજી પૂ. આગમોદ્ધારકશ્રીના પ્રકાંડ-વૈદુષ્યનો રસાસ્વાદ મેળવવા પ્રયત્ન કરવો. સં૦]

પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ
અત્યંત નાની વયમાં ભક્તિભાવથી
રચેલ પ્રાયઃ સર્વપ્રથમ કૃતિરૂપ

# गुरुवर्य-स्तवः

[પૂ. સ્વ. ઝવેરસાગરજી મ. સ્તુતિઃ]

येषां प्रतापसवितुः करसंभरेण,
नाशं परैति कुमतेर्निबिडान्धकारः ।
तेषां पदौ सुभगताकलितौ च वंदे,
नैपुण्यभाक्-जवरसागर-सद्गुरुणाम् ॥ १ ॥
जवरसागर-गौतमसागरा, भवसमुद्रतरीसदृशाश्च ये ।
भविकतामरसप्रतिबोधने, उपमया सततं रविसंनिभाः ॥ २ ॥
तरन्ति पूरुषा यथा, सुनावयोदधिं लघु ।
भवार्णवे सदैव तु तथा जवेरसागरैः ॥ ३ ॥
श्री विक्रमस्य नृपतेस्तु जवेरवार्धि—
८ ४ ९ १
योगाङ्ग-वेद-निधि-चन्द्रमिते हि वर्षे ।
मार्गस्य शुक्लवरपक्षनिवर्त्तमाने,
एकादशीसुदिवसे त्रिदिवं जगाम ॥ ४ ॥

[નોંધ :- સુજ્ઞ પુરુષોના અભિપ્રાય પ્રમાણે પૂ. આગમો. આચાર્યદેવ ભગવંતની અત્યંત નાની વયમાં પૂ. ગુરૂદેવ પ્રતિ ભક્તિ વ્યક્ત કરતી આ લઘુકૃતિ ભાવમાં કદાચ આપણુને છીછરી લાગે. પણ શબ્દરચના, પદસૌષ્ઠવ, શૈલિની પ્રાસાદિકતા આદિથી સાપેક્ષ રીતે ખૂબ જ સુંદર-રળીયામણી લાગે છે. સં.

# श्रीजैन-पुस्तक-भाण्डागार-स्तवः

जन्मजरामरणभयैरभिद्रुते, व्याधिवेदनाग्रस्ते ।
जिनवरवचनादन्यत्र नास्ति, शरणं क्वचिल्लोके ॥ १ ॥

रामो वनेऽटन् न यदाप तत्त्वं, वेधा वदन् वेदचतुष्टयीं च ।
हरोऽपि भस्मोद्धुषितः श्मशाने, श्राद्धो मुहूर्त्ते जिनवाक्यतस्तत् ॥ २ ॥
शुश्रूषन्ते त्रिदशततयो यद्विहायाऽमृतान्धोः,
दीप्रा नागा मुदितमनसः कुण्डवृन्दं सुधायाः ।
पीयूषाढ्या रजनिरमणा बिम्बकान्तिः सदैव;
यस्मिन्न्यस्तं मुनिपगदितं पुस्तकं तद् भवन्तु ॥ ३ ॥
कविवर्णतं यद्गान्मुदितं, व्यसनाम्बुनिधिं हंसगम-सगमं ।
स्तवनं ननु तत्सुधियां हृदये, जिनवाक्यमहर्निशमालयतु ॥ ४ ॥
अवाप्य यस्मात् पदमेकमाप्ताः;
शिवं व्रजन्त्येष्यति लप्सितारः ।
तत् पुस्तकालौ विधृतं मुनीन्द्रै
(जिनोक्तं)-स्तदर्थिभिस्तच्छ्रयणीयमेव ॥ ५ ॥

## श्री शिलोत्कीर्णागम-प्रशस्तिः

जस्सावयारसमये सुविणा जिणो तं,
देवाहिसेयपमुहे जणणंमि जाए ।
णाणत्तयाहि-वारिस-वरियापयाणं
दिक्खावबोहसिवपत्तिसु देवपूया ॥ १ ॥
मोहो तए णिहणिओ जिणराय ! लद्धा
सव्वे णया सुरनराहिवईण वंदा ।
पूयन्ति तं पकहियाइं मणोहराइं
तत्ताणि जीवप्पभिइणि तए सिवत्थं ॥ २ ॥
लध्धूण ते पवतइं गणहारिजीया,
लद्धा रइंसु जिणसासणठावणत्थं ।
जीवाइतत्तसुहगं तु दुवालसंगं,
ततो नमोऽत्थु जिण ! ते पयपंकयाणं ॥ ३ ॥
एक्कारस अंगाइं, बारसुवंगा पइण्णगा दस य ।
छेया छ चऊ मूला, णंदणुओगा सिलुक्किण्णा ॥ ४ ॥
सोरट्ठे सेत्तुंजे तवगणसायरमुणिंदवरजत्ता ।
सगसट्ठीऽहिय चऊवीससएसु गएसु वीराओ ॥ ५ ॥

પૂજ્ય આગમોદ્ધારક આચાર્યવર્ય શ્રી
રચિત શ્રી જૈન ગીતા ગ્રન્થમાંથી

# 卐 चारित्राधिकारः 卐

संसारे भ्रमता कृता बहुविधाः संयोगसार्थाः परं,
प्राप्ता दुःखपरम्परा प्रतिभवं जीवेन कर्मार्जिनात् ।
ज्ञानाढ्यं निजमेक्ष्य जीवमधुना सर्वां त्यजामि त्रिधा,
आत्मारामपदं भजन्तु भविनश्चारित्रमत्युज्ज्वलम् ॥ १ ॥
संयुक्तं भववारिधावसुमतां जातं न कैर्वस्तुभि-
स्तत्सर्वं स्थितमेवमेव न पदं जीवानुगं प्रेत्य हा ! ।
तन्मे शाश्वतरूपमेक्ष्य रुचिरं ज्ञानादिरूपं शुभं,
आत्मारामपदं० ॥ २ ॥

ये केचिन्निजकर्मपाशपतिता भ्राम्यन्ति लोकेऽसव-
स्ते सर्वे क्षमयन्तु मेऽमतिकृतं निःशेषमागः पथि ।
स्थित्वाऽहं क्षमयामि वैरमधुना त्रिध्यं त्रिधा यत्रगः,
आत्मारामपदं० ॥ ३ ॥
प्राग्जन्मार्जितपुण्यभारसहितं भुञ्जन् जिनाहं त्वयं,
गर्भे जन्मनि दीक्षणेऽन्त्यविदि च प्राप्तौ शिवस्याखिले ।
विश्वे सातमुदीरयन् शिवपथोद्देश्यत्र मेस्तु प्रभुः,
आत्मारामपदं० ॥ ४ ॥
येऽष्टादशदोषसन्ततिरलं प्रोद्धुष्टिताऽऽत्माश्रयात्,
प्राप्तं केवलमुज्ज्वलं सुरपतिव्रातेन पूज्याः सदा ।
माक्षान्ता कथितार्थशुद्ध विभूतिः सद्भाय ते नाथता,
आत्मारामपदं० ॥ ५ ॥
कृत्वाऽनादित आत्मनि श्रितमिह कर्मेन्धनं भस्मसा-
द्दासाद्याद्भुदबोधसौख्यबलदां शक्तिं स्वरूपात्मिकाम् ।
सिद्धास्ते जगदुत्तमाः शरणदाः मांगल्यकाराः सदा,
आत्मारामपदं० ॥ ६ ॥

सोपाध्याय-मुनीश्वरा गणिवरा मोक्षार्थमाप्तुं यताः
साहाय्यं भविवित्त (चीर्ण) धर्मविधिषु प्रत्यक्षमाबिभ्रते ।
श्रेष्ठत्वं शरणं च मङ्गलविधिं चार्हन्ति तेभ्यो नमः,
आत्मारामपद० ॥ ७ ॥

धर्मो यो जिनदेशितोऽव्ययपदं नेतुं जनान् यः क्षमो,
यश्चामीकरवत् कषेण सहितश्छित्तापयुक्तः पुनः ।
जन्तूनां हितदेशको भवतु सोऽत्तसोऽवनो मङ्गल
आत्मारामपद० ॥ ८ ॥

धन्योऽहं भववार्धियानतुलितं लब्धं मया शासनं,
जैनं स्यात्पदसंयुतां गिरमुशत् सर्वासुमत्तारकम् ।
निष्पक्षं समनीतिवादकलितं यत्रास्थया स्याच्छिवं
आत्मारामपद० ॥ ९ ॥

धन्यास्ते मुनयः समेत्य जिनपस्यैवं वरं शासनं,
प्राणान्तोपनिपातनेऽपि न जहुः श्रेणेरुपद्राविणाम् ।
मुक्ताः कर्मविनाशनात् प्रकटिताऽतुल्येन वीर्येण ये,
आत्मारामपद० ॥ १० ॥

अन्त्ये योगनिरोधमाप्य विजहुर्ये बन्धनं कर्मणः,
श्रेण्या प्रागरचितं स्वकर्म-निचयं देहुः जिनध्यानतः ।
मुक्त्वौदारिकमुख्यकायत्रितयीं सङ्घातहीनां गताः,
आत्मारामपद० ॥ ११ ॥

गच्छन्तः शिवमार्गमेत उचिताकाशप्रदेशान् विना,
नान्याकाशप्रदेशसंश्रयमगुर्यद्वाऽस्पृशन्तीं गतिम् ।
आश्रित्याऽगुरबाधशाश्वतसुखं सिद्धान् सदा तान्नमः,
आत्मारामपद० ॥ १२ ॥

येषामूर्ध्वमलोकघाततिमाऽस्थाद् पूर्वयोगाद् गतिः,
कर्मासङ्गनभेदतोऽघजनिता बन्धच्छिदो वाऽऽत्मनः ।
स्वाभाव्याच्छरमुख्यवस्तुनिवहे यद्वत् सदेभ्यो नमः,
आत्मारामपद० ॥ १३ ॥

गर्भो जन्मजराऽऽधिरोगनिचया नैषां भवेयुः पुरो,
निर्बाधं क्षतकालमानमपरावृत्तं शिवं शाश्वतम् ।
धामाप्येत जिनोदितात् स्वरमणाच्चारित्रतो मार्गगैः,
आत्मारामपद० ॥ १४ ॥

---

* सिद्धेभ्य एभ्योनमः-पा०

પૂ. આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રીએ

વિષમ રોગશય્યામાં
દેહ છોડવા પૂર્વે ગણત્રીના મહિના દરમિયાન
વિવિધ શાસ્ત્રીય ચિંતન ભરપૂર બનાવેલ
પ્રભુભક્તિ સભર

સું...દ...ર...સુ...ભા...ષિ..તો

[પૂ. આગમૈદંપર્યબોધક, બહુશ્રુત, તત્ત્વચિંતક, ધ્યાનસ્થ-સ્વર્ગત પૂ. આગમોદ્ધારક, આચાર્યદેવશ્રીએ છેલ્લી શારીરિક અસ્વસ્થતા દરમિયાન જ્યારે જરાક ઠીક લાગે ત્યારે પ્રભુપરમાત્મા, તેમના શાસન અને શ્રુતજ્ઞાન, વિષે બહુમાનથી ભરપૂર તાત્ત્વિકચિંતનાત્મક સુંદર છુટક સુભાષિતો હજારોના સંખ્યામાં રચેલા, જેમાંના ૫૦૦ લગભગ પદ્યો ખાસ "આરાધનામાર્ગ" નામથી છપાઈ ગયા છે.

તેમાંથી દર વર્ષે થોડીક વાનગી અહીં રજુ કરાય છે.

આ વખતે રજુ થયેલા પદ્યો પૂ. આગમોદ્ધારકશ્રીના ભાવપૂર્ણ હૈયાના ઝંકારરૂપ ખૂબજ સુંદર ભાવવાહી છે, ખૂબ મનન કરી ગુરૂગમથી અર્થ વિચારવો. સં.]

मदर्थं जिन! सिद्धांत-विरोधः स्वीकृतस्त्वया ।
संसारं क्षपयन् जन्म-त्रयीमस्थापयत् पराम् ॥ ४७८ ॥

ભાવાર્થ—હે પ્રભો! આપે મારા માટે સિદ્ધાંતનો વિરોધ સ્વીકાર્યો, કેમકે ધર્મની આરાધનાદ્વારા સંસારનો ક્ષય કરવાની તક છતાં અમારા જેવા પામર જનોના ઉદ્ધાર માટે ત્રણ ભવનો સંસાર આપે બાકી રાખ્યો!!!

परैः परैः स्वीकारादुपकारो महान् मतः ।
परैर्नः क्षतये त्वं न स्वमलिम्पत् कर्मणा ॥ ४७९ ॥

અન્ય મહાપુરૂષોએ બીજાઓની જવાબદારી સ્વીકારી મોટો ઉપકાર કર્યો, પણ તેમાં તેઓ પોતાની જાતને કર્મવાળી કરી, જ્યારે તમે તો બીજાની જવાબદારી સ્વીકારવારૂપે મહાન ઉપકાર કરવા છતાં પોતે કર્મથી નિર્લેપ રહ્યા !!!

परैर्मतः समुद्धारः, स्वेच्छामात्रेण तीर्थपैः ।
त्वया त्वतिमहत् कष्टं, विश्वोद्धाराय सन्ततम् ॥ ४८० ॥

અન્ય દર્શનવાળાઓએ પોતાના શાસનના આરાધકોનો ઉદ્ધાર પોતાની ઇચ્છા પર નિર્ભર રાખ્યો છે, જ્યારે તમે તો જગતના પ્રાણીમાત્રના ઉદ્ધાર માટે અત્યંત ભગીરથ પ્રયત્નપૂર્વક કષ્ટ સહન કર્યું છે.

देवाः परे स्वर्गवियोगकाले, दुःखं महत्त्वापुरसीमचिन्ताः ।
तदापि न त्वं गत आर्त्तिलेशं, महोपकाराय सतां हि वृत्तयः ॥ ४८१ ॥

હે નાથ! બીજા દેવો સ્વર્ગમાંથી ચવતી વખતે અત્યંત ચિંતાતુર બની ઘણું દુઃખ પામે છે, પણ તમે તો ચ્યવન વખતે પણ જરાપણ માનસિક ઉદ્વેગ ન ધાર્યો, ખરેખર સજ્જનોની વૃત્તિઓ મહાઉપકાર માટે હોય છે.

त्वन्माहात्म्येन माता ते—ऽनन्तपापवती नता ।
देवासुरनरैः रत्न—कुक्षिधर्त्रीति शब्दिता ॥ ४८२ ॥

હે પ્રભો! તમારા પ્રભાવથી અનંત પાપવાળી સ્રીયોનિમાં પણ તમારી માતા દેવો, અસુરો અને મનુષ્યોથી 'રત્નકુક્ષિધારિણી' જેવા શબ્દોથી બહુમાનને પાત્ર બની.

भवे जीवाः समे कर्म, भुञ्जते स्वीयमाप्तराट् ।
कर्मणा ते कथं माता—ऽद्राक्षीत् स्वप्नांश्चतुर्दश ॥ ४८४ ॥

હે આપ્તશ્રેષ્ઠ ભગવન્! જગતમાં સહુ જીવો પોતપોતાના કર્મ ભોગવે છે, છતાં હે પ્રભો! તમારી માતાએ તમારા ગર્ભમાં પધારવાના સમયે તમારા જિનનામકર્મના પ્રભાવથી ચૌદ મહાસ્વપ્નો કેવી રીતે જોયા?

जन्माहनि न कोऽप्यर्भः स्नानसौख्यमुपेयिवान् ।
सुराचले विभो! त्वं त्व—मिषिक्तः सुरसार्थपैः ॥ ४८६ ॥

હે સ્વામિન્! જન્મનાજ દિવસે કોઈ બાળક સ્નાનના સુખને પામેલ નથી! હે વિભો! દેવરાજ ઇંદ્રોથી તમે તો મેરૂ પર્વત પર અભિષેકને પામ્યા, ખરેખર અદ્ભુત વાત છે!!!

फलति कर्मयुतं जगति प्रभो!, मनुजयत्नविशेषसुसंस्कृतम् ।
तव तु यत्नमृते विधिसाधिता, जननघस्र इहाययु राः सुराः ॥ ४८७ ॥

હે પ્રભો! જગતમાં મનુષ્યના પ્રયત્ન–વિશેષથી સંસ્કારિત પામેલ કર્મ ફળે છે, પણ! તમારે તો વિના પ્રયત્ને જન્મના દિવસેજ ઉત્કૃષ્ટ ભાગ્યથી પ્રેરાયેલા દેવો અત્યંત ઉન્માદ સાથે આવ્યા.

स्वयं सुदुःखावलिपीडिताः प्रभो?
जन्मक्षणे देहिन ईक्षिता जनैः ।
स्वयं न दुःखोऽपरसर्वजन्मिनां
सुखाय जन्मावसरेऽसि किं त्वम् ॥ ४८८ ॥

હે પ્રભો! જગતમાં સર્વ જીવો જન્મ વખતે દુઃખી દેખાય છે! પણ તમે સ્વયં તો જરા પણ દુઃખ ન પામ્યા, તેમજ જન્મ વખતે જગતના સર્વ જીવોને સુખદાયી તમે થયા, એ આશ્ચર્ય છે!!!

---

પૂ. આગમોદ્ધારક આચાર્ય-દેવશ્રી
રચેલ ગુજરાતી સ્તવનોમાંથી
મંહત્ત્વના
સ્ત...વ...નો

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ—ગિરિવર દર્શન વિરલા પાવે)

એ ગિરિ દર્શન ભવિ મન ભાવે,
કર્મ કઠિન ક્ષય કરી શિવપાવે ॥
એ તીરથ સમ આવે ન દાવે;
જગમાં જોઈ લિયો શુભ ભાવે ।
પાપી અભવ્ય ન નજરે લાવે;
બહુ પુણ્યવંતા દર્શન પાવે—
એ ગિરિ૦ ॥ ૧ ॥

જગ ઉદ્ધારણ બિરૂદ ધરાવે,
ચાહના હમ ઉદ્ધારના દાવે ।
શુષ્ક નદી જલ આપે ખણતાં,
દાન દીયે ગુણ ગણ મણિ ધરતાં—
એ ગિરિ૦ ॥ ૨ ॥

ઉદ્ધરીયા ગિરિમહિમ અનંતા;
તો મુજને કિમ નહિ વરસના ।
મોક્ષ તણી છે મુજ મન ઈહા,
તેથી છું હું ભવિગુણ ગણગેહા—
એ ગિરિ૦ ॥ ૩ ॥

મોડું વહેલું પણ હેયું શિવપદ,
તો કિમ ઢીલ કરો ગુણ સંપદ ?
ગુણગણ લહી શિવપદ વરશું,
તો તમને શા માટે ધરશું ?
એ ગિરિ૦ ॥ ૪ ॥

જો તુમ ધ્યાને લહીયે ગુણ ગણ,
તો ઉપકાર તમારો એ શુભ ગુણ,
ગુણ ગણ અર્પી આપો નિજપદ,
તો થાયે આનંદ અમંદ—
એ ગિરિ૦ ॥ ૫ ॥

---

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ-કવ્વાલી)

બિના ગિરિરાજકો નિરખે; મેરા મન દુઃખ લીના હૈ ।
ઘૂમા બહુકાલ ભવવનમેં; વિકલ નારક ક્યારીમેં ।
સેવા ભાગ્યે નરો પાવે; સદાસેવે જિનાણા હૈ—બિના૦ ૧ ॥

નિવારી આદ્યગણધરકો; રખા ઈશ્વર યુગાદીશે ।
ગયે સહુ સાધુ શિવપદમેં; મુઝે પણ ત્યાં હી જાના હૈ—બિના૦ ૨ ॥

દુષમ કાલ મેં જનમ લીયા; નહિ જ્ઞાની મુનિ ભી લિયા ।
લહે ભવપાર દર્શનસેં; પરાતમ ધ્યાન ફરસનસેં—બિના૦ ૩ ॥

સિદ્ધે અનંત સેવનમેં; નહી તુજ સમ ભુવનમેં ।
રમે ધ્યાને સુખે આનંદ; ત્રિધા યોગે પિછાણા હૈ—બિના૦ ૪ ॥

---

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ-ગઝલ)

તીરથ જગ સહુ સાચો;
સમકિત શિવરૂપ જાચો ॥ આંકણી ॥
જગદીશ્વર વચને જામ્યા; પુંડરીક ગણધર શિવ પામ્યા,
મોહનૃપને દેઈ તમાચો, તીરથ૦ ૧ ॥
સંજમ ને નાણનો હેતુ; શિવ કમળા ઘરનો સેતુ
સમકિત ભાવનામાં જાચો, તીરથ૦ ૨ ॥
પાવન પુરુષે શિર તાજા; વિખ્યાત થયા ગિરિરાજા
તીરથ પાવન નહિ કોય, તીરથ૦ ૩ ॥
જિમ ક્ષેત્ર બળે જિન વિચરે; સવિકાલ વિદેહા વિચરે,
અભવ્ય મન નવી રાચે, તીરથ૦ ૪ ॥
થાનક દુજે જો કરીએ; ખણમાં અઘ તેહ વિખરિયે
આનંદ યુગલ ધરી જાચો તીરથ૦ ૫ ॥

---

## આશ્રવ વિચાર

આજ જિનરાજ તુજ શાસને આવિયો; મેળવ્યું જ્ઞાન અજ્ઞાન વારી ।
આશ્રવો હેતુ છે. ભવતણા કારમા; શાસને તુજ કહ્યા તો કટુનિવારી
આજ૦ ૧
હોય અધિકરણ એ જાણી જીવેતરો; જીવન્ત અડસત વિધી નિવાર્યા ।
કલ્પના પીડ તે વધ તજો તંતથી; કરણ-કારણ સહિત અનુમતિ અનાર્યાં
આજ૦ ૨
ક્રોધ માને વળી દંભને લોભથી; દાખીયા યોગ ચિત્ત તનુ વાચો ।
તિગતિગ ચાર નેત્રણ ગુણાસાધતાં; ભેદ સય આઠ એ શુદ્ધ જિનવાચો
આજ૦ ૩
ભેદ એકસય કહ્યા એમ જિન આગમ; જીવતા આશ્રવા સુજન સમજો ।
રાખજો પગ પગે કર્મબલ વારવા; જાણીને નન્દ રમજો
આજ૦ ૪
નિર્વર્ત નિક્ષપ ને ક્ષેત્ર નિસર્જના; આશ્રવે ચાર એ અજીવ ભેદો ।
સાંભળી મનધરી વારિયે વીર્યથી; શાસ્ત્ર ભાખ્યા સદાનન્દ વેદે
આજ૦ ૫

---

## શ્રી સિદ્ધાચલજી સ્તવન

(રાગ–તુંહી દેવ સાચો મીલિઓ)

ધન્ય જન્મ ગિરિવર નિરખ્યો;
જોઈ રોમ રોમ મન હરખ્યો રે, ધન્ય૦॥
સત યુગસે આ કલિયુગ સારો; દર્શન દર્શનકારો ।
ભવ–જલધિ પાર ઉતારો;
તીરથ નહિ દુજો પરખ્યો રે, ધન્ય૦ ૧ ॥

સંઘસહ મહાવદી આઠમે નીકળી; આવ્યો તુજ દરબારો ।
સૂરિપદ ગણિપદ ધારો; મુનિવર ગણધર સરખ્યો રે, ધન્ય૦ ૨ ॥

ત્યાગી સચિત્તનો[1] બ્રહ્મવતધારી[2]; આવશ્યક[3] દુગકારી ।
ભૂમિસંથારી[4] એકાસણુ[5] સહપદચારી[6];
તુજ દર્શન શુદ્ધ મન રાખ્યો રે, ધન્ય૦ ૩ ॥

સહ દર્શન ષટ રી પાલે; શુદ્ધ ભાવન સહુ ચાલે ।
ગિરિધ્યાન ધરે સવિ કાલે;
નવી મનમાં ઉવાધિ દાખ્યો રે, ધન્ય ॥ ૪ ॥

ભરી થાલ મોતીડે વધાવું; નવનવી આંગી રચાવું ।
શાસનની શોભા ચઢાવું;
પામ્યો જન્મ કૃતાર્થ હરખ્યો રે, ધન્ય૦ ૫ ॥

ઓગણીસે છોતેર વરસે; ચૈત્ર સુદી તૃતીયા દિવસે
દેખ્યો ગિરિરાજ અંતરસે,
નવલસુત જીવણ હરખ્યો રે, ધન્ય૦ ૬ ॥

લઘુ કર્મી તુજ પદ કજ પૂજે; ભવસંચિત અઘ ધ્રૂજે
નિજ આતમરૂપ વિબુજે,
આજે આનંદ દિલ ભર પરખ્યો રે, ધન્ય૦ ૭ ॥

## શ્રી તારંગા મંડન
## શ્રી અજિતનાથ પ્રભુ સ્તવન

(હે......સુખકારી............
આ સંસાર થકી જો મુજને ઉદ્ધરે......એ દેશી)

ભવિ ભેટો લાલ!
તારંગે જઈ અજીત જિનેસર સાહિબા!!!
શુચિ ભાવે લાલ
પૂજો પ્રેમે એહ સકલ દેવાધિદેવા!!!
ભવ ભાવઠને એ ભાગે છે.
એહ દીઠા અનુભવ જાગે છે,
મુગતિ સુખ મીઠાં લાગે છે—
ભવિ ભેટો લાલ!
તારંગે જઈ અજિત જિનેસર સાહિબા૦ ૧ ॥
જગમાં તીરથ છે અતિ બહુલા,
દીઠે ભવિ હર્ષથી આકુલા,
શુભ ભવ હેતુ છે એ મૂલા—ભવિ૦ ૨ ॥
કલિકાલે કેવલી જેવા
હેમચંદ્રસૂરિ પ્રભુ ગુરૂ દેવા,
કુમારપાલ હુવા એવા—ભવિ૦ ૩ ॥

થાપ્યું જીણે તીરથ એહ અચંભ,
જગમાં જસ વ્યાપ્યો અતિ હી અદંભ,
નાવે તસ તોલે હરિહર ખંભ—ભવિ૦ ૪ ॥

ઈડરના શ્રાવક વધી જેહ,
નામ ગોવિંદ સિંહ ધારે જેહ,
સોમસુંદર ગુરૂ વયણા રેહ—ભવિ૦ ૫ ॥

મૂર્તિ નૂતન મનહારી,
અંબિકાથી દલ ઉપહારી,
પધરાવી ગુરૂ વચનધારી—ભવિ૦ ૬ ॥

યવન પ્રભુ અકબર સોહે,
હીરસૂરિ વયણે મોહે,
તીરથ ઉદ્ધાર કર્યો સોહે—ભવિ૦ ૭ ॥

સવંત અઢાર તોતેર વર્ષે,
વિજય જિનેન્દ્ર અતિ હર્ષે,
મંદિર સ્થાપ્યા મન આકર્ષે—ભવિ૦ ૮ ॥

સંવચ્છર ઓગણી ચોરાસી,
માઘવદ પાંચમ તિથિ ખાસી
પાદુકા ઉપવન ગુણરાશિ—ભવિ૦ ૯ ॥

શાહ ફતેચંદ વહીવટકારી,
સાગર આનંદે સુખકારી
થાપી અમૃત રસ મને ધારી—ભવિ૦ ૧૦ ॥

## પોસીના પાર્શ્વનાથ સ્તવન

(રાગ : પાસ શંખેશ્વરા ! સારકર સેવકા)

પાસ પ્રભુ પોસીના, સેવિયે શક વિના
આપે જે અવિચલ પદ નિવાસો ॥ ૧ ॥

દેવ–દાનવ પ્રતિ, સેવ કરતા અતિ,
જોડી મન વયણ કાયને માન મોડી ॥ ૨ ॥

વિઘનવૃંદો ટલે, સર્વ સંપત્તિ મલે
સર્વથા દૂર રહે, દુઃખ દારિદ્રય જોડી ॥ ૩ ॥

પ્રભુ મુખ દેખીને, દુરિત ઉવેખીને,
દર્શન જ્ઞાન દુગ, હોય સુકૃત કોડી ॥ ૪ ॥

પાસ પ્રભુ પૂજતાં, સ્વર્ગ સુખ ફળતાં
એહ ભવિજન, ભવોદધિ તાર હોડી ॥ ૫ ॥

વાંદતાં સંપજે, પ્રભુચરણ પંકજે
પૂરે ઇચ્છિત મને, કોડી વિઘ્ન તોડી ॥ ૬ ॥

રાય દીસે દીપતો, વિષય સહુ જીવતો,
રાજે, પુર પોસિને વિપદ મોડી ॥ ૭ ॥

વેદ[૪] વસુ[૮] નંદને[૯] ભૂમિમિત[૧] અબ્દને,
માઘ સુદિ તીજ, કીધ જાત દોડી ॥ ૮ ॥

અમૃતસાગર મુનિ, ભાવના વર ધૂની
લીન આનંદ કીધ એહ જોડી ॥ ૯ ॥

## ચારૂપ પાર્શ્વનાથ સ્તવન

(રાગ -વીરજીણંદ જગત ઉપગારી)

ચર્ચો રે ભવિ ચર્ચો રે પ્રભુ, પારસ ચારૂપ તીર્થ રે,
કાળ અનંતો રખડયો તનુધર,
સૂક્ષ્મ નિગોદ સરૂપે રે; સૂક્ષ્મ૦
નામ ન લાધ્યું જગદીશ્વરનું, એક ઈન્દ્રિય ધરરૂપે રે, એક૦
ચર્ચો રે૦ ૧ ॥
ગત સંખ્યક આવર્ત પ્રમાણે સ્થૂલનિગોદમાં વસિયો રે, સ્થૂલ૦
કર્મે ઘેર્યો ભૂ-જલ પવને-અનલ જનમમાં ફસિયો રે, અનલ૦
ચર્ચો રે૦ ૨ ॥
વિકલ અસંજ્ઞી ભવ જંજાલે, દુરિતવશે રહ્યા દૂરે રે, દુરિત૦
નરભવ આરજ ઉત્તમકુલ લહી, આવ્યો પાય હજૂર રે, લહી૦
ચર્ચો રે૦ ૩ ॥
નિજપદ દાતા જિન એ જાચો, પ્રતિપત્તિ ધરી સેવો રે, પ્રતિ૦
કામ કષાયનો અંત કરીને, છોડી ભવગત ટેવો રે, છોડી૦
ચર્ચો રે૦ ૪ ॥
દર્શન-ચારિત્રમોહ કટકનો, નાશ તે કરતલ દેખો રે, નાશ૦
જ્ઞાન દર્શન આવરણને, વિઘ્ન નાશ કરી રૂપ પેખો રે, નાશ૦
ચર્ચો રે૦ ૫ ॥
જગજનતામાં ધરમ અમૃત રસ, વરસાવી હરો નાથ રે, રસ૦
જ્યોતિમાં જ્યોત મલો ભવિ સાથે, હરિ ભવજલધિ સંતાપ રે,
ચર્ચો રે, ૬ ॥
મહિમાએહ નિહાલી અનુપમ, પારસજગપારસનો રે, પારસ૦
નિત્યનમો આનંદ પયોધિ, સાગર અમૃત રસનો રે
સાગર૦ ચર્ચો રે, ૭ ॥

---




[આ શીર્ષક તળે સ્વનામધન્ય-બહુશ્રુતસૂરિપુરંદર, ગીતાર્થમૂર્ધન્ય આગમવ્યાખ્યાધુરંધર, ધ્યાનસ્થ સ્વ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના સૂક્ષ્મ તત્ત્વાવગાહી-ચિંતન અને શ્રુતાનુસારી-પ્રતિભાબળે ઉકેલાયેલ મહત્ત્વની શાસ્ત્રીય ગુંચોની રજુઆત પ્રશ્નોત્તરરૂપે કરી હોય છે, તેની રજુઆત થાય છે.

તેમાં આવા સૌથી વધુ મહત્ત્વના પ્રશ્નોત્તરોના સંગ્રહસ્વરૂપ "तात्त्विकप्रश्नोत्तराणि" ગ્રંથના પ્રશ્નોત્તરો સળંગ અહીં આપવાનું ધોરણ "આગમજ્યોત"ના પ્રારંભકાળથી ચાલુ છે, તે પ્રમાણે ગતવર્ષના ચોથા પુસ્તકમાં પ્રશ્ન નં. ૮૭ સુધી આપેલ છે. સં.]

प्र. ८८ ननु अनन्तानुबन्धिप्रभृतीनां या पक्षाद्या स्थितिः सा किं पक्षादिककालमाश्रित्य? ओमिति चेत्, सांवत्सरिकादिदिनात्प्रागुत्पन्नस्य क्रोधस्यापि तत्तत्प्रतिक्रमणान्युल्लंघ्यावस्थानं न तत्तज्जातीयतामतिक्रामतीति।

उ० अत्र पक्ष-चतुर्मास-संवत्सरशब्देन तत्तत्पाक्षिक-चातुर्मासिक-सांवत्सरिकाणि पर्वाणि तत्तत्प्रतिक्रमणानि ज्ञेयानि, अत एव पाक्षिकाद्यक्षामणेन तन्मर्यादातिक्रमो ज्ञेयः, अत एव सांवत्सरिकात्परतोऽधिकरणवादिनः संघबाह्यतेत्युक्तिः।

પ્ર. ૮૮ (અનંતાનુબંધી વગેરે) કષાયોની જે પંદર દિવસ આદિ સ્થિતિ જણાવી છે તે પંદર દિવસના કાળને આશ્રયીને છે? જો તેમ હોય તો સાંવત્સરિકાદિ દિવસની પહેલાં ઉત્પન્ન થયેલ ક્રોધનું તે તે પ્રતિક્રમણમાં મિથ્યાદુષ્કૃત ન દેવાય તો પણ તે કષાયનું સંજ્વલનાદિપણું ટકી શકે.

ઉ. કષાયોની સ્થિતિમાં પક્ષ–ચતુર્માસ અને સંવત્સર શબ્દથી તે તે પક્ખી, ચૌમાસી અને સંવચ્છરીના પર્વ તેમજ તેનાં પ્રતિક્રમણો જાણવાં, પણ કાલવિશેષની મર્યાદારૂપ આ શબ્દો ન જાણવા. તેથી જ પાક્ષિકાદિ પ્રતિક્રમણોમાં ન ખમાવવાથી મર્યાદા–અતિક્રમ નામનો દોષ કહ્યો છે.

વળી શ્રી કલ્પસૂત્રના સામાચારી વ્યાખ્યાનમાં સંવત્સરીની પછી જુના કષાયની વાતની ઉદીરણા કરનારને સંઘબાહ્યપણું જણાવેલ છે, તે આ ઉપરથી સંગત લાગે છે.

प्र. ८९ ननु जीवापरपर्यायेन्द्रस्य ज्ञानसाधनादितयेन्द्रियशब्दस्य व्युत्पत्तिः, सा स्वरुपज्ञानाय क्षमा, परमाश्रवद्वारत्वज्ञानायास्ति व्युत्पत्यन्तरमिति ?

उ. अस्ति तत्, इन्द्र इयर्त्ति–भ्राम्यति संसारे येनेतीन्द्रियमुच्यते पृषोदरादितया च साध्यम् ॥

પ્ર. ૮૯ આગમોમાં જીવના પર્યાયવાચી તરીકે ઈન્દ્ર શબ્દ આત્મવાચી આવે છે, તેથી તે ઈન્દ્રને જ્ઞાનનું જે સાધન તે ઈન્દ્રિય, એમ વ્યુત્પત્તિ જાણીતી છે. પણ તે તો આત્માના સ્વરૂપ–ઐશ્વર્યને સૂચક તે વ્યુત્પત્તિ છે. પણ હકીકતમાં ઇન્દ્રિયો આશ્રવના દ્વારરૂપ છે–તે વાત સૂચવે તેવી વ્યુત્પત્તિ ખરી?

ઉ.    હા, તે આ મુજબ ! ઈન્દ્ર=આત્મા જેના વડે સંસારમાં ભટકે તે ઇન્દ્રિય, પૃષોદરાદિ ગણના આધારે શબ્દસિદ્ધિ જાણી લેવી.

प्र. ९० ननु कषायाव्रतादीनां स्वतन्त्रतयाश्रयणाद् भवत्वाश्रवत्वं परमिन्द्रियाणां तथात्वाभावात्कथं तत्त्वं, यतो यावत् सकषायता तावदेव तदाश्रवहेतु, उपशान्तादीनां तु न तत्तथेति ।

उ.    सत्यं, कषाया अपि इन्द्रिय-विषयगार्ध्य-द्वेषतारतम्यादाश्रवतारम्यवन्त इति ज्ञापनाय, अव्रत-मिथ्यात्वाद्योऽपि कषाय-प्रभावजा यद्यपि तारतम्यहेतव आश्रवतारतम्यस्येति भेदे-नोक्ता इति ज्ञेयम् ॥

પ્ર. ૯૦ કષાય-અવિરતિ આદિ તો સ્વતંત્રરૂપે પણ આશ્રવ રૂપે પ્રસિદ્ધ છે, તેથી તેમની ગણતરી આશ્રવમાં સંગત છે. પણ ઇન્દ્રિયો તો સ્વતંત્ર આશ્રવ બનતી નથી, જ્યાં સુધી કષાય હોય છે, ત્યાંસુધી તે ઇન્દ્રિયો આશ્રવનું કારણ બને છે. કષાય ગયા પછી અગિયારમા ગુણ૦ આદિમાં ઇન્દ્રિયો છતાં તેના લીધે આશ્રવ થતો નથી, તો ઇન્દ્રિયોને આશ્રવમાં કેમ ગણી ?

ઉ.    વાત સાચી, પણ કષાયની હાજરી છતાં ઇન્દ્રિયોના વિષયો પરના રાગ-દ્વેષની તરતમતાથી આશ્રવોમાં તરતમતા આવે છે. એ વાત જણાવવા ઇન્દ્રિયોને આશ્રવ તરીકે ગણાવેલ છે.

અવિરતિ-મિથ્યાત્વાદિ સ્વતંત્ર આશ્રવ છતાં પણ કષાયને લઈને આશ્રવની તરતમતા કરનારા છે, છતાં અવિરતિ મિથ્યાત્વાદિને જેમ આશ્રવ ગણેલ છે, તેમ ઇન્દ્રિયો પણ ભલે ? કષાયના આધારે આશ્રવપણે હોય પણ તેની તર-તમતાએ આશ્રમની તરતમતા હોઈ ઇન્દ્રિયોનું આશ્રવપણું ઉચિત છે.

પ્ર. ९१ ननु क्रोध-मानयोर्द्वेषे माया-लोभयोश्च रागे समवतारः
"माया-लोभ-कषायौ चेतद्रागसंज्ञितं द्वन्द्वं।
क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः।"
इति वाचकवचश्चेति न राग-द्वेषाभ्यां भिन्नाः कषायाः, न च तेभ्यो भिन्नौ ताविति सिद्धं,
ततश्चार्हतां भगवतां निरुक्तिद्वारा क्रियमाणो 'राग-दोस कसा य'ति कथं भिन्नानां घातः स्तुत्यः? इति।

उ० सत्यं, संग्रहनयेनैवमेव, अत एव'समासनिर्दिष्टः' इति वाचकवचः। व्यवहारादिभिस्त्वन्यथा मतोऽवतारः इति राग-द्वेषयोर्नयमतवैचित्र्यं, क्रोधादीनां तु नैवमिति।

"किञ्च व्यक्तरूपाः कषायाः, अव्यक्तौ राग-द्वेषौ, ततो भिन्नौ तयोर्घातौ स्तुतौ, अन्यच्च राग-द्वेषयोर्विषयस्य प्राधान्यं, कषायेषु तु स्वरूपस्य, ततो रागादेर्दृष्टिरागादिभेदाः, क्रोधादीनां त्वनन्तानुबन्ध्यादयः, क्रोधादित्व एव नोकषायाणां कारणसत्त्वरवर्ज्यभावश्च, अस्पष्टरूपत्वान्न प्रकृतिषु गणना च।

પ્ર. ૯૧. ક્રોધ અને માનનો દ્વેષમાં અને માયા-લોભનો સમાવેશ રાગમાં એ વાત પ્રશમરતિ પ્રકરણની-

'माया-लोभकषायौ चेतद्-रागसंज्ञितं द्वन्द्वं।
क्रोधो मानश्च पुनर्द्वेष इति समासनिर्दिष्टः॥

૩૨ મી ગાથાના આધારે નક્કી થાય છે, તો પછી આવશ્યક નિર્યુક્તિમાં શ્રી અરિહંત પ્રભુને 'रागदोसकसाया' પદદ્વારા અંતરંગ શત્રુ તરીકે રાગ-દ્વેષ અને કષાયોને જુદા જણાવી તેના ઘાત કરનારા જણાવ્યા તે શી રીતે સંગત થાય?

ઉ. વાત સાચી! પણ સંગ્રહનયના મતે તમે કહ્યું તે બરાબર છે. તેમજ છે! રાગ-દ્વેષમાં કષાયોનો સમવતાર ઉપર પ્રમાણે જ છે. તેથીજ તો પ્રશમરતિની ગાથામાં 'समासनिर्दिष्टः' પદની સફળતા છે.

પણ વ્યવહાર નય મતે તો કષાયો અને રાગ-દ્વેષની સ્વતંત્ર વિવક્ષા પણ ઘટી શકે.

વળી આ નયવિશેષવિવક્ષા રાગ-દ્વેષના સ્વરૂપની વિચારણામાં જ્ઞાનીઓએ બતાવી છે. કષાયોમાં નહિ, એ પણ એક સૂચક બીનાનું રહસ્ય ગુરૂગમથી અવધારવા જેવું છે.

વળી વ્યક્ત સ્વરૂપે જે હોય તે કષાયો, અવ્યક્ત સ્વરૂપે હોય તે રાગ-દ્વેષ એવી પણ વ્યાખ્યા આધ્યાત્મિક ક્ષેત્રમાં જ્ઞાનીઓએ જણાવી છે. તેથી આવ૦ નિર્યુક્તિમાં રાગ-દ્વેષ અને કષાયોનો ઘાત સ્વતંત્રપણે અરિહંત પરમાત્માની સ્તુતિમાં જણાવ્યો છે, તે વ્યાજબી છે.

વળી રાગ-દ્વેષમાં વિષયની પ્રધાનતાએ ભયંકરતા છે. જ્યારે કષાયો તો સ્વરૂપથી જ ભયંકર છે.

તેથી જ રાગાદિના દૃષ્ટિરાગાદિ ભેદો થાય છે. જ્યારે ક્રોધાદિના અનંતાનુબંધી આદિ ભેદો પડે છે.

વળી નોકષાયોથી ક્રોધાદિનું પરિણમન તથા એના કારણોનો સત્વર ત્યાગ કરવાપણું આદિ કષાયોમાં સ્પષ્ટ છે.

રાગ-દ્વેષમાં આવું સ્પષ્ટ નથી. માટે જ રાગ-દ્વેષને સ્વતંત્ર પ્રકૃતિરૂપે ગણાવેલ નથી.
આવી અપેક્ષાઓથી રાગ-દ્વેષ અને કષાયોને સ્વતંત્ર જુદા ગણાવ્યા છે.

प्र० ९२. ननु कषायाणामेव जयः कर्तव्यः, तज्जये च सन्त्यपि न बन्धकारणानीन्द्रियाणि, असत्स्वपि चेन्द्रियविषयेषु कषाय-सत्त्वे त्ववश्यं बन्ध इतीन्द्रियजयस्यानर्थिका पृथक्स्तुतिरिति ?

ઉ. कषायाणां जय इन्द्रियद्वारैव भवेदिति तयोः कार्यकारण-भावात् पृथक् स्तुतिः समीचीनैव।

किंच ज्ञाप्यतेऽनेनैतद् यत् इन्द्रियविषयेष्वासक्तः स स्वं कषायजेतारं ब्रूयात् सोऽविश्वास्यो धूर्त्तश्च, ज्ञेयः, कषायान् जिगीषुभिश्चावश्यमिन्द्रियजय एव यतनीयं;
अत एव नैर्ग्रन्थ्यमभि प्रस्थितानां प्राप्तपूर्वाणां च स्वलिंग-प्रतिपत्त्या गार्हस्थ्यत्याग आवश्यको मतः।

પ્ર. ૯૨. કષાયોનો જ નિગ્રહ કરવો વ્યાજબી છે. કષાયો પર કાબુ આવ્યે છતે ઇન્દ્રિયો હોય તો પણ તે બંધનું કારણ બનતી નથી. કષાયો કાબુમાં ન હોય તો ઈન્દ્રિયોના વિષયો ન હોવા છતાં અવશ્ય કર્મ બંધાય છે. માટે ઇન્દ્રિયના વિજયની વાત વજુદ વગરની લાગે છે.

ઉ. કષાયોનો જય ઈન્દ્રિયદ્વારા જ થાય છે. એટલે કે તે બંને વચ્ચે પરસ્પર કાર્ય-કારણ ભાવ છે. ઈન્દ્રિયજય થાય ત્યારે જ કષાય પર કાબૂ આવે, માટે ઈન્દ્રિયજયની સ્વતંત્ર વાત વ્યાજબી છે.

વળી આ ઉપરથી એમ પણ સૂચવાય છે કે-જે ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત હોય તે પોતાને કષાય વિજેતા માની લે કે મનાવે તો તે અવિશ્વસનીય અને ક્યારેક ધૂર્ત્ત પણ હોય,

કષાયો જીતવાની ઇચ્છાવાળાએ ઈન્દ્રિય વિજય માટે અવશ્ય પરમ પ્રયત્ન કરવો જોઈએ.

માટે જ સાધુપણું લેવા ઇચ્છતા મુમુક્ષુઓને ગૃહસ્થપણાનો ત્યાગ કરી સાધુવેશ સ્વીકારી ઇન્દ્રિયોના વિજય માટે કટિબદ્ધ થવાનું કેળવવું પડે છે.

## શ્રી આગમજ્યોત સ્થાયીનિધિમાં લાભ લેનાર ભાગ્યશાળીઓની નામાવલી......

૫૦૧) જૈન મરચન્ટ સોસાયટી અમદાવાદના જ્ઞાનખાતામાંથી.
પૂ. મુનિરાજ શ્રી અશોકસાગરજી મ.ના ઉપદેશથી

૫૦૧) શ્રી નવરંગપુરા જૈનસંઘ અમદાવાદ
પૂ. આચાર્યદેવશ્રી હેમસાગર સૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી

૫૦૧) જૈન શ્રાવિકા સંઘ જામનગર તરફથી પૂજ્ય. કનપ્રભાશ્રીજીના ઉપદેશથી.

૫૦૧) રામપુરા (ભંકોડા) જૈનસંઘના જ્ઞાનખાતામાંથી.
પૂ. મુનિપ્રવર શ્રી અભ્યુદય સાગરજી મ.ની પ્રેરણાથી.

૩૦૦) શ્રી નેમચંદ મેલાપચંદ ટ્રસ્ટ સુરત
પૂ. મુનિ શ્રી રાજરત્ન સાગરજી મ.ના ઉપદેશથી

૨૫૧) શાહ વૃજલાલ ત્રિભોવનદાસ સુરેન્દ્રનગર વાલાની સ્મૃતિમાં
હ. પાનાચંદભાઈ

૨૫૧) શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ અમદાવાદ
પૂ. મુનિપ્રવર શ્રી અભ્યુદય સાગરજી મ.ના ઉપદેશથી તથા
પૂ. તપસ્વી મુનિ શ્રી નવરત્ન સાગરજી મ.ની પ્રેરણાથી

૨૫૧) ગોડીજી જૈન પેઢી મુંબઈ
પૂજ્ય મુનિશ્રી પ્રમોદસાગરજીના ઉપદેશથી

૨૦૧) શેઠ હિંમતલાલ મગનલાલ રામપુરા
વર્ષીતપના પારણા પ્રસંગે

૧૫૧) શાહ હિંમતલાલ મૈસૂર
પૂ. સા. શ્રી મૃગાવતીશ્રીજીના ઉપદેશથી

૧૫૧) નાનપુરા સુરત શ્રાવિકા બહેનોના જ્ઞાનખાતેથી
પૂ. સા. શ્રી મૃગેન્દ્રશ્રીજી મ.ના ઉપદેશથી.

૧૫૧) શ્રી શાંતિનાથજી તથા શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રયની બહેનો તરફથી પાયધુની મુંબઈ પૂ. સા. શ્રી મયણાશ્રીજીના ઉપદેશથી

૧૫૦) શેઠ પાનાચંદ વૃજલાલ જૈન પેઢી. શાંતિનાથ કપડવંજ
પૂજ્ય પં. શ્રી ચિદાનંદ સાગરજી મ.ના ઉપદેશથી

૧૨૫) શ્રી નાનપુરા જૈનસંઘ સુરત
પૂ. મુનિરાજશ્રી ગૌતમસાગરજી મહારાજના ઉપદેશથી.

૧૨૫) શ્રી કોચીન જૈન શ્વે. સંઘ કોચીન
પૂ. સા. શ્રી ગુણોદયા શ્રીજીમ. ના ઉપદેશથી

૧૦૧) શ્રી વર્ધમાન તપ નિષ્ઠાપિકા પૂ. સા. શ્રી સંવેગશ્રીજી મ.ના સ્મરણાર્થે સા. શ્રી યશસ્વિનીશ્રીજી મ.ના ઉપદેશથી વીરમતીબહેન શાંતિલાલ સંઘવી સુરત

૧૦૧) દેવચંદનગર જૈનજ્ઞાનખાતામાંથી મલાડ (પૂર્વ)
સ્વ. પૂ. સા. શ્રી પુષ્પાશ્રીજી મ.ના શિષ્યરત્ના સા. શ્રી નિરંજના શ્રીજી મ.ના ઉપદેશથી

૧૦૧) સ્વ. પૂ. શ્રી રંજન શ્રીજી મ.ના શિષ્યા તપોરતા સા. શ્રી પ્રવિણા શ્રીજી મ.ના સદુપદેશથી ધુલિયા નિવાસી સ્વ. ગોપાલભાઈના સ્મરણાર્થે તેમના સુપત્ની રંભાબહેન તરફથી ભેટ. ધુલિયા (મહારાષ્ટ્ર)

૧૦૧) પૂ. વિદુષી. સા. શ્રી મૃગેન્દ્ર શ્રીજી મ.ના પ્રશિષ્યારત્ના સા. શ્રી વિપુલયશાશ્રીના ૨૦મા દીક્ષા વર્ષના પ્રારંભની

સ્મૃતિમાં જૈન શ્રાવિકા સંઘ રાજકોટના જ્ઞાનખાતામાંથી શ્રાવિકાઓ તરફથી.

૧૦૧) કોઠારી મોનજીભાઈ ત્રિકમજી રાજકોટવાલા તરફથી
પૂ. વિદુષી સા. શ્રી વિપુલયશાશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી વ્રતધરાશ્રીજીના ઉપદેશથી.

૧૦૧) માતુશ્રી મણીબહેનેની સ્મૃતિમાં તેમના સુપુત્ર જમનાલાલ ઉજમશીભાઈ સુરેન્દ્રનગરવાળા તરફથી.

૧૦૧) રખીયાલ જૈન સંઘના જ્ઞાનખાતેથી હ. મનહરલાલ નાથાલાલ

૧૦૧) ડો. જે. આર. કુંડલિયા જામનગર
પૂ. સા. શ્રી ધર્માનંદશ્રીજી તથા મોક્ષાનંદશ્રીજીના ઉપદેશથી

૧૦૧) જૈન સંઘ વિંછીયા
પૂ. સા. શ્રી રાજરત્ન શ્રીજીના ઉપદેશથી

૧૦૧) શ્રી જૈન સંઘ વીસનગર તરફથી
પૂ. મુનિરાજ અમીસાગરજી મ. તથા પૂ. મુનિ શ્રી દિવ્યોદય સાગરજીની પ્રેરણાથી

૧૦૧) એક સદ્‌ગૃહસ્થ તરફથી શિહોર
પૂ. પં. શ્રી યશોભદ્ર સાગરજી મ.ના ઉપદેશથી.

૧૦૧) શ્રી જૈન સંઘ કોઈમ્તૂર—
પૂ. સા. શ્રી ગુણોદયાશ્રીજીના ઉપદેયથી.

૧૦૧) શ્રી જૈન સંઘ શીરપુર તરફથી પૂ. પં. નંદીવર્ધન સા. મ. ઉપદેશથી

૧૦૧) શ્રી કીકાભાઈ નાનચંદ સુરત હ. જયંતિભાઈ
પૂ મુનિરાજ શ્રી લલિતાંગ સાગરજી મ ના ઉપદેશથી

૧૦૧) શાહ પોપટલાલ ચુનીલાલ લાંઘણુજવાળાના સ્મરણાર્થે હ. સેવંતિભાઈ સુરત

૧૦૧) શ્રી પ્રેમચંદભાઈ સાવનસુખા ભોપાલ
સા. શ્રી અમિતગુણા શ્રીજીના ઉપદેશથી

૧૦૧) શ્રી વિસા પોરવાડ પંચ વેજલપુર ભરૂચ તરફથી
પૂ. સા. શ્રી વિનયધર્માશ્રીજી તથા યશોધર્માશ્રીજીના ઉપદેશથી

૭૧) શાહ સૌભાગ્યચંદ હરીચંદ પાલનપુરવાલા હ. સુરત
(પૂર્વે ૩૦ આપ્યા તે સાથે સ્થાયીફંડમાં ૧૦૧)

૧૦૧) શ્રી જૈન આનંદ લાયબ્રેરી અમદાવાદ

૧૦૧) શેઠ શ્રી ચીનુભાઈ વાડીલાલ કાપડીયા અમદાવાદ
પૂ. પંન્યાસજી શ્રી સૂર્યોદય સાગરજી મહારાજના ઉપદેશથી

૧૦૧) નગરશેઠ શ્રી નાગજીભાઈ ઘેલાભાઈ રામપુરા

૧૦૧) શેઠ મફતલાલ ઓત્તમચંદ ,,

૧૦૧) શેઠ વાડીલાલ બેથાભાઈ ,,

૧૦૧) શેઠ ડોસાભાઈ દીપચંદ ,,

૧૦૧) શાહ રામચંદ કેશવજીભાઈ વેલાવદર

૧૦૧) શાહ રમણીકલાલ કેશવલાલ સુરેન્દ્રનગર

૧૦૧) શાહ રજનીકાન્ત લક્ષ્મીચંદ ત્રીભોવનદાસ ,,

૧૦૧) શાહ ધારશીભાઈ માણેકચંદ ,,

૧૦૧) શાહ મગનલાલ લક્ષ્મીચંદ કોંઢવાળા ,,

૧૦૧) શાહ મોતીકોરબહેન સોમાભાઈની સ્મૃતિમાં
હ જેસિંગભાઈ કપડવંજ

૧૦૧) એક સદ્‌ગૃહસ્થ તરફથી–રાજકોટ
પૂ સા. શ્રી હેમશ્રીજી મહારાજના શિષ્યા પૂ. સા. શ્રી સુરેન્દ્રશ્રીજી ( . આ શ્રી. ભક્તિસૂરિજી મ.ના સમુદાયના) મ.નો વર્ધમાન તપની ૭૫મી ઓળીની પુર્ણાહુતિ પ્રસંગે જ્ઞાનખાતેથી સા. શ્રી. વ્રતધરા શ્રીજીની પ્રેરણાથી–

૧૦૧) મોદી જયંતીલાલ ખેમચંદ (બં. નં. 5A સ્વસ્તિક સોસાયટી નવરંગપુરા–અમદાવાદ તરફથી
પૂ. પં. શ્રી. અભયસાગરજી મ.ની પ્રેરણાથી

રાજનગર મુકામે . પં. શ્રી સૂર્યોદય સા. મ. ની નિશ્રામાં વિ. સં. ૨૦૩૦ માગ સુદ ૧૧ની વોરા રમણલાલ ચુનીલાલની સુપુત્રી તરૂણાબહેનની દીક્ષા પ્રસંગે આ. જ્યો. ના પ્રકાશનમાં આર્થિક લાભલેનારની

ના....મા....વ....લી

૧૫૧) વોરા રમણલાલ ચુનીલાલ અમદાવાદ

૧૦૧) વોરા સેવંતીલાલ ચુનીલાલ „

૧૦૧) શેઠ માણેકલાલ મનસુખલાલ ટ્રસ્ટ હ. રાજેન્દ્રભાઈ

૧૦૧) ખાનપુર જૈનસંઘના જ્ઞાનખાતેથી હ. રાજેન્દ્રભાઈ

૧૦૧) શાહ સોમચંદ મગનલાલ અમદાવાદ

૧૦૧) શાહ ચીમનલાલ મોહનલાલ „

૧૦૧) શાહ ચંદુલાલ કેશવલાલ „

૧૦૧) શાહ અંબાલાલ દોલતચંદ હ. કાંતિલાલ અમદાવાદ

૧૦૧) મંગળપારેખ જૈનસંઘ જ્ઞાનખાતામાંથી શાહપુર અમદાવાદ હ. શેઠ લાલભાઈ વકીલ અમદાવાદ

વિરમગામ મુકામે પૂ. પં. શ્રી સૂર્યોદય સા. મ. ની નિશ્રામાં વિ. સં. ૨૦૩૦ પૈ. સુદ ૧૧ની શાહ વિનયચંદ સકરચંદની સુપુત્રી કૈલાસબહેનની દીક્ષા પ્રસંગે આ. જ્યો. ની સ્થાયીનિધિમાં આર્થિક લાભ લેનારની

ના....મા...વ....લી

૧૦૧) શાહ સકરચંદ અમરશીભાઈ વિરમગામ

૧૦૧) ડો. દલપતભાઈ સકરચંદભાઈ દોશી „

૧૦૧) શાહ રતિલાલ મણીલાલ અમદાવાદ

૧૦૧) શાહ નંદલાલ દીપચંદ સુરેન્દ્રનગર

૧૦૧) દોશી હઠીસિંગ તેજપાલ વિરમગામ

૧૦૧) શાહ અમુલખ નાગરદાસ ,,

૧૦૧) શાહ જયંતિલાલ છબીલદાસ અમદાવાદ

૧૦૧) પરસોતમદાસ જેમલભાઈ વિઠલાપુરવાળા વિરમગામ

૧૦૧) ગાંધી શાંતિલાલ સુખલાલ ,,

૧૦૧) શાહ નટવરલાલ વૃજલાલ ,,

૧૦૧) વોરા ફકીરચંદ કરસનદાસ ,,

૧૦૧) શાહ હુકમચંદ મોહનલાલ ,,

૧૦૧) શેઠ ચતુરભાઈ પોપટલાલ વકીલ ,,

૧૦૧) શાહ કસ્તૂરચંદ દીપચંદ સુરેન્દ્રનગર

## શ્રી આગમજ્યોત પ્રકાશનમાં ભેટ રકમ આપનાર સદ્‌ગૃહસ્થોની ના....મા....વ....લી

૫૦) એક સદ્‌ગૃહસ્થ તરફથી અમદાવાદ (તરૂણાબહેનની દીક્ષા પ્રસંગે)

૫૧) સુસંયમારાધિકા પૂ. સા. શ્રી મલયાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી પ્રગુણા શ્રીજીના ઉપદેશથી જ્ઞાનખાતામાંથી-જામનગર

૨૫) માંડલ જૈનસંઘ
પૂ. સા. શ્રી ઈન્દુશ્રીજી મ.ના ઉપદેશથી

૨૫) એક સદ્‌ગૃહસ્થ અમદાવાદ (તરૂણાબહેનની દીક્ષા પ્રસંગે)

# 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રીસંઘના હિતાર્થે તાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે, જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક-વસ્તુથી ભરપુર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય, ઉપાશ્રય જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

છેવટે કાર્યાલયને પરત મોકલવામાં આવે તો પોસ્ટ ખર્ચ અને ઈનામ આપવામાં આવશે.

કોઈ સંજોગમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે, તેનું પુરતું ધ્યાન રખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

આનું પ્રકાશન દર વર્ષની આસો સુદ પૂર્ણિમાએ થાય છે, ચતુર્વિધ સંઘના હિતાર્થે આનું પ્રકાશન પૂ. સાધુ-સાધ્વીજી, જ્ઞાનભંડારો તથા તત્ત્વરૂચિ-ગૃહસ્થ આદિને વિના મૂલ્યે મોકલાય છે.

* * *

ધર્મપ્રેમીઓને સ્થાયી કોશમાં રૂ. ૧૦૧ લખાવી સ્થાયી ગ્રાહક થવા ભલામણ છે.

આર્થિક લાભ લેવાનું સરનામું
**શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા**
**રમણલાલ જેચંદભાઈ શાહ**
કાપડ બજાર
પોસ્ટ કપડવંજ (જી. ખેડા)

પ્રાપ્તિસ્થાન :
**'આગમજ્યોત' કાર્યાલય**
**માસ્તર હરગોવનભાઈ**
**મીઠાભાઈ ગુલાલચંદ**
**જૈન ઉપાશ્રય**
**દલાલવાડા કપડવંજ**

# સાગરનાં મોતી



* પરમાત્માની આજ્ઞા શિરોધાર્ય કરી દરેક પ્રવૃત્તિમાં જયણાપૂર્વક–પ્રવર્તવું તે જિનશાસનની મૂળપીઠિકા છે.

* પાપોમાંથી સર્વથા પાછા ફરવા રૂપે અંતરની લાગણીઓનું ઘડતર કરવા માટે વીતરાગપ્રભુની દ્રવ્યપૂજા છે, એ વાત શ્રાવકોએ ભૂલવા જેવી નથી.

* ભાવદયાના લક્ષ્યવિના દ્રવ્યદયા અંતરના વિવેક વિનાની પ્રવૃત્તિ જન્માવી પરંપરાએ કર્મનાં બંધનો વધારનારી થાય છે.

* ગુણાનુરાગદૃષ્ટિ સમ્યકત્વ-મહેલના દ્વાર ખોલવા માટેની મુખ્ય ચાવી છે.

* દુષ્કૃતગર્હાના ભાવની પ્રબળતાએ અંતરના મોહને ઘટાડી શકાય છે.

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૧